मित्तीमे सव्व भूएपु वेरं मज्झं न केणई।

**બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન મંદિર સંચાલિત.



# બુદ્ધિપ્રભા

જૈન ડાયજેસ્ટ


| ૧૦ માર્ચ–એપ્રિલ ૧૯૬૫ | વરસ ૬ : સળંગ અંક ૬૪–૬૫<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫–૦૦ પરદેશ રૂા. ૭–૦૦<br>છુટક નકલ એક રૂપિયો. | કાર્યાલય<br>C/o જે. એસ. દંતારા<br>૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,<br>મુંબઈ—૨ |
|---|---|---|



| ઇંદિરા શાહ | ગુણવંત શાહ | ભગવાન શાહ |
|---|---|---|
| તંત્રી | સંપાદક | સહતંત્રી |


પ્રેમ નિરાકાર છે. નિરાકારને વળી શણગાર શા?

અને છતાંય તારે એને શણગારવો જ છે તો તેને ભક્તિ, ભાવના અને ઊર્મિથી મઢી દે.

પ્રેમ એક સુંદર પ્રતિમા બની જશે.

**પ્રેમ ગીતા**

આત્મા આત્માને જોઇ આનંદ અનુભવે તે આનંદનું નામ તે જ પ્રેમ !

બસ, મારે એ પ્રેમ વિના બીજું કંઇ ન જોઈએ.

*

એણે મને કહ્યું:—

તારા પ્રેમ દીપમાં વાણીનું ઘી રેડ,

વિચારની વાટ કર અને

વર્તનની દીવાસળી ચાંપ—

પછી જો કે એ પ્રેમદીપ કેવો ઝગમગી ઊઠી છે !

અને યાદ રાખજે કે જે દિવસે એ ત્રણમાંથી એક પણ ખૂટયું કે તારો એ પ્રેમ દીપ બૂઝયો જ સમજજે.

*

પ્રેમના શબ્દ કોષમાં આ મહાન શબ્દો છે.

સેવા, ભકિત અને મૈત્રી.

ત્રણમાંથી તમે ગમે તેની આરાધના કરો; એ આરાધના પ્રેમની જ બની રહેશે.

*

પ્રેમ એ તો લગ્નનો વિશ્વાસ છે.

દાંપત્યની હૃદય ધડકન છે.

એના વિના બે શરીરો ભલેને કરોડો વરસ સુધી સહજીવન જીવે; પણ ત્યાં સુખી લગ્ન જીવન નથી જ નથી.

*

એ માનવીઓને શું કહેવું ?

એ વૈકારિક આનંદને પણ પ્રેમ માને છે.

પણ ના, ભાઈ! ના આ પ્રેમ વિકારને તો જાણતો જ નથી.

એ તો નિર્વિકાર છે. શુદ્ધ આનંદમય છે,

**—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

**ગુણવંત શાહ**

**ભાવાનુવાદક**

# ઉપધાન કણિકા

ઉપધાનની આ શરત છે.

અપ્રમત્તતા : આત્મોપયોગ અને મનવાણી-વર્તનનું ઐક્ય.

*

ઉપધાન એ માત્ર ક્રિયાકાંડ જ નથી; જ્ઞાન અને ક્રિયાનું એ તો કોરસ ગીત છે.

*

ઉપધાન એ તો આંતર્શત્રુઓ સામે માંડેલો મોરચો છે. જેની એક સામે આત્મા એકલો છે ને તેની સામે સારો ય સંસાર છે.

*

ઉપધાન એટલે જ્ઞાન-દર્શન અને ચારિત્ર્યનો ત્રિવેણી સંગમ.

*

ઉપધાન એ કંઇ દેહદમન જ નથી; આત્મ વિશુદ્ધનું એ તો મહાપર્વ છે.

*

તમારે દીક્ષા લેવી છે?
તો પહેલાં ઉપધાન તપમાં તપીને આવો કારણ—
ઉપધાન એ દોઢ માસની અર્ધ દીક્ષા છે.

*

ઉપધાન એ કંઇ રાત દિવસની ભુખ્ખી મજુરી નથી;
વીતરાગના નામનો એ તો મહા જાપ છે.

*

ઉપધાનનું લક્ષ્ય છે ચારિત્ર્ય.
ચારિત્ર્યનું લક્ષ્ય છે મુક્તિ.
આથી જ ઉપધાન એ તો
મુક્તિ મહલ માટેની કાચી માટી છે.

—ગુણવંત શાહ

# પુણ્ય પરવાર્યું હોય તો...

# શાસન દેવ પણ લાચાર છે.

સર્વ જીવોને પોત પોતાના કર્મ પ્રમાણે શુભાશુભ સુખ દુઃખ થાય છે. આ શુભાશુભ સુખ દુઃખ રૂપ ફળમાં કર્મ છે તે ઉપાદાન કારણ છે અને શાસન દેવો, મનુષ્યો વગેરે નિમિત્ત કારણો છે. જેવું ઉપાદાન શુભા શુભ કર્મ હોય છે તેના ઉદય પ્રમાણે નિમિત્ત કારણોના પણ સંયોગો મળે છે.

જે મનુષ્યો દેવ, ગુરુ, ધર્મની આરાધના કરે છે, તપ, સંયમ, દયા, દાન, વ્રત, નિયમ, ધારણા ધ્યાન, સમાધિ વગેરે કરે છે, સદ્‌ગુણો અને સદાચારને સેવે છે, શ્રાવક ધર્મ અથવા તો સાધુ ધર્મની દૃઢ શ્રદ્ધાથી આરાધન કરે છે, વીતરાગ દેવ કે જે કેવળજ્ઞાની, સુરાસુરેન્દ્ર પૂજ્ય, અષ્ટાદશ દોષ રહિત છે તેને દેવ માને છે, અને ધર્મમાં સ્થિર રહે છે તેઓને ધર્મ કરતાં સંકટ આવતાં; તેઓના ગુણથી ખેંચાઈને શાસન દેવો પોતાની ફરજ સમજી તેમને મદદ કરે છે.

એવા ધર્મી મનુષ્યો, અનિકાચિત કર્મોદયને હઠાવે છે અને તેમાં પણ દેવો સહાય કરી નિમિત્ત કારણ બને છે.

**પણ જ્યાંનિકા ચિત કર્મોદય હોય છે ત્યાં દેવોની સહાય મળતી નથી.**

જેમ તપ સંયમ કરવા છતાં પણ શ્રી મહાવીર પ્રભુને અનેક ઉપસર્ગો વેઠવા પડયાં હતાં તેમ.

**—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

# પુણ્ય તપતું હોય તો
# શાસન દેવ પણ હાજરાહજૂર છે.

શ્રી કૃષ્ણે અઠ્ઠમ કરીને દેવની સાધના કરી અને દેવ પ્રત્યક્ષ થયો.

શ્રી ભરત ચક્રવર્તીએ અઠ્ઠમ કરી દેવ પ્રત્યક્ષ કર્યા હતાં.

રાવણે વિદ્યાની સાધના કરી અને તેને તે સિદ્ધ પણ થઈ હતી.

પૂર્વભવના રાગથી વજ્રસ્વામીને તેના મિત્ર દેવે વિદ્યાઓ આપી હતી.

શ્રી હેમચંદ્રાચાર્યે ગિરનારમાં દેવીની આરાધના કરી હતી. અને દેવીએ તેમને વરદાન આપ્યું હતું.

શ્રી વિમળશાહ દંડનાયકે કુંભારીયામાં અંબિકા દેવીની આરાધના કરી હતી અને તેણે રાજ્ય કરવામાં તથા દેરાસર બંધાવવામાં મદદ કરી હતી.

શ્રી પ્રિયંગુસૂરિએ બોકડામાં અંબિકા દેવીને ઉતારીને બોલાવી પશુ યજ્ઞ બંધ કરાવ્યો હતો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુને કમઠે ઉપસર્ગ કર્યો ત્યારે ધરણેન્દ્ર અને પદ્માવતીએ સહાય કરી હતી.

શ્રી હીરવિજયસૂરિ તેમજ શ્રી જિનદત્તસૂરિને શાસનદેવની સહાય હતી.

શ્રી હરિકેશીને યક્ષે પ્રગટ થઈને સહાય કરી હતી.

ઉ. શ્રી યશોવિજયજીને સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ વરદાન આપ્યું હતું.

શ્રી બપ્પભટ્ટસૂરિને પણ સરસ્વતીએ પ્રત્યક્ષ થઈને વરદાન આપ્યું હતું.

અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસનો પુણ્ય ઉદય થવા આવ્યો ત્યારે દેવની સહાય મળી.

એમ અનેક દાખલાઓથી સિદ્ધ થાય છે કે જ્યારે શુભ કર્મનો ઉદય થવાનો હોય છે ત્યારે દેવ, ગુરુ, ભક્તિ સેવામાં ચિત્ત જોડાય છે અને તેથી શાસનદેવોની સહાય પણ મળે છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# પુણ્ય અને પુરુષાર્થના દલાલ
# શ્રી ઘંટાકર્ણ મહાવીર

શ્રી ઘંટાકર્ણ વીર છે તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ દેવ છે.

તે ચોથા ગુણઠાણુાના જૈન ગૃહસ્થ જેવા છે, તેથી આપણે તેમને શ્રાવકો, પોતાના શ્રાવક બંધુની જેવા પ્રિય ગણી તેમના ગુણોની સ્તુતિ કરે, તેમની મૂર્તિ આગળ ધૂપ, દીપ નૈવેદ્ય, ધરે **તેથી કંઈ સમકિતમાં દૂષણ લાગતું નથી.**

**જો તેમને તીર્થંકર દેવ તરીકે માનીએ તો જ મિથ્યાત્વ લાગે.**

જૈનો, રાજા વગેરેને પોતાના સ્વાર્થ માટે પ્રાર્થના કરે છે તેમને વિનય કરે છે તેથી જેમ તેઓને મિથ્યાત્વ લાગતું નથી—

**તેમ ઘંટાકર્ણ વીર વગેરે જૈન શાસન યક્ષ દેવોની ધર્મકર્મમાં સહાયતા માગવાથી લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.**

વંદિત્તાસૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ દેવો સમાધિ અને બોધિ આપે છે માટે કહ્યું છે કે સમદીઠ્ઠી દેવા દિંતુ સમાહિં ચ બોહિં ચ. હે! સમ્યગ્દૃષ્ટિ દેવો! તમે સમાધિ અને બોધિને આપો.

સમ્યગ્દૃષ્ટિ દેવો મનુષ્યોને સદ્‌ગુરુની અને જૈન ધર્મની જોગવાઈ કરી આપવાના સંયોગોમાં મૂકે છે.

જૈન મનુષ્યો જેમ બીજાને ઉપદેશ આપી જૈનધર્મી બનાવે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જૈન દેવો પણ મનુષ્યને પ્રત્યક્ષ થઈ અગર સ્વપ્નમાં ઉપદેશ આપે છે તથા ધર્મી મનુષ્યોના સમાગમમાં લાવીને ધર્મી બનાવી દે છે.

—શ્રીમદ્‌ બુદ્ધિસાગરસૂરિજી

# શ્રી ઘંટાકર્ણ મહાવીરનો પૂર્વભવ

શ્રી ઘંટાકર્ણ મહાવીર પહેલાં પૂર્વ ભવમાં એક આર્ય રાજા હતા.

તે સતી, સાધુ, તેમજ ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવામાં જીવન ગાળતા હતા.

કુંવારી કન્યાઓના શીયળનું રક્ષણ કરતા હતા.

દુષ્ટ રાક્ષસ જેવા મનુષ્યોના હુમલાઓથી ધર્મી પ્રજાનું રક્ષણ કરતા હતાં. તેમ જ પાપીઓના ત્રાસને હઠાવી પ્રજાનું કલ્યાણ કરતા હતા.

ધનુષ્ય બાણ વડે અનેક દુષ્ટ રાજાઓ જોડે યુદ્ધ કરીને તેમણે તેઓને જીત્યા અને આર્ય દેશોમાં શાંતિ ફેલાવી.

તેમને સુખડી પ્રિય હતી.

તેઓ અતિથિયોની સેવા ભક્તિ કરતા હતાં અને ઘણા વીર હતા.

તે મરણ પામીને દેવ થયા અને બાવન વીરોમાં ત્રીશમા વીર તરીકે તેમની ગણના થઈ.

તેઓ પૂર્વભવમાં પરોપકારી હતાં તેથી વીરના ભવમાં પણ તે બને તેટલી ધર્મી ભક્તજનોને તેઓના શુભ કર્માનુસારે સહાય આપે છે.

પૂર્વભવમાં તેમનાં હાથમાં ધનુષ્ય બાણ, અને ખડ્ગ હતાં તેથી તેમની મૂર્તિનાં હાથમાં ધનુષ્ય બાણ, ખડગ આપવામાં આવે છે. તે સમ્યગ્દષ્ટિ દેવ, ક્ષત્રિય રાજાના જેવા આત્મા હોવાથી અને હાલ પણ તેવા કાર્યો કરતા હોવાથી, ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ તેમની મૂર્તિ ધનુષ્ય બાણવાળી કરાય છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# રખે હંબગ માનતા

શ્રી મલ્લીનાથ, ભોયણી, પાનસર, કેશરીયાજી, મહુડી વગેરે ચમત્કારીક તીર્થોમાં જે યાત્રાળુઓ જાય છે તે બધા, બાધા-આખડી માટે કે પુત્ર, સ્ત્રી તેમજ લક્ષ્મીની લાલચના માર્યા જાય છે અને ફેરા ખાય છે ઇત્યાદિ કહેનારા તથા લેખકો; આર્યસમાજી જેવા તથા નાસ્તિક દોષદૃષ્ટિવાળા છે. તેઓ પોતાની દૃષ્ટિ જેવા બીજાને કલ્પી લેનાર જાણવા.

જૈનો જે કુલથકી જૈનો છે તેઓ બીજા દર્શનીઓના તીર્થો કરતાં જૈન તીર્થોની યાત્રાએ જાય છે તેઓને નિર્મળ સમકિત થવાના ઘણાં કારણો મળે છે અને તેઓ જિનેશ્વરની ભક્તિ કરીને તેમજ સાધુ વગેરેની ભક્તિ કરીને ત્યાં નિર્જરા તથા અનંત ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે. તેથી તેઓ ઉગ્ર પુણ્યના કર્મોદયે લક્ષ્મી, પુત્ર, સ્ત્રી વગેરે વાંછિત વસ્તુઓને પ્રાપ્ત કરી શકે છે અને તે વાંછિતતામાં તે તે તીર્થંકરના અધિષ્ઠાયક શાસનદેવો સહાય પણ કરી શકે છે. એવાં ઘણાં દાખલાઓ સાંભળેલાં છે તેથી તેમાં કશું આશ્ચર્ય નથી તેમજ જુઠાણું પણ નથી.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# ચેતતા રહેજો

કેટલાક જુઠા લોકો દેવો અને દેવીઓના નામે પાખંડ ચલાવે છે અને માન—પૂજા તેમજ લક્ષ્મી વગેરેની લાલચે મને દેવ પ્રત્યક્ષ છે; હું અમુક કાર્ય કરી શકું છું એમ જુઠું કહી લોકોને ઠગે છે, તથા લોકોની આગળ ધૂણે છે અને અમુક દેવી પાડા—બોકડા માંગે છે એમ ધૂણીને કહે છે—

એવા જુઠા, પાંખંડી તેમજ ઠગ લોકોથી કદાપી છેતરાવું નહિ અને તેઓનું કથન સત્ય માનવું નહિ તેમજ તેઓની સોબત પણ કરવી નહિ.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

જન શાસન દેવોની નિંદા, આશાતના કરવાથી,

તેમજ ગુરુઓની નિંદા કરવાથી—

કુળનો ક્ષય થાય છે.

પગામ સજ્ઝાયમાં—

દેવાણં આસાયણાએ

દેવીણં આસાયણાએ—

એવો પાઠ છે.

દેવોની તેમજ દેવીઓની નિંદા, આશાતના તેમજ તેમનું ખંડન કરવાથી પાપ કર્મ બંધાય છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# સુખડી

જૈનો પ્રતિક્રમણમાં ચાર થોયો કહે છે તેમાં ચોથી થોયમાં દેવદેવીની સ્તુતિ આવે છે. અને તેમાં દેવ દેવીની સહાયતાની વાત આવે છે.

જૈન દેવ પ્રતિષ્ઠા વિધિ મંત્રોની ક્રિયામાં જૈન શાસન દેવોની અને દેવીઓની સ્તુતિ આવે છે અને તેમાં વિઘ્ન નિવારણ કરવા માટે સહાયતા કરવાની વાત આવે છે.

**તેવી રીતે ઘંટાકર્ણ મહાવીરની સ્તુતિ કરતાં અને ધૂપ, દીપ, તેમજ નૈવેદ્ય કરતાં લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.**

એમ આપણા પૂર્વાચાર્યોની શૈલીથી પણ સમજાય છે.

આપણા અર્વાચીન આચાર્યોને જો ઘંટાકર્ણ વીરની આગળ સુખડી વગેરે ધરવામાં તથા તેમની સ્વરક્ષણ સહાયતાની માન્યતામાં મિથ્યાત્વ જણાયું હોત તો તેઓ પ્રતિષ્ઠા વિધિમાં ઘંટાકર્ણ વીરને દાખલ કરત જ નહિ તેમ જ તેમની પૂજા પણ કરત નહિ.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# જૈનધર્મના દુશ્મનો

જેઓ દેવ, દેવી, યક્ષ, વીર વગેરેની હયાતીનું ખંડન કરે છે તેઓની માન્યતા જૂઠી છે.

જેઓ સહાયતાનું ખંડન કરે છે તેઓ જૈન શાસ્ત્રોની ઉત્થાપના કરે છે અને જૈનધર્મના શત્રુ તરીકે નાસ્તિક રીતે જાહેરમાં સિદ્ધ કરે છે.

જૈન કોમે તેવા નાસ્તિકોની સોબત કરવી નહિ.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# મહાવીરનું ઉત્થાપન

જેઓ જૈન શાસ્ત્રોમાં કહેલાં સ્વર્ગ, દેવલોક વગેરેની ઉત્થાપના કરે છે તેઓ ખુદ સર્વજ્ઞ મહાવીરની ઉત્થાપના કરે છે.

સ્વર્ગ અને નરકની ઉત્થાપના કરતાં જૈન શાસ્ત્રો, જૈન ધર્મ અને જૈન તીર્થંકરોની ઉત્થાપના થાય છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

શ્રી
ઘંટાકર્ણ મહાવીર
એ
કોઇની કલ્પનાની
પ્રતિમા નથી

⊙

જગદ્ગુરુ
શ્રી હીરવિજયસૂરિજી
આદિ પૂર્વાચાર્યોએ
તેમજ
નિગમ શાસ્ત્રોએ
શ્રી
ઘંટાકર્ણ મહાવીરને
શાસનદેવ
તેમ જ સમકિતી દેવ
તરીકે
સ્થાપ્યાં છે

⊙

# શ્રી ઘંટાકર્ણ મહાવીરનું શાસ્ત્રોમાં સ્થાન

શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજી

જૈન શાસ્ત્રોમાં પરંપરાગમનું વર્ણન છે. પૂર્વે જૈનાચાર્યોની પરંપરાએ જે માન્યતાઓ પ્રવર્તે છે તેનો પરંપરાગમમાં સમાવેશ થાય છે. સર્વ જાતના હિંદુ, મુસલમાન, બૌદ્ધ વગેરે ધર્મમાં પણ તેઓ, તેઓના મહાત્માઓનાં પરંપરાગમોને માને છે. જૈન શાસ્ત્રોમાં પણ પરંપરાગમ છે તેને જો માનવામાં ન આવે તો જૈન ધર્મની ઘણી માન્યતાઓનો નાશ થઇ જાય.

પૂર્વાચાર્યોએ મંત્રપ્રવાદ પૂર્વમાંથી અનેક મંત્રો અને વિદ્યાઓનો ઉદ્ધાર કરી મંત્રકલ્પ શાસ્ત્રોની રચના કરી છે. [ જુઓ ઘંટાકર્ણ કલ્પ ] મંત્રપ્રવાદ

-અને વિદ્યાપ્રવાદ પૂર્વના અભ્યાસી એવા પૂર્વાચાર્યોએ અનેક દેવોના મંત્રો બનાવ્યા છે અને અનેક મંત્રકલ્પો રચ્યા છે.

હાલમાં જૈન શાસ્ત્રોમાં નવકારના અનેક મંત્રકલ્પ મૌજુદ છે. તેમજ ઉવસગ્ગહરં મંત્ર, નાની શાંતિ મંત્ર, મોટી શાંતિ મંત્ર, સંતિકરં મંત્ર, તિજયપહુત્ત મંત્ર, નમિઊણ મંત્ર, ભક્તામર મંત્ર, વગેરે મંત્ર કલ્પ જોવા મળે છે.

શ્વેતાંબર અને દિગંબર બન્ને જૈનો ઋષિમંડળ મંત્ર કલ્પને માને છે, શ્રાવકો તેની આરાધના પણ કરે છે,

જૈનાચાર્યો સૂરિમંત્રની આરાધના કરે છે તેમજ તેના યંત્રની પૂજા પણ કરે છે. ઉપાધ્યાયો વર્ધમાન વિદ્યાની આરાધના કરે છે.

અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર અને લઘુ શાંતિ સ્નાત્ર કે જેની રચના તપગચ્છના આચાર્યોએ શ્રી હીરવિજયસૂરિનાં સમયમાં કરી છે અને શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય કે જેમણે સત્તરભેદી પૂજા, બાર ભાવના, પ્રતિષ્ઠા કલ્પ તેમજ ધ્યાનદીપિકા આદિ ગ્રંથોની રચના કરી છે, તેમણે **પ્રતિષ્ઠા કલ્પમાં ઘંટાકર્ણ મંત્રને લીધો છે,**—આ પૂર્વ પરંપરાથી જાણવું.

જગતગુરુ શ્રી હીરવિજયસૂરિ વગેરેના સમયમાં શાંતિ સ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્રની રચના થઈ છે અને તેમાં નવગ્રહપૂજન, દશદિક્‌પાલ પૂજન, ચોવીશ તીર્થંકરોની યક્ષયક્ષિણીઓના મંત્ર તથા તેઓનું પૂજન છે અને નવગ્રહાદિકને નૈવેદ્ય વગેરે ધરવાની વિધિ છે. **પ્રતિષ્ઠા મંત્રકલ્પમાં શ્રી ઘંટાકર્ણવીરની મંત્ર યંત્રવાળી થાળી અને તેને સુખડી ધરાવવાની વિધિની પ્રક્રિયા આજ સુધી તપાગચ્છ જૈનોમાં પ્રવર્તે છે.**

અમારા પૂર્વાચાર્યોએ તેમજ મુનિવરોએ પ્રતિષ્ઠા કલ્પમાં ઘંટાકર્ણવીરની સહાયતાની માન્યતા સ્વીકારેલી છે. તેથી અમો પણ અમારા પૂર્વાચાર્યોના પરંપરાગમને માન્ય કરીને શ્રી ઘંટાકર્ણ વીરને શાસનદેવ વીર તરીકે માનીએ છીએ અને મહુડીના શ્રી સંઘે તેમની મૂર્તિ બનાવી તેની અમે પ્રતિષ્ઠા કરી છે.

જૈન શાસ્ત્રોમાં જૈનોના સોળ સંસ્કારના મંત્રો છે. તે મંત્રો મંત્રપ્રવાદ નામના પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલ છે. આ મંત્રપ્રવાદ પૂર્વનો નિગમ શાસ્ત્રોમાં સમાવેશ થાય છે. અનાદિ કાળથી દરેક તીર્થંકરના વખતમાં સાધુઓનાં આચારનાં અને તત્ત્વજ્ઞાનમય આગમ શાસ્ત્રો અને ચઉદ પૂર્વના મંત્રાદિ ભાગનાં તથા ગૃહસ્થ ધર્મનાં

સંસ્કાર આદિ ધર્મ પ્રરૂપનારાં નિગમ શાસ્ત્રો પ્રવર્ત્યા કરે છે. અને જૈનો તે બન્નેને પ્રમાણભૂત માને છે.

શ્રી ઋષભદેવ પ્રભુના વખતમાં ભરત રાજાએ જે ચાર વેદો રચ્યા હતા તેઓનો નિગમ શાસ્ત્રોમાં સમાવેશ થાય છે. તેમ જ મંત્ર પ્રવાદમાંથી અને વિદ્યાપ્રવાદમાંથી ઉદ્ધૃત મંત્રો તથા પૂર્વાચાર્યોએ દેવોને પ્રત્યક્ષ કરી જે મંત્રો કલ્પો રચ્યાં છે તે સર્વ મંત્ર શાસ્ત્રોમાં પણ અપેક્ષાએ નિગમ શાસ્ત્રોમાં સમાવેશ થાય છે. આ મંત્ર ભાગ ગુરુઓ અધિકારીઓને જ બતાવે છે તેથી તે ગુરુ પરંપરાએ ચાલ્યો આવે છે. અને આથી હાલ તે પરંપરાગમમાં સમાવેશ પામે છે.

જૈનાચાર્યો મિથ્યાત્વી દેવોને પણ સમકિતી બનાવે છે અને તેઓને જૈન શાસન અને ગચ્છના રક્ષક તરીકે નીમી શકે છે. શત્રુંજય પર સ્થાપિત કપર્દી યક્ષ મિથ્યાત્વી [illegible]ઈ ગયો હતો તેને શ્રી વજ્ર સ્વામીએ ઉઠાડી મૂકી બીજા કપર્દી યક્ષને બોલાવી જૈન ધર્મનો શ્રદ્ધાળુ તેમ જ સમકિતી બનાવી શત્રુંજય પર સ્થાપિત કર્યો છે. શ્રી આનંદવિમલસૂરિએ શ્રી મણિભદ્ર વીરની સ્થાપના કરી છે અને તેની સ્થાપના પાલણપુર પાસેના મગરવાડામાં તથા વિજાપુર પાસેના આગલોડ ગામમાં કરી છે. આ શ્રી મણિભદ્ર વીરનું આગલોડ ગામમાં મોટું મંદિર છે તેનું સવિસ્તાર વર્ણન વિજાપુર વૃત્તાંતમાં છે.

પૂર્વાચાર્યોએ તપ કરી, મંત્ર આરાધી નવીન મણિભદ્ર વીર વગેરેને પણ સમકિતી કરી જૈન શાસન દેવ તરીકે સ્થાપિત કર્યા છે. આથી જૈન કોમ આજ સુધી પરંપરાગમને માન્ય રાખી નવીન શાસન રક્ષક વીરને માનતી પૂજતી આવી છે.

જૈનાગમોમાં મુખ્યતાએ તત્ત્વજ્ઞાન અને મોક્ષારાધન તેમજ સાધુના આચાર વગેરેની મુખ્યતા છે અને મંત્ર શાસ્ત્રોમાં મંત્રકલ્પની મુખ્યતા છે. આગમોમાં આજ કારણથી ૐકાર હ્રીંકાર આદિ બીજ મંત્રો વગેરેની વ્યાખ્યા દેખાતી નથી. પૂર્વાચાર્યો મોટા ભાગે મંત્ર શાસ્ત્રોનો ભાગ તો ગુપ્ત રાખતા હતા અને પોતાના શિષ્યોને લાયક જાણીને જ તેમને ખાનગીમાં મંત્ર રહસ્ય આપતાં હતાં. મંત્ર શાસ્ત્રોને તેઓ ભંડારમાં સંતાડી રાખતાં હતા કે જેથી તેનો અધિકારી પુરુષ તેનો ઉપયોગ કરી શકે.

સર્વ દર્શન ધર્મ શાસ્ત્રોમાં મંત્ર શાસ્ત્ર વિભાગ છે અને તેને સર્વ દર્શન ધર્મવાળાઓ શ્રદ્ધાથી માન્ય કરે છે. જૈનો, જૈન મંત્ર શાસ્ત્રોને અને શાસન દેવોના મંત્રોને માન્ય કરે છે અને જૈન શાસન વીર દેવ યક્ષ વગેરેને માને છે, પૂજે છે કારણ કે

તે સમ્યગ્દષ્ટિ જૈનધર્મી દેવતાઓ છે. જેથી જૈનો તેઓને સાધર્મિક બંધુદેવ તરીકે માને છે.

જૈનોમાં સર્વ જિનમંદિરો જુઓ. તેમાં શ્રી સિદ્ધસેનસૂરિ કૃત પ્રવચન સારોદ્ધાર આદિ ગ્રંથોના આધારે મૂળનાયક તીર્થંકરના યક્ષ યક્ષિણી વગેરેનું સ્થાન હોય છે. પ્રભુની પ્રતિમાની નીચે દેવી હોય છે. બહારના મંડપમાં ગોખલાઓમાં અનેક પ્રકારના શસ્ત્ર ધારક યક્ષ યક્ષિણીની મૂર્તિયો મંત્રથી પ્રતિષ્ઠિત કરેલી હોય છે. આવો પ્રચાર પ્રાચીન કાળથી શાસ્ત્રોના આધારે સિદ્ધ થાય છે.

ચક્રેશ્વરી, પદ્માવતી, અંબિકા, કાલી, મણિભદ્રવીર, વિમલેશ્વર યક્ષ, ઘંટાકર્ણ વીર વગેરે નામો તો જૈનોના નાના બાળકો પણ જાણી શકે છે. જૈનધર્મના મહાપ્રભાવક સહસ્રાવધાની શ્રી મુનિચંદ્રસૂરિએ સંતિકરંની રચના કરી છે અને તેમાં દેવો અને દેવીઓની સહાયની સિદ્ધિ કરી છે. જો દેવો અને દેવીઓ સહાય ન કરતી હોય તો ભદ્રબાહુ સ્વામી જેવા ઉવસગ્ગહરંની રચના કરત જ નહિ.

શ્રી મહાવીર પ્રભુને મુનિદશામાં ઇન્દ્રે સહાય આપવા ઇચ્છા જણાવી હતી. હવે તે સહાય લેવી કે ન લેવી તે પોતાની મરજી ઉપર આધાર રાખે છે. સિદ્ધાર્થ વ્યંતરે મહાવીર પ્રભુનો મહિમા વધારવા પ્રવૃત્તિ કરી હતી. શ્રી શ્રીપાલ રાજાએ સિદ્ધચક્ર મંત્ર યંત્રની આરાધના કરી હતી તેથી તેમને દેવોએ સહાય કરી હતી. મંત્રમાં મેસ્મેરીઝમ તેમજ હીપ્નોટીઝમ જેવી શક્તિ છે અને તે મંત્રના પ્રેર્યા દેવો આવે છે અને સહાય કરે છે. પૂર્વાચાર્યોની સ્થવિરાવલી પટ્ટાવલી કે જે કલ્પસૂત્રના પ્રાંત ભાગમાં છે તેમાં પણ પૂર્વાચાર્યોએ અનેક શાસન દેવોની મદદથી ચમત્કારો બતાવ્યાના દૃષ્ટાંતો મૌજુદ છે. સનાતની જૈનો ઉપર્યુક્ત બાબતોને સત્ય માને છે.

જૈનો ચાર પ્રકારના દેવોને જૈન શાસ્ત્રોથી માને છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવો છે. તેમાં વૈમાનિક દેવો તો અહીંથી રાજલોક રહે છે, તેમાં પ્રથમ બાર દેવલોકના વિમાનો છે. તેના ઉપર નવગ્રૈવેયક દેવોનાં વિમાનો છે. તેના ઉપર પાંચ અનુત્તર દેવ વિમાનો છે. અને તેના ઉપર સિદ્ધશિલા છે તે ઉપર સિદ્ધ પરમાત્માઓ રહે છે.

ચંદ્ર, સૂર્ય ગ્રહ, નક્ષત્ર અને તારાઓના વિમાનો જે આકાશમાં દેખાય છે તેમાં જ્યોતિષી દેવ દેવીઓ રહે છે. ભુવનપતિનાં દેવો આ પૃથ્વીની નીચે રહે છે. અહીંથી દશ યોજન નીચે અને કોઇ ઠેકાણે ઉપર વ્યંતર

દેવો રહે છે. આ ચાર પ્રકારનાં દેવોમા કેટલાક સમકિતી હોય છે અને કેટલાક મિથ્યાત્વી હોય છે. ચોસઠ ઇન્દ્રો તો સમકિતી છે. નવ ગ્રહો તેમજ દશ દિક્પાલોને જૈનો, પૌરાણિક હિંદુઓ તેમજ બૌદ્ધો બધાજ માને છે. પણ તેમાં જૈનો, જૈન શાસ્ત્રના આધારે નવગ્રહાદિકને સમકિતી માને છે. આ ચાર પ્રકારના દેવોનું સંગ્રહણી વગેરેમાં વિસ્તારથી વર્ણન છે.

ચાર પ્રકારના મિથ્યાત્વી દેવો પણ પૂર્વધર મુનિ તેમજ યોગી મહાત્માઓના ઉપદેશથી સમકિતી બને છે. બાવન વીર અને ચોસઠ યોગિનીઓ પૈકી કોઇને જૈન મુનિઓ મંત્રથી પ્રત્યક્ષ બોધ આપીને જૈન દેવ ગુરુ ધર્મની શ્રદ્ધાવાળા કરીને તેને જૈન શાસન રક્ષક તરીકે સ્થાપી શકે છે અને તેઓ સ્વધર્મી જૈન બંધુઓને પ્રસંગોપાત યથાશક્તિ મદદ કરી શકે છે.

તેમ શ્રી ઘંટાકર્ણ વીરને પણ આપણા પૂર્વાચાર્યોએ મંત્રથી આરાધીને પ્રત્યક્ષ કરી જૈનધર્મનો બોધ આપીને સમકિતી બનાવ્યા છે અને તેમને જૈન પ્રતિષ્ઠા વિધિ મંત્રમાં દાખલ કર્યા છે. પૂર્વકાલીન યા અર્વાચીન જૈનાચાર્યોએ એ રીતે અનેક દેવોને જૈનધર્મના રાગી બનાવ્યા છે તેથી જૈનો શાસન દેવને સ્વધર્મી બંધુવત્ માને છે અને પૂજે છે તેમજ સંસારની ધર્મ યાત્રામાં મદદ માટે શાંતિ સ્નાત્રના મંત્રોની પેઠે વિનવે છે. આવી પૂર્વાચાર્યની પરંપરાગમની પ્રણાલિકાને માન્ય રાખીને જૈનો શ્રી ઘંટાકર્ણ વીરને ધૂપ દીપ વગેરે કરે છે.

**શ્રી ઘંટાકર્ણ વીર ચોથા ગુણસ્થાનકવાળા દેવ છે.** તેથી તે ગૃહસ્થ જૈન શ્રાવકના સમકિતી બંધુ ઠર્યા. તેથી તેમની આગળ સુખડી ધરીને જૈનો ખાય છે. કારણ કે શ્રી ઘંટાકર્ણ વીર શ્રાવક હોવાથી, શ્રાવક જેમ શ્રાવકનું ખાય છે તેમ તે શ્રાવક હોવાથી ગૃહસ્થ જૈનો તેમની સુખડી ખાય છે.

મુનિયો, યતિયો, શ્રી પૂજ્યો તેમજ શ્રાવકો વગેરે શ્રી ઘંટાકર્ણ વીરનો મંત્ર આરાધે છે. ઘંટાકર્ણ મંત્રનો જાપ કરે છે. **કેટલાક યતિયોએ** ઘંટાકર્ણ વીરના મંત્રથી સર્પ વીંછી વગેરેના ઝેર ઉતાર્યા છે. એવું મેં પ્રત્યક્ષ જોયું છે. તથા કેટલાકે ઘંટાકર્ણ વીરનો મંત્ર સાધીને ચોથીઓ જ્વર ઉતાર્યો હતો અને વીંછીનું વિષ ઉતાર્યું છે અને તે પણ વીંછી કરડેલાને પાંચ–દશ હાથ દૂર રાખીને

વિષ ઉતાર્યું છે. તેનો મને અનુભવ છે. અને જેને શ્રદ્ધા હોય તેમજ પર સ્ત્રી ત્યાગી હોય તેને અનુભવ થાય છે.

શ્રી ઘંટાકર્ણ વીરને નવગ્રહોની પેઠે જૈનો અને હિંદુઓ બન્ને માને છે અને બન્ને તેની આરાધના કરે છે. ઘંટાકર્ણ મહાવીરના મંત્ર કલ્પ એ ત્રણ જાતના છે. અને તેમાં કયા કયા પર તે મંત્ર પ્રવર્તે છે તે તેમાં વિધિપૂર્વક જણાવ્યું છે.

અમારા ગુરુ મહારાજ શ્રી રવિસાગરજીએ વિ. સં. ૧૯૫૪ના ફાગણ માસમાં ઘંટાકર્ણ મંત્રની ગુરુ ગમતા આપી હતી.

જૈન સાધુઓ પૈકી ઘણા ખરા શ્રી ઘંટાકર્ણ વીર મંત્રની આરાધના કરે છે. ઘંટાકર્ણની મંત્ર થાળી અમદાવાદ, વિજાપુર વગેરે જે જે સ્થાને પ્રતિષ્ઠા કરાવનારા જૈનો છે તેઓને ત્યાં હોય છે. આપણે જેમ આત્માઓ છીએ અને એક બીજાને પરસ્પર મદદ કરીએ છીએ તેમ ચારે પ્રકારના દેવતાઓ પણ આત્માઓ છે. તેઓ પણ આપણને ધર્માદિક રાગથી યા મંત્રારાધન યોગથી મદદ કરે છે. **આપણા કર્મના ઉદયમાં તે નિમિત્ત હેતુ થાય છે.**

શ્રી ઉમાસ્વાતી વાચકે તત્ત્વાર્થ સૂત્રમાં પરસ્પરોપગ્રહો જીવાનામ્ એ સૂત્ર રચ્યું તેમાં જણાવ્યું છે કે સંસારી સર્વ જીવોને પરસ્પર એક બીજાનો ઉપકાર થાય છે. દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરે સર્વ એક બીજા પર અનેક રીતે ઉપકાર, સહાય, મદદ કરી શકે છે. તેમ તત્ત્વાર્થ સૂત્રથી સિદ્ધ થાય છે.

સમકિતી જૈનો હાલ દુનિયામાં એકલા સમકિતી મનુષ્યોની મદદથી જીવી શકતાં નથી. તેઓ હિંદુ, મુસલમાન વગેરેની મદદથી પોતાનાં દુઃખ ટાળી શકે છે. અને આજીવિકા ચલાવી શકે છે. તેથી કંઇ તેઓને મિથ્યાત્વ લાગતું નથી. કારણ કે જૈનો જાણે છે કે અન્ય ધર્મીઓ તે કંઈ વીતરાગ દેવ નથી તે પ્રમાણે જૈન ગૃહસ્થોને પણ તે કંઇ સર્વજ્ઞ, વીતરાગ દેવ તરીકે જાણતાં નથી તે પ્રમાણે તેઓ શાસન દેવોને સમાન ધર્મી મનુષ્યોની પેઠે જાણે છે અને તેમને ધૂપ દીપ કરે છે, તેમજ સ્તુતિ વગેરે કરે છે.

પરંતુ તેઓને સર્વજ્ઞ વીતરાગ અરિહંત દેવ તરીકે નહિ માનતા હોવાથી ઘંટાકર્ણ વીર વગેરેને માનનારા, તેવી દૃષ્ટિવાળા લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.

જે જેવા હોય તેને તેવા માનવાથી મિથ્યાત્વ લાગતું નથી. જૈનો અરિહંતને વીતરાગ દેવ પ્રભુ પરમાત્મા માને છે અને શાસન દેવોને સ્વધર્મી બંધુ ...ની પૂજે છે તેથી તેમને મિથ્યાત્વ લાગતું નથી.

★

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# મહુડીનો સંક્ષેપ ઇતિહાસ

[ વિજાપુરથી અગ્નિ ખૂણે સાડાત્રણ ચાર ગાઉ પર આવેલા ] ખડાયતના કેટલાક ઠાકરડાઓએ ખડાયતાની પાસે મહુડીના એક ઝાડ તળે પરુ વસાવ્યું તેથી તે મહુડી ગામ ગણાય છે.

મહુડીને વસ્યાં પાંચસો સાતસો વરસ થયાં લાગે છે. ખડાયતા અને મહુડીથી સાતસો વરસ ઉપર એક ગાઉ દૂર સાબરમતી નદી વહેતી એમ નદીના વહેળા પરથી તેમજ લોકશ્રુતિથી જણાય છે. કોટેશ્વર અને ખડાયતાના આરે નદીમાં એક જૂની વાવનો છેલ્લો કોઠો છે. તે વિ. સં. ૧૯૬૩ માં રેલ આવી ત્યારે દેખાયો હતો. તે ઉપરથી કહી શકાય છે. તેથી પહેલાં નદી સૂરજકુંડની પેલી તરફ વહેતી હતી એમ સિદ્ધ થાય છે. હાલનાં વગડાની ઝાડીમાં તે પહેલાં વહેતી હતી........

જુના મહુડી ગામમાં એક જૈન દેરાસર હતું. વિ. સ. ૧૯૭૨ માં જૂની મહુડીમાં ઠેઠ નદી પાસે આવવાથી તથા કોતરો પડી જવાથી જૂની મહુડીથી આથમણી દિશાએ બે ચાર ખેતર દૂર નવું મહુડી ગામ વસ્યું.

નવી મહુડીને અમે મધુપુરી નામ આપ્યું છે. તેમજ ત્યાં ઉપદેશ આપીને શ્રી પદ્મપ્રભુનું નવું દેરાસર બંધાવ્યું છે. તેમાં જૂની મહુડીના દેરાસરમાંથી શ્રી પદ્મપ્રભુની પ્રતિમા લાવીને પધરાવી છે.

અમે વિ. સં. ૧૯૭૫ માં દેરાસરની પાસે શ્રી ઘંટાકર્ણ વીરની દેરી બંધાવીને તેમાં ઘંટાકર્ણ વીરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૮૦ માં કરી છે.

પદ્મપ્રભુના દેરાસરમાં શ્રીમદ્ રવિસાગર ગુરુની અને શ્રી સુખસાગર ગુરુની પ્રતિષ્ઠા અમોએ ત્યાં કરી છે.

[ વિજાપુર બૃહદ્ વૃત્તાંતમાંથી ]

# મહુડી
## શ્રી ઘંટાકર્ણ મહાવીરની
## મૂર્તિનો લેખ

ઓમ્ અર્હમ્ મહાવીર જિનેશ્વરાય નમઃ

ભારતે ગુર્જરે દેશે,
શુભે વિદ્યાપુરાઽન્તિકે,
મધુપુર્યાં દયાભૂમ્યાં,
ઘંટાકર્ણસ્ય મંદિરમ્ ॥૧॥

કૃતં શ્રી જૈન સંઘેન,
સંધાયત્તં શુભંકરમ્,
ઘંટાકર્ણ મહાવીરો,
જૈનધર્મ પ્રભાવકઃ ॥૨॥

જૈનશાસન દેવોઽસ્તિ,
સમ્યગ્દૃષ્ટિઃ સુરક્ષકઃ
પૂર્વાચાર્યૈર્હિ સંઘસ્ય
જૈનધર્મસ્ય વૃદ્ધયે ॥૩॥

સ્થાપિતોઽસ્તિ મહાવીરો,
ઘંટાકર્ણો મહાબલી,
ચતુર્વિધ મહાસંઘ,–
વૃદ્ધયેઽસ્તુ સ સર્વદા ॥૪॥

ખસિદ્ધિ અહચંદ્રાકૈર્મિતે,
વૈક્રમ વત્સરે
માર્ગ શુક્લ દ્વિતીયાયાં,
જૈન સંઘસ્ય રક્ષિણઃ ॥૫॥

ઘંટાકર્ણ વીરસ્ય,
પ્રતિમા સુપ્રતિષ્ઠા
ભારતાદિ સુવિખ્યાત
બુદ્ધિસાગર સૂરિણાઃ ॥૬॥

સાનંદ વાસ્તવ્ય જૈન શ્રાવક

ચમનલાલ છગનલાલેન રૂપ્યક સહસ્રં તથા સાનંદ વાસ્તવ્ય

જૈન શ્રાવક મોહનલાલ શકરચંદ્રેણ રૂપ્યક સહસ્રં

શ્રી ઘંટાકર્ણ મહાવીર મંદિર વિધાપનાર્થં દત્તમ્ ॥

ઓમ્ અર્હમ્ મહાવીર

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# હિમાલયમાં

# શ્રી ઘંટાકર્ણ મહાવીર

અષ્ટાપદ તીર્થ અદૃશ્ય થયા પછી બદરી પાર્શ્વનાથ તીર્થ હયાતીમાં આવ્યું હોય એવી કલ્પના થાય છે. અહીં વિશાળ જિનાલય પણ હતું. જેમાં ચોવીસે તીર્થંકરની પ્રતિમાઓ હતી.

શંકરાચાર્ય પછી આ તીર્થ **બદ્રીનારાયણ** તીર્થ બન્યું છે. એક મહંતને એકવાર સ્વપ્નમાં ૨૪ જિન પ્રતિમાઓનાં દર્શન થયાં અને તે અનુસાર શોધ કરતાં તેને પરિકરવાળી એક પ્રતિમા મળી આવી **જે આજે બદ્રીનારાયણના મંદિરમાં વિદ્યમાન છે.**

જેના અસલી સ્વરૂપના ફોટાઓ મળે છે. વળી તેનાં કેટલાક ચિત્રોમાં ચાર હાથ પણ બતાવવામાં આવ્યા છે, જે કલ્પિત છે. લોકોને ચતુર્ભુજની ભ્રમણામાં નાખવા માટે એ બતાવવામાં આવે છે. તેમાં પણ બે હાથ તો ધ્યાન મુદ્રાવાળા જ હોય છે.

મંદિરની રચના, શિલ્પ અને દરવાજો જૈન શૈલીના છે. ગભારો કોરી નાંખી ગૂઢ મંડપ રંગ મંડપ બનાવ્યો છે. પ્રતિમા અઢી ફુટ ઊંચી છે.

**મંદિરમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર ક્ષેત્રપાળ છે.**

પૂજારીઓ જૈન ભોજકો હતા જે હાલ ગંધર્વ બ્રાહ્મણ તરીકે પ્રસિદ્ધ છે.

(જૈન સત્ય પ્રકાશ)

# પાપની પાર્ટનરશીપ

જૈનો તીર્થયાત્રાએ જાય છે અને પ્રભુના જેવા પોતાનામાં રહેલાં સદ્‌ગુણોનો પ્રકાશ કરવા ઇચ્છે છે અને એવું તેઓને જૈન ગુરુઓ તરફથી જ્ઞાન મળે છે.

તેથી જૈનો પુત્રાદિકની લાલસાએ ભોયણી, પાનસર વગેરેની [illegible] જતા નથી પણ પ્રભુની સેવા ભક્તિ માટે જાય છે. એવા સમજુ જૈનોનું ખાસ લક્ષ્યબિંદુ કે જે સમ્યક્ દૃષ્ટિરૂપ સમકિતથી પ્રગટેલું હોય છે.

તેવા જૈનોની અને પાનસર, ભોયણી શંખેશ્વર વગેરે તીર્થોની નિંદા કરનારા, તેમજ આશાતના કરનારા નાસ્તિકોનો સંગ કરવો નહિ.

પૌદ્‌ગલિક પુત્ર, સ્ત્રી, ધન વગેરેની આશાએ જનારા જૈનો પણ પ્રભુ તીર્થંકર વગેરેની સેવા ભક્તિમાં જોડાઈને પુણ્ય બાંધે છે અને આ ભવમાં પણ તેમને પુણ્ય ફળે એમ પણ બને છે અને છેવટે તેઓ પૌદ્‌ગલિક સુખની આશા રહિત ફક્ત સુખની ઇચ્છાએ પ્રભુના સેવકો તરીકે

જૈનો બને છે. માટે ગમે તેવી મિથ્યાત્વ દશામાં પણ તીર્થસ્થળમાં તથા શાસન દેવો પાસે જવામાં છેવટે આગળ ચઢવાનું થાય છે. કારણકે ત્યાંથી જ આગળનો પ્રકાશ મળે છે.

શ્રી સર્વજ્ઞે પ્રથમ મિથ્યાત્વ ગુણ-સ્થાનક કહ્યું છે. મિથ્યાત્વ છે તેમાંથી જ સમકિતમાં જવાનો માર્ગ ખુલ્લો થાય છે તેથી મિથ્યાત્વ દશામાં પણ મિથ્યાત્વ ગુણસ્થાન ગણાય છે તેવી રીતે તીર્થ સ્થળોમાં સ્ત્રી પુત્રાદિકની ઇચ્છાએ જનારા તથા શાસન દેવ દેવીઓની બાધા માનનારા જૈનો પણ ત્યાંથી જ આગળનું ઉચ્ચ શિક્ષણ વર્તન પાળવાના અનુભવોને પ્રાપ્ત કરે છે.

માટે શ્રી ઘંટાકર્ણ વીર વગેરેની નિંદા કરનારાઓએ સત્ય જ્ઞાન તથા લોકોની ધર્મ પાળ-વાની પદ્ધતિનો ખાસ અનુભવ કરવો જોઇએ કે જેથી તેઓ જૈન શાસ્ત્રોથી વિરુદ્ધ પ્રરુપણા કરી— **પાપના ભાગીદાર ન બને.**

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

'બુધ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—

**'બુદ્ધિપ્રભા'**

C/o શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઇવાડો, ૧ લે માળે,
મુંબઇ ૨.

ડરો
નહિ
એ
તો
પુણ્યનું
પ
ગ
થી
યું
—છે.

આપણુ જૈનોને શ્રાવક, સાધુધર્મ આરાધતાં વૈદો, ડૉકટરો, રાજાઓ, સૈન્ય, પોલીસ વગેરે મદદ કરે છે અને આપણે તેમને તે દશાની અપેક્ષાએ સાધન માનીએ છીએ. અને જિનેન્દ્ર દેવ, તેમ જ સુગુરુ વગેરેને મહા સાધન, પરમ સાધન તરીકે માનીએ તેથી કંઇ આપણને મિથ્યાત્વ લાગી જતું નથી તેમ જ તેથી કંઇ આપણે આડે માર્ગે પણ જતાં નથી.

કારણ કે સર્વની અનુક્રમે મહત્તા તેમ જ ઉપયોગિતા આપણે જાણીએ છીએ. તેમાં ડોકટર, વૈદ, સૈન્ય, રાજા વગેરે પણ **અપેક્ષાએ** જેમ સુસાધન છે તેમ શ્રી તીર્થંકર દેવ, શ્રી સદ્‌ગુરુ દેવ પણ અપેક્ષાએ મહા સુસાધન છે. પરંતુ તે એમાંથી ડોકટર, વૈદ વગેરે તીર્થંકર રૂપ મહા સાધનની **અપેક્ષાએ** પરંપરાએ નિમિત્ત સાધન તરીકે ગણાય છે. અને તીર્થંકર દેવ, ગુરુ અને જૈન ધર્મ નજીકનાં અત્યંત મહા સાધન નિમિત્ત કારણ ગણાય છે પણ તીર્થંકર વીતરાગ દેવની મહા સાધનતાને લીધે વૈદ, ડોકટર વગેરેની સહાય કુસાધનતા ગણાતી નથી.

તેમ શાસન દેવો પણ ધર્મમાર્ગમાં આત્માની શુદ્ધિ કરવામાં વિઘ્ન નિવારણ કરનારા હોવાથી તીર્થંકર રૂપ મહા સાધનની **અપેક્ષાએ** તેથી ઉતરતા સુસાધન રૂપ ગણાય છે પણ તેથી

શાસન દેવોની સહાયતાને કુસાધન તરીકે ગણવા તે તો અજ્ઞાનતા છે.

સાધન કદી આગળ મોટી દશામાં જતાં પાછળથી પણ બીજાને ઉપકારી સાધન તરીકે હોવાથી **પ્રવાહની અપેક્ષાએ** સુસાધન જ ગણાય છે, પણ કુસાધન થઈ શકે જ નહિ એમ જૈન શાસ્ત્રો જણાવે છે.

શાસન દેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે તેથી તેઓ પોતાની પાસે આવનારાઓની દશા વિચાર વગેરે જાણી શકે છે. તેથી તેઓ પરીક્ષા કરીને શ્રી પ્રભુ ભકતોને યથાયોગ્ય સહાય કરે છે કે જે સહાયને પ્રભુ ભક્ત જૈનો કદાચ ન પણ જાણી શકે.

સ્વાર્થી મનુષ્યોના કરતાં પરમાર્થી દૃઢ જૈનોને તેઓ માગ્યા વિના પણ ગુપ્તપણે સહાય કરે છે. આપણા બંધુઓ, મિત્રો, હિતસ્વીઓ જેમ પ્રેમથી આપણને વિનંતી કર્યા વિના પણ ખાનગીમાં મદદ કરે છે તેમ શાસન દેવો પણ જૈનાત્માઓ હોવાથી તેઓની સાથે ગૃહસ્થો, સાધર્મિક સગપણનો અતિ શુદ્ધ પ્રેમ ધારણ કરે છે તેથી તેઓ પ્રસંગોપાત ગુપ્તપ અકસ્માત પ્રસંગે સહાય કરે છે કે જેની તેઓને ખબર પડતી નથી.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

ઉચ્ચ બનાવટ
વિશુદ્ધ માલ
મનોહર ઘાટ વ્યાજબી ભાવ
રાજકમલ સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વાપરો.
ઉત્પાદકો:—રતીલાલ નગીનદાસ એન્ડ કું૦
૧૧૮, કંસારા ચાલ, મુંબઈ ૨.
ઓફિસ ફોન : ૩૩૫૨૧૧ રેસીડંસ ફોન : ૩૩૨૦૮૬

# શ્રદ્ધા અને સંકલ્પ

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.

જૈનો મંદિરમાં પ્રવેશ કરે છે ત્યારે શ્રી તીર્થંકર વીતરાગદેવને મૂળનાયક પ્રભુ તરીકે જાણે છે અને તેમની નીચેની દેવીને તથા ગોખલા વગેરેમાં યક્ષ યક્ષિણીને પ્રભુના સેવક તરીકે જાણે છે. અને શ્રી તીર્થંકર પરમાત્માને તેમની દશાએ પૂજી અને સ્તવીને ગુણો ગ્રહણ કરે છે. અને શાસન દેવદેવીઓને તેમના અધિકાર પ્રમાણે માને છે ને પૂજે છે. **તેથી જૈનોને લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.**

જે જૈનો લોટેશ્વર મીરાંદાતાર વગેરે જાય છે તે કરતાં જે જૈનો તેવી ભાવનાથી શાસન દેવોની પાસે જાય છે તેઓ કરોડ ગણી મિથ્યાત્વ વાસનાઓથી બચી જાય છે. અને તેઓને જૈનોનો પરિચય રહેવાથી મૂળ સમકિત આદિના આચારમાંથી ખસી જવાનો વખત પણ આવતો નથી. જ્યારે લોટેશ્વર વગેરે જનારાઓ તો મિથ્યાત્વી પણ થઈ ગયેલા દેખાયા છે, તેથી કેશરીયાજી મહુડી વગેરે જનારા અને બાધા આખડી રાખનારા કે જેઓ કુળથી જૈનો છે તેઓ, મિથ્યાત્વી લોટેશ્વર વગેરે તીર્થે જનારા જૈનો કરતાં અનંતગુણા ઉત્તમ જાણવા.

કારણ કે તેઓ છેવટે જૈનધર્મી રહે છે. અને સુગુરુની જોગવાઈ મળતા બાધા આખડીઓમાંથી પણ મુક્ત થાય છે અને બાધા આખડી રાખ્યા વિના પણ શાસન દેવ દેવીઓને માને છે અને પૂજે છે.

જૈનોમાં એકડીયાની શાળા જેવા પણ કુળ જૈનો હોય છે તેઓ સ્વાર્થ માટે પૌદ્ગલિક ઇષ્ટ વસ્તુઓના લાભ માટે દેવ દેવીઓની પ્રાર્થના કરે છે. તેઓને બાહ્ય લક્ષ્મી વગેરે પદાર્થોની ઘણી જરૂર હોય છે તેથી તેઓ, તેમની દશા પ્રમાણે તીર્થ સ્થળમાં જઇ લક્ષ્મી વગેરે મળવાની ભાવના કરે છે અને તેમને પુણ્યોદયે ભાવના પ્રમાણે ફળની પ્રાપ્તિ પણ થાય છે.

ભાવના એ જ સંકલ્પ છે. યોગ શાસ્ત્રોનો નિયમ છે કે સંકલ્પ જ કાર્ય કરે છે. હીપ્નોટીઝમ વગેરે યોગના કેટલાક ભાગને અમેરીકનોએ પ્રસિદ્ધ કર્યો છે તેમાં શ્રદ્ધા, સંકલ્પ બળથી મનુષ્ય દેવની પેઠે ચમત્કારો કરી બતાવે છે એમ જણાવ્યું છે. તે **વિદ્યાનો અમે અનુભવ કર્યો છે.** તેથી મનુષ્યની શ્રદ્ધા જ તેને ફળ આપનાર થાય છે. તે પ્રમાણે જેઓને શાસન દેવ વીરો ઉપર એવી શ્રદ્ધા છે કે તેઓ મને અવશ્ય ફળ આપશે તેઓને શ્રદ્ધા સંકલ્પ અનુસારે આ ભવમાં ને પરભવમાં ફળ આપે છે તેમ નિરિયાવલી સૂત્રમાં આપેલી એક કથાથી સિદ્ધ થાય છે.

જે કુળ જૈનો છે અને જૈન દેવ, ગુરુ અને ધર્મના રાગી છે તેઓ કંઇ એકદમ એકલા મોક્ષ સુખ માટે ત્યાગી બની જતાં નથી. તેઓને તો ગૃહસ્થાવાસમાં બાહ્ય વસ્તુઓ મેળવવાની ઇચ્છા છે તેથી તેઓ દેવતાઓની સેવા ભક્તિ દ્વારા ઇચ્છિત વસ્તુઓ મેળવવા પ્રયત્ન કરે છે અને તે અંશાએ પ્રયત્ન કરતાં અને જૈન તત્ત્વજ્ઞાન કરતાં છેવટે આત્મામાં સુખ માનીને શાસન દેવોને અને તીર્થંકરોને પછીથી પૌદ્ગલિક સુખ માટે પ્રાર્થના કરતાં નથી. અને પછીથી બાહ્ય સુખાર્થે તીર્થંકરોને માનવાના કરતાં આત્મ સુખાર્થે તીર્થંકરોને માને છે, પૂજે છે અને શાસન દેવોને પણ આત્મ સુખાર્થે મદદકારી માને છે.

આવી દશા કંઈ એકદમ પ્રાપ્ત થતી નથી. જડ સુખમાંથી આત્મ સુખમાં આવતાં ઘણો કાળ વહી જાય છે. ગૃહસ્થ કુલાચારથી જૈનો છે તેઓને દેવ ગુરુ ધર્મની સામગ્રી નજીક હોય છે. અને તેઓ ઓઘે જૈન ધર્મ શ્રદ્ધાળુ હોય છે. તેઓ ખરેખરી રીતે મિથ્યાત્વીઓ કરતાં અનંતઘણા ઉત્તમ છે અને તેઓ અનુક્રમે જૈન દશામાં ધીમે ધીમે આગળ વધે છે.

તેઓને તેઓની વિચાર પ્રવૃત્તિમાંથી ભ્રાંત કરી અનુત્સાહી, તેમજ અવિશ્વાસી બનાવવાથી તેઓ કંઈ આગળની દશાને પ્રાપ્ત કરી શકતાં નથી અને વર્તમાન દશામાં સંશયી થાય છે અને ઉલટા પતિત પણ થાય છે.

જેઓ જૈન શાસ્ત્રની આવી શૈલીમાં શંકા કરે છે તેવા સંશયાત્માઓ નષ્ટ થઈ જાય છે.

★

કેશરીયાજી:
અજીતનાથ
અને
ગુરુ ભોંયરું

# મહુડીના ત્રણ તીર્થધામો

મહુડી એટલે શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીરનું ચમત્કારી તીર્થ. અહીં અનેક યાત્રાળુઓ રોજ આવે છે. અને આ દેવના ચરણે ભાવભીનો અર્ઘ્ય ધરે છે.

આ વીરની દેરીની બાજુમાં શ્રી પદ્મપ્રભુસ્વામિનું જિનાલય છે. પોતાના ગામ કે શહેરમાં જિનેશ્વરના દર્શન નહિ કરનાર ઘણા યાત્રિકો અહીં આવી જિનેશ્વર દર્શન અને પૂજા કરે છે.

આ સાથે જ વીરની દેરીની બાજુમાં સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી મહારાજનું ગુરુમંદિર છે. આ મંદિરમાં ચૌમુખજી બેસાડેલા છે.

સંસારની ભૌત્તિક ભાવનાથી આવેલો યાત્રાળુ આટલું જોઇને, પોતાની જાતને કૃતકૃત્ય થયેલો માનીને ચાલ્યો જાય છે.

પરંતુ બીજા ત્રણ સ્થાન મહુડીમાં જોવા જેવા છે. આ ત્રણ સ્થાનની ઘણા ઓછાને ખબર હશે. આ ત્રણ સ્થાન તેઃ—

૧. કેસરિયાજીની પ્રાચીન પ્રતિમા.

૨. અજિતનાથની ખંડિત પ્રાચીન પ્રતિમા.

૩. ભોંયરું.

આ ત્રણેય સ્થાન પ્રાથમિક નજરે જોતાં કોઇને મહત્ત્વના ના લાગે તે સ્વાભાવિક છે. પરંતુ એ ત્રણેય સ્થાનમાં આપણો એક ભવ્ય ઇતિહાસ સંતાયેલો છે. ઈતિહાસના રસજ્ઞો માટે આ ત્રણેય સ્થાન ખાસ જોવા જેવા છે. તેમ જ પ્રકૃતિ સૌન્દર્યના જે

શોખીનો છે તેમને તો આ સ્થાન જ્યાં આવેલા છે એ સ્થાન અને એ રસ્તો જોઈને ખૂબ જ આનંદ થશે.

મહુડીથી થોડે દૂર સાબરમતી નદી વહે છે. આ નદીએ જવાનો રસ્તો સાંકડી કેડીઓમાંથી આગળ વધે છે. આ કેડી પણ મહુડીના ભવ્ય ઇતિહાસની ગૌરવ ગાથા ગાય છે. કેડી ક્યાંય ઊંચી છે તો ક્યાંક નીચી. ક્યાંક એની ધારની એક બાજુ ઊંચી ભેખડ છે તો ક્યાંક નાની અમથી ખીણ છે. અને કોક કોક ઠેકાણે તો બે ભેખડોની વચ્ચે કોતર પણ છે.

આ કેડી અને થોડા કોતર વટાવી તમે નદીએ પહોંચો પછી ઓઘા ઉપર ચઢાણ શરૂ થાય છે. આ ચઢાણ પણ કેડીવાળું જ છે. થોડે ઊંચે ચઢી તમે એક જગાએ ઊભા રહીને જોશો તો જણાશે કે સાબરમતી પોતાની લીલુડી સાડી કાઢીને જાણે બેફિકર થઈને મ્હાલી રહી છે. ત્યાંથી આગળ વધીને કોતરો જોતાં તમે ઉપર પહોંચશો ત્યાં તમને એક મંદિર દેખાશે.

આ મંદિર હિંદુઓનું છે. આ મંદિરમાં જ કેશરીયાજીની ઐતિહાસિક પ્રતિમા છે. આ પ્રતિમા વિષે **પંડિત શ્રી ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરીએ (પ્રાંતિજ) શ્રી જૈન સત્ય પ્રકાશના** વર્ષ ૧૬ના અંક છઠ્ઠામાં– **પ્રાચીન કોટારક ઉર્ફે મહુડી** એ લેખમાં સુંદર ખુલાસો કર્યો છે. જે અત્રે સાભાર રજૂ કરીએ છીએ.

પ્રવેશકની જમણી બાજુની ઓરડીમાં એક મૂર્તિ છે. મૂર્તિની નીચેનો પરિઘ આશરે ૩૪-૩૫ ઇંચ છે, તેને નીચે ૬ ટેકાઓ છે. પછી સહજ ખુલ્લી પટ્ટી, તે પછી ફરી ૬ ટેકાઓ ઉપર સમપટ્ટી છે. આ ઉપલી અને નીચેની ભૂમિકાઓ વચ્ચે બે છેડાઓ ઉપર સિંહાકૃતિઓ છે અને મધ્યમાં ધર્મચક્ર તથા તેની બે બાજુએ હરણો છે. આ બંને આકૃતિ ભાગો જોતાં સ્પષ્ટ થાય છે કે તે તીર્થંકરોના ઉપદેશ માટે બનાવેલા સમવસરણનું પ્રતીક અને પશુવર્ગ કયા વિભાગમાં રહેતો તે સૂચવ્યું છે. એ લાઈન મૂર્તિની બે બાજુએ ચાલુ છે. તેમાં હાથી બંને બાજુ દેખાય છે. તે બીજા વિભાગની વ્યવસ્થા છે. તે ઉપરની ભૂમિકા પરિષદ્ ઉપવિશન માટે છે તે સૂચવવા ખાલી પટ્ટી છે. તે ઉપર વેદિકાનો ભાગ સૂચવવા અલગ પટ્ટી છે, મૂર્તિનું આસન અલગ છે. તે લગભગ એક ફુટ લાંબુ હશે. તેમાં મૂર્તિ છૂટી જ છે. તેના આસન ઉપર વેલબુટ્ટાઓનો ઉઠાવ સુંદર રીતે કોતર્યો છે, મૂર્તિ પિત્તળમય છે પરંતુ નેત્રોના ભાગમાં ચાંદી પૂરેલી છે. મસ્તક ઉપર ઉષ્ણિષ દેખાડવામાં આવ્યું છે, મૂર્તિનો પાછલો ભાગ નીચલા ભાગથી છૂટો છે.

પરંતુ તે બરાબર સ્થિર ગોઠવાયેલો છે. તેમાં કિરણવ્યાપ્ત ભામંડળ દેખાડવામાં આવ્યું છે. તે ચળકાટ મારતું શ્વેત દેખાય છે તેથી જણાય છે કે તેના ઉપર ચાંદીનો લેપ કરેલો છે. ત્યારે મૂર્તિની બંને બાજુએ માંડવીનો દેખાવ આપતી સુંદર સ્તંભાકૃતિઓ બતાવી છે. બંને બાજુએ બારીકાઈથી જોનારને બે પુરુષો સ્પષ્ટ દેખાય છે. તે ચામરધરો છે અને છેક ઉપલી લાંછનની વાંકીચૂંકી આકૃતિઓ આસોપાલવના ઝાડની પત્રપંક્તિઓ સૂચવવા માટે છે. સિંહોની દેખાતી આકૃતિઓ વ્યાઘ્રાસન સૂચવવા નહિ પણ સમવસરણના વિભાગ સૂચવવા માટે છે.

આ મૂર્તિને બૌદ્ધ મૂર્તિ કહેવામાં મોટી ભૂલ થઇ છે, કારણ કે સમવસરણને સૂચવતી રચના અને બીજી મૂર્તિઓમાં છે, તે વિષે બુદ્ધ-તથાગતના સંબંધમાં કાંઇ ગોઠવણ નથી, એટલે આ બંનેની લાક્ષણિક જુદાઈ સમજવા માટે ખાસ ધ્યાન ખેંચે તેવી વસ્તુ છે. આ મૂર્તિના પીઠ ભાગની પાછળ લેખ છે, જેની અસલ કોપી મારી પાસે છે. જેવી રીતે આ મૂર્તિના મસ્તકના ઉષ્ણિષનો દેખાવ આપવાનો પ્રયત્ન થયો તેવો જ પ્રયત્ન પ્રાચીન મૂર્તિઓમાં દેખાય છે. તેનો જીવતો દાખલો સૌરાષ્ટ્રમાં ચમારડીમાં જાળના ઝાડ તળે પડેલી મૂર્તિ જેવો જ છે. આ આકૃતિ માટે તેને બૌદ્ધ ઠરાવવાનો પ્રયત્ન બિનઅનુભવનું પરિણામ છે. પાછલા કાળના શિલ્પમાં આ જાતની ખોડ જ માત્ર આવી છે, જેની તેના નિરીક્ષકોએ દરકાર નથી કરી."

## ભોંયરું

આ હિંદુ મંદિરની રખેવાળી જે મહંત કરે છે તે આ મંદિરની પાસે જ રહે છે. તેમના ઘરમાં એક ભોંયરૂં છે.

મહંતજીએ આ ભોંયરા વિષે અમને ખુલાસો કરતા જણાવ્યું હતું કે—જ્યારે જ્યારે મહુડી આવતાં ને થોડો સમય રહેતાં ત્યારે ત્યારે તેઓશ્રી અત્રે આવતાં. અને આ ભોંયરામાં બેસીને ધ્યાન ધરતાં. તેમ જ કયારેક કયારેક લખવાનું પણ કાર્ય કરતાં. ગુરૂદેવ મહુડી પધારે ત્યારે મને ખબર કરતાં અને હું આ ભોંયરામાં કલાકો સુધી સમાધિમાં બેસતાં. તેમજ કલાકો સુધી લખતાં હતાં. તેઓશ્રીને આ કોતરો વગેરે ખૂબ જ ગમતાં હતાં."

આ ભોંયરાનો પ્રવેશ એક કૂવા જેવો છે. તેમાં ઉતરવા માટે કૂવાની જેમ માત્ર ટેકા જ ગોઠવેલા છે. પગથીયા નથી. ઉપલક નજરે તો એ નાનો પાણી વગરનો કૂવો જ લાગે. પરંતુ એ સમચોરસ કૂવા જેવી જગા પૂરી થતાં જ બે પગથીયા આવે છે. અને પછી લગભગ બે એક ફુટનો વળાંક બાંધેલો છે. એ વળાંક પૂરો થતાં જ એક ખંડ દેખાય છે. આ

ખંડમાં માત્ર એક જ જાળીયું છે. આ જાળીયામાંથી સીધો પ્રકાશ ખંડની દિવાલ પર અથડાય છે અને પ્રકાશ પછી ચારે બાજુ વેરાઈ જાય છે.

વસ્તીથી દૂર, ઊંચી ટેકરી પર, તેમ જ ચારે બાજુ બંધ દીવાલોથી ઘેરાયેલી આ જગા હોવાથી આ ભોંયરામાં ખૂબ જ શાંતિ છે. તેમ જ ત્યાં સંસારની કોઇ જ પ્રવૃત્તિ થતી નહિ હોવાથી ખૂબ જ પવિત્ર લાગે છે. જો કે અમે આ ભોંયરું જોયું ત્યારે તો તે અવાવરું જ હતું. પરંતુ તેની રચના, તેનું વાતાવરણ તેમ જ તેનો ઇતિહાસ સાંભળતા અમને જાણે સાક્ષાત્ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ ત્યાં સમાધીમાં બેઠા હોય તેવો અનુભવ થયો હતો.

જેઓએ વિજાપુર જ્ઞાન મંદિરમાં ભોંયરા જોયા છે તેઓને આ ભોંયરું જોતાં ખ્યાલ આવશે કે આ ભોંયરું વિજાપુરના ભોંયરા કરતાં ઘણું મોટું ને તેનો પ્રવેશ અટપટો છે.

ઇતિહાસ આપણને કહે છે કે શ્રી આનંદઘનજી મહારાજ ગુફાઓમાં જ લગભગ રહેતા હતા ને ત્યાં ધ્યાન ધરતાં હતાં. પરંતુ એ કઇ ગુફાઓ તે આપણે બરાબર જાણતા નથી. ગુજરાતના મહાકવિ નાનાલાલે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી વિષે લખ્યું છે કેઃ—

"આનંદ ઘનજી પછી આવા અવધૂત જૈન સંઘમાં થોડા જ થયા હશે."

આવા અલખના અવધૂતે જ્યાં ધ્યાન ધર્યું હોય એ સ્થાન અતિ પવિત્ર જ ગણાય. અને તેને તીર્થધામ માનીએ તો કંઇ અતિશયોક્તિ કે ભાવાવેશ નહિજ ગણાય. આજે જ્યારે તેમના ધ્યાનથી પવિત્ર બનેલા ભોંયરા—(બે ભોંયરા વિજાપુર જૈન જ્ઞાન મંદિરમાં, ૧ ભોંયરું મહુડીના ઉપાશ્રયમાં તેમજ ૧ ભોંયરું આ વાઘાની ટેકરી ઉપર મહંતના ઘરમાં) હયાત છે ત્યારે તેને પુણ્યાત્માની પવિત્ર યાદ તરીકે સાચવવા ને દર્શનીય બનાવવા જરૂરી છે. શ્રીમદ્જીના ભકતો આ અંગે ઘટતું કરશે તો તે ગુરૂભકિત એળે નહિજ જાય.

*

## અજીતનાથ

આ પ્રતિમા હિંદુ મંદિરથી દૂર ત્રણ ચાર ટેકરાઓ અને કોતરોને ઓળંગીને જતા આવે છે. મહુડીથી ખડાયતા જવાના ખેતરોવાળા રસ્તેથી જતા આ પ્રતિમા નજદીક છે. પરંતુ કેશરીયાજીના દર્શન કરી ત્યાંથી જ સીધા ત્યાં જવા માટે ઘણું ચઢાણ ઉતરાણ કરવું પડે છે.

આ પ્રતિમા ખંડિત છે ને પરિકરવાળી છે. કાઉસ્સગ્ગ ધ્યાને આ પ્રતિમા છે. તે પ્રતિમાના પગ નીચે આ પ્રમાણે લેખ છે. લેખ સંસ્કૃતમાં છે.

વિ. સં. ૧૫૪૩ શ્રી મહિકાકે ? મહિકાવતી ? નગરે શ્રીમદ્ સિંહ-સૂરિણા ? ઉષડ ! અજિતબિંબં કારાપિતં મોક્ષ હેતવે ॥

આ લેખમાં જે નગરનો ઉલ્લેખ કર્યો છે તે કયું નગર છે તે બરાબર વંચાતું નથી. પરંતુ તેની સંવત વાંચતાં લાગે છે કે આ પ્રતિમા લગભગ પાંચસો વરસ પુરાણી છે.

આ પ્રતિમા વિષે **શ્રી મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા** (મહુડી) એ અમને નીચે પ્રમાણે હકીકત આપી હતી.

"સાબરમતીમાં આશરે ૧૯૩૨ ની આસપાસમાં મોટી રેલ આવેલી ત્યારે આ અજીતનાથની પ્રતિમાને કેટલાક રાવળીયાઓએ રેલમાં પધરાવી દીધી. પરંતુ બીજે જ દિવસે સવારે જોયું તો આ પ્રતિમા તેના મૂળ સ્થાને જ બિરાજિત હતી. રાવળીયાઓને આથી વધુ ચીડ ચઢી. ફરી તેમણે તેને નદીમાં પધરાવી દીધી. તોયે બીજી સવારે તો મૂર્તિ અસલ સ્થાને જ આવીને ઊભી હતી. આવું તેમણે ત્રણ ત્રણ વાર કર્યું હતું.

પરીણામે આ પ્રતિમાના સત્વના લીધે આ રાવળીયાઓનો વંશ ધીમે ધીમે નિર્મૂળ થવા લાગ્યો. આજે તો એ વાસમાંથી તેઓનો વંશ નામશેષ થઇ ગયો છે.

આ પ્રતિમાના દર્શન માટે હું દર પૂનમે ત્યાં દર્શન કરવા જતો હતો ત્યારે એ દેરી આગળ મેં ઘણીવાર સફેદ સાપને ત્યાં આગળ ફરતો જોયો હતો. એકવાર કુતુહલથી મેં એનું દર શોધવા માટે પીછો કર્યો પરંતુ રસ્તામાં જ તે મારી આંખ આગળથી અલોપ થઇ ગયો.

એકવાર રાતે હું તેમજ મારા બીજા મિત્રો એ ટેકરીથી થોડે દૂર વાતોના ગપાટે ચડયા હતા. ત્યાં મારી નજર આ ટેકરી પર પડી તો ત્યાં અંધારી રાતે પણ પૂનમના ચાંદ જેવું અજવાળું હતું. અને આ અજવાળું માત્ર એ પ્રતિમાની ટેકરી ઉપર જ પથરાયેલું હતું.

અમે ત્યાં જઇ થોડે દૂરથી જોયું તો ત્યાં સફેદ નાગ મણીની આસપાસ ઘૂમતો હતો.

ત્યારબાદ કેટલાક વરસે સ્વ૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજને અમે બધાએ વિનંતી કરી કે આ પ્રતિમાને આપણે ગામમાં પધરાવીએ ને દેરાસરમાં બેસાડીએ.

ગુરુદેવે આ માટે ચીઠ્ઠીઓ ઉપડાવી. આ ચીઠ્ઠીઓમાં લખ્યું કે હા કે ના, જો હા વાળી ચીઠ્ઠી નીકળે તો સમજવાનું કે પ્રતિમા ગામમાં લવાશે..પરંતુ બધાયના આશ્ચર્ય વચ્ચે જોયું તો દરેકના હાથમાં 'ના' નીજ ચીઠ્ઠી નીકળી હતી. આમ આ પ્રતિમા ત્યાંથી ખસવાની સાફ ના પાડે છે."

★

વીર એક૦વંદન. ૯ જા ૨ ૯ જા ૨

સર્વશ્રી

મલયગિરિ

મુનિભદ્ર

રામભદ્ર

અભયસૂરિ

જિનભદ્રસૂરિ

હેમચંદ્રસૂરિ

દાણાણ સેટ્ઠં અભયપ્પયાણં
સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ ।
તવેસુ વા ઉત્તમ બંભચેરં
લોગુત્તમે સમણે નાયપુત્તે.

સર્વ દાનમાં જેમ અભયદાન શ્રેષ્ઠ છે, સત્ય વચનોમાં જેમ દોષ રહિત વચન શ્રેષ્ઠ છે, સર્વ તપોમાં જેમ બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે—

તેમ સર્વ લોકોમાં શ્રમણ જ્ઞાતાપુત્ર (મહાવીર) ઉત્તમ છે.

—સૂત્રકૃતાંગ

અશેષકર્માંશતમઃ સમૂહ-
ક્ષયાય ભાસ્વાનિવ દીપ્તતેજાઃ ।
પ્રકાશિતા શેષ જગત્ સ્વરૂપઃ
પ્રભુ સઃ જીયાજ્જિજન વર્ધમાનઃ ॥

સર્વ કર્મોના અંશરૂપી અંધકારના સમૂહના ક્ષય માટે જેનું ઝળહળતું તેજ છે એવા સૂર્ય જેવા જે છે–

તેમજ, જેણે સારાય સંસારનું સ્વરૂપ બતાવ્યું છે.

એવા વર્ધમાન જીવંત રહો !!

નિરૂપમ મનન્તમનઘં
શિવપદમધિરૂઢમપગતકલકં ।
દર્શિત શિવપુર માર્ગં,
વીરજિનં નમત પરમશિવં ॥

નિરૂપમ, અનંત; અનઘ (નિષ્પાપ), શિવપદ પર આરૂઢ થયેલા, નિષ્કલંક;

તેમજ જેમણે મુક્તિનો માર્ગ બતાવ્યો છે એવા પરમશિવ વીરજિનને નમસ્કાર કરો.

( મલયગિરિ સપ્તતિકા )

★

ન વેદ સિદ્ધાર્થ ભવોપિ યઃ સ્વયં,
ચકાર સિદ્ધાર્થ ભવત્વમાત્મનઃ ।
સુસંવરઃ સંવર વૈર નિર્જયાત્,
સમંસદં વીર જિનસ્તનોતુ વઃ ॥

પોતે સિદ્ધાર્થ રાજાના પુત્ર હોવા છતાં પણ તે ન ગણકારતાં, પોતાની જાતે જ જેમણે સિદ્ધાર્થ ભવત્વ પ્રાપ્ત કર્યું,

સંવરના દુશ્મન એવા આશ્રવ પર વિજય મેળવી જેઓ સુસંવર થયા,

તે વીર જિનેશ્વર આપણું કલ્યાણ કરો !!

(મુનિભદ્ર કૃત શાંતિ ચરિત્ર)

★

યસ્યોપદેશપદમ વગત્ય નિત્યં
મુક્તિશ્રિયં તનુભૃતઃ સપદિ શ્રયન્તે ।
સ્વર્ભૂર્ભુવઃ કમલકોશ વિકાસનૈક-
પ્રદ્યોતનઃ સજયતાજ્જિન વર્ધમાનઃ ॥

જેના ઉપદેશ પદને જાણીને શરીરધારી જીવો મુકિત રૂપી લક્ષ્મીને એકદમ નિત્ય મેળવે છે તે સ્વર્ગલોક, ભૂર્લોક, ભૂલોકના કમલકોશને વિકસાવનાર સૂર્યરૂપ-

જિન વર્ધમાન જય પામો !!

(રામભદ્ર કૃત પ્રબુદ્ધ રોહણિય નાટક)

★

જયતિ વિનિર્જિત રાગઃ
સર્વજ્ઞસ્ત્રિ દશકૃત પૂજઃ ॥
સદ્‌ભૂત વસ્તુવાદિ,
શિવગતિ નાથો મહાવીરઃ ॥

જેણે રાગ જીત્યા છે, જે સર્વજ્ઞ છે, જેની દેવતાઓએ પૂજા કરી છે, જે સદ્‌ભૂત વસ્તુવાદી અને શિવગતિના સ્વામી છે તે—

મહાવીર જય પામો !!

★

સદૃષ્ટીનાં સમસ્તાર્થા,
ગોભિર્યસ્ય પ્રકાશિતાઃ ।
તં નત્વા શ્રી મહાવીર—
તિગ્મ રશ્મિં તમોઽપહં ॥

જેણે સમ્યગ્‌દૃષ્ટિના સમસ્ત અર્થોને વાણીથી પ્રકાશેલ છે એવા—

તમોપહારી પ્રખર તેજવાન-

શ્રી મહાવીરને નમન કરીએ.

( અભયદેવસૂરિ પંચાશકવૃત્તિ )

★

ચલન કોટી વિઘટ્ટન ચંચલી—
કૃત સુરાચલ વીર જગદ્ગુરો ।
ત્રિભુવના શિવનાશ વિધૌ જિન,
પ્રભવતે ભવતે ભવન્નમઃ ।।

ચરણની અણીઓના ઘસવાથી મેરૂપર્વત જેણે ચંચળ કર્યો એવા—

શ્રી વીર ! જગગુરુ !! ત્રણ ભુવનના અકલ્યાણને નાશ કરવાની વિધિમાં સમર્થ એવા—

હે જિન ! હે ભગવન્! આપને નમસ્કાર હો !!!

—જિનપ્રભસૂરિ

★

નમોદુર્વારરાગાદિ,
વૈરિવાર નિવારણે ।
અર્હતે યોગિનાથાય
મહાવીરાય તાયિને ।।

દુ:ખે કરી નિવારાય એવા રાગાદિ શત્રુઓના સમુહને નિવારનાર,

અર્હત્ યોગિનાથ

તારક મહાવીરને નમસ્કાર હો !

—શ્રી હેમચંદ્રસૂરિજી.

★

સુકુમાલ–ધીર–સોમા—
રત્ત કસિણ પંડુરા સિરિનિકેયા ।
સીયં કુસ–ગહ–ભીરૂ—
જલ–થલ–નહ–મંડણા તિન્નિ ॥
ન ચયંતિ વીર લીલં—
હાઉં જે સુરહિ–મત્ત–પડિપુન્ના ।
પંકય–ગયંદ–ચંદા—
લોઅણ–ચક્કમ્મિય–સુહાણં ॥
એવં વીરજિણિંદો—
અચ્છર–ગણ–સંઘ–સંથુઓ ભયવં
પાલિત્તયમય મહિંઓ—
દિસઉ ખયં સવ્વ દુરિયાણં ॥

જે સુકુમાલ, ધીર તથા સૌમ્ય છે, જે રકત કૃષ્ણ તથા શ્વેત છે, જે શીત અંકુશ તથા ગ્રહથી ભય પામે છે—

તથા જે ત્રણે જળ, સ્થળ તથા આકાશના આભૂષણ રૂપ છેઃ—

તથા જે શ્રી નિવાસરૂપ છે એવાં સુગંધી, મત્ત તથા પરિપૂર્ણ પદ્મ, ગજેન્દ્ર તથા ચંદ્ર—

વીર ભગવાનના ચક્ષુ, ગતિ તથા મુખની શોભાને ત્યજી શકતા નથી.

આમ અપ્સરાઓના વૃંદથી તથા શ્રી સંઘવડે સ્તુતિ કરાયેલા તેમજ શ્રી પાદલિપ્તના ચમકથી પૂજાયેલા–

ભગવાન શ્રી વીર જિનેશ્વર સર્વ દુઃખોનો નાશ કરો.

—શ્રી પાદલિપ્તાચાર્ય

એક કવિએ કહ્યું છેઃ—
જનની જોડ સખિ
નહિ જડે રે લોલ...

હું કહીશઃ—
ત્રિશલાની જોડ સખી
નહિ જડે રે લોલ.

# મા ત્રિશલા

લેઃ—સ્વ. શ્રી સુસિલ

ભ. મહાવીરના નામસ્મરણની સાથે જ પ્રતાપી છતાં નમ્ર, ક્ષાત્રતેજની દીપ્તિ સમાન છતાં સરળતા અને સાદાઇની મૂર્તિ જેવી માતા ત્રિશલાનું ભવ્ય ચિત્ર આંખ આગળ ખડું થાય છે. વર્ધમાન કુંવરને વિવિધ પ્રકારના લાડ લડાવનાર, બાળક વર્ધમાનનાં સુખ તથા આરોગ્યની સતત ચિંતા રાખનાર ત્રિશલા માતા ક્ષત્રિયાણીમાં જેમ સર્વ શ્રેષ્ઠ નારી હતાં તેમ જનની તરીકે આદર્શ ગૃહિણી હતાં. ભ. મહાવીરના જન્મ પહેલાં ત્રિશલા માતા એક પુત્ર અને એક પુત્રીની માતા બનવાનું સૌભાગ્ય મેળવી ચૂકયાં હતાં, પરંતુ મહાવીરના આગમને માતા ત્રિશલા સુખ–સૌભાગ્યના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા હોય એમ લાગે છે. જગતપૂજ્ય અને દેવતાઓ પણ જેના બળ–પરાક્રમની સ્તુતિ કરે એવો પુરુષ જેની પાસે બે અંજલિ જોડીને ઊભો રહે. સ્વાગત કરવા બે–ચાર ડગલા આગળ આવે તે માતા વિશ્વમાં પૂજ્ય અને આરાધ્ય મનાય એમાં શું આશ્ચર્ય છે?

મહાપુરુષની માતા બનવાનું સદ્‌ભાગ્ય કદાચ હજાર કે દસ હજારે એકાદ નારીને સાંપડતું હશે, પણ એવો એક જ સંત સંતાન સમસ્ત સ્ત્રીજાતિને ધન્ય તેમજ સન્માન્ય બનાવી દે છે. મહાપુરુષોમાં પણ જે મહારથી સમાન લેખાય અને તારણહારોમાં જેનું નામ પ્રથમ ઉચ્ચારાય એવા શ્રી મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવી, સમસ્ત માનવ જાતિના વંદનને યોગ્ય બની રહે છે.

એવી માતાઓ એક બે સંતાનની જનની હોવા છતાં ખરી રીતે તો વિશ્વની માતા ગણાય છે. ગંગાનો પ્રવાહ જન્મે છે તો હિમગિરિની ગોદમાંથી, પણ એ ત્યાં જ બંધાઇ નથી રહેતો. પ્રાણીમાત્રને એ પ્રવાહ

પોષે છે, કિનારાની ધરતીને રસતરબોળ બનાવે છે અને આખા રાષ્ટ્રની મહામૂલી સમૃદ્ધિ સ્વરૂપ બને છે. મહાપુરુષોની માતાઓના સંબંધમાં પણ એવું જ ઘટે. જગતના વિવિધ સંતાપ શમાવવા સારુ ત્રિશલા માતા જેવી નારી ભ. મહાવીર જેવા પુરુષને જન્મ આપે છે. મહાવીરે જેમ મગધની ભૂમિને પુણ્યમયી ધારાથી રસભરતિ બનાવી હતી તેમ સમસ્ત દેશવાસીઓમાં નવા પ્રાણ પૂર્યા હતા. અહિંસા, સંયમ, તપ ને વિશ્વમૈત્રીની એ ભાગીરથી પ્રથમ તો માતા ત્રિશલાની ગોદમાંથી જ જન્મી હતી.

ત્રિશલામાતાનો જ્યાં જ્યાં નામોલ્લેખ થયો છે ત્યાં ત્યાં એમની ક્ષત્રિયાણી તરીકે બીરદાવવામાં આવ્યાં છે. ત્રિશલા વશિષ્ઠ ગોત્રના હતાં, રામાયણ યુગમાં જે ઇક્ષ્વાકુઓનો રાજવંશ સર્વશ્રેષ્ઠ ગણાતો તે જ વંશમાં ત્રિશલાદેવી જન્મ્યાં હતાં. એક વાર લિચ્છવીઓને અજાતશત્રુ સાથે લડવું પડયું હતું ત્યારે લિચ્છવીઓએ બૌદ્ધ ભિક્ષુ મૌદ્‌ગલાયન પાસે જઈને પૂછ્યું હતું: "આ યુદ્ધમાં અમે જીતીશું કે નહિ?" મૌદ્‌ગલાયને કહેલું કે "તમારો જય નિશ્ચિત છે, કારણ કે તમે વશિષ્ઠના વારસદાર છો." એટલે કે તમે શુદ્ધ ક્ષત્રિય છો. ત્રિશલા દેવી શુદ્ધ ક્ષત્રિયાણી હતા. ક્ષાત્રતેજ, ક્ષાત્રબળનો વારસો ભ૦ મહાવીરને મોટે ભાગે માતા ત્રિશલા તરફથી જ મળ્યો હશે.

ત્રિશલાદેવીના સગા ભાઈ ચેટક રાજાની વાત પણ શાસ્ત્રોમાં આવે છે. વૈશાલીમાં વજ્જી તેમજ લિચ્છવીઓનું ઘણુંજ બલાઢ્ય મહાજનસત્તાક રાજ્ય હતું. શૌર્ય અને સાહસમાં વૈશાલીના ક્ષત્રિયકુમારની હરિફાઈ કરવાની કોઇનામાં તાકાત નહોતી. એ ક્ષાત્રકુમારો જાણે કે દેવસ્વરૂપ લાગતા. તેઓ વિનયી અને કસરતી હતા. વૃદ્ધોનું તેમજ ધર્માચાર્યોનું બહુમાન કરતા. ચેટક રાજા આ મહાજનસત્તાક રાજ્યનો રાજા એટલે કે અગ્રણી હોય એમ લાગે છે. ત્રિશલાદેવીએ પણ બાલ્યાવસ્થામાંથી જ પોતાના સહોદરની સાથે રહીને ક્ષાત્રતેજના સંસ્કાર ઝીલ્યા અને સંઘર્યા હશે. ભ૦ મહાવીરના પિતા સિદ્ધાર્થ ક્ષત્રીયકુંડના રાજા હતા. આ ક્ષત્રીયકુંડ, વૈશાલીનું જ એક પરું હોવું જોઈએ.

દેવાનંદાનો ગર્ભ કોઈ પણ ક્ષત્રિયાણીની કૂખમાં લઈ જવો જોઇએ એમ જ્યારે ઇન્દ્રને લાગ્યું ત્યારે તેની પસંદગી બીજી કોઇ સ્ત્રી ઉપર નહિ ઉતરતાં, ત્રિશલાદેવી ઉપર જ ઉતરી? ઇન્દ્રે જોઇ લીધું કે ક્ષત્રિયકુંડ જેમ સુંદર શહેર છે, ચૈત્યોથી રળિયામણું છે અને પ્રજા પણ સદાચાર પરાયણ છે તેમ ત્રિશલાદેવી ગુણ અને આકૃતિમાં પણ સ્તુતિ કરવા યોગ્ય છે.

ગંગા નદીના નિર્મલ પ્રવાહરૂપ છે. માયા કે કપટથી તે સાવ નિર્મુક્ત છે. મહાવીર જેવા તારકની માતા થવાને એ જ યોગ્ય છે.

મહાપુરુષો સ્વભાવે જ શક્તિશાળી હોય છે. એમની બાલ્યાવસ્થાની ક્રીડાઓમાં એ શક્તિના અંકુરો દેખાય છે. ભક્તો અને ચરિત્ર લેખકો એને કાવ્યરસમાં ઘુંટી, જુદા જુદા રૂપકો અને અલંકારોના પટ આપી સમુદાય આગળ રજૂ કરે છે. શક્તિની પ્રતીક રૂપ ઘટનાઓ બાળલીલા નામે ઓળખાય છે.

ભ૦ મહાવીરે ત્રિશલામાતાના ગર્ભમાં આવ્યા પછી માતાને રખેને વેદના થાય એમ ધારી પોતાનું હલનચલન પણ બંધ કરેલું ત્રિશલા માતાના હોશકોશ જાણે કે ઊડી ગયા હોય એટલું દુઃખ એમને એ વખતે થએલું.

"મારા ગર્ભને શું થયું ? કોઇએ હરી લીધો હશે કે ગળી ગયો હશે ? જો એવું જ કંઈ થયું હોય તો મારું જીવતર વૃથા છે. મૃત્યુનું દુઃખ સહન થઈ શકે, પણ આવા ગર્ભના વિરહનું દુઃખ તો અસહ્ય જ છે." ત્રિશલાદેવીએ, માથાના વાળ છૂટા મૂકી, અંગવિલેપન ભૂંસી નાખી આક્રંદ કરવા માંડયું. આખા મહેલમાં શોકની ઘેરી છાયા ફરી વળી.

ભ. મહાવીરે એ સ્થિતિ પોતાના જ્ઞાનબળથી જાણી અને તેમણે પોતે પોતાનું અસ્તિત્વ બતાવવા પગની એક આંગળી હલાવી. અસહ્ય દુઃખ અને ઉછળતા આનંદ વચ્ચે કેટલી નાની સીમારેખા હોય છે તે અહીં જણાય છે. જ્યાં સંતાપની ભઠ્ઠી સળગી સળગી ઉઠી હતી ત્યાં આનંદના કલ્લોલ ઉછળી રહ્યા.

માતા માત્ર પુત્ર જ નથી વાંછતી—શક્તિશાલી પુત્રને ઝંખતી હોય છે. હાથ-પગ પણ ન હલાવી શકે—પોતાની હૈયાતીનો નિર્દેશ સરખો પણ ન કરી શકે એ પુત્ર ગમે તેવો ડાહ્યો ડમરો હોય તોપણ શું કામનો? ત્રિશલામાતાને ગર્ભધારણની વેદના જોઇતી હતી—મૃતવત્ અથવા નિશ્ચલ ગર્ભ વિકાસ પામે એ એમને ઇષ્ટ નહોતું. ત્રિશલામાતા દુઃખ કે વેદનાથી કાયર નહોતાં. માત્ર પોતાનું સંતાન સહીસલામત રહેવું જોઇએ એ જ એમની મુખ્ય ભાવના હતી.

મહાવીર પણ આટલી નાની ઘટના ઉપરથી માતાનો અદ્દભૂત સ્નેહ-વાત્સલ્ય જોઈ શક્યા અને એમણે નિર્ણય કર્યો કે માતાપિતાના સ્નેહનો અનાદર કરવા જતાં તેઓ ભારે આર્ત્તધ્યાન કર્યા વિના નહિ રહે—ઘણું અશુભ કર્મ ઉપાર્જન કરશે. એટલે એમની હૈયાતી દરમિયાન દીક્ષા નહિ લઈ શકાય.

દરેક દેશ અને દરેક કાળમાં માતાનો સ્નેહ, માતાની મમતા અપૂર્વ

અને અનન્ય ગણાઈ છે. એની તુલના થઈ શકે જ નહિ. ત્રિશલામાતાના રક્તમાં ક્ષાત્ર સંસ્કારની ઊણપ નહોતી—બહારનું ગમે તેવું દુઃખ સહન કરવાની એમની તૈયારી હતી. માત્ર પોતાના સંતાનને ઉની લૂનો સ્પર્શ સરખો પણ ન થવો જોઈએ. એક રીતે એમનું હૈયું વજ્રનું હતું તો બીજી રીતે પુષ્પની પાંખડી કરતાં પણ વધુ સુકોમળ હતું. ગમે તે સંયોગોમાં પણ પુત્ર પોતાની નજર સામે જ રહેવો જોઈએ એ એમની મુખ્ય મમતા હતી.

એટલે જ જ્યારે મહાવીર પ્રભુનો જન્મ થયો અને સૌધર્મ ઇંદ્ર તથા દિક્કુમારીઓએ પ્રભુનો જન્મોત્સવ મેરુપર્વત ઉપર ઉજવવાની યોજના કરી ત્યારે સૌ પહેલું કામ ઇંદ્રે ત્રિસલાદેવીના અંતરને અસ્વાપનિકા નામની નિદ્રાના ગાઢ પડદા નીચે ઢાંકી દેવાનું કર્યું. પુત્રના જન્મ પછી, ત્રિશલા માતાનો સ્નેહસુકુમાર હાથ પહેલવહેલો મહાવીરના બાળદેહ ઉપર જ ફરવો જોઈએ. માતા પુત્રના દેહ ઉપર હાથ મૂકવા જાય અને ત્યાં પુત્ર જ ન હોય તો ત્રિશલા માતાનું ધડકતું હૈયું બીજી પળે જ ન થીજી જાય? માતાની અપાર મમતાની કલ્પના કરીને જ ત્રિશલાદેવીની આંખમાં નિદ્રાનું ગાઢ આંજણ આંજ્યું એટલું જ નહિ પણ ભગવંતનું પ્રતિબિંબ પણ માતાના સંતોષની ખાતર મૂક્યું. તે પછી ભ. મહાવીરને મેરુપર્વતે લઈ ગયા.

વૈશાલીના યુવાનો, એ જમાનામાં, ઘણી ઘણી મરદાનગીની રમતો ખેલતા. વૈશાલીનો ક્ષત્રિયકુમાર દુર્બળ કે માયકાંગલો ન હોય. વૈશાલીમાં સમૃદ્ધિ અને ઐશ્વર્યનો પાર નહોતો. પણ એ ઐશ્વર્યને અંગે આળસુ, એદી કે પરાવલંબી ન બની જવાય તેની તેઓ સતત ચિંતા રાખતા. પાડોશના રાજાઓનો પ્રબળ પ્રતાપ વધતો જતો હતો. તેઓ પોતાના ગણતંત્રને રખેને ભરખી જાય તેવો ભય આ વૈશાલીના ક્ષત્રિયોને રહ્યા કરતો એટલે પણ જેની અંદર ભારે જોખમ સમાયેલા હોય એવી તાલીમ લઈને વૈશાલીના યુવાનો યુદ્ધને માટે હંમેશા તૈયાર રહેતા. માતા ત્રિશલાદેવીએ અને પિતા સિદ્ધાર્થ રાજાએ વર્ધમાન કુંવરને કેવળ લાડ જ નહોતા લડાવ્યા. બીજા ક્ષત્રિયકુમારો સાથે, મંત્રી સામંત, સરદારના કુમારો સાથે વર્ધમાન વિવિધ ક્રીડાઓ કરતા.

એવી રમતનો એક પ્રકાર ભ૦ મહાવીરના જીવનચરિત્રમાં મળી આવે છે. એ વખતે ભ. મહાવીરની ઉમ્મર આઠ વર્ષથી પણ થોડી ઓછી હતી.

મહાવીર અને એમના સોબતીઓ એક ઊંચા ઘટાદાર વૃક્ષની ડાળીઓ ઉપર રમતા હતા ત્યાં અચાનક એક ફણીધર નાગ દેખાયો. સર્પ કાળનું જ

સ્વરૂપ ગણાય છે. એના એક ડંખમાં ગમે તેવા બળવાનના પ્રાણ હરવાનું ઝેર રહેલું હોય છે. નાગના ભયથી બીધેલા બીજા ક્ષત્રિયકુમારો ચારે કોર નાસી જવા લાગ્યા. પણ મહાવીર તો નિર્ભય હતા. એમણે ડાબા હાથે, દોરડીની માફક પકડીને સાપને દૂર ફગાવી દીધો. એમ કહેવાય છે કે એ નાગ વસ્તુતઃ દેવકુમાર હતો. પ્રભુને બાળક સમજી ડરાવવા આવ્યો હતો. એક દાવમાં એ નિષ્ફળ ગયો એટલે એણે વિકરાળ પિશાચનું રૂપ ધર્યું અને બીજા કુંવર સાથે પોતે પણ રમવા મંડી ગયો. વર્ધમાનકુંવરે એની પીઠ ઉપર સ્વાર થઈ એક એવો મુક્કો લગાવ્યો કે પિશાચ પણ કુટીલતા તજી સીધો દોર થઈ ગયો. વહેલી–મોડી આ હકીકત માતા ત્રિશલાના કાને જરૂર આવી હશે. પુત્રને પજવનાર પિશાચ પ્રત્યે એમને રોષ પણ થયો હશે. પરંતુ બાળકો અને યુવાનોને સાહસ અને નિર્ભયતાની તાલીમ મળવી જ જોઈએ એમ માની એમણે વર્ધમાન કુંવરના શક્તિ વિકાસ આડે કોઈ દિવસ અંતરાય ઊભો કર્યો હોય એવી હકીકત નથી મળતી.

ક્રમે ક્રમે કુમાર તરુણાવસ્થામાં પ્રવેશ કરે છે. એમના રૂપગુણની


આકર્ષક અને લોકપ્રિય..............

ક્રાઉન PURE ALUMINIUM THE CROWN બ્રાન્ડ

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવા હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

ખ્યાતિ સાંભળી રાજા-મહારાજાઓ પોતાની કન્યા માટે સિદ્ધાર્થ રાજાને કહેણ મોકલે છે. પરંતુ આ લગ્ન સંબંધી હકીકત કુમારના કાને કેમ નાખવી એ એક પ્રશ્ન બની રહે છે. સિદ્ધાર્થ રાજા, ત્રિશલા દેવીને કહે છે.

"તમે જ કુંવરને વિવાહ કરવા સમજાવો."

પણ ત્રિશલાદેવી એ પ્રસ્તાવને સમર્થન આપતાં સહેજ સંકોચાય છે. કુંવરનો લગ્નમહોત્સવ પોતાને જોવા મળે તો સંસારના સર્વ સુખની છેલ્લી સીમાએ પહોંચી ગયા જેટલો આનંદ થાય એમ કહે છે, પરંતુ લજ્જાળુ-વિનયી કુંવર પાસે એ વાત કેમ કાઢવી, કુંવરની સમ્મતિ કેમ મેળવવી એ મૂંઝવણ મટતી નથી.

આખરે ત્રિશલાદેવી તોડ કાઢે છે. "પહેલાં તો કુંવરના મિત્રો મારફતે જ એ વાત પહોંચાડીએ" અને એ નિર્ણય સિદ્ધાર્થ રાજા સ્વીકારી લે છે.

મિત્રોના આગ્રહને વર્ધમાનકુંવર દાદ નથી દેતા એમ જાણ્યા પછી લગ્ન માટે સમ્મતિ લેવાનું દુર્ઘટ કાર્ય ત્રિશલાદેવીના માથે આવે છે અને તેમાં તેઓ સફળ નીવડે છે માતાના વાત્સલ્યભાવ પાસે વર્ધમાનકુંવરનો નિશ્ચય પણ જાણે કે પીગળી જતો જણાય છે. મિત્રો પાસે અચલ અડગ રહેનાર વર્ધમાનકુંવર મમતાળુ માતાની સન્મુખ નછૂટકે નમતું મૂકતા હોય એમ લાગે છે.

ભગવાનને હજી ભોગાવળી કર્મ ભોગવવાના હતા એ વાત આપણે એક બાજુ રાખી મૂકીએ, ગર્ભાવસ્થામાં એમણે માતાને દુઃખ ન દેવાનો કરેલો નિશ્ચય ઘડીભર ભૂલી જઇએ. મેરુ-પર્વતને ડોલાવવાનું સામર્થ્ય ધરાવનાર, વ્રત અને નિયમમાં સિંહ સરખા શક્તિ દાખવનાર, સંસારના અને અંતરના સંખ્યાબંધ શત્રુસુભટો સાથે એકલે હાથે ઝઝૂમનાર પુરુષ, માતાના સ્નેહમાં રહેલી છૂપી શક્તિનું જાણે કે અહીં સન્માન કરે છે. આવી પવિત્ર શક્તિ જેમનામાં છલકાતી હોય તે માતાની જાતિને દીન-દુર્બળ કેમ કહી શકાય ?

ત્રિશલા માતાના આગ્રહને વશ થઇ વર્ધમાનકુંવર રાજા સમરવીરની પુત્રી યશોદાનું પાણિગ્રહણ કરે છે. એ લગ્નના પરિણામે એક પુત્રી પણ જન્મે છે. એનું નામ પ્રિયાદર્શના રાખવામાં આવે છે અને પાછળથી જમાલિ નામના યુવાન રાજકુંવર સાથે એનું લગ્ન થાય છે.

વર્ધમાનકુંવરની અઠ્ઠાવીશ વર્ષની ઉમ્મરે માતા-પિતા દેવલોક પામે છે. સિદ્ધાર્થ જેવા પિતા અને ત્રિશલા જેવી માતાના અવસાનથી, વર્ધમાન કુંવરના મોટાભાઇ-નંદિવર્ધન ભારે શોકમાં ડૂબી જતા જણાય છે. વર્ધ-માન તો પહેલેથી જ સંસારનું સ્વરૂપ સમજતા હોવાથી, ધૈર્ય રાખે છે અને મોટા ભાઇને સમજાવે છે.

પાપ અને જુલમનો ભાર જ્યારે વધી પડે છે, ત્રાસેલી દબાયેલી જનતા જ્યારે ઉદ્ધારકના અવતારને ઝંખતી હોય છે ત્યારે નવયુગ સર્જનાર, શાંતિ અને કલ્યાણના મંત્ર ગુંજનનાર મહા-પુરુષ પૃથ્વીના પટ ઉપર પાકે છે. એ જ વાત બીજી રીતે મૂકીએ તો જ્યારે જ્યારે પાપ, વહેમ અને અજ્ઞાનનું જોર જામે છે ત્યારે ત્યારે એકાદ ત્રિશલા કે એકાદ દેવાનંદા માતા પાકે છે અને એવી માતાઓ પોતાના પ્રાણનો રસ પાઈ મહાવીર જેવાં તીર્થંકરો ઉછેરે છે—એટલે કે ત્રિશલાઓ ને દેવાનંદાઓ છે એટલે જ તીર્થંકરો છે. જગતને પ્રકાશ આપનાર, સુખ અને કલ્યાણનો રાહ ચીંધનાર તીર્થંકરો તથા યુગાવતારી મહાપુરુષોની જનનીઓ પણ એમના સંતાનો જેટલી જ વંદનીય અને જ્યોતિર્મયી બની રહે છે.

ભ. મહાવીરના જીવનવણાટમાં દેવાનંદા માતાની શાંત છતાં દીપ્તિમંત તપસ્યા અને ત્રિશલા માતાની જાજરમાન છતાં સંયમિત વીરતાના તાણાવાણા વણાયેલા દેખાય છે. ભગવાન પોતે પરમ શક્તિશાળી હતા, સત્ત્વપુંજ હતા, છતાં માતાના સ્નેહ અને સંસ્કારે જે કંઈ ભાગ ભજવ્યો હોય તો આટલું ચોકખું દેખાય છે કે માતા દેવાનંદાએ બ્રાહ્મણના ત્યાગ, સંયમ અને જ્ઞાનભક્તિનાં સંસ્કાર ગર્ભમાં સીંચ્યા અને ત્રિશલા માતાએ ક્ષાત્રોચિત વીરતા, અડગતા ને નિર્ભયતાના તત્ત્વો વર્ધમાનકુમારના વિકસતા જીવનમાં ધરબ્યા. જાણે કે બ્રાહ્મણસંસ્કૃતિ અને ક્ષાત્રસંસ્કૃતિની બે ધારાઓ, ભ. મહાવીરના સાગરમાં જીવનમાં સમાઈ જાય છે. દેવાનંદા માતા બ્રાહ્મણ-સંસ્કૃતિની પ્રતિનિધિ રૂપ લાગે છે; ત્રિશલા માતા ક્ષાત્રસંસ્કૃતિની ધ્વજાધારિણી લાગે છે. તીર્થંકર ભગવાન મહાવીરના શાસનમાં એ રીતે તો, માતા ત્રિશલા અને માતા દેવાનંદા બંને પ્રેરણામૂર્તિ છે. દેવાનંદા માતાનો બ્રાહ્મણપુત્ર અને ત્રિશલા માતાનો ક્ષત્રિયપુત્ર બ્રાહ્મણત્વ અને ક્ષાત્રત્વની હોમાગ્નિ ચેતાવી શકત પણ યુગક્રાંતિના સુસવાટા વચ્ચે એ કદાચ ઓલવાઈ જાત. ભ. મહાવીરે બ્રાહ્મણત્વનું ક્ષાત્રતેજ વડે સંરક્ષણ કર્યું અને ક્ષાત્રતેજને બ્રાહ્મણત્વના પ્રકાશમાં વધુ પ્રતાપી બનાવ્યું. એ રીતે બંને માતાઓના સંસ્કારને મૂર્તિમંત કરી ભ. મહાવીર લોકાલોકના ચકખુદયાણં—મગ્ગદયાણં—ચક્ષુદાતા અને માર્ગદર્શક બન્યા.

**(ભગવાન મહાવીરના યુગની મહાદેવીઓમાંથી સાભાર)**

★

ભગવાન મહાવીરના ગુણગાન ગાતા તમે અનેક સ્તવન સાંભળ્યા હશે, મોઢે પણ હશે.

પરંતુ અહીં તો એક અનોખા પ્રકારનું સ્તવન છે,

તેમાં સ્તુતિ છે, પણ થોડી, પ્રાર્થનાય છે, પણ ઓછી

ત્યારે છે શું એમાં ?

———————————— છે

# મહાવીરના જન્મ ગ્રહો

—પૂ૦ શ્રી વીરવિજયજી

સેવધિસં ચઉ ઘરિયાં,

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ આત બેરિયાં.

દીએ બીના ન ચલે,
છોરુ ન પીછે વલે,
બાબત આપ ઉછેરિયાં,

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

ભાગ્ય અતુલબલી,
આગત અટકલી,
જન્મ બલીગ્રહ ચારિયાં.

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ આત બેરિયાં.

સંવત પાસથ્રશ
દો શત અડતાલીશ,
ઉજ્જવલ ચૈતર તેરસે

સાઠ ઘડી ન ઉસી,
ઉત્તરા ફાલ્ગુણી,
મંગળવાર નીશા વશે.

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

સિદ્ધિ યોગ બડી,
પન્નર ચારે ચરી,
વેલા મહૂરત ત્રેવીશમે,

લગ્ન મકર વહે,
સ્વામી જનમ ગ્રહે,
જીવ સુખી સહુ તે સમે,

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

ત્રિશલા રાણીએ જાયો,
દેવ દેવાંએ ગાયો,
સુત સિદ્ધારથ ભૂપકો,

મંગલ કેતુ લગને,
રવિ બુધ ચોથે ભવને,
દશમે શનિશ્ચર ઉંચકો.

અબબેલે સાંઇ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

પાંચમે જીવ રાહુ,
સાતમે વેદ સાહુ;
કેન્દ્ર ભુવન ગ્રહ મંડલી,

ભાગ્ય ભુવન શશી,
શુક્ર સંતાન વસી,
મેઘ ઘૂમ્યા એક વીજળી.

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

ચંદ્ર દશ વિપાકી,
બારા ભુવન બાકી,
જન્મ દિશા શની સંજમી,

ગુરુ મહા દશામેં,
કેવળજ્ઞાન પામે,
ના સુખ બાની મેરે દિલ રમી.

અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

થાવર વિગલમેં,
કાલ અનંત ભમે,
મેં બી નીકલિયા સાથમેં,

નારક તિરી ગતિ,
સુખ ન એક રતિ,
કાલ નિગમિયા અનાથમેં.
અબબેલે સાંઇ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

અહોત મેં નાચ નચે,
ચૌ ગતિ ચોક બીચે
નેકિ ન મિલિએ નાથજી,

પોત પ્રકાશ દીએ,
આશ નિરાશ કીએ,
અલગ કિયા મેં આજથી.
અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

માનવ ગણ લહી,
તમ સનમુખ રહી,
બેર બેર શિવ માગતે,

બાત ન ઔર કહું,
લીએ બીના ન રહું,
બાલ હલ્યો રસ લાગતે.
અબબેલે સાંઈ, કયૂં રે લગાઉ અતિ બેરિયાં.

નાથ નજર કરી,
બેર ન એક ઘડી
સદા મગન સુખ લેહરસે.

અંગલ તૂરવરા,
ગાવ અપચ્છરા,
શ્રી શુભવીર પ્રભુ મેહરસે.

સેવધિસ ચઉ ઘરિયાં
અબબેલે સાંઇ,
કયં રે લગાઉ અતિ બેરિયાં.

ભગવાન મહાવીરના જન્મદિને
આપણે છપ્પન દિક્કુમારીઓ
૬૪ ઇન્દ્રો, દેવ-દેવીઓ
અષ્ટમંગળ, મેરુપર્વતને
યાદ કરીએ છીએ
પરંતુ

આ શું દેવો તરફનો
આપણો સીધો જ પક્ષપાત નથી ?
ભગવાનના પિતા સિદ્ધાર્થ
રાજાએ તેમના નગરજનોએ
પણ આ જન્મોત્સવ
ઉજવ્યો છે.
એક પુત્રના જન્મથી
એક પિતા
કેવો ઉમંગઘેલો
બને છે, અને
તેમાંય રાજવંશી પિતા !
તે જોવા
વાંચો :—

# પુત્રઘેલો પિતા

લે : પૂ. વિજયેન્દ્રસૂરિજી મ.

સવારે પ્રિયવંદા દાસીએ, રાજા સિદ્ધાર્થ પાસે જઈ પુત્ર જન્મની વધામણી આપી. રાજાએ મુગટ સિવાયના પોતાના બધા જ અલંકારો ઉતારીને દાસીને દાનમાં આપી દીધાં અને તેને ગુલામીમાંથી આઝાદ કરી દીધી.

આ સમાચાર સાંભળીને તુરત જ સિદ્ધાર્થ રાજાએ નગરના રક્ષકોને બોલાવ્યા અને આજ્ઞા કરી—

હે દેવાનુપ્રિય ! તમે જલ્દીથી ક્ષત્રિયકુંડના કેદખાનામાંથી તમામ કેદીઓને આઝાદ કરી દો.

**બજારમાં ટહેલ** પડાવો કે જેને જે વસ્તુ **જોઈતી હોય અને** તે જે ખરીદી **ન શકતા હોય તેઓને** તે વસ્તુ **મફતમાં આપવામાં આવશે.** અને તેની કીંમત **રાજભંડાર ચૂકવી** આપશે.

**અને** માપથી મળતી વસ્તુઓના માપ વધારી દો.

ક્ષત્રિયકુંડ નગરને સાફ કરો. સુગંધી જળ છંટકાવ કરો. રાજમાર્ગો, દેવાલયો વગેરેને શણગારો. બજારો વગેરેમાં મંચ બંધાવો જેથી ત્યાં બેસીને લોકો મહોત્સવને જોઈ શકે. દીવાલો પર ચૂનો લગાડો અને તેના પર ચિત્રામણ કરાવો.

અને અભિનેતાઓ, નૃત્યકારો મદારીઓ, મલ્લો, મુષ્ટિ યુદ્ધકો, વિદૂષકો, કથાકારો, ચારણો, દાંડિયા રાસકો, વ્યાયામ વીરો, ચિત્રકારો, સંગીતકારો, ઢોલકો વગેરેથી ક્ષત્રિયકુંડ ગામની શોભા વધારો.

તેમ જ ગામના બધા જ યુવાન અને વૃદ્ધોને એક સ્થળે ભેગા કરો કે મહોત્સવની અંદર કોઈ હળ કે ગાડી ન ચાલી શકે.

રાજાની આજ્ઞા સાંભળીને રક્ષકો ચાલ્યા ગયા બાદ રાજા સિદ્ધાર્થ વ્યાયામશાળામાં ગયા. ત્યાં સ્નાન વગેરે પતાવીને તેમ જ કપડાં અને ઘરેણાં પહેરીને તે રાજસભામાં આવ્યા. અને વાજતે ગાજતે 'સ્થિતિપતિત' નામે દસ દિવસનો મહોત્સવ કર્યો.

આ ઉત્સવ વખતે ત્રીજે દિવસે સૂર્ય અને ચંદ્રના દર્શન કરાવ્યાં, છઠ્ઠીના દિવસે રાત્રિજગો કર્યો. બારમે દિવસે નામ સંસ્કાર કરાવ્યો. આ અવસરે રાજા સિદ્ધાર્થે પોતાના નોકર ચાકર, મિત્ર; સ્નેહી અને જ્ઞાતિજનોને આમંત્રણ આપ્યું અને ભોજન, પાન તેમ જ અલંકારો વગેરેથી સૌનું બહુમાન કર્યું.

રાજા સિદ્ધાર્થે કહ્યું:—

જ્યારથી આ બાળક અમારા કુળમાં અવતર્યો છે ત્યારથી અમારા કુળમાં ધન, ધાન્ય, ભંડાર, બળ, વગેરેની વૃદ્ધિ થઈ છે. આથી અમે આ બાળકનું નામ **વર્ધમાન** રાખીશું.

**—(તીર્થંકર મહાવીર (હિંદી) ભા. ૧ માંથી સાભાર)**



# તો મોતને ભેટો

બર્નાડ શૉ બીમાર હતા.

ડૉક્ટરોએ કડક સલાહ આપી.

" ગાયનું માંસ ખાવ, નહિ તો મોતને ભેટો."

પણ શૉ ચુસ્ત શાકાહારી હતા. તેમણે ડૉક્ટરોની સલાહ ધુત્કારી કાઢી અને મોતને ભેટવું પસંદ કર્યું.

આ માટે તેમણે લંડનના પ્રખ્યાત વર્તમાન પત્ર—ડેલી ક્રોનિકલમાં એક નિવેદન પ્રગટ કર્યું.

" મારી સ્થિતિ ઘણી ગંભીર છે. અને મને એક જ શરતે જીવનદાન મળે એમ છે કે હું ગાય અગર તો વાછરડાનું માંસ ખાઉં.

પરંતુ હું પ્રાણીનું માંસ ખાવા કરતાં મોતને હજાર દરજ્જે સારું સમજું છું.

મારા જીવનની અંતિમ ઈચ્છા એ છે કે જો હું આ સ્થિતિમાં મૃત્યુ જ પામું તો મારા મરણ બાદ બકરી, માછલી, ગાય એ સૌ મારા મરણનો શોક ન કરે.

પરંતુ તેઓ પોતાના ગળામાં સફેદ વસ્ત્ર બાંધીને એક એવા માનવીને નામે ઉત્સવ ઉજવે કે—

જેણે જાનવરોનું માંસ ખાવા કરતા મોતને ભેટવાનું વહાલું ગણ્યું હતું."

★

—શ્રી સત્યમ

# સાર્થવાહનો જ્યેષ્ઠ પુત્ર

એક નગર.

એમાં નાના પ્રકારની જાતિઓ વસે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર જાતિઓના વસવાટથી નગરમાં જાત જાતની કાર્યપ્રવૃત્તિઓ જોવા મળતી હતી.

નગરમાં વૈશ્યોની વસ્તી સારા પ્રમાણમાં હતી અને એથી નગરનો વેપાર ધમધોકાર ચાલતો હતો. પરિણામે નગરમાં લક્ષાધિપતિની સંખ્યા વિશેષ પ્રમાણમાં જોવા મળતી હતી.

આ નગરની અંદર ત્રણ સાર્થવાહો રહેતા હતા. આ ત્રણે સાર્થવાહો અવારનવાર માલનાં ગાડાં ભરી વેપાર કરવા દેશાવર નીકળી પડતા અને માલ વેચાઈ રહે એટલે તેઓ નગરમાં પાછા ફરતાં હતા.

એમનો ધંધો જ આમ દેશાવર જવાનો હતો.

આમાં એક સાર્થવાહને ત્રણ પુત્રો હતા.

પુત્રો ભારે દેખાવડા અને આશાંકિત હતા. પિતાને પણ મનમાં થતું કે મારા મૃત્યુ બાદ મારો ધંધો આ પુત્રો અવશ્ય ચલાવી શકશે.

પણ એક દિવસ આ સાર્થવાહે મનમાં વિચાર્યું કે બીજું બધું તો ઠીક, પણ મારા ત્રણે પુત્રોમાં એક સરખાં ગુણ છે નહિ. અને દરેક મનુષ્યમાં સમાનગુણ અને શકિત હોય એ પણ સંભવિત નથી. કોઇ મનુષ્યમાં વિશેષ ગુણ હોય છે તો કોઈ મનુષ્યમાં અલ્પગુણ હોય છે. કોઇમાં વિશેષ જ્ઞાન હોય છે તો કોઇમાં અતિ અલ્પ જ્ઞાન હોય છે. આમ દરેક વ્યકિત સરખા ગુણ ધરાવતી નથી. મારા પુત્રો વિષે પણ આવું જ છે. તો મારે કયા પુત્રના હાથમાં વેપારનો કારભાર સોંપવો એ નક્કી કરવા માટે મારે એ ત્રણે પુત્રોની કસોટી કરવાથી મને જરૂર ખબર પડશે કે કયા પુત્રમાં વિશેષ ગુણ અને જ્ઞાન છે અને કયા પુત્રમાં ગુણ અને જ્ઞાન ઓછા છે.

મનમાં આવો વિચાર કરીને બીજે દિવસે સવારે એ સાર્થવાહે પોતાના ત્રણે પુત્રોને પોતાની સમક્ષ બોલાવ્યા અને એમને કહ્યું: જુઓ, આવતી કાલે તમારે ત્રણે જણાને માલના ગાડાં ભરી દેશાવર વેપાર કરવા જવાનું છે. તમને બધાને હું સરખો માલ આપ-

ચાનો છું. મારે જોવું છે કે સૌથી સારો વેપાર કોણ કરી શકે છે.

ત્રણે પુત્રોએ પિતાને કહ્યું: 'આપની આજ્ઞાનુસાર અમે જરૂર દેશાવર કરવા જઈશું.'

બીજે દિવસે ત્રણે પુત્રો માલ લઈને દેશાવર જવા નીકળ્યા.

પિતાએ એમને દેશાવરમાં શી શી વસ્તુઓ ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ એ વિશે કહ્યું.

સૌથી મોટો પુત્ર હતો એણે પૂર્વ દિશા તરફ પોતાનો રસ્તો લીધો. વચલા પુત્રે ઉત્તર દિશા તરફ પોતાના માલનાં ગાડાં ચલાવ્યા અને સૌથી નાના પુત્રે દક્ષિણ દિશા તરફ ચાલવા માંડ્યું.

આમને આમ ચાર પાંચ માસ નીકળી ગયા.

પિતા રાહ જોવા લાગ્યા કે હવે પુત્રોને ઘેર પાછા ફરવાનો સમય થયો છે, આજકાલમાં તેઓ આવવા જોઈએ.

બીજે દિવસે જ સૌથી મોટો પુત્ર ઘેર આવ્યો.

પિતાએ પુત્રનો આદર કરી એને પૂછ્યું: 'બેટા, તું શું કમાઈને આવ્યો છે તે મને જણાવ!'

પુત્રે એના પિતાને જવાબ આપ્યો: 'પિતાજી, હું આપણી મૂડી અને એના ઉપરનો સારો એવો નફો લાવ્યો છું.'

પિતાએ આ વાત જાણીને એક હર્ષનો ઉદ્ગાર કર્યો.

બીજા દિવસે બીજો પુત્ર ઘેર પાછો આવ્યો.

પિતાએ એ પુત્રને પૂછ્યું: 'બેટા, દેશાવર જઈને તેં શું કર્યું?'

પુત્રે વિનય પૂર્વક જવાબ આપ્યો: 'પિતાજી, હું જે કંઈ મૂડી લઈ ગયો હતો તે પાછી લાવ્યો છું. વેપારમાં ન તો મને કશી ખોટ ગઈ છે કે ન તો મને કંઈ નફો થયો છે!

પિતાએ કહ્યું: 'ચાલો તેં ખોટ નથી કરી એ પણ એક સંતોષની વાત છે!

ત્રીજે દિવસે સૌથી નાનો પુત્ર ઘેર પાછો આવ્યો.

પિતાએ એના મસ્તક પર હાથ ફેરવીને પૂછ્યું: 'બેટા વેપાર કેવોક તેં કર્યો?'

પુત્રે જવાબ આપ્યો: 'પિતાજી, વેપારમાં મેં આખી મૂડી ગુમાવી દીધી. મેં કશોજ નફો તો ન કર્યો પણ મારી જે મુળ મૂડી હતી એ પણ ગુમાવી બેઠો.

પિતાએ જાણી લીધું કે સૌથી મોટો પુત્રજ વેપારને યોગ્ય છે. અને મિલ્કતમાંથી થોડો ભાગ વચેટ પુત્રને હું આપીશ—એ મિલ્કતમાં કશો વધારો તો નહિ કરી શકે પણ અવશ્ય સાચવી તો જાણશે. નાના પુત્રને કશુંજ સોંપાય એમ નથી. કારણકે એ મૂડીનો જ સમૂળો નાશ કરશે.

ભગવાન મહાવીરસ્વામીએ આ વાર્તા એક રૂપક રૂપેજ કહી છે.

ત્રણ પુત્રો એ ધર્મને પાળનારા ત્રણ પ્રકારના મનુષ્યો છે.

જે મનુષ્ય પોતાના માનવ અવતારને સંયમ, શીલ, સદાચાર, વ્રત નિયમો અને ધર્મના અન્ય આદેશો મન, વચન, કાયાથી પાળે છે એ મનુષ્યપણા ઉપરાંત દેવપણાને પણ પ્રાપ્ત કરી શકે છે. એટલે કે મૂળ મૂડી–મનુષ્યત્વમાં નફાનું દેવત્વનું ઉમેરણ કરે છે અને એ રીતે એના માનવ અવતારને સાર્થક બનાવે છે.

બીજો વર્ગ એવો છે કે જે પેલા બીજા પુત્રની માફક મનુષ્યત્વને સારી રીતે સાચવી શકે છે. નીચ યોનિમાં તેઓ જતા નથી. દેવત્વને પ્રાપ્ત કરી શકે એવાં આકરાં વ્રત તેઓ આચરી શકતાં નથી. એટલે તેઓ દેવત્વનો પ્રાપ્ત કરી શકતા નથી.

હવે ત્રીજો મનુષ્ય વર્ગ એવો છે કે જેઓ એમને મહાપરાણે મળેલા માનવ ભવને અનાચાર અને અનીતિ તથા અધર્મને માર્ગે પોતાના જીવનને નિમ્નયોનિમાં બીજે જન્મે અવતાર લે છે. આમ સાર્થવાહના ત્રીજા પુત્રે જેમ મૂળ મૂડીનો પણ નાશ કર્યો એ રીતે આ માનવ વર્ગ પણ મનુષ્યત્વનો નાશ કરે છે અને નિમ્ન કોટિમાં જન્મ લે છે.

આથી જ ભગવાન મહાવીર સ્વામીએ સૌને સાર્થવાહના જ્યેષ્ઠ પુત્ર થવાનો ઉપદેશ કર્યો છે.

("જૈન" માંથી સાભાર)

★

જેનીથ ફાયર સર્વીસ.

૧૨૭ / ૧૨૯, મોદી સ્ટ્રીટ, મુંબઈ ૧.

ટે. નં. ૨૬૫૪૧૬.

અગ્નિ તેમજ અકસ્માત સમયે અતિ ઉપયોગી

ધૂળીયા તેમજ લઘરવઘર કપડામાં ફરતો કે સફેદ દૂધ જેવા કપડામાં ફરતો માનવી એ જ કંઈ સાચો માનવી નથી. સાચો માનવી તો એ બધાં કપડાની અંદર છુપાઇને બેઠો હોય છે. એવા એક સાચા માનવીની શોધનો સવાલ—

# શ્રેષ્ઠ કોણ?

તે દિવસે શ્રીરંગમની બજારમાં દૂર દૂરનાં ગામ–નગરોની જનતા ભગવાન રંગનાથના ગરુડોત્સવના દર્શન માટે ઊમટી હતી. ભક્તજનોથી ઊભરાતી સડકો પર ભક્તશિરોમણી રામાનુજ, ભગવાન રંગનાથની શોભાયાત્રાનું નેતૃત્વ કરતા હતા. જ્યાં જ્યાં રથ પહોંચતો ત્યાં ત્યાં ભક્તિવિહ્વળ જનતા પ્રણામની મુદ્રામાં ઝૂકી જતી અને ભગવાનને નૈવેદ્ય ધરાવી આચાર્યની ચરણરજ લઇ ધન્ય થઇ જતી.

ચાલતાં ચાલતાં રથ એક ચોટામાં થોડી વાર માટે રોકાયો. ભગવાનની આરતી થતી હતી. શ્રદ્ધાળુઓમાં જાણે ભક્તિભાવના પ્રદર્શન માટે પ્રતિસ્પર્ધા ચાલતી હતી. એવામાં આચાર્યની દૃષ્ટિ એક યુવક પર પડી. તારુણ્યના ધામ જેવું આજાનુબાહુ શરીર વ્યાયામથી પરિપુષ્ટ માંસપેશી, શામળી પરંતુ આકર્ષક દેહકાંતિ! યુવકના હાથમાં એક વિશાળ શ્વેત છત્ર હતું. એને કોઇના માથા પર ધરીને એ એવા અનન્ય ભાવે ચાલતો હતો, જાણે કોઇ મહાનિધિને ચોરોની દૃષ્ટિથી બચાવવા માગતો હોય! છત્રથી ઢંકાયેલી વ્યક્તિના નુપૂરવાળા પગ પરથી ખ્યાલ આવી જતો હતો કે તે કોઇ સ્ત્રી છે. જનસમૂહને પસાર કરતો, જગતની મશ્કરીની ઉપેક્ષા કરતો એ યુવક એવી રીતે ચાલી રહ્યો હતો, જાણે એણે કોઇની 'હાજરીનું' ભાન ન હોય. પળવાર માટે પણ એની નજર એ નારીનાં ચરણો પરથી ખસી નહિ—ભગવાનના રથ તરફ પણ ન ગઇ.

યુવકની આ અનન્ય એકાગ્રતાએ આચાર્ય રામાનુજના કુતૂહલને જગાડ્યું. પાસે ઊભેલા શિષ્યને કહીને તેમણે પેલા યુવકને બોલાવ્યો. થોડી વાર પછી શિષ્ય એકલો જ પાછો આવ્યો. એણે કહ્યું 'પ્રભુ અત્યારે એ યુવક ખૂબ કામમાં છે; ક્ષમા માંગે છે. એ કહે છે કે આજ્ઞા હોય તો કાલે સવારે એ આપની સેવામાં હાજર થાય.' આચાર્ય બોલ્યા 'તથાસ્તુ'

બીજે દિવસે સવારે નિત્યકર્મથી પરવારી આચાર્ય રામાનુજ શિષ્યોને

પાપની ઓળખ એ મુક્તિની શરૂઆત છે.

—લ્યૂથર

'શ્રીભાષ્ય' શીખવતા હતા, ત્યાં પેલો યુવક આવ્યો. દૂરથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ઊભો રહ્યો. એની ભાવ-ભંગિમાંથી સુશીલતા અને સંસ્કારિતા પ્રગટ થતાં હતાં.

આચાર્યે જ વાત શરૂ કરી, 'શું નામ છે તારું, વત્સ?'

'મને લોકો ધનુર્દાસ કહે છે.'

'તું કોણ છે અને શું કરે છે?'

'એક શુદ્ર છું; ધંધો પહેલવાનનો છે.'

'કાલે ગરુડોત્સવ વખતે ક્યાં જતો હતો?'

'એમ? કાલે શું રથોત્સવ હતો? મને તો ખબર જ નહોતી!'

'કંઇ વાંધો નહિ, પણ એ કહે કે, કાલે સાંજે તું કોને માથે છત્ર ઓઢાડીને જતો હતો?'

યુવક શરમાઇ ગયો. ખૂબ પૂછપરછ કરતાં એણે કહ્યું કે તે એની પ્રેયસી અને નિચુલા નગરની સૌથી સુંદર વારવધૂ હેમામ્બા છે. એણે એ પણ કહ્યું કે, તે હેમામ્બા પર આસક્ત છે અને રાત દિવસ એનામાં જ ખોવાયેલો રહે છે.

'ઠીક વત્સ, એ કહે કે હેમામ્બાની કઇ વાત પર તું આટલો મુગ્ધ છે?' આચાર્યે પૂછ્યું. સંકોચથી દબાયેલા અવાજથી એણે કહ્યું, 'એની સુંદર આંખો પર.'

'હું તને એનાથી પણ સુંદર આંખો બતાવું તો?'

એનાથી સુંદર આંખો, આ જગતમાં સંભવ નથી.' ધનુર્દાસે દૃઢતાથી કહ્યું.

'તો આજે સાંજે આરતી વખતે મારી સાથે મંદિરમાં આવજે,' અને ધનુર્દાસ, 'જેવી આજ્ઞા' કહીને ચાલ્યો ગયો.

સાંજે પૂજા વખતે ભગવાન રંગનાથના મંદિરમાં ગર્ભગૃહની સમક્ષ ધનુર્દાસ આચાર્યની પાછળ હાથ જોડીને ઊભો હતો. પૂજા પછી આરતી શરૂ થઈ. પ્રજ્વલિત કપૂરની દેદીપ્યમાન શિખા ભગવાન રંગનાથના દિવ્ય દેહની આંખમાં પ્રતિબિંબિત થઇ, તો એ રત્નની જેમ ચમકી ઊઠી. ધનુર્દાસ અવાક્ થઈ ગયો. પછી તે આચાર્યનાં ચરણોમાં પડયો. 'પ્રભુ, તમે મારી આંખો ખોલી નાખી. હું તો અત્યાર સુધી એક આગિયા પર જ મુગ્ધ હતો; આજે તમે મને સૂર્યનાં દર્શન કરાવ્યાં.

ધનુર્દાસને જ્ઞાનોદય થયો. હેમામ્બાએ આ વાત સાંભળી તો એનો

સંસ્કારી આત્મા પ્રસન્ન થઈ ગયો. વેશ્યા હોવા છતાં તે ધનુર્દાસને પોતાનો પતિ માનતી હતી. એ પણ આચાર્યદેવની શિષ્યા બની ગઈ. બંને શ્રીરંગમમાં રહેવા લાગ્યાં, અને આચાર્યના આદેશ મુજબ લગ્ન કરીને સાત્ત્વિક જીવન વિતાવવા લાગ્યાં. એમનું આધ્યાત્મિક જીવન વધારે ને વધારે સમૃદ્ધ અને પવિત્ર બનતું ગયું. ધીમે ધીમે બંને આચાર્ય રામાનુજના ઊંડા સ્નેહનું પાત્ર બની ગયાં.

શ્રી. રામાનુજ દરરોજ શિષ્યોને ભણાવીને, મધ્યાહ્નના ભોજન પહેલાં, કાવેરીના પવિત્ર જળમાં સ્નાન કરતા અને પછી ત્યાંથી મંદિરમાં જઈને પોતાને હાથે રંગનાથની પૂજા કરતા. વૃદ્ધાવસ્થાને કારણે ચાલતી વખતે આચાર્યને કોઈના ટેકાની જરૂર રહેતી. મઠમાંથી નદી તરફ જતાં, તેઓ કોઈ પણ બ્રાહ્મણ શિષ્યનો હાથ પકડીને ચાલતા; પરંતુ સ્નાન કર્યા પછી કાવેરીના ઘાટથી મંદિર સુધી જતાં, તેઓ હીન કુલોત્પન્ન ધનુર્દાસ સિવાય કોઈનો હાથ પકડતા નહિ.

આખું શ્રીરંગમ નગર આચાર્યના આ વ્યવહારથી ચકિત થતું હતું. ધીરે ધીરે બ્રાહ્મણોમાં અને ઉચ્ચવર્ણના શિષ્યવર્ગમાં પણ આની ચર્ચા થવા લાગી. અંતે એક દિવસ કુલીનતાના અભિમાની અને અપરિપક્વ બુદ્ધિવાળા

> **પાપને તુચ્છ સમજવું એ ઈશ્વરને તુચ્છ સમજવા બરાબર છે.**
> —આવિસ

યુવા શિષ્યોએ આચાર્યને નિવેદન કર્યું, 'ભગવન્, તમે સ્નાન કર્યા બાદ શૂદ્રને સ્પર્શ કરીને મંદિરમાં જાઓ છો, એ બહુ યોગ્ય ન કહેવાય.'

આચાર્ય કંઈ બોલ્યા નહિ; ફક્ત હસ્યા. તે રાત્રે બધા સૂઈ ગયા ત્યારે રામાનુજ ધીરેથી ઊઠ્યા. એમણે મઠના દરેક રહેવાસીના ધોતિયામાંથી એક એક કૌપીન જેવડો ટુકડો ફાડી લીધો.

બીજે દિવસે સવારે મઠમાં ધમાલ મચી ગઈ. બધા શિષ્યો અંદરોઅંદર લડતા હતા કે, 'તેં ધોતિયું ફાડયું, તેં ફાડયું.' અંતે આ વિવાદ આચાર્ય સુધી પહોંચ્યો. તે વખતે પણ આચાર્ય કંઈ બોલ્યા નહિ; ફક્ત હસ્યા.

સાંજે એમણે બ્રાહ્મણત્વનું અભિમાન કરતા શિષ્યોમાંથી થોડાકને બોલાવ્યા અને કહ્યું, 'આજે રાત્રે હું ધનુર્દાસ સાથે વાત કરતો હોઉં ત્યારે હેમામ્બાનાં બધાં ઘરેણાં તમે ચોરી લાવજો.' શિષ્યોને નવાઈ લાગી; પરંતુ ગુરુની આજ્ઞાનું પાલન કર્યે જ છૂટકો!

રાત્રે ધનુર્દાસ આચાર્યના વચનામૃતનું રસપાન કરવામાં નિમગ્ન હતો, ત્યારે ત્રણ-ચાર શિષ્યો એને ઘેર

ચોરી કરવા પહોંચ્યા. એમણે જોયું કે હેમામ્બા સૂતી હતી. એમણે જલદી જલદી એના શરીર પરથી રત્નાભૂષણ ઉતારવા માંડયાં. એક બાજુનાં ઘરેણાં ઉતાર્યાં હતાં ત્યાં હેમામ્બા પડખું ફરી. ઊંઘ ખૂલી ગઇ હશે એમ માનીને શિષ્યો એટલાં જ ઘરેણાં લઇને પાછા ફર્યા.

તેઓ અંદર દાખલ થયા કે એમણે આચાર્યનો અવાજ સાંભળ્યો. 'ધનુર્દાસ, ઘણું મોડું થઇ ગયું, હવે ઘેર જાઓ' એ ગયો કે તરત શિષ્યોએ ઘરેણાં એમના પગ પાસે મૂકયાં. આચાર્યે કહ્યું, 'હવે જઇને જુઓ કે, ધનુર્દાસને ઘેર શું થાય છે!' શિષ્યો પાછા ધનુ-દાસની પાછળ એને ઘેર પહોંચ્યા.

ઘરમાં દીવો બળતો હતો. હેમામ્બા પથારીમાં બેઠી હતી. એને જોતાં જ ધનુર્દાસ બોલ્યો, 'આ શું વેષ? શરીરના એક ભાગમાં ઘરેણાં છે, બીજામાં નથી. આનો શું અર્થ?'

★


## શાહ શિવજીભાઇ દેવસિંહના લખેલા પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ કૃતઘ્ની કેશર ૩ જી આવૃત્તિ | ૩-૦-૦ | ૨ જીવન બાગ | ૨-૪-૦ |
| ૩ કલ્યાણની કુંચી | ૦-૮-૦ | ૪-૫-૬ સુબોધક સંવાદો ભાગ ૧ થી ૩ | ૦-૫-૦ |
| ૭ પોંડેચેરીની પરાગ | ૧-૮-૦ | ૮ આરાધના લે. સૌ. સરલા | ૩-૦-૦ |
| ૯ લેખ લહરી | ૦-૧૦-૦ | ૧૦ વિવેક વાટિકા | ૩-૦-૦ |
| ૧૧ શિવબોધ ભાગ ૪ | ૨-૦-૦ | ૧૨ શિવબોધ ભાગ ૫ | ૩-૦-૦ |
| ૧૩ નવનીન | ૧-૦-૦ | ૧૪ મારા જીવન પ્રસંગો ભા.૧ | ૩-૦-૦ |
| ૧૫ મારા જીવન પ્રસંગો ભા.૨ | ૪-૦-૦ | ૧૬ મારા જીવન પ્રસંગો ભા.૩ | ૩-૦-૦ |

૧૭ કાશ્મીર પર હુમલો ૩-૦-૦

### સૌ. સરલાબેન સુમતિ શાહનાં લખેલાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ કચડાતી કળીઓ | ૦—૫—૦ | સને ૧૯૩૦ |
| ૨ આરાધના (આ. બીજી) | ૩—૦—૦ | સને ૧૯૫૨ |
| ૩ લેખ લહરી | ૦—૧૦—૦ | સને ૧૯૫૧ |

—: ઉપરોક્ત પુસ્તકો મળવાનું ઠેકાણું :—

**શિવસદન ગ્રંથમાળા કાર્યાલય. મઢડા**

**(૨) કુંવરજી દેવશીની કું. લી૦**

લુહારચાલ, મુંબઇ નં. ૨

'એનો અર્થ મારું કમનસીબ.' હેમામ્બાએ ખિન્ન સ્વરે કહ્યું, 'તમે આચાર્ય પાસે બેઠા હતા ત્યારે હું સૂતી સૂતી કંઇક વિચારતી હતી. એટલામાં ઘરમાં ચોર ઘૂસી આવ્યા. મેં જોયું કે એ બધા બ્રાહ્મણ હતા. બહુ દુર્દશામાં હશે! તો જ બ્રાહ્મણ થઇને ચોરી કરે ને! એમને કાંઇક મદદ કરવી જોઇએ, એમ વિચારીને મેં ઊંઘવાનો અભિનય કર્યો. ચોરોએ એક બાજુનાં બધાં ઘરેણાં ઉતારી લીધાં. મને એમ થયું કે બીજી બાજુનાં પણ આપી દઉં. એટલે હું પડખું ફરી' પણ હું જાગી ગઇ છું, એમ સમજીને એ લોકો ચાલ્યા ગયા. મારું કમનસીબ કે હું એમને બાકીનાં ઘરેણાં ન આપી શકી.'

ધનુર્દાસે ધીરેથી કહ્યું, 'આ તારું કમનસીબ તો છે જ, સાથે-સાથે અજ્ઞાન પણ છે. આચાર્યનો ઉપદેશ સાંભળ્યા છતાં તું એમ માને છે કે, આ ઘરેણા તારાં છે; તું એમને બ્રાહ્મણને આપીશ, એમના પર ઉપકાર કરીશ. અરે, આ બધી સંપત્તિ તો ભગવાનની છે. તું કોણ, કે એ કોઇને આપીને કોઇના પર ઉપકાર કરે? આ નાની વાત તું સમજી શકી હોત તો તું ચુપચાપ એમને એમ પડી રહેત, ચોર એમને જે લઇ જવું હોત એ લઇ જાત. પરંતુ હવે શોક કરવાથી શું વળે? ધીરજ ધર. ભગવાનની ઇચ્છા હશે તો આ બાકીનાં ઘરેણાં બીજા કોઇને કામ લાગશે.'

શિષ્યો હવે વધારે વાર ત્યાં ઊભા રહી શકયા નહિ. મઠમાં આવીને એમણે આચાર્યને બધી વાત કરી.

આચાર્ય રામાનુજ અર્થભર્યું હસ્યા અને બોલ્યા, 'હવે તમે જ કહો, ભગવાનના મંદિરમાં જતાં હું કોનો હાથ પકડું-પોતાનું સર્વસ્વ ભગવાનને આપી દેનાર પરમ વૈષ્ણવ ધનુર્દાસનો કે એક ચાર આંગળ કપડાના ટુકડા માટે ઝઘડતા, તમારા જેવા કુલાભિમાની બ્રાહ્મણોનો? તમે જ કહો, સાચું બ્રાહ્મણત્વ તમારામાં છે કે ધનુર્દાસમાં?'

શરમથી શિષ્યો નીચું જોઇ ગયા. [ નવનીત ]

★

હું મહાવીર છું
તમે મહાવીર છો
અને તેઓ પણ
મહાવીર છે.

★

મહાવીર એક નહિ
પણ અનંતા મહાવીર છે.

⊙

મહાવીર નિર્વાણ નથી પામ્યા
આજે પણ તે જીવંત છે.

★

અરે ! ભ. મહાવીરનો પરિવાર
પણ આજે હયાત છે.

⊙

આ તેમજ
મહાવીર થવા માટેનો
મહામંત્ર જાણવા
વાંચો—
આ સાથેનો પત્ર

# અધ્યાત્મ મહાવીર

[ એક ગજબ કલ્પના ]

લે : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

વિજાપુર,
સંવત ૧૯૭૮ ફા. વ. ૧૦

**સુશ્રાવક શા. કેશવલાલ નાગજી,**

ધર્મલાભ.

ન્યાય દર્શક પ્રેસમાં પુસ્તક છપાય છે તે બાબતનો તમારો પત્ર મળ્યો. વકીલ શા. મોહનલાલ હીમચંદને તે બાબતની ભલામણ કરી છે. હાલ અહીં શાંતિ છે.

પ્રભુ મહાવીરના નામનો જાપ વારંવાર જપવામાં આવે છે. અને પ્રભુ મહાવીરના સ્વરૂપની સાથે સર્વ સિદ્ધ તીર્થંકરની એકતા કરવામાં આવે છે; એટલું જ નહિ પણ સાત નયે અને ચાર નિક્ષેપે મહાવીર પ્રભુનું સ્વરૂપ ચિંતવીએ છીએ. તેમજ સત્તાએ આત્માને મહાવીર દેવ માની તેનું ધ્યાન ધરીએ છીએ. અને આત્મારૂપ મહાવીર અને ચોવીશમા તીર્થંકર મહાવીર એ બેની ઉપયોગમાં એકતા કરી આનંદમાં રહું છું.

શુભ કર્મોદયે ચક્રવર્તી, ઇન્દ્ર રાજા વગેરે અનેક આત્માઓ **ઔદયિક ભાવે મહાવીર** છે. લૌકિક મહાવીરો તરીકે દાતારો, શૂરો અને નૈષ્ઠિક દ્રવ્ય બ્રહ્મચારીઓ છે. ઔદયિક મહાવીરો સાદિ સાંત ભાંગે છે. અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વના અને ચારિત્રના ઉપશમભાવે જેઓ આત્મ પરિણામધારી બને છે તેઓ **ઉપશમભાવીય મહાવીર છે.**

ઔદયિક મહાવીરો તરીકે ચાર પ્રકારના દેવો, મનુષ્યો અને તિર્યંચો હોય છે. ઉપશમભાવી મહાવીરો તરીકે ચાર ગતિમાં આત્માઓ લાભે છે. દર્શન મોહનિય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ ભાવે ચાર ગતિમાં અનેક જીવો અસંખ્ય વાર **ક્ષયોપશમભાવીય મહાવીર** બન્યા છે અને બનશે. અગિયારમા ગુણસ્થાનક સુધી ઉપશમભાવીય મહાવીરો વર્તે છે અને બારમાં ક્ષીણમોહી ગુણસ્થાનક સુધી ક્ષયોપશમભાવી મહાવીરો વર્તે છે. ક્ષાયિક સમ્યક્ત્વની અપેક્ષાએ ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી મહાવીરો વર્તે છે.

આત્મા લોકોત્તર મહાવીરની અંશે અંશે દશા પ્રગટાવવા માટે ચોથા ગુણસ્થાનકથી પ્રારંભ કરે છે. દેશવિરતિ આત્માઓ તે **દેશવિરતિ મહાવીરો** છે. તે પાંચમાં ગુણસ્થાનકમાં હોય છે. સર્વવિરતિ આત્માઓ કે જે ત્યાગી, સાધુઓ અને સાધ્વીઓ છે તે છઠ્ઠા ગુણસ્થાનક વર્તિ **સર્વવિરતિ મહાવીરો** છે.

ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આત્માઓ આત્મ મહાવીર રૂપે બનતા

જાય છે અને તે અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિની અપેક્ષાએ આત્માને મહાવીર જાણવો. અને તે ચોવીશ તીર્થંકરાદિ સર્વ તીર્થંકરોના નામ ઠામ આદિને આધ્યાત્મજ્ઞાનની અપેક્ષાએ પોતાનામાં ઉતરે છે અને અંતરમાં મહાવીર પ્રભુના માતાપિતાદિક પાત્રોને પણ અધ્યાત્મગુણ રૂપકો આપીને અધ્યાત્મ ભાવનાથી ભાવે છે. ચોથા ગુણસ્થાનકથી ઔદયિક સંબંધી મહાવીર, ક્ષયોપશમીય મહાવીર અને ક્ષાયિક સમ્યક્ત્વ ભાવીય મહાવીર થાય છે.

મનુષ્યદેહ તે ભારત દેશ છે. તેમાં સમ્યક્ત્વ બુદ્ધિ તે ત્રિશલા રાણી છે. વૈરાગ્ય ભાવે દેહરહિત દશાના ભાવમાં વર્તતા જ્ઞાનગર્ભિત વૈરાગ્યરૂપ ચેટક રાજાની તે બેન છે.

આત્માને ચેતવે, આત્માની આત્મભાવે ચેષ્ટા કરાવે તે ચેટક રાજા છે. અને શુભ ભાવનારૂપી તેની વૈશાલી નગરી છે.

આત્મ પરિણામ તે સિદ્ધાર્થ રાજા છે કારણ કે આત્માની શુદ્ધતારૂપ અર્થને સિદ્ધ કરવા જે આત્મ પરિણામ સમર્થ થાય છે તે અધ્યાત્મભાવે સિદ્ધાર્થ રાજા છે.

સમ્યક્ત્વ પ્રવૃત્તિ તે ક્ષત્રિય બનેલા આત્માને રહેવાનું સ્થાન હોવાથી તે ક્ષત્રિયકુંડ નગર છે.

ઉપશમાદિ ભાવ અને અનંત પુણ્યના ઔદયિક ભાવે પરિણમતો આત્મા તે મહાવીર છે; આત્માનું આવું નામ દેવો આપી શકે છે.

આત્માના ઉજ્જવલ પરિણામે ક્ષણે ક્ષણે વધતો કર્મ સહિત આત્મા તે વર્ધમાન છે અને તે પરાક્રમી હોવાથી મહાવીર છે.

આત્માનો આલ્હાદ, હર્ષ પરિણામ તે પ્રભુ મહાવીર દેવનો નંદિવર્ધન ભાઇ છે. આનંદ પરિણામ તે અંતરમાં નંદિવર્ધન છે.

આત્માના સર્વ શુભ પરિણામો તે દેવો છે. તે પરિણામો મનમાં રહે છે અને શુભ મન તે દિવ્યાલય-સ્વર્ગ છે. મનની શુભ વૃત્તિયો તે દેવીયો છે. શુભ દૃઢ સંકલ્પો તે ઇન્દ્રો છે. તે મનોરૂપ સ્વર્ગમાં દેવો અને દેવીઓ પર રાજ્ય ચલાવે છે.

આત્મિક પરિણતિ તે યશોદા છે. અને શુકલલેશ્યા વૃત્તિ તે પ્રિયદર્શના છે. સમ્યક્ત્વ દૃષ્ટિની વ્યાપાર ભાવના તે સુદર્શના છે.

આત્મિક પરાક્રમ ભાવ ને સિંહ રૂપ છે. ઔદયિક બલવીર્ય શૂરત્વ તે ઔદયિક સિંહાંકિત મહાવીર પ્રભુનું સ્વરૂપ છે.

આત્મા રૂપ મહાવીરનું સર્વવિરતિ રૂપે પરિણમવું તે ચારિત્ર સંયમ ત્યાગ અવસ્થા છે. આત્મા રૂપ મહાવીરનું બાહ્યથી ઔદયિક કર્મ સહિત વર્તવું અને અંતરમાં અપ્રમત્ત આત્મજ્ઞાન ધ્યાને પરિણમવું તે અપ્રમત્ત અધ્યાત્મ મહાવીરત્વ સાતમા ગુણસ્થાનકે જાણવું.

મતિ જ્ઞાની અને શ્રુતજ્ઞાની ચારિત્રી આત્મા જ્યાં સુધી સાધક અવસ્થામાં છે અને જ્યાં સુધી તેને કેવળજ્ઞાન પ્રગટ્યું નથી ત્યાં સુધી તે છદ્મસ્થ મહાવીર દેવ જાણવા.

ઉપશમ ચારિત્રાદિભાવે જેમ જેમ આત્મારૂપ મહાવીર પરિણમતો જાય છે તેમ તેમ અસંખ્ય પ્રદેશ પર લાગેલાં આવરણો ટળતાં જાય છે. તે તે દશાએ આત્મારૂપ મહાવીર દેવ નગ્ન જાણવા પણ એવી નગ્નાવસ્થાને બાહ્ય દૃષ્ટિવાળા જીવો જોઈ શકે નહિ.

શુક્લ ધ્યાની મહાવીર છે તે અંતરના શુદ્ધ પરિણામની ઉત્તરોત્તર વધતી જતી દશારૂપ આઠમા ગુણસ્થાનકથી ક્ષીણ મોહ બારમા ગુણસ્થાનકને ઉલ્લંઘીને તેરમા ગુણસ્થાનકમાં ક્ષાયિકભાવે આદિ અનંતમાં ભાંગે શુદ્ધાત્મ કેવળજ્ઞાની મહાવીર બનીને અઘાતી કર્મરૂપ પ્રારબ્ધને ભોગવે છે અને અંતરમાં અનંત આનંદ જ્ઞાનરૂપી લક્ષ્મીનો ભોક્તા બને છે. ક્ષાયિક ભાવીય કેવળજ્ઞાની પરમાત્માને અઘાતી કર્મ હોય છે ત્યાં સુધી દ્રવ્ય મનોવર્ગણા રૂપ દ્રવ્ય મન વચન અને કાયયોગ વર્તે છે.

મન વચન અને કાય યોગથી રહિત શુદ્ધાત્મા, તે એવંભૂત નયની અપેક્ષાએ શુદ્ધ પરમાત્મા મહાવીર દેવ જાણવા.

ઉપશમ શ્રેણિએ આરોહનાર ઉપશમભાવીય મહાવીર છે અને આઠમા ગુણસ્થાનકથી ક્ષપક શ્રેણિએ ચઢનાર ક્ષપક શ્રેણિસ્થ મહાવીર છે.

મોહનીય કર્મનો ઉપશમ થાય એવી સદ્વિચારની શ્રેણિ તે ઉપશમ શ્રેણિ છે અને જે શુક્લ ધ્યાનથી જે જે કર્મનો ક્ષય કરે અને ફરી તે કદી ન બંધાય એવી શ્રેણિ તે ક્ષપક શ્રેણિ છે. આત્માના ઉજ્જવલ પરિણામ રૂપ ઉપશમ અને ક્ષપક શ્રેણિ છે.

આત્માનું આત્માના શુદ્ધ સ્વભાવે જીવવું અને એવા પારિણામિક ભાવે જીવનારા તે **પારિણામિક મહાવીર** જાણવા. નૈગમ નયની અપેક્ષાએ પરાક્રમ ફોરવવાનો અભ્યાસ કરનાર એવો આત્મા તે મહાવીર છે. મહાવીરપણું પ્રાપ્ત કરવાનો કંઇક અભિલાષ અને તે માટે કંઇક ઔપચારિક પ્રવૃત્તિનો લેશ

પ્રારંભ તે નૈગમ નયની અપેક્ષાએ આત્મા, **બહિરાત્મભાવી મહાવીર** જાણવો. નૈગમ નયની દૃષ્ટિવાળો ઔદયિક ભાવની વીરતામાં મહાવીરત્વ માને છે.

સત્તાએ આત્મામાં મહાવીરપણું છે. અનંત શક્તિના સાગર એવા આત્મામાં સત્તાએ જે પરમાત્મપણું છે તે મહાવીરપણું છે.

આત્મા અનંત શક્તિનો સાગર છે. સત્તાએ તેમાં પરમાત્મપણું રહેલું છે. સત્તાએ આત્મામાં જે મહાવીરપણું છે તે કોઈ કાળે વ્યક્ત મહાવીરત્વને પામે છે.

આત્મા સત્ પર્યાયે મહાવીર છે અને તેથી તે સામર્થ્ય પર્યાયે મહાવીર બને છે. સંગ્રહ નયની સત્તાએ આત્મ દ્રવ્ય મહાવીર છે અને અપેક્ષાએ તે આત્માને મહાવીર માને છે પણ આત્માના પર્યાયને મહાવીર તરીકે સ્વીકારતો નથી. સંગ્રહ નયની સત્તાએ સર્વ આત્મ દ્રવ્યો મટાવી અને વિશેષ સંગ્રહ નયની અપેક્ષાએ આત્માની સત્તા તે મહાવીર છે એમ માનીને સર્વ જીવો મહાવીર છે એમ સંગ્રહ નય માને છે.

વ્યવહાર નય દુનિયાનાં વીર બહાદુર યોદ્ધાઓને મહાવીર માને છે. અર્જુન, કર્ણ, હનુમાન, રામ, ભીમ દુર્યોધન, ભીષ્મ, દ્રોણ, નેપોલિયન, ખારવેલ, મહા મેઘવાહન, ચેટક, શ્રેણિક, સિકંદર વગેરેને મહાવીર તરીકે ઓળખાવે છે.

શુભ કર્મ કરનારા શુભ વીરો છે અને અશુભ કર્મ કરનારા અશુભ વીરો છે. પુણ્યોદય ભોગવનારા તે શુભ કર્મ વીરો છે. લૌકિક દુનિયાના વ્યવહારમાં રાજ્યાદિક રક્ષણ માટે, સ્વાર્થ કે પરમાર્થ માટે પ્રાણ અર્પણ કરનારા યોદ્ધાઓ મહાવીરો છે.

વ્યવહાર નયે મનાતા સર્વ વીરો તે **ઔદયિક ભાવીય મહાવીરો** જાણવા. પુણ્ય કરવાથી તીર્થંકર પદ, મનુષ્ય ગતિ તેમજ માનવ શરીર બને છે અને તેથી આત્માનું મહાવીરત્વ પ્રાપ્ત થાય છે. માટે વ્યવહાર નયથી મહાવીરપણું તે અપેક્ષાએ ઔદયિક સાધન છે. તેની પ્રાપ્તિથી શુદ્ધાત્મ મહાવીર પદ પ્રાપ્ત થાય છે, રાગ દ્વેષ પરિણામે મહાવીર પણું તે અશુદ્ધ મહાવીરપણું છે અને જે કાલે રાગદ્વેષના પરિણામ ન પ્રગટે તે કાલે શુદ્ધ મહાવીરપણું છે.

ઋજુ સૂત્ર નયની અપેક્ષાએ વર્તમાન કાલમાં મહાવીરનો ઉપયોગ, મહાવીરનો પરિણામ તે મહાવીર છે.

શબ્દ નયની અપેક્ષાએ શરીરાદિથી આત્મા ભિન્ન છે એમ નિર્ણય થાય છે. આ નયની દૃષ્ટિથી જડમાં મહાવીરપણું દેખાતું નથી પણ આત્માનું આત્મામાં જ મહાવીરત્વ જણાય છે. જડ અને ચેતન એ બે દ્રવ્યમાં આત્મા જ મહાવીર છે એમ નિશ્ચય થાય છે. તેથી તે નયની અપેક્ષાએ ઉપશમ, ક્ષયોપશમ

અને ક્ષાયિક સમ્યકૃત્વવાળો આત્મા તે મહાવીર છે. આવો નિશ્ચય થવાથી મોહ, કામ, રાગ-દ્વેષના પરિણામ પર જય મેળવવા દેશવિરતિ ચારિત્ર અને સર્વવિરતિ ચારિત્રનું ગ્રહણ થાય છે. રાગદ્વેષને જીતવાનો સાધક પરિણામ ક્ષયોપશમીય ઉપાદાન ચારિત્ર, ઠેઠ બારમા ગુણસ્થાનક સુધીની અંતરાત્મ મહાવીર દશા તે શબ્દ નયની અપેક્ષાએ મહાવીરપણું છે.

તેરમા ગુણસ્થાનક વર્તી અને ચૌદમા ગુણસ્થાનક વર્તી પરમાત્મા મહાવીરો છે, તે સમભિરૂઢ નયની અપેક્ષાએ મહાવીરો જાણવા. સમભિરૂઢ નય છે તે એક અંશ ન્યૂન મહાવીરને સંપૂર્ણ મહાવીર તરીકે માને છે.

આત્મા સર્વ કર્માતીત આઠ કર્મ રૂપ, ત્રિપ્રકૃતિ રહિત શુદ્ધ બુદ્ધ થાય છે અને સિદ્ધ સ્થાનમાં બિરાજમાન થાય છે તેને એવંભૂત નય મહાવીર કહે છે.

પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનક વર્તી આત્માઓ તે ઔદયિક ભાવીય બહિરાત્મ મહાવીરો જાણવા. પરમાત્મ મહાવીરો તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે અલ્પ છે. અને સિદ્ધ મહાવીરો અનંત છે.

તમોગુણી મહાવીરો અને રજોગુણી મહાવીરો કરતાં સાત્વિકગુણી

કલર કેમીકલ એન્ડ ફર્ટીલાઇજર મરચન્ટ

ધી ભારત કેમીકલ કું.

૩૩૧, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ડાયસ્ટફ, ઇન્ડસ્ટ્રીયલ કેમીકલ્સ, મીલ્સ સ્ટોર્સ, સુગર રીફાઇન

કેમીકલ્સ મળે છે.

ફોનઃ—ઓફીસ ૩૨૪૪૦૧ ]　　[ ઘર—૪૭૧૬૦૧

ગ્રામ : BHARCHEM.

**મહાવીરો** અનંત ઘણા ઉત્તમ છે. પાપી વીરો કરતાં પુણ્યકર્મ કરનારાં વીરો અનંત **ઘણા ઉત્તમ** છે.

**વિભાવ પરિણુતિએ** મહાવીરપણું તે વસ્તુતઃ અસત્ મહાવીરપણું છે જ્યારે **આત્માના** આત્મગુણ પર્યાયે જે મહાવીરપણું છે તે સત્ મહાવીરપણું છે. અસદ્ભૂત મહાવીર કરતાં સદ્ભૂત દૃષ્ટિવાળા મહાવીરો અનંતઘણા ઉત્તમ અને શુદ્ધ છે. જડ અને આત્મામાં તથા કર્મરૂપ પુદ્ગલ દ્રવ્યના સંયોગે પ્રગટેલ **વિભાવિક** દશામાં મહાવીરત્વ કલ્પવું તે વસ્તુતઃ અસત્ મહાવીરત્વ છે અને એવા મહાવીરપણાને આત્મારૂપે માનવું તે અસત્ અને ઔપચારિક મહાવીરત્વ છે.

પુદ્ગલાદિ જડ દ્રવ્યોનો સમૂહ તે મારી કલ્પેલી પરિભાષાએ પ્રકૃતિ છે એવી પ્રકૃતિનો સ્વામી આત્મા અને તે **આત્મ મહાવીર** છે. જડ પ્રકૃતિના સંબંધથી આત્મા તે પરમાત્મ મહાવીર બને છે. મારી કલ્પેલી પરિભાષાની પ્રકૃતિનું સ્વરૂપ જ્યારે આત્મા જાણે છે ત્યારે તે પોતાનું મહાવીરપણું અધ્યાત્મભાવે જાણીને, પ્રકૃતિમાં થએલી મહાવીરત્વની ભ્રાંતિનો ત્યાગ કરે છે.

સાધનની અપેક્ષાએ પ્રકૃતિમાં નિમિત્ત કારણ મહાવીરત્વ છે. નિમિત્ત કારણ પુષ્ટ મહાવીરત્વ યોગે અંતરમાં ઉપાદાન મહાવીરત્વ પ્રગટે છે.

પ્રકૃતિમાં અહંત્વાધ્યાસ ન રાખવો પરંતુ પ્રકૃતિનું યથાયોગ્ય અવલંબન કરવું. આત્માની શુદ્ધિ માટે સાધનભૂત થતી પ્રકૃતિનો ઉપયોગ કરવો.

આત્માનું સમ્યગ્જ્ઞાન થયા પછી સર્વ પ્રકૃતિની સાથે પ્રારબ્ધ કર્મે ખેલતો એવો આત્મા અંતરમાં-બાહિરમાં સ્વાનંદે ખેલતો છતો ઉત્તરોત્તર શુદ્ધ અધ્યવસાયોએ ઉજ્જવલ મહાવીર બને છે.

પ્રકૃતિ તે પ્રકૃતિની અપેક્ષાએ મહાવીર શક્તિવાળી છે તેથી તેને દેવીની ઉપમા આપવી ઘટે છે અને આત્મા તે દેવ છે. પ્રકૃતિને પ્રથમ સાધન અવસ્થામાં અવલંબવી અને તેના ટેકાએ આત્માની પરમાત્મ દશા પર આરોહણ **કરી પૂર્ણ મહાવીર** થવું.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યરૂપ મહાવીર રૂપ આત્મા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન રૂપ આત્મા તે મહાવીર છે. ચક્ષુદર્શનન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવળદર્શન રૂપ આત્મા તે મહાવીર છે.

જડ શક્તિના મહાવીર કરતાં ઔદયિક મહાવીર, ઔદયિક મહાવીર કરતાં ઉપશમ મહાવીર, ઉપશમભાવીય મહાવીર, કરતાં

ક્ષયોપશમીય આત્મારૂપ મહાવીર, ક્ષયોપશમીય મહાવીર કરતાં દર્શન ચારિત્ર ક્ષાયિક ભાવીય આત્મા તે જ શુદ્ધાત્મ મહાવીર અનંત ઘણા શ્રેષ્ઠ છે.

આત્મારૂપ મહાવીર માટે સર્વ જડ પંચદ્રવ્ય જગત અને સચેતન જગત છે તેનો તે વિવેક પૂર્વક ઉપયોગ કરીને તેના આધારે આત્મા, આત્મ મહાવીરની અનંત શક્તિયોને ખીલવે છે.

જડમાં મોહ રહેવો ન જોઈએ. જડ વસ્તુઓમાં પ્રથમ અજ્ઞાન દશામાં અશુભ રાગદ્વેષ હોય છે તે પશ્ચાત્ સમ્યક્ત્વ પ્રગટતાં જડ વસ્તુઓ પર શુભ રાગદ્વેષ થાય છે અને પછી આત્મા ઉચ્ચ સમભાવી મહાવીર થતાં જડ દ્રવ્યોને સમભાવે જડભાવે દેખે છે અને સર્વ જીવોને સત્તાએ આત્મ મહાવીર રૂપે જુવે છે.

કર્મયોગી મહાવીર બને છે અને તેજ ભક્તિયોગી મહાવીર બને છે અને તેજ જ્ઞાનયોગી મહાવીર બને છે.

રજોગુણ તેમજ તમોગુણ વૃત્તિયોને ધીમે ધીમે સાત્ત્વિક મહાવીર વૃત્તિયોના રૂપે પરિણમાવવી. સાત્ત્વિક વૃત્તિયો તે આત્મા પરનું કવર છે તેથી વસ્તુતઃ આત્મા ન્યારો છે અને તે જ મહાવીર છે.

રાગદ્વેષના વ્યવહારની અપેક્ષાએ આત્મા અશુદ્ધ કહેવાય છે. શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ આત્મારૂપ મહાવીરમાં કર્માદિકનો ઉપચાર કરવો તે અસત્ ઉપચાર માત્ર છે એમ વ્યવહાર નિશ્ચય નયની અપેક્ષાએ આત્મ મહાવીરનું સ્વરૂપ જાણી તેને પ્રગટાવવું.

ઉપશમભાવે આત્માનું પરિણમન તે ઉપશમભાવે આત્મ મહાવીર પ્રગટ થયેલા જાણવા તથા ક્ષયોપશમભાવે તથા ક્ષાયિકભાવે આત્મ મહાવીરનો આવિર્ભાવ તે ક્ષયોપશમભાવે તથા ક્ષાયિકભાવે આત્મ મહાવીર દેવની પ્રગટતા જાણવી.

ચોવીશમા શ્રી વર્ધમાન મહાવીર પ્રભુ પ્રથમ જન્મ દશામાં તથા ગૃહસ્થ દશામાં ચોથા ગુણસ્થાનક વર્તી મહાવીર દેવ હતા પછી સર્વ વિરતિરૂપ ચારિત્ર અંગીકાર કરીને છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનકના આત્મ મહાવીર બની બાર વર્ષ અધિક ધર્મ ધ્યાનથી આત્મ મહાવીરનું ધ્યાન ધર્યું. પછી છેલ્લા અંતર્મુહૂરતમાં આઠમા

ગુણસ્થાનકથી શુકલ ધ્યાન ધરીને કેવળ જ્ઞાની પરમાત્મ મહાવીર દેવ બન્યાં. અને ક્ષાયિકભાવે શુદ્ધાત્મ મહાવીર બની વિશ્વનો ઉદ્ધાર કરી આયુષ્ય પૂર્ણ થયે, શૈલેશીકરણ કરી સિદ્ધ, બુદ્ધ, સાદિ અનંત શુદ્ધાત્મ મહાવીર થયાં. તેમ હરેક આત્મા પ્રથમ દ્રવ્યથી મહાવીર બની પછી ભાવથી મહાવીર થાય છે.

સત્તાએ સર્વ જીવો મહાવીર છે. આત્મ સત્તાનું ધ્યાન ધરીને સત્તાએ રહેલી શક્તિયોને સંતો અને ભક્તો મહાવીરભાવે વ્યક્ત કરે છે.

નામ અને સ્થાપના નિક્ષેપે મહાવીરની વ્યાખ્યા સુગમ છે. દ્રવ્યથી, અનેકધા અસંખ્ય યોગે મહાવીરો છે. ભાવની અપેક્ષાએ શબ્દાદિક ઉપરના નયોથી મહાવીરત્વ જાણવું.

આત્મા કર્તારૂપ મહાવીર છે. આત્મા સ્વયં કર્મરૂપ મહાવીર છે. આત્મા કરણરૂપ, સંપ્રદાન રૂપ, અપાદાન રૂપ અને આધારરૂપ મહાવીર છે. એમ શુદ્ધ ષટ્ કારકરૂપે આત્મા મહાવીર છે અને રાગદ્વેષાદિ કર્મના અશુદ્ધભાવે અશુદ્ધ ષટ્કારક રૂપ આત્મા મહાવીર છે. આમ અનંત આત્માઓનું મહાવીરપણું છે.

મેં પ્રભુ મહાવીર દેવ તીર્થંકરનું આવું અથથી ઇતિ સુધીનું મહાવીર સ્વરૂપ જાણ્યું છે તેમજ મારા આત્માનું તથા અનંત આત્માઓનું સાત નય જ્ઞાનથી વિચાર્યું છે.

આ રીતે સર્વ તીર્થંકરાદિનાં અસંખ્ય નામો છે. તે નામો

Grams : **SUKESHI** Pho 334238

Please Contact For.

ALLOY TOOL STEEL.

AND

- High SPeed Steel
- O. H. N. S. Steel
- Stainless Steel
- High Carbon High Chrome
- Carbon Steel
- Nickle Chrome Steel
- Hot Die Steel

**UNITED STEEL AGENCY**

(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

અપેક્ષાએ આત્માના જ છે. અને આત્મ મહાવીરમાં તેઓના સર્વ ભાવોને અધ્યાત્મ પરિભાષાએ ઘટાવું છું અને આત્માનંદના ઉભરાઓને પ્રગટાવી મસ્ત બનું છું.

પ્રભુ મહાવીર એવો નામ મંત્રોચ્ચાર કરતાંની સાથે તેમાં ઉપયોગ રહે છે અને ઔદયિક ભાવનું ભાન ભૂલાય છે માટે એવા મહાવીર નામના જપ યજ્ઞને વારંવાર, બીજા કાર્યો કરતાં જીભથી તથા ઉપયોગથી આરંભુ છું. તેથી મને ઘણો આનંદ થાય છે. અધ્યાત્મ દૃષ્ટિએ અધ્યાત્મ મહાવીરની સાથે ખેલું છું, રમું છું, વાતો કરૂં છું અને તેમના જ્ઞાન સ્ફુરણાએ પ્રગટતા પયગામોને વિશ્વ જીવોની આગળ જાહેર કરું છું. તેમજ મારો આત્મ મહાવીર સ્વાધિકારે બાહ્ય કર્તવ્યોને કરે છે. અને સ્વ સ્વરૂપમાં રમે છે એમ ક્ષયોપશમ ભાવીય આત્મ મહાવીરની દૃષ્ટિએ અનુભવું છું.

ચોવીશમા તીર્થંકર પરમાત્મા મહાવીર દેવના ભાવ નિક્ષેપના ઉપયોગની ધારાએ પરિણમતાં આત્માના ભાવે સત્ પર્યાય રૂપ મહાવીરત્વ અને પ્રભુ મહાવીર દેવનું મહાવીરત્વ એક સ્વરૂપે અનુભવાય છે. અને પ્રભુનું ધ્યાન તે આત્મ મહાવીરનું જ ધ્યાન છે એમ નિશ્ચય અનુભવ થાય છે. રાગદ્વેષાદિક મોહ પરિણતિનું ઉદયત્વ જેમ જેમ ઉપશમ ભાવે તથા ક્ષયોપશમ ભાવે જ્ઞાનાદિકની અપેક્ષાએ હાલ અંતરમાં પ્રગટેલા અનુભવાય છે તેથી હું પોતે પોતાને મહાવીર રૂપે અનુભવી પોતે પોતાને નમું છું, પૂજું છું તથા સર્વ ભાવ મહાવીરોને તે ભાવે નમું છું, પૂજું છું, સ્તવું છું.

આત્મા ક્યારે ક્યારે ઔદયિક ભાવના મહાવીર રૂપે પણ પરિણમતા દેખાય છે પણ આત્મ મહાવીરની દૃષ્ટિના ઉપયોગે તેમને દેખતાં પાછા તે ભાવથી વિલય પામે છે.

સત્તાએ સર્વ જીવો આત્મ મહાવીર રૂપ છે તે સત્તાની અપેક્ષાએ આત્મ મહાવીરમાં સમાય છે તેથી અપેક્ષાએ, સત્તાએ આત્મ સત્તા રૂપ મહાવીર એક છે અને તે અપેક્ષાએ વિશ્વરૂપ સમષ્ટિએ છે.

આત્મરૂપ મહાવીરમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈશુ

વગેરેનો અંતર્ભાવ થાય છે. આત્મારૂપ મહાવીર સર્વ જીવો છે. તેથી તે મારી કલ્પેલી અધ્યાત્મ પરિભાષાએ વિશ્વવર્તી સર્વ જીવ સંઘ **વિરાટ મહાવીર ભગવાન છે.** તેનો સંગ્રહ નયની અપેક્ષાએ મહાવીર દેવમાં અંતર્ભાવ થાય છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ચતુર્વિધ સંઘ રૂપ મહાવ્યાપક મહાવીર છે તેની સેવા ભક્તિમાં મારા આત્મ મહાવીરનું સર્વસ્વ અર્પાઇ જાઓ અને મારો આત્મ મહાવીર તેની સેવા ભક્તિ માટે મન, વાણી અને કાયાથી જીવો.

કેવળજ્ઞાની તીર્થંકરો ચતુર્વિધ સંઘને નમો તિથ્થસ્સ કહીને નમસ્કાર કરે છે. તીર્થંકરો વગેરેનું ઉત્પત્તિ સ્થાન સંઘ છે. તેની આગળ કોઇ મહાન નથી. ચતુર્વિધ સંઘ રૂપ પ્રગટ મહાવીરો જ્યાં જ્યાં દેખાય ત્યાં ત્યાં પ્રભુનાં દર્શન છે. તેની કૃપામાં સર્વ દેવોની કૃપા સમાઇ જાય છે. ગમે તેવી આત્મ


# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



**દસાવાડા-ચારૂપ અને મેત્રાણા તીર્થ** વચ્ચે આવેલું છે. **પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવ દયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યમાં સહકાર આપશો.

**આપની એક એક પાઇનો સદુપયોગ થશે.**

મદદ મોકલવાનું ઠેકાણું :—

**શ્રી જોરાભાઇ કરણસિંહ દેસાઇ** મંત્રી, — **શ્રી જીવદયા મંડળી દશાવાડા,** વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

**શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા — શાહ સુખીચંદ અમીચંદ**
**શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ — વાઘરોડ**
**શાહ ભગવાનજી ભેમજી દશાવાડા (સરપંચ) — શેઠ કિશનચંદ ભોજરાજ**

**ટ્રસ્ટીઓ, દશાવાડા**

મહાવીરની ઉચ્ચ અપ્રમત્તદશા થઈ હોય તો પણ ચતુર્વિધ સંઘ રૂપ પ્રભુ મહાવીરની સેવા ભક્તિમાં અર્પાઈ જવું જોઇએ.

વિનય, સેવા અને ભક્તિથી આત્મ મહાવીર ગુણ પર્યાયો વિકસે છે. પોતાના શરીરમાં જેવો આત્મા રૂપ મહાવીર છે તેવા સર્વ દેહધારીઓમાં આત્મા રૂપ મહાવીરો, અરિહંતો, સિદ્ધો સર્વ નયોની અપેક્ષાએ છે. એકેક આત્મ સ્વરૂપ માનીને માત્ર એકાંત નયનો આગ્રહ રાખી, જે અન્યો નયો વડે આત્મ મહાવીરનું સ્વરૂપ ઉત્થાપે છે તે અજ્ઞાની અને મિથ્યાત્વીઓ છે. સર્વ નયોની પરસ્પર અપેક્ષા સ્વીકારીને જે આત્મ મહાવીરને જાણી સદ્દહે છે તે સમ્યક્જ્ઞાની આત્મ મહાવીર રૂપે પ્રગટે છે.

શ્રી ચોવીશમા તીર્થંકર મહાવીર પ્રભુના ચાર નિક્ષેપોએ તેમનું ધ્યાન ધરૂં છું. તેમજ પૂજા અને સ્તવન કરૂં છું. તેજ મારો શુદ્ધ અને ઉચ્ચ આદર્શ છે. તેમજ તેવા રૂપે મારા આત્મ મહાવીરને પ્રગટાવવો તેજ મારૂં સાધ્ય કર્તવ્ય છે. ઓમ્ અર્હમ્ મહાવીર એવી રીતે પ્રભુ મહાવીર દેવનો એક દિવસમાં હજારો વાર જાપ જપ્યા કરૂં છું. અને ગૃહસ્થોને તેમની દશા પ્રમાણે કર્તવ્ય ધર્મનો ઉપદેશ આપું છું અને તેઓના આત્મ મહાવીરને જાગૃત કરવા પ્રભુ મહાવીરનું ગાન ગાઉં છું.

મહાવીર રૂપ થઈને મહાવીરને ભજવાથી મહાવીર થવાય છે, કહ્યું છે કેઃ—

જિન સ્વરૂપ થઈ જિન આરાધે,
તે સહિ જિનવર હોવે રે;
ઈયળ ભ્રમરીને ચટકાવે,
તે ભ્રમરી રૂપ જોવે રે.
**(આનંદઘન)**

જેવી ભાવના તેવી સિદ્ધિ. આત્માને મહાવીર પ્રભુ કરવાની ભાવનાથી આત્મા સ્વયં મહાવીર પ્રભુ બને છે.

રાગદ્વેષ રૂપ મહા મલ્લોના વશમાં જેઓ છે તે મહાવીર થઇ શકે નહિ. રાગદ્વેષ રૂપ મહા મલ્લોને જિતનારા આત્માઓ મહાવીરો છે. કામાદિ વિકારો જેમ જેમ જીતાય તેમ તેમ આત્માનો આત્મ મહાવીર રૂપે આવિર્ભાવ થાય છે.



**શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર ભૂમિમાં દાન તથા**
**પૂન્ય કરવાનું અપૂર્વ ક્ષેત્ર**

# શ્રી ગૌરક્ષા સંસ્થા-પાલીતાણા

સંસ્થામાં અપંગ, અશકત, તથા પાકટ ગાયો, વાછડા, વાછડી વગેરેને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં દોઢસો ઉપરાંત જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે. ગૌરક્ષા દુગ્ધાલય, ખેતીવિભાગ ઢોર ઉછેરની પ્રવૃત્તિઓ ચાલુ છે. આ સઘળા ખર્ચને પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે. કુદરતી આફતો તથા દુષ્કાળ વખતે ખર્ચ થતાં સંસ્થાને નાણાંની ખૂબજ મૂંઝવણ રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મૂંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે. સંસ્થા તરફથી બહાર દેશાવરમાં ઉપદેશકોને મોકલમામાં આવ્યા છે. તો તેમને સહાય કરવા વિનંતિ છે.

**રમણીકલાલ ગોપાળજી કપાસી**

**ગૌરક્ષા સંસ્થા** **જીવરાજ કરમસી શાહ**

**પાલીતાણા** માનદ્ મંત્રીઓ

**જીવદયાના કાર્યમાં સહાય કરી મહાન પૂણ્ય મેળવો.**

સર્વાત્માઓને આત્મ મહાવીર રૂપે પ્રગટ થવામાં મન, વાણી, કાયા, લક્ષ્મી, સત્તા વગેરેની જે જે મદદ આપવી તે ચોવીશમા તીર્થંકર મહાવીર પ્રભુની સેવા-પૂજા અને ભકિત છે. જૈનધર્મનું સ્વરૂપ એ દ્રવ્ય ભાવથી દ્રવ્ય ભાવ મહાવીરનું સ્વરૂપ છે માટે જૈન ધર્મનો સર્વ વિશ્વાત્મ મહાવીરોમાં પ્રકાશ કરવા જે જે કંઇ કરવું તે સર્વે ખરેખર સકામ અને નિષ્કામ ભાવે ચોવીશમા તીર્થંકર મહાવીર દેવની સેવા ભકિત છે એટલું જ નહિ તે પોતાના આત્મ મહાવીરની પણ સેવા-ભકિત છે એમ નયની અપેક્ષાએ જાણ.

યૌગિક નામની દષ્ટિએ પોતાના આત્માને મહાવીર જાણવો અને મહાવીર દેવ એવું રૂઢ નામ ચોવીશમા તીર્થંકરનું યૌગિક આત્મા મહાવીર છે.

જડ દ્રવ્યો ઉપર આત્માની શકિતની અસર થાય છે. શરીરમાંથી આત્મા-મહાવીર નીકળી જતાં જડ શરીરથી કોઇ જાતનો વિચાર થઈ શકતો નથી તેમજ કોઇ પણ પ્રકારનું હલન ચલન પણ થઇ શકતું નથી.

ગૃહસ્થાવાસમાં સમકિતી અને દેશવિરતિ મહાવીરો જૈન દેવ-ગુરુ-ધર્મની આરાધના કરે છે. દેશવિરતિ મહાવીરો શ્રાવકનાં વ્રતોને તથા ગુણોને ધારણ કરે છે અને ગૃહસ્થ દશામાં સ્વાધિકારે જૈનધર્મને આરાધે છે.

ગૃહસ્થ દશાનો ત્યાગ કરી ત્યાગી બનેલા એવા આત્મ મહાવીર મુનિયો શુદ્ધાત્મ મહાવીરનું ધ્યાન કરીને શુદ્ધાત્મ મહાવીર બને છે અને ગૃહસ્થ જૈનોને તેઓના અધિકાર પ્રમાણે સર્વ ધાર્મિક કર્તવ્યોનો તેમજ આત્માદિક તત્ત્વોનો બોધ આપે છે.

ગૃહસ્થ મહાવીર જૈનો કરતાં ત્યાગી મહાવીરો અનંત ઘણા શ્રેષ્ઠ છે અને તેઓ નિરૂપાધિ જીવન ગાળે છે. ગૃહસ્થો અને ત્યાગીઓને વ્યવહાર અને નિશ્ચય નયથી આરાધના કરવી પડે છે. દ્રવ્ય મહાવીર રૂપ પોતાના આત્માને ભાવ વીર રૂપે પ્રગટાવવા માટે ગૃહસ્થ ધર્મ અને બીજો સાધુ ધર્મ ઘણો ઉપયોગી છે.

સાધન મહાવીર દશામાંથી સાધ્ય મહાવીર દશા પ્રાપ્ત કરવા માટે ખાસ ઉપયોગ રાખવો જોઇએ,

આત્મા, જીવ, ચેતન, બ્રહ્મ, પરબ્રહ્મ, મહાવીર વગેરે એક જ આત્માનાં કંઇક શબ્દાર્થ વાચ્યભેદ નામો છે.

મહાવીર પ્રભુનું આલંબન લઈ મહાવીર રૂપ થવું જોઇએ. જ્યારથી

સમકિત પ્રગટયું ત્યારથી આત્મ મહાવીરની ચડતી કલા થાય છે. શરીર આરોગ્ય, માનસિક આરોગ્ય બ્રહ્મચર્યના પાલનથી દૃઢ રહે છે અને તેથી આત્મ પ્રથમ દ્રવ્ય મહાવીર બને છે અને પછી ભાવ મહાવીર બને છે.

દ્રવ્ય તે કારણ છે અને ભાવ તે કાર્ય છે. દ્રવ્યથી ભાવની સિદ્ધિ થાય છે. દ્રવ્ય યોગો અસંખ્ય છે અને ભાવ યોગ પણ અસંખ્ય છે તે બધાં જ પૂર્ણ અને શુદ્ધ મહાવીર થવા માટેના સાધન છે.

ક્ષયોપશમી ભાવીય આત્મ મહાવીરને ક્ષાયિક મહાવીર થતાં કાચી બે ઘડીની વાર લાગે છે. આત્મા એ જ મહાવીર છે. તેના ક્ષયોપશમ જ્ઞાને અને ક્ષયોપશમિક ચારિત્રે પોતે પોતાનું દર્શન અને મિલન થયું છે, હવે તો ક્ષાયિક ભાવે આત્મ મહાવીર પોતે પોતાને મળે એ જ મિલન બાકી છે. પરોક્ષ મિલન પછી પ્રત્યક્ષ મિલન થાય છે.

આત્મ મહાવીર પોતે પોતાના તીર્થનો પ્રકાશ કરે છે. જે પિંડગત મહાવીરને દેખે છે બ્રહ્માંડગત મહાવીરને દેખે છે.

સિંહ લંછન આત્મ મહાવીરનું પરાક્રમ રૂપ છે. પશુબળ તે સિંહ છે. તેને જે વશમાં રાખે તે તે મહાવીર છે અથવા બળ–પરાક્રમ–શૌર્ય રુપ સિંહના પર જે સવારી કરીને આત્મભાવે વિશ્વમાં જીવે છે તે મહાવીર પ્રભુ રૂપે પ્રગટ થાય છે. અપેક્ષાએ આત્મબળને સિંહ સૂચક છે. સર્વ પ્રકારની અનંત શક્તિનો સમૂહ પિંડ તે સિંહ છે. એવી શક્તિયો મેળવવાથી આત્મા મહાવીર દેવ બને છે.

આત્મા તે જ પરમાત્મા છે. અને તે જ મહાવીર છે. સત્તાએ મહાવીર છે તેને વ્યક્ત મહાવીર કરવા માટે સદ્દગુરુને સર્વ સ્વાર્પણ કરવું જોઇએ. કેવળજ્ઞાન અને પૂર્ણાનંદ પ્રગટાવવા માટે સદ્દગુરુ મહાવીરમાં નામ રૂપનો મોહ ત્યજીને અર્પાઈ જવું જોઇએ. જડમાં હું તું નો મોહ પ્રગટે છે તેને ટાળી દેવો જોઇએ. શ્રી સદ્દગુરુ મહાવીરમાં પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી વર્તતાં અને તેમની પરીક્ષાની કસોટીમાં ટકતાં તેમની કૃપાનો ભાગી શિષ્ય થાય છે. સદ્દગુરુ મહાવીરની પૂર્ણ કૃપામાં જ આત્મ મહાવીરનો પ્રગટભાવ છે એવો નૈસર્ગિક ત્રિકાલાબાધિત સત્ય નિયમ છે તે પ્રમાણે વર્તવાથી સર્વ પ્રકારના યોગોનું બળ પ્રગટે છે અને આત્મ મહાવીર ઉત્કૃષ્ટતઃ અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞ પરમાત્મા મહાવીર બને છે.

ચોવીશમા તીર્થંકર મહાવીર દેવનો ચૈત્ર સુદી ત્રયોદશીની મધ્ય રાત્રીએ

જન્મ થયો હતો. ચૈત્ર સુદિ તેરસે જન્મ કલ્યાણક હોવાથી સર્વજ્ઞ પ્રભુ મહાવીર દેવનો જન્મોત્સવ થાય છે.

તે દિવસે વીર મહાવીર નામનો જાપ અને પ્રભુ મહાવીરમાં ઉપયોગ રાખું છું. મહાવીરના જાપ, સ્મરણ અને ધ્યાનથી અને પ્રભુ મહાવીરમાં પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા રાખવાથી પ્રભુ મહાવીર દેવના ગૃહસ્થાવાસના, ત્યાગાવસ્થાના તેમ જ કેવળી અવસ્થાના સ્વપ્નામાં દર્શન થાય છે. અને પ્રભુએ જ્યાં જ્યાં ઉપદેશ આપ્યો છે તે તે સ્થાનોગાં પ્રભુનો ઉપદેશ સ્વપ્નમાં સંભળાય છે. પ્રશ્નોત્તરના ખુલાસા થાય છે. અને સમવસરણમાં મહાવીર પ્રભુ બેઠેલા દેખાય છે. આથી આત્મ મહાવીરની વિશુદ્ધિ થાય છે.

એકવાર પ્રભુ મહાવીર દેવ પર પ્રેમના તાને લયલીન થવાથી આગળનો માર્ગ સહજ ખુલ્લો થાય છે.

પ્રભુ મહાવીરે સમ્યગ્દૃષ્ટિ થઈ ચારિત્રમાં શુભ રાગે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. ત્યાંથી દેવલોકમાં ઉત્પન્ન થયાં, ત્યાંથી દક્ષિણ ભારતમાં ક્ષત્રિયકુંડ નગરમાં અવતર્યા, ગૃહાવાસમાં રહ્યા, સર્વ પ્રકારના જડ વિષય ભોગોની સાથે બાહિરથી ભોગાવલી કર્મે ભોગી થયાં અને અંતરથી યોગી થઇ ત્રીશ વરસની ઉંમરે દીક્ષા અંગીકાર કરી. બાર વર્ષથી અધિક ચારિત્ર, ધારણા, ધ્યાન અને સમાધિમાં રહ્યાં અને બેંતાલીશમા વર્ષે કેવળજ્ઞાની પરમાત્મા બન્યાં. બોંતેર વર્ષ પૂર્ણ થતાં દેહ છોડી પૂર્ણ, મુક્ત, સિદ્ધ, બુદ્ધ એવા પરમાત્મા થયા.

જેમ તેમનો આત્મા મહાવીર પરમાત્મા થયો તેમ સર્વેના આત્માએ ચોથા ગુણસ્થાનકથી આરંભી અંશે અંશે મહાવીર પરબ્રહ્મ બને છે.

ગૃહસ્થાવાસના આદર્શને સુધારવા માટે ગૃહસ્થોએ ગૃહસ્થ મહાવીરનું આદર્શ જીવન પોતાના આચરણમાં મૂકવું અને ત્યાગીઓએ ત્યાગી મહાવીર પ્રભુનું જીવન વિચારી તેવું જીવન કરી ત્યાગી આત્મા રૂપ મહાવીર બનવું.

મેં આત્મા રૂપ મહાવિરનું દેહરૂપ જગતમાં ગૃહસ્થ મહાવીર તરિકે, અધ્યાત્મ દૃષ્ટિની પરિકલ્પિત પરિભાષાએ ગૃહસ્થ મહાવીર પ્રભુનો મહિમા ગાયો છે, કહ્યો છે લખ્યો છે. તથા આત્માને ત્યાગી

મહાવીર રૂપ માનીને દેહ વિશ્વમાં સર્વત્ર આત્મોપયોગ દૃષ્ટિએ વિહાર કરાવી વિશ્વ લોકોને ઉપદેશ આપી વિશ્વોદ્ધાર કરવાની ભાવનાએ વિચરાવ્યો છે. આમ આત્માઓને મહાવીર પ્રભુની ભાવનાએ ભાવી પ્રભુ આત્મ મહાવીર થવા પુરુષાર્થ કરું છું. અને આત્માનંદે જીવું છું. તથા દેહ દુઃખથી દૂર થાઉં છું. આવું ક્ષયોપશમ ભાવે અંશે અંશે બને છે. ષટ્ ચક્રોમાં પ્રભુ મહાવીરનો જાપ તથા ધ્યાન કર્યા કરું છું. તેથી આત્મોપયોગ રૂપ વા સમ્યગદૃષ્ટિ રૂપ કુંડલિની જાગૃતિ થઈ છે. કેવળ કુંભક પ્રાણાયામ કરી મહાવીરનું ચિંતવન કરું છું.

હઠયોગ, રાજયોગ, મંત્રયોગ અને લયયોગ એ ચારે યોગથી સ્વાત્મા શુદ્ધ, બ્રહ્મ, પરમાત્મ, શુદ્ધાત્મ મહાવીર દેવ રૂપે બને છે. બાહ્ય દેહ ક્રિયાદિનો હઠયોગમાં સમાવેશ થાય છે. આત્મ જ્ઞાન અને શુદ્ધ પ્રેમનો રાજયોગમાં સમાવેશ થાય છે. અર્હમ્ મહાવીરના નામરૂપ જાપ મંત્રનો મંત્રયોગમાં સમાવેશ

With the best compliments of :

DADHA & COMPANY

P. O. Box 541
Madras-3.

Telephone : 33884 : 34716
Telegrams : "INCREASE"

થાય છે. અસંખ્ય યોગોએ આત્મા તે જ શુદ્ધાત્મ મહાવીર રૂપે પ્રગટ થાય છે. ક્ષયોપશમ સમક્તિભાવે અને ક્ષયોપશમ ચારિત્ર પરિણતિએ આત્માનો પ્રગટ ભાવ તે આત્મ મહાવીરનો પ્રગટ ભાવ છે અને એવા પ્રગટ આત્મ પ્રભુઓનાં દર્શન થાય ત્યાં ક્ષયોપશમ ભાવીય આત્મ મહાવીર પ્રગટયા જાણી નય સાપેક્ષે ત્યાં નમી જવું અને તેઓમાં અર્પાઇ જવું.

તીર્થંકર મહાવીર દેવ પર જેને શ્રદ્ધા પ્રેમ પ્રગટયો છે તેમાં હું મન, વાણી, કાયાથી અર્પાઈ ગયો છું. ચતુર્વિધ જૈન સંઘ માટે અર્પાઈ ગયો છું.

આત્મ મહાવીરને પ્રગટ કરવા પ્રથમ પૂર્ણ પ્રેમી બનો. સર્વ વિશ્વને આત્મ મહાવીર રૂપે જુવો. સર્વ બાબતમાં વીર બનો. દુનિયામાં મહાવીર બનો.

તમે પોતે સત્તાએ મહાવીર છો. મોહ માયા રૂપ પનોતીને શુદ્ધાત્મ પ્રેમરૂપ પગની નીચે દાબી દો. રક્ત અને વીર્યના અણુ અણુમાં અને રોમે રોમમાં પ્રભુ મહાવીરના પ્રેમ રંગે રંગાઇ જાઓ. પંચ પરમેષ્ઠિ રૂપ મહાવીરોને આત્મરૂપ મહાવીરમાં એક ધ્યાને પરિણમાવો.

દુનિયામાં ગૃહસ્થો અને ત્યાગીઓએ પ્રભુ મહાવીરના આદર્શ સામે દૃષ્ટિ રાખી આત્માને મહાવીર બનાવવા પુરુષાર્થ કરવો. આત્મ મહાવીરમાં ઉપયોગ રાખીને બાહિરનાં ગુણકર્મો પ્રમાણે વર્તવું. અશુભમાંથી શુભમાં આવવા માટે તથા શુદ્ધાત્મ મહાવીર રૂપે થવા માટે વ્યવહાર નય અને નિશ્ચય નયથી જૈનધર્મ રૂપ આત્મ મહાવીરના સ્વરૂપને પામવું.

આમ યત્કિંચિત આત્મ મહાવીરની દીશા દેખાડી છે તો તે તરફ જશો.

ઇત્યેવં ઓમ્ અર્હં મહાવીર.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ભગવાન મહાવીર દેવના જન્મ કલ્યાણક પ્રસંગે

# શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ–પાલીતાણા.

# 'શ્રી સકલ સંઘને નમ્ર-અપીલ'

ચૈત્ર સુદ તેરસનો દિવસ એટલે તીર્થંકર ભગવંત શ્રી મહાવીર દેવનો જન્મ કલ્યાણક દિવસ. આ દિવસ સારાય ભારત વર્ષમાં જૈનો એક મહા મંગળ પર્વ તરીકે ઉજવે છે.

ભગવંત મહાવીર દેવે શ્રી સંઘની રચના કરી અને શ્રી સંઘને કેટલીયે જવાબદારીઓ સોંપી. એમાં શ્રાવિકા ક્ષેત્રને પોષવાની જવાબદારી શ્રી સંઘને સોંપી છે.

આપ જાણો છો કે શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થામાં સમાજની સધવા, વિધવા, ત્યકતા ને કુમારિકા એકસો દસ બેનો અત્યારે શિક્ષણ સંસ્કાર લઈ રહી છે. આ વિદ્યાર્થીની બેનોને સંસ્થામાં ખાન, પાન ને રહેવાની ઉત્તમ સગવડ સાથે ધાર્મિક શિક્ષણ મુખ્ય રાખી સ્કુલનો અભ્યાસ, મેટ્રીક સુધીનું શિક્ષણ- શાળાંતના વર્ગો, ભરત ગુંથણ ને સીલાઈ કામની ડીપ્લોમા વર્ગ, સંગીતનો વર્ગ, હિંદીનો વર્ગ આ બધી સગવડ આપવામાં આવે છે. વિધવા ને ત્યક્તા બેનોને શિક્ષણ સંસ્કાર આપી સંસ્થાએ નિયત કરેલ અભ્યાસ પૂરો કરાવી ધાર્મિક પાઠશાળામાં આ સંસ્થા દ્વારા નોકરીની ગોઠવણ કરી આપવામાં આવે છે. આવી અનેક બેનો આજે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર ને રાજ-સ્થાનમાં ધાર્મિક પાઠશાળાઓ ચલાવી રહી છે અને સ્વમાન પૂર્વક સુખે જીવન જીવી રહી છે.

દર વરસે આ સંસ્થામાં દાખલ થવા થોકબંધ અરજીઓ આવે છે પણ સંસ્થાનું અત્યારનું મકાન એટલું નાનું છે કે

વધુ બેનોને સ્થાન આપી શકાતું નથી એટલે દુભાતે હૈયે કેટલીયે અરજીઓ નામંજૂર કરવી પડે છે. આ મુશ્કેલીનો તોડ કાઢવા સંસ્થાએ એક વિશાળ અદ્યતન મકાન ગામની તદ્દન નજીક રૂા. ૭ લાખના ખરચે બંધાવવું શરૂ કર્યું છે. આ મકાન તૈયાર થયે ૨૦૦/૨૫૦ બેનોને શિક્ષણ સંસ્કાર લેતી આપણે જોઇ શકીશું.

ચાલુ સાલે મકાનનું ઉદ્દઘાટન જોવા ઉમેદ હતી પણ અત્યારે દેશમાં સીમેન્ટની ખૂબ તંગીને કારણે બાંધકામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે.

પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજાઓની અને સમાજની આ સંસ્થાની ઉપયોગીતા તરફ દૃષ્ટિ ખેંચાણી છે ને બધાનો સહકાર મળતો થયો છે.

આ સંસ્થા ખરેખર ગામડામાંથી આવતી અક્ષર વિહોણી બેનોને અક્ષર જ્ઞાન આપી માટીમાંથી માનવ સર્જવાનું કાર્ય કરે છે.

અમારી આપ સર્વેને વિનંતી છે કે પાલીતાણા પધારો ત્યારે જરૂર આ સંસ્થાની મુલાકાત લેશો અને સહાય સહકાર ને માર્ગ-દર્શન આપી સંસ્થાની પ્રગતિમાં સાથ આપશો.

સંસ્થામાં રહેતી બેનો ગરીબ છે, નિરાધાર છે, દુઃખી છે, તેવી દૃષ્ટિથી કોઈ ન જોશો. આ બધી આપણીજ બેનો છે અને સગી બેન દીકરી પ્રત્યે જે મમતા ને વાત્સલ્ય ભાવના હોય તે દૃષ્ટિથી જોઇ સંસ્થાને સહકાર આપવા વિનંતી છે.

લિ૦ ભવદીય,

**શ્રી જયંતીલાલ રતનચંદ શાહ**
**શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા**
**શ્રી ચંદુલાલ ટી. શાહ**
ના જયજિનેન્દ્ર.

સેક્રેટરીઓ

**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ—પાલીતાણા**

# અણુમાંથી મનુ

લેખક : શ્રી જશવંત કા. ગાંધી

પોતનપુર નગરના રાજમહેલના નૃત્યગૃહમાં નૃત્ય પૂર્ણ થયું. રાજર્ષિ સોમચંદ્ર વિરામાસન પર આરૂઢ થયા. સંધ્યાનો આછેરો પ્રકાશ તેમના મુખ પર પથરાયો. રાણી ધારિણી સોમચંદ્રના મુખ પર નજર ફેરવતાં બોલી. 'સ્વામિ! દૂત આવ્યો!'

સોમચંદ્રે આજુબાજુ નજર પ્રસારી. 'કોણ : ક્યાં?' ખંડમાં કોઈ ન જણાવાથી તેણે પૂછ્યું.

'અરે, આ રહ્યો.' કહેતાં ધારિણીએ સોમચંદ્રના ઉજળતા વાળમાંથી એક સફેદ વાળ ચૂંટી કાઢી રાજાના હાથમાં આપ્યો, 'આ ઘડપણનો દૂત!'

સોમચંદ્ર ગંભીર થયા. 'સાચે જ આ તો યમદૂત છે!, કહી તે વિચારમાં ડૂબ્યા. યૌવન વિલાસમાં વિતાવ્યું. હવે...? રાજધર્મ ત્યજી તાપસધર્મ સ્વીકારી જીવનસંધ્યાને ઉજાળવી! એ જ માર્ગને?—શુભ પળે રાજગાદી રાજકુમાર પ્રસન્નચંદ્રને સોંપી સોમચંદ્ર અને ધારિણી વને સંચર્યા.

ધારિણીએ પાંદડાં વગેરે વીણી લાવી સુંદર કુટિર બાંધી, લીંપીગૂંપીને કુટિરમાં દિવ્યતા પાથરી. થોડા દિવસ બાદ...

'મારી શારીરિક પ્રકૃતિ તરફ તો જુઓ, નાથ!' ધારિણીએ તૂટતા અવાજે પતિને કહ્યું. તે ગર્ભવંતી હતી. તાપસલોકમાં સોમચંદ્રની નિંદા થશે એ વિચારથી તે અત્યંત ખિન્ન બની. કર્તવ્યમૂઢ સોમચંદ્ર મૌન રહ્યા.

પૂર્ણ દિને ધારિણીએ એક બાળકને જન્મ આપ્યો. બાળકનું નામ વલ્કલચિરિ પાડ્યું. પણ હૃદયાઘાતથી ધારિણી મૃત્યુ પામી. સોમચંદ્રે પુત્રને ઉછેર્યો. તાપસી શિક્ષણ આપ્યું.

વલ્કલચિરિએ પિતાની સેવા કરવા માંડી. આહાર માટે ફળો વીણી લાવવાં, સ્વચ્છ વલ્કલ તૈયાર કરવાં અને તપ કરવું એ જ તેનો જીવનમંત્ર બન્યો. '**पितृदेवोभव!**' ની લાગણી તેના હૈયા સાથે જડાઈ. સ્ત્રીપુરુષના ભેદથી અજ્ઞાન વલ્કલના મિત્રો મૃગલાં, મયૂર, વનવૃક્ષો બની રહ્યાં...તેના જીવનમાં 'પિતા' અને વનનાં પ્રાકૃતિક તત્ત્વો સિવાય કશાને સ્થાન ન હતું. વર્ષો વીતતાં તે યુવાન બન્યો, પણ તેના જીવનકાર્યની સંગીનતા અતૂટ રહી.

'રાજન્! એક ચિતારો આપણા રાજ્યમાં આવ્યો છે.' એક અનુચરે પ્રસન્નચંદ્રને સમાચાર આપ્યા.

'બોલાવો.' પ્રસન્નચંદ્રે હુકમ કર્યો.

થોડી જ વારમાં થોકબંધ ચિત્રો સાથે ચિત્રકારે પ્રવેશ કર્યો. તેણે નમન કરી ચિત્રો પ્રસન્નચંદ્રને આપ્યાં.

પ્રસન્નચંદ્ર ચિત્રો જોવામાં ગૂંથાયો. એક તપાસના ચિત્ર પર તેની અને મંત્રીવર્યની નજર સ્થિર થઇ.

'મંત્રીવર્ય! શું નિહાળો છો?' પ્રસન્નચંદ્રે પૂછ્યું.

'રાજન્! આપ જે જુઓ છો તે...'

પ્રસન્ન ચંદ્રે ફરી ફરી તે ચિત્ર નિહાળ્યું. તે ઊંડા વિચારમાં ડૂબી ગયો. તપાસનું મુખ તેના (પ્રસન્નચંદ્રના) પિતા સોમચંદના મુખ જેવું જ હતું.

ચિત્રકારે તે તાપસનું જીવનદર્શન રાજાને કરાવ્યું. પ્રસન્નચંદ્રને હવે પૂરી ખાત્રી થઇ કે આ યુવાન તાપસ તે બીજો કોઇ નહિ પણ પોતાનો સહોદર બંધુ જ છે!

એક ભાઇ રાજ્યમહેલમાં વસે ત્યારે બીજો ભાઇ લાંબા જટાળા કેશ રાખી, વલ્કલ પહેરી તાપસજીવન જીવે? પ્રસન્નચંદ્ર તે વિચારતાં ગમગીન બન્યો. મારે મેવા મીઠાઇ અને ભાઇને ફળ–મૂળ? પિતા તો વાનપ્રસ્થ બન્યા છે તેથી ભલે તાપસી જીવન જીવે, પણ ભાઇ વલ્કલને પણ એ જ જીવન ભરયૌવનમાં? વલ્કલને અહીં લાવી સુખ આપવું એવો મનથી નિર્ણય કરી તેણે રાજ્યગણિકાઓને બોલાવી કહ્યું, 'વનમાં જાવ, અને વિલાસનું દર્શન કરાવીને પણ વલ્કલને રાજ્ય મહેલમાં લાવો...પણ જોજો, મારા પિતાની ખિન્નતાનું નિમિત ન બનો!'

નમન કરી રાજાનો હુકમ શિરે ચડાવી ગણિકાવૃંદ વિદાય થયું.

વલ્કલચિરિ તપોવનમાં ફળો વીણવામાં મગ્ન હતો. અચાનક નૂપુરઝંકારથી અવાજની દિશા તરફ તેની નજર ખેંચાઇ....તેણે કદી સ્ત્રી જોઇ ન હતી. માનવ તરીકે તાપસ પિતા સિવાય તે કોઇને ઓળખતો ન હતો. તેણે કહ્યું; 'પિતા! તમે કોણ છો?'

વલ્કલનું યુવાન સ્વરૂપ જોઇ ગણિકાઓ મુગ્ધ બની. તે તેની બાળભોળી પ્રકૃતિ જોઇ હસી. એક ઇશારે ગણિકાવૃંદમાં આ રતન પોતાનું કરી લેવાની ભાવના જાગી.

'અમે પોતન આશ્રમના તાપસો છીએ?' ગણિકાવૃંદમાંથી એક નાયિકાએ વલ્કલને જણાવ્યું.

'તાપસો! તમારું શું આતિથ્ય કરું? આ તાજાં મધુર ફળો આરોગશો?' વલ્કલે કહ્યું.

'ના, એથી પણ મધુર ફળો અમારા આશ્રમમાં થાય છે' કહી ગણિકાએ પોતાની ઝોળીમાંથી લાડુ કાઢી વલ્કલને આપતાં તેનો હાથ પોતાની છાતી સરસો ચાંપ્યો.

વલ્કલે કદી સ્ત્રીસ્પર્શ અનુભવ્યો ન હતો. તેથી તેનામાં ઉન્માદની ચિનગારી ન પ્રગટી. પણ ગણિકાનો દેહ સુકોમળ લાગ્યો. તેણે લાડુ ખાતા પૂછ્યું, 'તમારો દેહ ઘણો જ સુંદર છે !' વલ્કલ લાડુથી ય અજ્ઞાત હતો.

'એ તો બધું અમારા આશ્રમનાં ફળો વડે જ છે! તમે અમારા આશ્રમના તાપસ ન બનો ?'

'કેમ નહિ ?' વલ્કલને પોતન આશ્રમનું આકર્ષણ લાગ્યું. પોતન આશ્રમના તાપસો (ગણિકાઓ) નું દેહસૌંદર્ય તેને ગમી ગયું.

તે ઝાઝું વિચારવા ન રહ્યો અને ગણિકાઓ સાથે જવા તૈયાર થયો... થોડે જ દૂર રથ તૈયાર રાખ્યો હતો.

માર્ગમાં વલ્કલે પૂછ્યું: 'તમારા આશ્રમનાં આ ફળોનાં ઝાડ બહુ ઊંચાં થાય છે! તાત ?'

'ના, તેનાં ઝાડ નથી હોતાં પણ ધનથી તે ખરીદવાં પડે છે!' એક ગણિકાએ કહ્યું.

'ધન શું ?'

'બતાવું,' કહી ગણિકાએ એક સુવર્ણ મુદ્રિકા કાઢી વલ્કલના હાથમાં મૂકી. 'આ એક જ મુદ્રિકાથી કેટલાય ટોપલા ભરીને ફળ આવે !'

આજ સુધી ફળ માટે વનમાં વૃક્ષે વૃક્ષે ભટકતા વલ્કલને આ નવી યોજના ખૂબ જ સગવડ ભરી લાગી.

'આ અમારું પોતનનગર' ગણિકાએ નગર નજીક દેખાતા કહ્યું.

માર્ગે મળતાં સ્ત્રીપુરુષોને વલ્કલ 'પિતા ! નમસ્તે !' કહેતાં નમન કરતો.

થોડો સમય વીત્યો, અને 'આ અમારો આશ્રમ પણ આવી ગયો,' કહી નાયિકાએ વલ્કલને રથમાંથી ઉતરવાનો ઇશારો કર્યો.

રથમાંથી ઊતરી વલ્કલ પોતન આશ્રમનાં (ગણિકા આવાસનાં) ઉત્સાહથી પગથિયાં ચઢવા લાગ્યો. તે મૂઢ નજરે ચોતરફ નિહાળતો. દીવાલો, ચિત્રો, નૃત્યગૃહ, વાજિંત્રો આદિ જોઇ તેણે ચાર વાર આંખો ચોળી-'સ્વપ્ન તો નથીને ?' નવા જગતના નવાં તાપસ (?) ના સત્સંગમાં તે પોતાના પિતાને ભૂલ્યો હતો પણ 'પિતા' શબ્દને ભૂલ્યો ન હતો. સર્વેને 'પિતા, વંદે ! પિતા, નમસ્તે !' કહેતો આગળ વધ્યો.

નાયિકા તેને એક ખંડમાં લઇ ગઇ. ત્યાં શરીર મર્દન કરાવી વાળ ઉતરાવ્યા, નખ કપાવ્યા, સ્નાનવિલે-

પનાદિ કરાવી ચળકતાં નવાં વસ્ત્રો આપ્યાં. આ બધું જોઈ વલ્કલ બોલી ઊઠ્યો, 'પિતા ! આ શું કરો છો ?'

'આશ્રમનો આચાર છે !'

આચારને નામે ઘરેણાં વગેરે પહેરાવી તેને લગ્નવેદિકા પર લઈ જવામાં આવ્યો. યુવાન ગણિકાપુત્રી સાથે તેને બાજઠ પર બેસાડ્યો. વાજિંત્રોમાંથી સુરીલું સંગીત ઊભર્યું... સંગીત, નર્તન સાથે 'સ્વાહા' ના ઉચ્ચારો ભળતા હત .

'ઓ પિતા ! આ શું ?'

'કુમાર ! આ તો અહીંની દીક્ષા તમને આપીએ છીએ.' નાયિકાએ ખુલાસો કર્યો.

'ઓ પિતા ! ઓ તાત ! વંદે, નમસ્તે !' પોકારતો વલ્કલ પોતન આશ્રમની દીક્ષા ગ્રહણ કરતાં ગદ્ગદિત બન્યો.

વનમાં મધ્યાહ્ન થયો. પણ વલ્કલ નહીં આવવાથી રાજર્ષિ સોમચંદ્ર ચિંતાતુર બન્યા. વનમાં તપાસ આદરી કદાચ કોઈ હિંસક પશુનો ભોગ તો તે નહીં બન્યો હોય ? વલ્કલની ગેરહાજરીએ તેમના હૈયાના ભૂક્કા કરી નાખ્યા. 'બેટા વલ્કલ !' ની બૂમોથી સમગ્ર વન ગજવી મૂક્યું. વનમાં મૃગલા મયૂર, વૃક્ષો જેવા વલ્કલના સહચરોમાંથી કોઈ તેનો પત્તો ન આપી શક્યું. નિરાશ બની એક શિલા પર બેસી સોમચંદ્ર ઘણું રડ્યા. સંધ્યા ઊગીને આથમી. અંધારી કાળીરાત પણ પોતાનું ચક્કર પૂર્ણ કરવાની તૈયારીમાં હતી. સોમચંદ્રે રોઈ રોઈ નેણનાં નૂર ગુમાવી દીધાં... અંધ સોમચંદ્રને અન્ય તાપસોની સહાય અને સેવા સ્વીકારવા પડ્યા.

*

આ બાજુ પોતનપુર આવવા નીકળેલા વલ્કલની માહિતી પ્રસન્નચંદ્રને કાને પહોંચતાં તે રથ લઈ વલ્કલની શોધમાં આવી પહોંચ્યો. વાજિંત્રોના નાદથી તેના કાન ફૂટવા લાગ્યા.

**With Best Compliments**

**From**

**Bharat Waterproof Paper Mfg., Co.**

**12/14 Dariyasthan Street**

**BOMBAY – 3.**

ગાભરા બનેલા પ્રસન્નચંદ્રને એક વૃદ્ધ ગણિકાએ નિર્દોષ ભાવે વધાઈ આપી. 'વનમાંથી એક રત્ન પ્રાપ્ત થયું છે તેનાં લગ્નનાં વાજાં વાગે છે!

પ્રસન્નચંદ્ર ત્વરાથી લગ્નની ચોરી તરફ ધસ્યો.

'તાત! તમે કોણ?' વલ્કલે કહ્યું.

'હું તાત ન કહેવાઉં. હું તો તારો ભાઈ છું!'

'ભાઈ!'

'હા!' પ્રસન્નચંદ્રે સમજાવીને વલ્કલને પોતાના પ્રાસાદમાં આણ્યો.

દિન પર દિન વીતવા લાગ્યા... પ્રસન્નચંદ્રના સહવાસથી વલ્કલને સામાજિક જ્ઞાન થવા માંડયું. તે રાજ-કાર્યમાં અલ્પ ભાગ પણ લેવા લાગ્યો.

આમ લગભગ બાર વર્ષનાં વહાણાં વહી ગયાં.

એક મધ્યરાત્રીએ તે વિચારતંદ્રામાં ડૂબ્યો. સામાજિક સમજથી તે પિતૃ-સંબંધનું મહત્ત્વ સમજ્યો. તેને પિતા સાંભર્યા. વનના સહચર મૃગલાં, મયૂર ઇત્યાદિ યાદ કરતાં તાપસ જીવનના સાદ સંભળાવા લાગ્યા......

તે રાત્રે નિંદર વેરણ બની ગઈ... પિતાનો વિરહ, વનનો વિરહ તેને સાલવા લાગ્યો. મહેલ અને રાજપોષાક આભૂષણોમાં તેના આત્માએ ગંગળામણ અનુભવી...પિતાની શી સ્થિતિ હશે! તેમને કોણ ફળ લાવી આપતું હશે? તેમનાં વલ્કલ અને કુટિર કોણ સાફ કરતું હશે? એ વિચારે તે રડી પડ્યો.

પ્રભાતની પાંપણ ઊઘડતાં જ તે પ્રસન્નચંદ્ર પાસે દોડ્યો—'ભાઈ! મારે તો વનમાં જ જવું છે. પિતાનું દર્શન કરવું છે. મારાથી અહિં નહીં રહેવાય.'

મારે પણ પિતાનાં દર્શન કરવાં છે. હું સાથે આવું' કહી પ્રસન્નચંદ્રે રથ તૈયાર કરાવ્યો.

બન્નેએ તપોવન તરફ પ્રયાણ કર્યું.

વન નજીક આવતાં વલ્કલ વૃક્ષો વગેરે જોઈ ઘેલો બન્યો. 'ભાઈ, આ વૃક્ષ મારા સાથી,...પેલાં મૃગલાં મારા સહચરો...પેલો કલાધર મયૂર તે તો મારો ખાસ સોબતી...' વલ્કલે પ્રસન્ન-ચંદ્રને કહ્યું; 'જુઓ આગ્રે પેલી કુટિર જણાય, ત્યાં આપણા પિતાનો વાસ.'

પિતૃદર્શન ઝંખતી પ્રસન્નચંદ્રની આંખ પ્રફુલ્લિત બની.

એ કુટિર પાસે આવી રથ થોભ્યો.

'પિતા! પિતા!' કહેતા બન્ને ભાઈઓએ કુટિર ઊભરી દીધી. સોમચંદ્ર બહાર આવ્યા.

'પિતા, હું વલ્કલ!', કહેતાં વલ્કલનો શ્વાસ રુંધાયો. અંધ સોમ-

ચંદ્ર વૃદ્ધાવસ્થાને કારણે કંપતા હાથ બન્ને પુત્રોને શિરે પ્રસારવા માંડયા.

પિતાની સ્થિતિ જોઈ વલ્કલથી રડી જવાયું. અશ્રુથી તેણે પિતાનાં ચરણ ધોયા.

પુત્રપ્રેમથી હર્ષ વિભોર બનેલા સોમચંદ્રના નેત્રમાં પ્રકાશે પ્રવેશ કર્યો...'પિતા વંદે. નમસ્તે !' કહી રહેલા વલ્કલને તે પ્રેમથી ભેટી પડયા.

પ્રસન્નચંદ્રે અને સોમચંદ્રે વલ્કલને ઘણું વાર્યો છતાં પૂર્વસ્મરણો અને પોતે કરેલા દોષોને સંભારી સંભારી રડતો વલ્કલ શાંત ન થયો. તેની આંખોમાં અષાઢી આંધળા મેઘનાં તાંડવ નર્તતાં હતાં. એ અશ્રુમેઘનાં વારિથી વલ્કલના દોષો ધોવાઈ ગયા. અને—

ઊંડા અધ્યાત્મમાં પ્રવેશેલા તેના આત્માએ કૈવલ્ય પ્રાપ્ત કર્યું. તેનો કર્મમુક્ત આત્મા ભવ્ય તેજમાર્ગ બતાવી સ્વધામ પહોંચ્યો !

સોમચંદ્રે અને પ્રસન્નચંદ્રે વલ્કલના ભવ્ય આત્માને સાષ્ટાંગ અંજલિ આપી.

સાથે જ તે અશ્રુમાંથી મનુ બન્યો હતો !

★

'વાઘ' છાપ વાસણ વાપરો.

મોટાની મોટી વાતો, નાનાની નાની વાતો,
રાજાની રાણી આખું રાજ માંગે છે,
રસોડાની રાણી મારી 'વાઘ' માંગે છે.

આ વાઘ કરડતો નથી, ઘૂરકતો નથી. એ તો પનાલાલ બી. શાહના સ્ટીલના વાસણોનો માર્કો છે.

સ્ટેનલેશ સ્ટીલના વાસણ ખરીદતી વખતે યાદ રાખો—**વાઘ છાપ વાસણ**

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND P. B. SHAH BOMBAY-2

પનાલાલ બી. શાહ ૨૧, કંસારા ચાલ, મુંબઈ ૨.




FOR
THE
BEST
IN
FABRICS...

**PRINTED POPLINS**

S R M

FULL VOILES
2 x 2 BUTTA
PRINTED VOILES
DYED VOILES

DHOTIES
MULLS
LENOS
HANDKERCHIEFS

SHREE RAM MILLS LTD.
Fergusson Road, Bombay-13




ખબર નથી કે અત્યારે પંથ શી આફત ખડી છે,

ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.

દોસ્તીમાં દગો મૂકીને ચીને આપણા દેશ સામે દુશ્મનીનો દાવ ખેલ્યો. એ પ્રસંગે (૧૯૬૨) માં **મુનિરાજ શ્રી ચિત્રભાનુ**ની નિશ્રામાં, કોટ શાંતિનાથના દેરાસરના હોલમાં શેઠશ્રી **માણેકલાલ ચુનીલાલ**ના વરદ હસ્તે સંરક્ષણ ફંડમાં શ્રી **વિજયાલક્ષ્મી પંડિતને** થેલી અર્પણ કરવામાં આવી હતી. તે પ્રસંગનું એક પ્રેરક ચિત્ર. **શેઠશ્રી નવીનચંદ છગનલાલ કંપાણી** પ્રવચન કરી રહ્યા છે

## બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટના માનવંતા પેટ્રન

# શેઠશ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી

### ( જીવન ઝરમર )

ઊંચુ પડછંદ શરીર, તંદુરસ્તીના તાઝગીથી થનગનતું પ્રૌઢત્વ, ગુલાબી સ્મિત, આંખોમાં ઉમંગનું નૃત્ય. સફેદ મલમલનું બાંધી પાટલીનું ધોતીયું, ઉપર સફેદ મોટો કોટ, માથે ઊંચી પાગરની ટોપી–આવા કોઇ માણસને તમે. મુંબઇના કોઇ જૈન સ્થળો કે સમારંભોમાં જુવો તો નક્કી જાણજો કે એ તો—

**શેઠ શ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી છે.**

તો પછી આ ફોટામાં પાઘડી દેખાય છે તેનું શું ? અરે ! ભાઇ, એ જ તો તેમની વિશિષ્ટતા છે. મુંબઇમાં તેઓશ્રી ઉછર્યા છે. મુંબઇના દરિયા ડહોળ્યા છે. મુંબઇમાં પૈસા કમાવા છે અને પાણી પેઠે વાપર્યા પણ છે. મુંબઇ કોટમાં શ્રી શાંતિનાથ દેરાસરના ટ્રસ્ટી છે તો ધી બોમ્બે સ્ટોક એક્ષચેન્જના તેઓશ્રી માનનીય ડીરેકટર પણ છે. મુંબઇના એ આગેવાન, પ્રતિષ્ઠિત દાતા અને કાર્યકર છે. છતાંય મુંબઇના મોહમાં એ માંગરોળને ભૂલ્યા નથી,

માંગરોળ તો તેમનું વતન, વતનને કોણ ભૂલે ? શૈશવના સંસ્મરણો એમ કાળજેથી શાના ખસે ?

આથી જ તો તેમણે ન તો એ સંસ્મરણ ભૂલાવ્યા કે નથી એ વતનના સંસ્કાર વિસાર્યા.

હાં, તો એ પાઘડી માંગરોળની, તેમના વતનની પુનિત યાદ છે. શેઠશ્રી કંપાણીએ દેશ જરૂર બદલ્યો છે, પરંતુ વેશ નથી બદલ્યો.

**એટલે જ તો વતનને નહિ ભૂલતાં તેમની મીઠી ને યશસ્વી યાદ શ્રી માંગરોળ શ્રીમાળી સમાજ, શ્રી માંગરોળ વણિક દવાખાનું, શ્રી માંગરોળ નિરાશ્રિત ફંડ, શ્રી માંગરોળ પાંજરાપોળ, શ્રી માંગરોળ જૈન સંઘ, શ્રી માંગરોળ વણિક જ્ઞાતિ, શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભા વગેરે સાથે જોડાયેલી છે.**

આથી કોઈ રખે માની લે કે શેઠશ્રી કંપાણી માત્ર વતન પરસ્ત જ છે એવું નથી હોં. મુંબઈની અનેક સંસ્થાના તેઓ ટ્રસ્ટી, આશ્રયદાતા, પેટ્રન અને પ્રમુખ પણ છે. ઘણા જિનાલયોના ટ્રસ્ટ ફંડોના તેઓ એક અચ્છા ને વિચક્ષણ સલાહકાર પણ છે.

આમ એક બાજુ તેઓ ઉદાર દાતા છે તો બીજી બાજુ ઘણે ઓછે ઠેકાણે જોવા મળતો શ્રી, સાહિત્ય અને સંગીતનો તેમના જીવનમાં સંગમ થયેલો છે.

તેમના શ્રીના દાનની વાત તો આપણે આગળ જોઈ. હવે તેમનું સંગીત જોઈએ. તેઓ એક સારા ને સૂરીલા ગાયક પણ છે. પ્રભુ પૂજનમાં તેઓશ્રી અદકેરા ઉત્સાહથી વિવિધ રાગરાગિણીઓમાં પૂજાની ઢાળો સ્વકંઠે ગાય છે. અને પોતાના સૂરીલા કંઠથી વાતાવરણને વધુ ભક્તિભીનું બનાવે છે.

જૈન તેમજ જૈનેતર સાહિત્યના વાચનનો શોખ પણ તેઓશ્રીએ કેળવ્યો છે.

અને એ જ શોખથી 'બુદ્ધિપ્રભા' (જૈન ડાયજેસ્ટ) ના પેટ્રન સભ્ય બનીને તેઓશ્રીએ અમોને જે ઉમદા સહકાર આપ્યો છે તે માટે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

લગભગ એકસો વર્ષથી વધુ જુની એવી શેર સ્ટોક એન્ડ ફીનેન્સ બ્રોકર્સની પેઢી મે. જમનાદાસ મોરારજી એન્ડ કો. ના માલિક છે.

અમારી પ્રભોને એક જ પ્રાર્થના કે તેઓશ્રીનું જીવન વધુ ઉન્નત, ઉર્ધ્વગામી અને ઉદાર બને ! તેમજ શાસન સેવાના ઉજમાળા કાર્યો કરવાની પ્રભો ! તેમને સર્વાંગ શક્તિ બક્ષે !!

લી. તંત્રીઓ

★

## કીર્તિની માયાથી દૂર, પૂણ્ય કર્મોમાં આતૂર એવા



# શ્રી અનોપચંદ હેમચંદ ઝવેરી

બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટના પેટ્રન બન્યાં છે. તેઓશ્રીના આ પુણ્યવંતા સહકાર માટે અમો તેઓશ્રીનું હાર્દિક અભિવાદન કરીએ છીએ.

અમારો અને તેઓશ્રીનો પરિચય મહુડીમાં ઉપધાન પ્રસંગે થયેલો. પત્રની પ્રણાલિકા મુજબ અમો તેઓશ્રીનું જીવન જાણવા ને પ્રગટ કરવા માટે પ્રશ્નોત્તરી કરી. પરંતુ તે બધા જ પ્રશ્નો તેઓશ્રીએ ટાળી દીધા.

આમાં જ શું તેઓશ્રીના સ્વભાવની વિનમ્રતા અને સજ્જનતાના દર્શન થતાં નથી ?

પ્રસિદ્ધિથી દૂર રહેતા, હૈયે જિનેશ્વરની ભકિતથી ઉછળતા, પુણ્ય કર્મોમાં સદાય આગળ, સ્વભાવે નિખાલસ ને મિલનસાર તેમજ વ્યવસાયે કાપડના વેપારી એવા આ શેઠશ્રી **અનોપચંદ હેમચંદ ઝવેરીનો**, તેમના આ ઉમદા સહકાર માટે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

મહુડી ઉપધાન પ્રસંગે મહાવદ તેરસના તેઓશ્રી તરફથી કુંભ સ્થાપના તેમજ નવપદ પૂજા ભણાવવામાં આવી હતી.

**નોંધઃ**—આ ફોટો પણ અમે બીજેથી મેળવ્યો છે.

માનવ એક સામાજિક પ્રાણી છે.
પ્રાણી એટલે જાનવર.
આથી જ શું માનવી
ક્યારેક જાનવર
જેવો બનતો હશે?
તો આ જાનવરમાંથી

# માનવ ક્યારે બનશું?

**—સાધ્વીશ્રી પૂર્ણભદ્રાશ્રીજી**

એક વખત ઇશ્વરે સૃષ્ટિ બનાવવાનો વિચાર કર્યો...તેમાં પહેલાં ગધેડાને બોલાવ્યો...ઇશ્વર–અલ્યા, ગધેડા તું જગતમાં અવતાર લે!

ગધેડો–બાપજી મારે શું કરવાનું?

ઇશ્વર–ગધેડા. તારે પોઠો ઉપાડવાની. માલીકના ડફણા ખાવાના.

ત્યારે ગધેડો–બાપજી એ બધું ઠીક પણ મારે ખાવાનું શું?

ઇશ્વર–તારે લીલી લીલી ઘરો ખાવાની ને અલમસ્ત થઇ આનંદ કરવાનો?

ગધેડો–સારૂં બાપજી! પણ મારે આવું કામ કેટલા વર્ષ કરવાનું?

ઇશ્વર–ભાઇ તારા ૩૦ વર્ષ!

ગધેડો–બાપજી કંઇક ઓછું કરો. આટલા બધાં વર્ષ મારે નથી જોઇતા...

તો ઇશ્વર–જા ભાઇ બાર તારા કાયમના અને અઢાર ૧૮–તારા માફ. ગધેડો ચાલ્યો ગયો...પછી કુતરાને બોલાવ્યો.

ઇશ્વર–કુતરા તું દુનિયામાં અવતાર લે! કુતરો–સારૂં બાપજી! પણ મારે કામ શું કરવાનું? તો ઇશ્વર–તારે કુરચા લફંગાને ભસવાનું. માલિક જે આપે તે ખાઇને સંતોષ માનવાનો અને માલીકને વફાદાર રહેવાનું.

તો કુતરો–સારૂં બાપજી! પણ મારે આવું કામ કેટલા વર્ષ કરવાનું? ઇશ્વરે ચોપડો કાઢયો અને કહ્યું. ભાઇ તારા ૩૦ વર્ષ.

કુતરો–બાપજી આટલા બધા વર્ષ મારે કેવી રીતે કાઢવા. કંઇક ઓછું કરો...

ઇશ્વર–લે તારે તારા ૧૮ કાયમના ને ૧૨ માફ. પછી વાંદરાને બોલાવ્યો.

ઇશ્વર–વાંદરા તું જગતમાં અવતાર ધારણ કર...વાંદરો–સારૂં બાપજી! પણ મારે કામ શું કરવાનું?

ઇશ્વર–તારે એક એક ઝાડેથી બીજા ઝાડ ઉપર કુદાકુદ કરવાની. છોકરાંઓ તારી પુછડી તાણે. ત્યારે દાંતીયા કરવાના ને વનસ્પતી ખાવાની !...

વાંદરો–સારૂં બાપજી, પણ મારા વર્ષ કેટલા ? ઇશ્વરે ચોપડો કાઢી કહ્યું. ભાઈ અહીં તો દરેકના ૩૦ વર્ષ છે. તારા પણ ૩૦ વર્ષ...

વાંદરો–બાપજી ? આપ તો જગતના ઇશ્વર છો. તો કંઈક ઓછું કરો ?

ઇશ્વર–જા તારાં ૨૦ કાયમના અને ૧૦ માફ...વાંદરો–સારૂં બાપજી !

પછી મનુષ્યને બોલાવ્યો. ઇશ્વર–મનુષ્ય તું પણ દુનીયામાં અવતાર લે !

મનુષ્ય–બાપજી મારે શું કરવાનું ? ઇશ્વર–અરે મનુષ્ય ! તારે તો ઘણું જ કામ કરવાનું...બાલ્યવયમાં અભ્યાસ કરવાનો. પછી બૈરી પરણવી. ધન મેળવવું છોકરાં થાય તેને તૈયાર કરવાના. અને બને તેટલો પરોપકાર કરી


## બોડેલી તીર્થ

બોડેલી આસપાસ પરમાર ક્ષત્રિય ભાઈ–બહેનો બાવન (૫૨) ગામમાં આશરે ૧૦૦૦૦ (દસ હજાર માણસો જૈનધર્મ (અહિંસા ધર્મ પાલતા થયા છે તેમને જૈન ધર્મનું શિક્ષણ સુસંસ્કાર આચાર વિચાર વગેરેમાં સ્થિર કરવા પંદર ગામોમાં પાઠશાળા ચાલે છે બીજી ૨૦, પાઠશાળાની જરૂર છે. બોડેલીમાં આશ્રમ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓને ખાવા, પીવા, તથા ભણવાની સગવડતા અપાય છે.

આજુબાજુના પાંચ ગામોમાં **ઉપાશ્રય તથા દેરાસરજી થયા છે** (બીજા ત્રણ ગામોમાં થાય છે તથા દેવદર્શન પૂજાસ્નાત્ર ભાવના વગેરે ભક્તિ થાય છે. આ સુસંસ્કાર આપતું ક્ષેત્ર જોવા તથા **બોડેલી પંચ તીર્થના** દર્શન કરવા જરૂર પધારો.

આ ધર્મ પ્રચાર અને ધર્મ પ્રભાવનાના કાર્યને આપના તન મન, ધન સમર્પણ કરો અને એ ન બને તો છેવટે અમુક રકમ અવશ્ય મોકલી આપો.

લી. પરમાર ક્ષત્રીય **જૈન** ધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, **મુંબઈ—૪**

| | |
|---|---|
| મદદ મોકલવાનું ઠેકાણું: | **જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ** |
| **શેઠ વાડીલાલ રાઘવજી** | **ઈશ્વરલાલ કસ્તુરચંદ સાળવી** |
| ૬૧ તાંબાકાંટા, **મુંબઈ–૩** | **ચીમનલાલ મગનલાલ વાસણવાળા** |

**ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ શાળાની સગવડતા છે.**

મનુષ્ય જીવન સાર્થક કરવાનું...મનુષ્ય સારું બાપજી ! તો મારા વર્ષ કેટલા ?

ઇશ્વર—ભાઇ તારા પણ ત્રીસજ વર્ષ.

મનુષ્ય—બાપજી ! ૩૦ વર્ષમાં આટલું બધું કામ કેવી રીતે થાય? માટે મારા કંઇક વધારે તો સારૂં... ઇશ્વર-મનુષ્ય ! અહીં તો દરેકના ૩૦ જ છે. તો તું તૃષ્ણા છોડી દે અને જેટલા મળ્યા છે તેટલામાં સંતોષ માન.

મનુષ્ય—નહિ બાપજી ! થોડા વધારો ઇશ્વરે ચોપડો કાઢી કહ્યું કે જા મારા ચોપડામાં ગધેડાના ૧૮ વર્ષ વધારાના છે તે તને આપું છું...

મનુષ્ય—સારું બાપજી ! પણ ૩૦+૧૮=૪૮ થયાં. એટલામાં કદાચ ગૌરી પરણો કે ન પરણો. છોકરાં થયાં કે ન થયાં. માટે થોડા વધારો તો સારૂં. એટલી મારા પર દયા કરો...ઇશ્વરે ચોપડો કાઢી કહ્યું. આમાં કુતરાના ૧૨ વધારાના છે. તે તને આપ્યા...

હવે ૪૮+૧૨=૬૦ થયાં તો પણ મનુષ્યને તૃષ્ણા ઓછી થતી નથી. તેથી વળી પાછી ઇશ્વરને વિનંતિ કરવા લાગ્યો. કે હે ઇશ્વર ! તમે તો ખુબ દયાળુ છો. મને ૬૦ વર્ષમાં કદાચ છોકરાંના છોકરાનું મોઢું જોવા ન મળે. પૌત્રનું મોઢું જોવા વિના મરી જાઉં. તેના કરતાં થોડા હજુ વધારી આપો...

ઇશ્વર-મનુષ્ય ! તું લોભ છોડી દે ! છે તેમાં સંતોષ માન ! બધાંને સંતોષ થયો અને તને નથી થતો. તો પણ મનુષ્ય-બાપજી થોડું વધારો. તો ઇશ્વર—જા ભાઇ મારા ચોપડામાં વાંદરાના ૧૦ વધારાના છે તે તને આપ્યાં. એટલે ૬૦+૧૦=૭૦ થયાં... આ એક રૂપક છે.

પણ મનુષ્યનાં ૭૦ વર્ષમાં શું બન્યું ? તે ખાસ જોવાનું છે.

૩૦ વર્ષ સુધીનું જીવન તો મનુષ્ય જેવું જ હોય. અભ્યાસી જીવન એટલે સારૂં જ ગણાય.. પછીના ૧૮ વર્ષ

With Best Compliments From :
**RATANCHAND JORAJI & CO.**
Nonferrous Semi metal Merchants
Phone : 332728  Gram : SQUAREROD
Branch Office :—
1, Portuguese Church Street,
Calcutta – 1.
Phone : 334472.
219, Kika Street,
Gulalwadi,
BOMBAY – 2.

ગધેડાના છે. એટલે પૈસા કમાવા માટે ગધેડા જેવું વૈતરૂં કરે. ન્યાય ન્યાય નીતિનો ખ્યાલ ન રાખે. અનીતિનો પૈસો એકઠો કરી પાપના પોટલા બાંધે. કદાચ પુત્ર હોય ને તે કંઈ દાન પુણ્ય કરે તો બોલે છે કે અલ્યા મેં ગધેડા જેવું વૈતરૂં કરીને પૈસો ભેગો કર્યો છે. તેને તું આમ વેડફી નાંખે છે. આ કોણ બોલાવે છે પેલા ગધેડાના ૧૮ વર્ષ છે. તે બોલાવે છે.

પછી કુતરાના ૧૨ વર્ષ આવ્યાં, એટલે છોકરાંને કોઇ મહાત્માને ઉપદેશ લાગ્યો. કોઈ મહાજન ટીપ કરવા આવે. ઉપાશ્રય–દેરાસર–ધર્મશાળા–સાધર્મીક વીગેરેની ટીપમાં છોકરો સારી એવી રકમ લખાવે. ત્યારે છોકરાંઓને બોલે કે અલ્યાઓ આ પૈસો મહેનત વિના મળતો નથી. એવાં તો ઘણાંય આવશે. આટલા બધાં રૂપિયા ન લખાવાય. તું તો દેવાળું જ કાઢવાનો આમ છોકરાંને કુતરાની જેમ ભસે છે. કારણ કે આ વર્ષ કુતરાના છે...હવે પછીના ૨૦ વર્ષ વાંદરાના છે. એટલે ૬૦+૧૦=૭૦ વર્ષની ઉંમરમાં ડોસા બન્યા. ખુણામાં ખાટલો ઢાળ્યો. કંઇ ભગવાનનું સ્મરણ કરવું નથી. પડયાં પડયાં ઘરમાં કટકટ કરે. એટલે છોકરાનાં છોકરાં ડોસાની પોતડી ખેંચે. એટલે તે દાંતીયા કરે છે...કેમકે આ વર્ષ વાંદરાના છે. હવે તે વેલ બી મેન–એટલે ફરી માણસ કયારે થશે ?

(જૈન સેવકમાંથી સાભાર)


**JAYANT**

A leading name in Packaging
One of the largest Manufacturers of
Double wall heavy Duty Corrugated
Shipping Containers for Export,
Corrugated Paper Rolls, Boards
and Other Packaging Reguisites
Contact

**JAYANT PAPER BOX FACTORY**

30, Western India House,
Sir p. M. Road, Fort, **BOMBAY – 1.** ( B. R. )

—: Phones :—

| 253145 : 252478 | 55237 – 8 | 571196 |
|---|---|---|
| Office | Kurla Factory. | Andhen Factory. |

# મહાવીર જયંતિ કેવી રીતે ઉજવશો ?

## [ વેધક અને વિધાયક વિચાર વિમર્શ ]

બોરસદમાં આજથી ચાળીસ વરસ પહેલાં ઉજવાયેલ મહાવીર જયંતિ પ્રસંગે અપાયેલ એક પ્રવચનનો સંક્ષેપ.

પ્રવક્તાઃ—સ્વ. **શ્રી કીશોરલાલ ઘ. મશરૂવાળા.**

આજે આપણે બધા બોલ–વા અને લખ–વા એટલે બોલવા અને લખવાના વાયુથી પીડાઇએ છીએ. બોલવાના અને લખવાના વિવિધ પ્રસંગો આપણે શોધ્યાં જ કરીએ છીએ. જયંતિઓ ઉજવવાનો વા પણ એ વાયુનો જ એક પ્રકાર થઇ ગયો છે. ઘણીવાર આ પ્રવૃત્તિઓમાં મને કોઇપણ જાતની ગંભીર વૃત્તિનો અભાવ જણાયો છે.

જે મહાપુરુષની જયંતિ ઉજવીએ તેમના પ્રત્યેના કોઇ હૃદયના ઉમળકાથી પ્રેરાઇને અથવા તેમના જેવા થવાની તીવ્ર ઇચ્છાથી પ્રેરાઇને આપણે આ પ્રવૃત્તિ માંડતાં નથી પણ વિનોદ–મનોરંજન કરવાની ઇચ્છા જ પ્રધાન હોય છે એવું મને જણાય છે. આવી સભાઓને નિમિત્તે જ મોટા વરઘોડાઓ, સારા સારા સંવાદો, સંગીતો અને વ્યાખ્યાનો સાંભળવા મળે, એ ઘડી આનંદમાં જાય, એટલું જ ફળ મેળવવાની ઇચ્છાથી આવી પ્રવૃત્તિઓ યોજાય છે. આમાં એક છેતરામણ પણ થાય છે. સભા બોલાવનારાઓને અને સભામાં આવનારાઓને બંનેને એવો પણ ભાસ થાય છે કે આવી જયંતિ ઉજવવાથી આપણે એક મહત્વનું કામ કરીએ છીએ, અને આટોપીએ છીએ, અને એમ કરી તે મહાપુરુષની યોગ્ય કદર કરીએ છીએ.

હું બીજી રીતે ગંભીર માણસ નહિ હોઉં પણ આવા પ્રસંગો વિષે મારી વૃત્તિ અતિશય ગંભીર છે. જીવનને હું એક અતિશય ગંભીર વસ્તુ સમજું છું અને મહાવીર જેવા પુરુષો જીવનના સાચા હોવાથી એમની જયંતિની ગણના ગંભીર પ્રસંગોમાં કરું છું. મારી તુલના તમે કેટલે અંશે સમજી શકશો તે હું જાણતો નથી પણ ગાંભીર્ય એટલે શું તે તમને એક દાખલાથી સમજાવવા પ્રયત્ન કરું છું.

તમારા ઘરમાં કોઇને મોટું ઓપરેશન કરાવવું હોય તેનો તમે વિચાર કરવા બેસો ત્યારે તમારા મનની વૃત્તિ કેવી ગંભીર હોય તેનો ખ્યાલ કરો.

આ જેમ જીવનની સાથે જડાયેલી વાત છે તે જ પ્રમાણે આ મહાપુરુષો તમારા જીવન સાથે જોડાયેલા તમને લાગવા જોઇએ. જેમ આ પ્રસંગમાં તમને જીવની ચિંતા હોય છે તેમ આવી જયંતિના પ્રસંગે પણ તમને તમારા જીવની ચિંતા લાગવી જોઇએ. ફરક માત્ર એટલો જ કે પ્રથમના પ્રસંગમાં કાંઇક ગભરામણ અને ખેદ હોય તેને બદલે આ પ્રસંગમાં ઉત્સાહ અને હિંમત હોય, આ વૃત્તિને હું ગંભીર વૃત્તિ કહું છું.

જો તમે આવી ગંભીર વૃત્તિથી મહાવીર જયંતિ ઉજવો તો તેમાંથી તમને ફાયદો થશે. પ્રત્યેક જયંતિએ તમે જીવન–વિકાસના માર્ગમાં એક એક પગલું આગળ માંડો છો એમ અનુભવ થશે. પણ એમ ન હોય તો આવી જયંતિઓ ઉજવવામાં હું કોઈ જાતનો લાભ જોતો નથી.

જયંતિ ઉજવવાથી શ્રી મહાવીરની કોઇ જાતની કદર થાય છે એવો ખ્યાલ હોય તો તે ભૂલભરેલો છે. મહાવીરની કદર કરવાની કોઈ જાતની આવશ્યકતા જ નથી કારણ કે મહાવીરના જીવનની કિંમત તપે એની કદર ન કરો તેથી ઘટવાની નથી અને કદર કરવાથી એમના જીવનને વધારે ઉન્નત થવાનું લખ્યું નથી.

તમારી પોતાની ઉન્નતિને માટે જ) તમે મહાવીરના ઉપાસક છો અને તેટલા માટે (ઉન્નતિ માટે જ તમારે એમની જયંતિ ઉજવવી જોઈએ. જો જીવનને ઉન્નત કરવાની તમને તીવ્ર ઉત્કંઠા ન હોય તો જયંતિ ઉજવવાથી કોઈ હેતુ સરવાનો નથી.

આથી મારી તમને વિનંતિ છે કે તમે જો આ જયંતિ ઉજવવા ઇચ્છતા હો તો ગંભીર ભાવે જ ઉજવજો. મનોરંજનની કે તમારા પંથની વાહ વાહ કહેવડાવવાની, કે સ્વર્ગનું કે આ લોકનું કોઇ સુખ મેળવવાની તમને કંઈ આશા રહેતી હોય તો તેને છોડી દેજો અને તે આશાઓ ન છૂટે તો જયંતિ ઉજવવાનું છોડી દેજો, અને એ મનોરંજન, વાહ વાહ કે પુણ્ય બીજે કોઈ માર્ગે મેળવજો.

**(નવજીવનમાંથી સાભાર.)**

નદી અને દરીયા કિનારે કોઈક કોઈક ઠેકાણે
એક પ્રકારનો ચીકણો, ઠરેલો, કાળો કાદવ
થાય છે, તેને કાંપ કહે છે.
તેમાં ફસાયેલો માનવી
જેટલો બહાર નીકળવા
પ્રયત્ન કરે તેટલો જ
અંદર ખૂંપતો
જાય છે. એવી જ એક વાત

# પાપનો કાંપ

લે: ગોપાલદાસ પ્ર. મોદી.

મારા એક સંબંધી ઘણાં વર્ષોથી એક પ્રતિષ્ઠિત વેપારી પેઢીમાં ભાગીદાર છે. એમની પેઢીની કમાણી સારી. અને એમાં એમનો પોતાનો ભાગ પણ સારો. આમ છતાં એમની આર્થિક સ્થિતિ વરસોથી એક સરખી જ ચાલી આવે. છેલ્લાં થોડાં વરસમાં તો પેઢીએ પણ સારો એવો નફો કર્યો, પણ અન્ય ભાગીદારોની સરખામણીમાં એ ઊંચા આવ્યા નહિ.

આ સંબંધી એક વખત રસ્તામાં મળી ગયા ત્યારે મેં પૂછ્યું: 'કેમ છે આજકાલ તમારા કામધંધા?'

'કામધંધા સારા છે. કમાણી પણ સારી છે.'

'છેલ્લાં થોડા વરસ તો ઘણાં સારાં ગયાં ખરું ને?'

'ખરું.'

'તો......?'

'સમજી ગયો. તમે એમ પૂછવા માગો છો ને કે છતાં હું કેમ ઊંચો ન આવ્યો?'

'તમને માઠું ન લાગે તો...'

'તમારા માટે માઠું લગાડવાનો કોઈ પ્રશ્ન જ નથી. તમે જાણો છો કે નદી અને દરિયા કિનારે કોઈક કોઈક ઠેકાણે એક પ્રકારનો ચીકણો, ઠરેલો, કાળો કાદવ થાય છે, તેને કાંપ કહે છે?'

'હા. તે તેનું શું?'

'આ કાંપવાળી જગ્યા બહારથી તો તદ્દન નિર્દોષ અને નિરુપદ્રવી દેખાય છે, પણ ભૂલેચૂકે એમાં માણસનો પગ પડયો એટલે એ એમાં સરકવા માંડે છે. અને એની ખૂબી તો એ છે કે એમાંથી બહાર નીકળવા માટે એ જેમ જેમ અને જેટલો જેટલો પ્રયત્ન

કરે છે તેમ તેમ અને તેટલો તેટલો તે વધારે ને વધારે અંદર ઊતરતો જાય છે અને અંતે એમાં ડૂબી જઈ ગૂંગળાઈને મરી જાય છે. કોઈ સુખદ અકસ્માત કે પ્રભુની ખાસ કૃપા સિવાય એમાંથી એ ઊગરી શકતો નથી. હું આવા એક નાના પાપના કાંપમાં ખૂંપેલો છું. આમ તો મારો આખો ધંધો હું પ્રમાણિકપણે કરું છું, પણ એક નાનું એવું મૂળ એવું છે, જેમાંથી મને થોડા હરામના પૈસા મળી જાય છે. રકમ તો મોટી નથી હોતી, પણ જે સહેલાઈથી એ મળી રહે છે તેને લીધે એ છોડાતી નથી. અને એ છોડાતી નથી તેથી દર વરસે ઘરમાં માંદગી કે મારા અંગત ખાનગી ધંધામાં નુકસાની કે બીજો કોઈ એવો કુદરતી ફટકો લાગી જાય છે, ઘરની આ ચાલુ માંદગી અને અન્ય કુદરતી ફટકાનું દુઃખ ભૂલવવા માટે ખોટા મોજશોખમાં પણ ખર્ચ થઈ છે અને આમ હરામના મળેલા એ પૈસા કરતાં પંદરગણા વધુ પૈસા ચાલ્યા જાય છે. એ જાય છે એટલે વળી પેલા પૈસા લેવાની ઇચ્છા રોકી શકાતી નથી. મનમાં થાય છે કે આ પૈસા લઈશ નહિ તો પણ માંદગી કે બીજો ફટકો તો લાગવાનો જ છે, તો આટલી થોડી રકમ પણ શા માટે જતી કરવી? એ ફટકામાં એટલી થોડી રાહત તો થશે ને! ને એ પૈસા લઉં છું ને વળી ફટકો લાગે છે. આમ એ વિષચક્ર ચાલ્યા જ કરે છે. પાપના એ કાંપમાંથી બહાર નીકળવાનો જેમ જેમ પ્રયત્ન કરતો જાઉં છું તેમ તેમ તેમાં વધુ ને વધુ ખૂંપતો જાઉં છું. પાપ છોડી પણ શકાતું નથી અને ફટકો પણ લાગ્યા સિવાય નથી રહેતો! બોલો, આમાં આર્થિક રીતે હું કેમ ઊંચો આવું?"

'પ્રભુની કૃપા તમારા પર ઊતરે અને તમે એ કાંપમાંથી જલદી સહીસલામત બહાર નીકળી આવો એમ ઇચ્છું છું.' એ સિવાય બીજું તો હું એમને શું કહું?

★

Phone 332511 Gram : CARTOON

SHANTILAL & CO.

Manufacturers of :

All Kinds of Card Board and Corrugated

Boxes and Printers.

99, Banian Road, BOMBAY – 3.

## માત્ર સાધુઓ માટે

સંકલન : **ભગવાન શાહ**

# મુખડા દેખો દર્પનમેં

**માત્ર** વેષ પહેરવાથી જ સાધુઓ બની શકતા નથી. લોચ કરવાથી યા માથું મુંડાવા માત્રથી પણ કોઇ સાધુ થઈ શકે નહિ.

વેષ, આચાર અને ગુણો આ ત્રણ જેઓમાં છે તેઓ સાધુઓ કહેવાય છે.

સાધુઓનાં સદ્ગુણો જેઓમાં છે તેવા સાધુઓનું બહુમાન કરવું. સાધુઓનાં આચારનાં કેટલાક સૂત્રો અને પક્ષ બાંધવાની થોડી શકિત આવી એટલે ગામોગામ ફરીને બીજા સાધુઓની નિંદા કરવી અને પોતાનો પક્ષ વધારવો આ કંઇ ઉત્તમ સાધુઓનાં લક્ષણ નથી.

કેટલાક જૈન સાધુઓમાં હાલ ગુણાનુરાગ પ્રાયઃદોષ દૃષ્ટિરૂપ પરિણમી ગયેલો દેખાય છે તેથી જૈન સાધુઓ સાધુના આચાર પાળવા છતાં પણ પરસ્પર એક બીજાની હેલના કરી કરાવીને જૈન શાસનની હેલના કરાવે છે. કેટલાક એકાંત ક્રિયાવાદી સાધુઓમાં ક્રિયાઓની તકરારો પરસ્પર ચાલ્યા કરે છે. અને તેઓ પરસ્પર એક બીજાની અંગત ટીકા કરીને જૈનોમાં અને જૈનેતર વર્ગમાં પણ પોતાની મેળે હલકા પડે છે. કેટલાક સાધુઓમાં તેમજ શ્રાવકોમાં પોતાના પક્ષનો ઉત્કર્ષ અને બીજાના પક્ષનો અપકર્ષ કરવાની જોરશોર પ્રવૃત્તિ પ્રગટી નીકળી છે. તેથી તેઓ પરસ્પરની અંગત ટીકાઓથી નવરા થતા નથી. કેટલાક જૈન સાધુઓની સંકુચિત દૃષ્ટિના લીધે પ્રાયઃ ઘણા જૈનોમાં વિક્ષેપના વિચારોનો ફેલાવો થવાથી જૈન સંઘથી મહાન કાર્યો થઇ શકતાં નથી. કેટલાક અસંયતિ પૂજાના પ્રવર્તક ગૃહસ્થો પણ જૈનોમાં કલેશની ઉદીરણામાં ભાગ લેઇ

જણાય છે. આના પરીણામે આજ કેટલાક જૈનોમાં સાધુઓ પ્રત્યે અરૂચિભાવ દેખાવા માંડયો છે.

સાધુઓ પ્રત્યે અરૂચિભાવ વધવાથી જૈન શાસનને ધક્કો લાગે છે એ દેખાય છે. ઘણાં કબૂતરો જો કુવામાં પેસે છે તો તે કુવો બગડી જાય છે. તેમ ઘણી ઘણી ભિન્ન ભિન્ન દષ્ટિયોથી લડનારા અને એક બીજાની અદેખાઇથી જૈન સમાજમાં કલેશ કરાવનારા ઘણા સાધુઓ જો એક ગામમાં રહે છે તો તે ગામનાં લોકોમાં કલેશ, કુસંપ અને અરૂચિભાવ ફેલાવે છે. આમ ઘણા મત ભેદોના ઝઘડાઓમાંથી કોમનું અને સાધુઓનું બળ છિન્ન ભિન્ન થઇ જાય છે.

જૈન સાધુઓનું આત્મબળ છિન્ન ભિન્ન થઇ જવાથી તેઓ શ્રી મહાવીર પ્રભુની દુકાનમાં મનુષ્યોના વધારો કરી શકતાં નથી.

હે શાસન દેવતાઓ ! તમે જૈન શાસનને ખીલવો. મતભેદ, ઇર્ષ્યા, તેમજ નિંદા વગેરેથી જૈન સાધુઓને મુકત થવામાં સહાય કરો !!

—શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિજી.


શુભેચ્છા સહ

ટેલીગ્રામ : કેસુ વર્કસ  ટેલીફોન : ૨૫૧૩૦૧

**ધી કેશર સુગર વર્કસ લી.**

હેડ ઓફિસ
૪૫-૪૭ એપોલો સ્ટ્રીટ
મુંબઈ-૧

ખાંડનું કારખાનું —બહેરી (ઉત્તર પ્રદેશ)

* ઉત્તમ દાણાદાર ખાંડ
* રેકટીફાઇડ અને
* એથીલ આલ્કોહોલ
* મેથિલેટેડ સ્પિરિટ

ગોરેગામ, મુંબઇ

● ફોટોગ્રાફી અને ટ્રેઈનીંગ માટે હાઈપો
● ફોટોગ્રાફી માટે સોડા, સલ્ફાઇટ
● ટેક્ષટાઇલ તથા ટેનેરીઝ માટે સોડીયમ બાઇ સલ્ફાઇટ
● ક્રોમીક એસીડ નીકલ-સલ્ફેટ ઇલેકટ્રો પ્લેટીંગ કેમીકલ્સ
● હાઇડ્રો કવીનોન

સોડીયમ અને પોટાશિયમ મેટાબાઈ સલ્ફાઈટ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પૂછપરછ પર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

# બોધકથા

એક શેઠ હતો. તેમનું એક મંદિર હતું. મંદિરમાં એકલા સુવર્ણમાંથી બનાવેલી લક્ષ્મીનારાયણની મૂર્તિ હતી. ચાંદીના દ્વાર, સોનાનું સિંહાસન અને મોતીનું છત્ર હતું. મંદિરની રક્ષા, દેખ–રેખ અને પૂજા–પાઠ માટે તેમણે એક પૂજારી રાખ્યો હતો.

રાતની આરતીના સમયે શેઠ પોતે આવતા. આરતી બાદ ભગવાન સૂઇ જતા અને મંદિરના બારણાં સવાર સુધી બંધ થઇ જતાં. વચમાં બારણાં ખોલવા શાસ્ત્ર વિરુદ્ધ હતું.

પરંતુ મોટે ભાગે શેઠને એવી ફરિયાદો મળતી કે પૂજારી ભક્તો પાસેથી કાંઇ ને કાંઈ લઇને મંદિરના બારણાં ખોલી આપતો. પૂજારીને પૂછવામાં આવ્યું તો તે નાસુકર ગયો.

ફરિયાદ આવવાની ચાલુ જ રહી અને લક્ષ્મીનારાયણના ભક્તોમાં એની ચર્ચા પણ થવા લાગી. ત્યારે શેઠે પોતે જ તપાસ કરવાનો નિર્ણય કર્યો.

એક વાર અર્ધી રાતે તેવો વેશ બદલીને આવ્યા અને પૂજારીને બારણાં ખોલી દર્શન કરાવવા માટે આગ્રહ કર્યો. પૂજારીએ ઘણી વિનંતીઓ છતાં બારણાં ખોલવા ના પાડી.

ત્યારે શેઠે તેને એક રૂપિયાનો સિક્કો પકડાવ્યો અને તેણે શેઠને લક્ષ્મીનારાયણનાં દર્શન કરાવ્યાં.

દર્શન કર્યા બાદ શેઠે તેમનો બનાવટી વેશ ફગાવી દીધો અને પોતાના અસલ રૂપમાં આવી ગયા. પૂજારી પાસે તેમણે ખુલાસો માગ્યો ત્યારે તેણે કહ્યું:

'શેઠજી, એમાં મારો દોષ નથી. લક્ષ્મી આવે છે ત્યારે નારાયણના દ્વાર આપોઆપ જ ખુલી જાય છે.'

—લોકમાન્ય તિલક

ધી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલ પર્યુષણ વ્યાખ્યાન-માળાનું એક પ્રવચન

# ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું પ્રદાન

પ્રવકતા : શ્રી શાંતિલાલ સી. શાહ

આપણે આજના વિષય ઉપર આવીએ તે પહેલાં આપણે સર્વસામાન્ય પ્રશ્નોના વિચાર કરીએ. તેથી મુખ્ય સવાલ એ છે કે સંસ્કૃતિ એટલે શું અને સુસંસ્કૃત સમાજ કોને કહેવો? સુસંસ્કૃત માનવી કોને કહી શકાય?

જેમની વૃત્તિઓ અને ભાવનાઓ સારી હોય છે, જેમની ક્રિયા-વર્તન સારાં હોય છે અને વૃતિ અને ભાવનાઓ સારી હોવાને કારણે જેમનું શીલ સારું હોય છે એવા માણસોને આપણે સુસંસ્કૃત માણસ કહીએ છીએ. એમાં કંઇક સંસ્કૃતિનો અંશ હોય છે એમ આપણે માનીએ છીએ. એવા પુષ્કળ મનુષ્યો જો કોઇ એક સમાજ કે રાષ્ટ્રમાં હોય તો તે સમાજ અથવા રાષ્ટ્ર સુસંસ્કૃત છે એમ આપણે સામાન્ય રીતે માનીએ છીએ. એને જ આપણે સુસંસ્કૃત કહી શકીએ, જેના આચાર અને વિચારમાં મેળ હોય, એકતા હોય. આજે આપણે ઠેર ઠેર બકવાદ કે ઉચ્ચાર માત્ર જોઇએ છીએ. એ ઉચ્ચારો સાથે એમના વિચારોનો કદી પણ મેળ બેસતો આપણે જોઈ શકતા નથી. એવા મનુષ્યને આપણે સુસંસ્કૃત કહી ન શકીએ. એનો અર્થ એ જ કે જૈન તત્વજ્ઞાનની પરિભાષામાં વિચારીએ તો ફક્ત જ્ઞાન જ ન જોઇએ, પણ દર્શન અને તે જ રીતે ચારિત્ર્યની પણ આવશ્યકતા છે. બીજા શબ્દોમાં મૂકીએ તો જેને આપતી વખતે 'હું આપું છું' અને લેતી વખતે 'હું લઉં છું' એવું લાગતું નથી એવી વ્યક્તિને સુસંસ્કૃત વ્યક્તિ કહી શકાય. 'જો દેતા વહ દેવ ઔર જો રખતા વહ રાક્ષસ' એમ કહેવાય છે એનો પણ આ જ ભાવ છે.

આ પ્રકારની આપણી ભારતીય સંસ્કૃતિ છે. આ ઉદાત્ત સંસ્કૃતિનો પ્રવાહ હજારો વર્ષોથી સતત ચાલુ જ છે. આ પ્રવાહમાં કેટલીક વાર અંતરાયો પણ ઊભા થયા છે, પરંતુ આ મહાન સંસ્કૃતિનો ઓપ સામાન્યતઃ આ પ્રકારનો જ વહી રહ્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે ભારતીય

# મશીનરી

ટીનના ડબ્બા

બાલદીઓ

પીપો-ટ્રન્કો-કબાટો

તથા

તીજોરીઓ બનાવવાના

**મશીનો**

# લાકડાની મશીનરી

સોમીલો માટે

ફરનીચર માટે

રમકડાં વગેરે માટેની મશીનરી

વર્કશોપ અને ગેરેજો

માટે

# મશીનરી

## માણેકલાલ એન્ડ સન્સ

૨૭૭, નાગદેવી સ્ટ્રીટ

મુંબઈ ૩.

| Our Associate | Our Agents |
|---|---|
| **Maneklal & Sons.** | **Maneklal & Sons.** |
| (Calcutta) | 29 Thambu Chetry Street |
| **CALCUTTA 13.** | **MADRAS 1.** |

સંસ્કૃતિએ ફક્ત શારીરિક સુખોનો જ વિચાર કર્યો નથી. શરીરની સાથે સાથે નિર્મળ મનને સદાય તંદુરસ્ત રાખવાનો પણ જબરજસ્ત અને હંમેશ અનુરોધ કર્યો છે. ને એટલે જ ભારત-ભૂમિ તપોભૂમિ બની છે. ડૉ. રાધાકૃષ્ણને સાચું જ કહ્યું છે કે 'જે સમાજ કેવળ શરીર તરફ, હિચૈક સુખો તરફ વધુ ધ્યાન ન રાખતાં માનસિક તંદુરસ્તી તરફ વધુ ધ્યાન ને મહત્ત્વ આપે છે એ સમાજ સંસ્કૃત સમાજ છે. જે સમાજ માત્ર શરીરસુખોનો જ ઉપાસક છે. જીવવું એ જ જેનું ધ્યેય છે અને શારીરિક સુસ્થિતિ સિવાય જે બીજું કંઇ વિશેષ દેખતો નથી એ સમાજ સુધરેલો સમાજ છે એમ કેમ કહી શકાય? વાંદરો સિગરેટ-બીડી ફૂંકવા માંડે, સાઈકલ પર સવાર થઇ શકે કે ટાઇપિંગ કરવા માંડે તોયે વાંદરો તે વાંદરો જ રહેવાનો. સાચો સુધારો મનનો જ હોય, અને આમ મનની સુધારણા ઉપર ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષોથી ખૂબ ભાર મૂકતી આવી છે. એથી જ હજારો વર્ષોથી એનું અસ્તિત્વ ટકી રહ્યું છે. આથી ઉલટું, કેટલીક સંસ્કૃતિઓ જન્મી અને સમયાંતરે નષ્ટ થઈ ગઇ છે કે તદ્દન ભૂંસાઈ ગઇ છે. રોમ કે ગ્રીસ, એથેન્સ કે નાઇલની સંસ્કૃતિઓ નેત્રદીપક પ્રગતિ કરીને કાળના ઉદરમાં કેવી રીતે હડપ થઇ ગઇ છે એની બધાને માહિતી છે. રોમે આખું જગત જીત્યું; પણ આત્મા ગુમાવ્યો! એશઆરામમાં રોમ આળોટતું હતું. ભોગ-વિલાસ એ જ તેમના જીવનનું ધ્યેય બની બેઠું હતું. આવું આધ્યાત્મિક અંધેર ચાલવાને કારણે ધીમે ધીમે નૈતિક મૂલ્યોનો નાશ થતાં સંસ્કૃતિનું જ દેવાળું નીકળેલું! માત્ર ભારતીય સંસ્કૃતિ ટકી રહી. ભારતીય સંસ્કૃતિ સર્વસંગ્રાહક સંસ્કૃતિ છે. જાતિ અને અનેક પ્રકારની સંસ્કૃતિઓને વરેલા જુદા જુદા દેશવાસી, અનેક લોકોએ આ દેશને પોતાની ભૂમિ બનાવી; અને એમાં એકતા નિર્માણ કરી. ભારતીય સંસ્કૃતિએ આખા જગતને આદર્શ તત્ત્વો આપ્યાં. અનેક સંસ્કૃતિઓએ ભારતીય સંસ્કૃતિમાંથી કંઈક ને કંઈક મેળવ્યું. ધર્મ મેળવ્યો, સંસ્કાર અપનાવ્યાં. જગતને શાંતિ-સુલેહ અને પ્રેમ ને સહકારનાં અમર તત્ત્વો શીખવ્યાં અને એવા શાંતિ ને મંગલમય જીવનના અસ્તિત્વ માટે આખા જગતને ભારતીય સંસ્કૃતિનું હજુ ય અનુકરણ ને સ્મરણ કરવું પડે છે, ભારતીય સંસ્કૃતિની મહત્તા માટેનો આ કેટલો ઉજ્જવળ પુરાવો છે?'

આ ભારતીય સંસ્કૃતિનાં ઘડતરમાં -નિર્માણકાર્યમાં જૈન સંસ્કૃતિએ ઘણો ફાળો આપ્યો છે. આ ફાળાનો આ રીતે વિચાર કરી શકાય. (૧) ભારતીય સંસ્કૃતિના તત્વજ્ઞાનમાં જૈન સંસ્કૃતિએ

આપેલો ફાળો, (૨) જૈન સંસ્કૃતિએ સાહિત્યમાં આપેલો ફાળો, (૩) જૈન સંસ્કૃતિએ શિલ્પમાં આપેલો ફાળો, (૪) ઔદ્યોગિક પ્રગતિમાં જૈનોએ ભજવેલો ભાગ.

જૈન ધર્મે અને સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિ ને તત્વજ્ઞાનનો બહુ જ મોટો સુવર્ણ હિસ્સો આપેલ છે. અહિંસાનો સૌ પ્રથમ સિદ્ધાંત રજૂ કર્યો આ જ સંસ્કૃતિએ. આ પ્રતિપાદન સામે કદાચ એવો વાંધો ઉઠાવવામાં આવે કે 'ભાઇ, દરેક ધર્મ અહિંસાનું પાલન કરવાનું કહે છે; તેમાં વળી જૈનોએ શું નવું કર્યું? હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરે બધા ધર્મોએ અહિંસાનો પુરસ્કાર, એક યા બીજી રીતે કર્યો છે. બીજા ધર્મોએ ભલે અહિંસાનો પુરસ્કાર કર્યો હોય, પણ અહિંસાનું વ્રત દૈનંદિન જીવનમાં અને રોજના આચરણમાં મૂકનારો, કડક રીતે અહિંસાનું અને અહિંસાના પરમ ધર્મનું પાલન કરનારો બીજો કયો ધર્મ છે? મને લાગે છે કે આટલો જવાબ જૈન ધર્મમાં રહેલી અહિંસાની આચરણ–વિશિષ્ટતા દાખવવા માટે પુરતો છે. જૈનોએ અહિંસા માટે કરેલો યત્ન અજોડ છે અને આ વારસો જૈનોએ ભારતીય સંસ્કૃતિને આપ્યો છે. ભારતમાં સર્વત્ર હિંસાની પ્રબળતા હતી ત્યારે ય જૈનસંસ્કૃતિના અહિંસાપ્રચારને અને અનેક ઋષિ–મુનિઓના પ્રયાસને રોમા રોલાંએ વખાણીને કહ્યું: **The Rishis who discovered the law of non–violence in the midst of violence, really were greater geniuses than Newton they were greater warriors than Wellington. Non–violence is the law of our specios as violence is the law of brutes.'**

જે ઋષિ-મુનિઓએ હિંસાની વચ્ચે અહિંસાનો નિયમ શોધી કાઢયો તે ઋષિ–મુનિઓ ન્યુટન કરતાં પણ વધારે ઉચ્ચ કોટિના શોધકો હતા. તેઓ વેલીંગ્ટન કરતા વધારે શૂરવીર યોદ્ધાઓ હતા. જેવી રીતે હિંસા એ પશુઓનો નિયમ છે એવી રીતે અહિંસા એ માનવજાતિનો નિયમ વિશેષ છે.'

જૈનોએ શારીરિક અને માનસિક આ બંને અહિંસાઓ ઉપર ખાસ ભાર મૂકયો. મનમાંય હિંસક વૃત્તિ ન રાખતાં સભ્યતા અને વિનયથી સમાજમાં વર્તવું, વાણી–વચનમાં ય હિંસાવૃતિ ન સેવતાં પ્રતરનાં મન દુઃખી ન થાય એવી વાણી ઉચ્ચારવી—આવી જૈન ધર્મની શિખામણ છે. ભલે આપણે વ્યવહારમાં આ તત્વો પાળતાં હોઇએ કે ન હોઇએ, પણ એ ભૂલવું ન જોઇએ કે આખરે એક સંસ્કૃતિને બીજી સંસ્કૃતિએ આપેલી આ ભેટ છે; મહામૂલી ભેટ છે. સમાજમાં રહેવું હોય,

સાચું જીવન જીવવું હોય તો દરેક માણસ જાણ્યેઅજાણ્યે પણ આ માનસિક અહિંસાનો અમલ કરવો જ પડે છે. અને આખા સમાજમાં જેટલું અહિંસાનું વધુ પ્રભુત્વ તેટલા પ્રમાણમાં વિનય, સભ્યતા, અને પરસ્પરનો આત્મસાત્ કરવાની વૃત્તિ અને વાતાવરણ ફેલાતાં જાય છે. એમાંથી બંધુભાવ, વિશ્વબંધુત્વ કેળવાય છે. જીવનમાં ને એ દ્વારા સમજમાં ય અહિંસાનું પ્રમાણ વધતું રહે તેવી સતત જહેમત જૈનો કરતા રહ્યા છે. વિનોબાએ એક જગાએ કહ્યુ છે: 'એક એક ક્ષણ વડે જ રીતે કલાક, મિનિટ, દિવસ ને વર્ષો ગણાતા જાય છે. ઘડાતા જાય છે. તે રીતે આપણાં જીવનમાં દરેક ક્ષણે વ્યવહારિક જીવનના ધર્મપાલનને કારણે જ સાચું ધર્મપાલન થયું એમ કહી શકાય છે. અને સમાજ, ધર્મ ને રાષ્ટ્ર ટકાવવું હોય તો એકબીજાએ અહિંસકવૃત્તિથી જોતાં શીખવું જોઇએ.'

ભારતી સંસ્કૃતિને સમૃદ્ધ કરનારૂં બીજું તત્ત્વ છે. જૈન ધર્મનો અનેકાન્તવાદ. એનેકાંતવાદનો આ યુગમાં પુષ્કળ ઉપયોગ થતો જણાય છે. લોકશાહીના મૂળમાં જ આ અનેકાંતવાદનું તત્ત્વ સમાયેલું છે. આજે આપણે જોઈએ છીએ કે, જાહેર જીવનમાં લોકો પરમતસહિષ્ણુતા દાખવતા નથી. સામ્યવાદીઓની સભા હોય ત્યારે કોંગ્રેસ કે જનસંઘ કે બીજી કોઇ પણ પક્ષની મતપ્રણાલિ ધરાવતી વ્યકિતઓ એ સભામાં શું કહેવાયું છે. તે સાંભળવા પણ ઉત્સુક નથી હોતા. ઊલટું બને તો એ સભા ભાંગી પડે તેવી પેરવી કરવાનો પ્રયત્ન કરતાં હોય છે. અને કોઈ એક પક્ષનો વિજયકોટ હોય તેવી ગલીમાં ઇતર પક્ષની સભા ન થાય એવી પ્રવૃત્તિ પણ ઠેર ઠેર જોવાય છે. બીજાની સત્ય બાબત ગ્રહણ કરવાની, શાંતચિત્તે બીજાની ભૂમિકા—મતપ્રવાહ—જાણી લેવાની વૃત્તિ આજે ખાસ આવશ્યક છે. પરંતુ આજે આ વૃત્તિ આપણા સમાજ, રાષ્ટ્ર કે દુનિયામાં દેખાય છે. ખરી? લોકશાહીના માર્ગ તરફ આપણે આગેકુચ કરી રહ્યા છીએ, તો એની સફળતા ખાતરી આપણે વિરોધ કરતી બાજુ સમજી લેવાની વૃત્તિ રાખવી આવશ્યક છે અને એ માટે અનેકાંતવાદીવૃત્તિ ન હોય તો એ કદાપિ શકય નથી. અને આ દષ્ટિ માત્ર જૈનોએ જ ભારતીય સંસ્કૃતિને આપેલી છે. અત્યારે દેખાઇ રહેલો કુંટુંબ, સમાજ ને રાષ્ટ્ર વચ્ચેનો સંઘર્ષ ટાળવા આ દષ્ટિનો ખૂબ ઉપયોગણવો જરૂરી છે.

ત્રીજુ તત્ત્વ છે સમાનતાનું. જૈન ધર્મ સમાનતાનો અને પર્યાયે કર્મવાદનો સિદ્ધાંત ભારતની સંસ્કૃતિને આપ્યો. જન્મે કોઈ પણ વ્યકિત ઊંચ કે નીચ નથી, કોઇ પણ માનવી પોતાના પ્રયત્ન વડે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.—એવો બુદ્ધિસંગત—તર્કસંગત સિદ્ધાંત જૈન ધર્મે શિખવ્યો છે. દરેક વર્ગના કે કક્ષાના માનવીને સરખો જ સામાજિક હક્ક છે.

: WITH BEST COMPLIMENTS FROM :

## Dineshchandra Kesavalal & Co.

[Approved Government and Railways Contractors]

Copper & Brass Pipes, Sheets & direct Importers
Rods, Strips, Bronze, And NoN-Ferrous

## METAL MERCHANT

209, Kika Street
Godigis Chawl.
BOMBAY-2.

GRAM : METALRAJ
PHONE : 333205 (Office)
71236 (Resi)

## HINDUSTAN METAL MANUFACTURING CO.

**Lal Chimney Compound**
**Near Nair Hospital**
**Lamington Road (North)**
**BOMBAY- 11 (B. C.)**

એવું ભગવાન મહાવીરે ખૂબ ભાર દઈને રજૂ કર્યું હતું. એ વખતની સામાજિક રૂઢિઓને મહાવીર ભગવાને ખૂબ મોટો આંચકો આપ્યો, તે સામે બળવો પોકાર્યો એ વખતે સામાન્ય માણસને માટે સરસ્વતીનાં દ્વાર ખૂલ્લાં નહોતાં. જેમને સંસ્કૃત આવડતું તેઓ જ જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરી શકતાં એમને જ જ્ઞાનમંદિરમાં પ્રવેશવાનો હક્ક હતો. ભગવાન મહાવીરે એ વિરુદ્ધ બળવો પોકારી સમાનતાના સિદ્ધાંતની, ગમે તેટલાં નાના પાયા ઉપર પણ સામાજિક પ્રતિષ્ઠાપના કરી. અને ધર્મગ્રંથો એ વખતની લોકભાષામાં એટલે કે અર્ધમાગધી ભાષામાં રચવામાં આવ્યાં. આધ્યાત્મિક ક્ષેત્રમાં લોકશાહી સમાજવાદને મહાવીર ભગવાને પ્રવેશ કરાવ્યો અને આજ પરંપરા જૈન સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિને આપી.

ચોથું. તત્ત્વ છે. અપરિગ્રહનું. તત્ત્વને પણ રોજિંદા જીવનમાં અવકાશ આપીને જૈન ધર્મે અપરિગ્રહના શકય તેટલા આચેરણ ઉપર ભાર મૂકયો છે. જગતનાં બધા સુખદુઃખ, સર્વ યુદ્ધોનું મૂળ પરિગ્રહવૃત્તિ છે. એક વ્યક્તિને ઇચ્છા થાય છે કે ધનનો ખૂબ ખૂબ સંચય કરવો તો એક રાષ્ટ્ર એમ ઇચ્છે છે કે બીજા રાષ્ટ્રના વધારેમાં વધારે પ્રદેશનો કઇ રીતે કબજો મેળવવો. ને આ એનું પરિગ્રહવૃત્તિથી સંઘર્ષો નિર્માણ થાય છે. કુટુંબમાં વિખવાદ જોઇએ એનું કારણ પરિગ્રહવૃત્તિ છે. ને આથી જૈન ધર્મે અપરિગ્રહવૃત્તિનો આદર્શ લોક સમક્ષ રજુ કર્યો છે. એના પ્રતીકરૂપે આજે આપણા મુનિમહારાજોનું સુદર્શન થાય છે ધર્મના પ્રચારાર્થે ગામ ગામ ને હજારો માઇલ દેશ આખામાં પગપાળા વિહાર કરતા અકિંચન જૈન મુનિઓનું દર્શન થાય છે. મૂડીવાદનાં મૂળ પરિગ્રહવૃત્તિમાં જ છે. આજે ઘેર ઘેર રોગચાળા, બ્લડ પ્રેશર કે હૃદયના વિકારના રોગો પણ શા માટે જન્મે છે ? વધુ પડતી માનસિક પરિગ્રહવૃત્તિ અથવા તૃષ્ણાને કારણે જ ! પગે ચાલતાને સાઇકલ, સાઇકલવાળાને સ્કુટર ને સ્કુટરવાળાને મોટર પાર્ક કરવાની ઇચ્છા નિર્માણ થાય છે. અને એના મોહ ખાતર માનવીન જીવ બળ્યા કરતો હોય છે. એવી વૃત્તિના ત્યાગની મહત્તા કોઇ પણ વિચારક સમજી શકે એમ છે. આવો આ સિદ્ધાંત જૈન ધર્મની ભારતીય સસ્કૃતિને એક મોટી દેણ છે. જ્યારે માનવજાતિનો વિધ્વંસ થવાની સ્થિતિ ઊભી થઇ છે. ત્યારે આજના યુગમાં અપરિગ્રહવૃત્તિને સવિશેષ મહત્ત્વ આપવું ઘટે છે. 'જગડુએ આ અનાજના કોઠારમાંના કણે કણ માત્ર રંકને અર્થે જ રાખ્યા છે.' એમ કહી પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેતાં જગડુશાનો કિસ્સો આ જ અપરિગ્રહવૃત્તિનું ઉત્તમ ઉદાહરણ છે. સેંકડો સમાજોપયોગી સંસ્થાઓનો જન્મ થયો છે. અપરિગ્રહવૃત્તિમાંથી જ. સમાજ, રાષ્ટ્ર ને કુટુંબના ઉત્કર્ષ માટે આ વૃત્તિનું ઉપાસના અત્યંત આવશ્યક ગણાય છે.

પાંચમું તત્ત્વ છે ચારિત્ર્યઃ જૈન ધર્મે. ચારિત્ર્ય ઉપર ખૂબ ભાર મૂકયો છે. 'પ્રથમ કાર્ય કરી બતાવવું અને પછી જ બોલવું" આ ઉપદેશ જૈન ધર્મે સતત આપ્યો છે. ભગવાન મહાવીરના કાળમાં યજ્ઞયાગ ને પશુહિંસાનું ખૂબ જોર હતું યજ્ઞ કર્યો કે ધર્મ પુરો થયો એવી માન્યતા એ વખતે પ્રવર્તતી હતી. એનો વિરોધ કરીને મહાવીર ભગવાને કહ્યું કે, ધર્મ કંઇ યજ્ઞયાગની કર્મકાંડવિધિઓમાં નથી, પરંતુ સત્ય ને સાત્ત્વિક આચરણમાં છે.' સ્વામી દયાનંદે કહ્યું:' ગંગાનાં પાણીથી સ્વર્ગ મળી જતું હોય તો માછલાં ને દેડકાં તો કયારના સ્વર્ગમાં પહોંચી ગયા હોત, ને રાખ અને ભભૂતના લપેડા કરવાથી સ્વર્ગ મળતું હોય તો રાખમાં આળોટતા ગધેડાંઓને કયારનુંયે સ્વર્ગ મળી ગયું હોત. રોજિંદા ઉત્તમ આચરણમાં જ ખરો ધર્મ સમાયેલો છે. એમ જૈન ધર્મે કહ્યું. ધર્મ મંદિરોમાં નથી પણ પ્રત્યક્ષ આચરણમાં જ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય આ રત્નત્રયીને આગળ ધરતા જૈન તત્ત્વજ્ઞાનમાં કોઇ દંભને બીજા કોઇ ધર્મમાં વર્ણવાઇ હશે.

છઠ્ઠ તત્ત્વ છે તપશ્ચર્યા અને સમય: તપશ્ચર્યાનું અમોઘ તત્ત્વ જૈનોએ ભારતીય સંસ્કૃતિને આપ્યું. સંયમ અને તપશ્ચર્યાની પાર્શ્વભૂમિ ઉપર સમાજની રચના થાય છે. સમાજ સંયમ અને ઉપર જ ઘડાય છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ' એમ જે કહેવાય છે તે આ સંયમની ભૂમિકા લક્ષમાં રાખીને જ ઉપવાસ કરીને શરીરને તપ અને કષ્ટની ખડતલ ટેવ પાડવાનું, સંયમની કેળવણી આપવાનું ઉત્તમ શોધન જૈન ધર્મે કર્યું છે. ઉપવાસને નામે બમણું ખાવાનો આદર્શ જૈન ધર્મે નથી આપ્યો. ઉપવાસ એ શરીરશુદ્ધિ ને ચિત્તશુદ્ધિ માટે અત્યંત આવશ્યક છે. એવું જૈન ધર્મનું કહેવું છે. સાને ગુરુજીએ સાચું જ કહ્યું છે. 'વરાળને બંધનમાં રખાય છે તેથી આગગાડી ચાલે છે, તારોને બંધનમાં રખાય છે. તેથી જ સુમધુર સંગીત નિર્માણ થાય છે. નદી સંયમથી વહે છે તેથી જ લાખો એકર જમીનનું સિંચન થઇ શકે છે.' સંયમનું મહત્ત્વ ગાંધીજી કે લેનિનને તો ખબર ન હોત તો તેઓ કદાપિ આટલું જીવ્યા ન હોત અને આટલું કામ કરી શકયા ન હોત ! સંયમી માણસ ખૂબ કામ કરી શકે છે. ભોગ આરોગતી વખતે હસતો અને ભોગ આરોગાઇ રહ્યા પછી રડતો એવો આ માનવી– સમાજ છે. સંયમ વડે જીવનને દિવ્યતા પ્રાપ્ત થાય છે. આ તપસ્યા અને સંયમનો દિવ્ય વારસો જૈન સંસ્કૃતિએ આપ્યો.

આમ જૈન સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિને અહિંસા, અનેકાંતવાદ, સમાનતા, અપરિગ્રહ, ચારિત્ર્ય, તપશ્ચર્યા ને

સંયમ જેવાં મહાન તત્ત્વોને એક ચોક્કસ વિચારસરણીમાં ગુંથીને તેની બક્ષીસ આપી છે. આ ઉપરાંત સાહિત્ય, શિલ્પ, ભારતનો આર્થિક ને સાંસ્કૃતિક વિકાસમાં જૈનોએ આપેલો પોતાની શકિતનો હિસ્સો પણ ધ્યાનમાં લેવા જેવો છે.

(૨) **સાહિત્ય:** સાહિત્યક્ષેત્રમાં જૈનોનો ફાળો નાનોસૂનો નથી. ભારતની તમામ ભાષાઓમાં એક યા અનેક જૈન સાહિત્યિકોએ પોતાનું આગવું સ્થાન નિર્માણ કર્યું છે. ગુજરાતીનું ભાષા-સાહિત્ય જૈનોની પરિશ્રમ-શીલતાને આભારી છે. અનેક ગુજરાતી સાહિત્યકોએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે ને કરી રહ્યા છે. કાનડી ભાષાનું વ્યાકરણ પ્રથમ જૈનોએ જ તૈયાર કર્યું છે. કાનડી ભાષામાં જે ૬૦ ઉત્તમ કવિઓ ગણાય છે તેમાંનો મોટો ભાગ તો જૈનો જ છે. તામિલ ભાષાનાં પંચ-કાવ્યો ને અણુકાવ્યો પણ જૈનોએ જ સર્જ્યાં છે. પુરાણો, ચરિત્રો, કથાપ્રબંધ, નિબંધકાવ્ય, મહાકાવ્ય, ગદ્ય-કાવ્યો, નાટકો વગેરે અનેક વાઙ્મય પ્રકારોમાં જૈનોએ ઠીક ઠીક ઉમેરો કર્યો છે, અને તે તે ભાષામાં પોતાનું વિશિષ્ઠ સ્થાન કોરી કાઢયું છે.

આ સિવાય તર્કશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, છંદ, વ્યાકરણ, શબ્દશાસ્ત્ર, ગણિત, વૈદક, ભૂગોળ, અર્થશાસ્ત્રોમાં પણ અનેક સારાં સારાં સિદ્ધાંત-ઉપસિદ્ધાંતની સંશોધનપૂર્ણ નિર્મિતિ જૈનોએ કરી છે અને એમાંય એક બાબત ઉપર એમણે હંમેશ ધ્યાન આપ્યું છે કે આ બધાં તત્ત્વો ને સિદ્ધાંતો સામાન્ય માણસને સમજાય એ શૈલીમાં લખાવાં જોઇએ પ્રોફેસર બુલરે કહ્યું છે.

Jains have accomplished so much important in Grammer, Astronomy that they have won respect even from their enemies and some of their works are still of importauce European to science. the Kanarese literary language and the tamil and telugu rest on the foundations laid by Jain monks.'

'જૈનોએ વ્યાકરણ તથા ખગોળના ક્ષેત્રમાં એટલું બધું મહત્ત્વનું કાર્ય કર્યું છે કે તેમના પ્રતિપક્ષીઓ પણ તેમના વિષે આદરથી જોતા રહ્યા છે. કેટલીક કૃતિઓ યુરોપના વૈજ્ઞાનિકોને પણ હજુ ખૂબ ઉપયોગી માલુમ પડી છે. કનડી ભાષાસાહિત્ય અને તામિલ તથા તેલુગુ જૈન સાધુઓએ નાખેલા પાયા ઉપર ઊભેલી છે.'

આ પરિચ્છેદ પરથી આપણને ચોક્કસ ખ્યાલ આવે છે કે જૈનોએ સાહિત્યમાં વૈભવનો ઘણો ઉમેરો કર્યો છે.

(૩) **શિલ્પ:** ભારતીય શિલ્પસ્થાપત્યના ક્ષેત્રમાં જૈનોને અસાધારણ

Cable : AJWAN. Phones : 326764, 324167, 324168, 326696, 73620.

**SHAH MOTEEJEE MEGHAEE,**

EXPORTERS, IMPORTERS, WHOLESALERS, STOCKISTS, Mine owners COMMISSION AGENTS.

98, KHAND BAZAR, MANDVI, BOMBAY-3.

Head Office :
BHAWANI PETH,
POONA-2.
Phone : 23635 & 23962.
Gram : JAGGERY.

Branch :
BARAMATI (Poona).
Phone : 12
Gram : MOME

**: EXPORTERS OF :**

INDIAN GENERAL PRODUCE, Viz : Oils, oil seeds, oil Cakes, Jaggery, Sugar, Karaya-gums, Guar gam, Turmeric, Tamarind, Spices, Spices seeds specially Dill seeds celery seed, Gummin Seed, Fennel seed, Fenugreek seed, Tapioca meal, soapstone Lumps, TALC Powder, Barytes Lumps & Powder, Onions, Iron & steel scrap all sorts.

**IMPORTERS OF**

Spices. Chemicals & Fertilisers

Manufacturers of

'MOME' Brand Manure Mixtures of various types Aplicable to various crops.

and

'MOME BRAND' SUPERFINE TALC POWDER.

Stockists of : Sugar : M/s bhaltan sugar works Ltd.
Superphosphate : M/s west India chemicals (p) Ltd.

And

shah Moteejee Meghajee.
(seed Dept) Bombay.

રૂપો છે. આબુ, રાણકપુર, ગોમટેશ્વર જેવાં સ્થાનમાં શિલ્પનિર્માણ ખરેખર મોહક ને આશ્ચર્ય પમાડે તેવાં છે. જ્યારે કોઇ અવરજવરનાં સાધનો ઉપલબ્ધ નહોતાં ત્યારે હજારો ફૂટ ઊંચે આવાં, કળાકારીગીરીના અદ્દભૂત નમુનાઓ નિર્માણ કરવા એ સાચે જ અત્યંત નેત્રદીપક પ્રગતિ ગણાય. જૈન મંદિરમાં સ્વચ્છતાનું અદ્દભૂત દર્શન થાય છે. એમનાં કોઇ પણ મંદિરમાં જાઓ તો તેની સ્વચ્છતા તમારૂં એકદમ ધ્યાન ખેંચશે. એથી પ્રસન્ન વાતાવરણનો અનુભવ થાય છે જે આત્માને મંગલ વાતાવરણ તરફ જવા પ્રેરે છે.

**(૪) આર્થિક પ્રગતિને અપાતી જૈનોનો સહાય**: ભારતમાં ઠેર ઠેર જૈનો વિખેરાયેલા છે. એમનો મુખ્ય વ્યવસાય ઉદ્યોગ ને વેપાર છે. ભારતના ઔદ્યોગિક વિકાસકાર્યને જૈનોએ ખૂબ સહાય કરી છે. અનેક રથી—મહારથીઓ ઉદ્યોગ ધંધાના કુશળ નેતાઓ છે. વળી જૈનોમાં ગુનેગારોનું પ્રમાણ નહીંવત્ છે. અને તેનું કારણ જૈન સંસ્કૃતિના બાળમાનસ પર તદ્દન પ્રારંભથી પડતા ઉત્તમ સંસ્કાર જ છે. વળી અન્ય સંસ્કૃતિ સાથે સંઘર્ષ ઊભો કરવાનું જૈન સંસ્કૃતિની પ્રકૃતિમાં નથી. જૈનો તો જ્યાં જાય ત્યાં એ સંસ્કૃતિમાં સમર્પણ કરી દેવાની વૃત્તિ સેવે છે. મહારાષ્ટ્રમાં આજે કેટલાય ગુજરાતીઓ 'ગુજરાથી' બની ગયા છે ને ત્યાંની સંસ્કૃતિ સાથે પુરૂં તાદાત્મ્ય અનુભવે છે.

આમ, જૈન સંસ્કૃતિ વડે નવપલ્લવિત બનેલી ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ વર્ણવતાં સાને ગુરૂજીએ પોતાના 'ભારતીય સંસ્કૃતિગ્રંથમાં આ રીતે કહ્યું છે. 'ભારતીય સંસ્કૃતિ એટલે સહાનુભૂતિ, ભારતીય સંસ્કૃતિ એટલે વિશાલતા, ભારતિય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. દુનિયામાં જે સુંદર શિવ અને સત્ય દેખાય તેનું ગ્રહણ કરીને, આત્મસાત્ કરીને આગળ ને આગળ ધપતી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એટલે સુમેળ, સર્વ ધર્મોનો સુમેળ. સર્વ જ્ઞાતિ, જ્ઞાનવિજ્ઞાન અને સર્વકાળનો મેળ! સર્વ માનવજાતિના સમુદાયને માંગલ્ય તરફ લઇ જતી આ ભારતીય સંસ્કૃતિનો ઉપાસક મને થવા દો અનેક જન્મ સુધી!'

આપણી પણ આવી જ પ્રાર્થના હો!'

**(પ્રબુદ્ધ જીવનમાંથી સાભાર**

# રેલવે અકસ્માતમાં ત્રણ ત્રણ દીકરીઓની લાશ જોઈ ગાંડી બનેલી વિધવા માના પુત્ર બનીને રહેતા એક અભણ એન્જીન ડ્રાઈવરની કરૂણ કથા

# ઇશ્વરીયો


:લેખિકા :

કુ. ઉષા દેશાઈ


ધોમધખતો ઉનાળો હતો. સૂર્યદેવે તપવામાં માઝા મૂકી દીધી હતી. કોઈક સહનશીલ આર્ય સન્નારીની પેઠે ધરતી તો મૂંગે મોંએ રોષભર્યાં સૂર્યકિરણોને પોતાનામાં સમાવી લેતી હોવા છતાં એની વેદના કોઈ કોઈ સ્થળે મૃગજળનાં આંસુરૂપે દેખાઈ આવતી હતી. પક્ષીઓ પણ ગરમીથી થાકી જઈને મોં ઊઘાડાં રાખી હાંફતાં હાંફતાં વૃક્ષોમાં આશરો લઈને બેઠાં હતાં. ખેતરો પણ સૂકાં અને વેરાન લાગતાં હતાં.

ભરબપોરે આવા વાતાવરણમાંથી પસાર થતી ટ્રેનમાં લોકોને ગરમ ફૂંકતો પવન વધુ અકળાવી મૂકતો હતો. કેટલાકે કાને રૂમાલ બાંધ્યો હતો તો કેટલાકે આંખે કાળાં ચશ્મા ચઢાવી દીધાં હતાં. કેટલાક વળી માથે ભીનો રૂમાલ રાખીને બેઠા હતા. ડબ્બાની ઘણી ખરી બારીઓ બે—એક સિવાય બંધ હતી. લગનસરા હોવાથી ભરઉનાળે યે લોકો મુસાફરી કરતા હતા.

એ જ પાટા પરથી પસાર થયેલી રાતની ટ્રેન વખતે વાતાવરણ વળી જુદું હતું. બપોરે તપેલા ટ્રેનના પાટા ઠંડા પડતા જતા હતા. વાતાવરણ ધીમે ધીમે ઠંડું થતું જતું હતું. ગરમી હોવા છતાં ચાલુ ટ્રેનમાં તો પવનની લહરીઓ આવતી હતી અને કોઈને એ ઊંઘાડી દેતી તો કોઈને ઝોકું ખવડાવતી તો કોઈને નિંદર માટે લલચાવતી હતી. ચન્દ્રનાં ધવલ કિરણો ધરતીએ દિવસે વેઠેલી વેદનાને ભૂલાવવાને યત્ન કરતાં હોય તેમ મોકળે મને શીતળતા અને સૌન્દર્ય વરસાવી રહ્યાં હતાં. તારા યે ટમટમતા હતા, પણ ચન્દ્ર અને તેની ચાંદની આગળ તેમની કિંમત ઓછી લાગતી હતી. વૃક્ષો દેખાતાં હતાં પણ જાણે એ સૌ ઊંઘી ગયાં હોય એમ લાગતું હતું.

ગાડી ચિક્કાર હતી. લગનસરા હોવાથી નવયુગલોની સારી સરખી

સંખ્યાને લઈને એ જતી હતી. કેટલી ય જાનોને યથાસ્થાને પહોંચાડવાની જવાબદારી જાણે એ ટ્રેને લીધી હતી. એ ફરજ હોંશભેર અદા કરવા એ ટ્રેન દોડી રહી હતી !

ટ્રેનમાં વૃદ્ધો, યુવાનો, પ્રૌઢો તેમ જ સાજાં અને માંદાં, આશા અને નિરાશાભર્યાં અનેક નરનારીઓ હતાં. નાનાં ભૂલકાંઓ પણ હતાં, જે પોતાની માના ખોળામાં, પડખામાં કે ખભા ઉપર ઊંઘી રહ્યાં હતાં. કેટલાક સુખદુઃખની વાતો કરતા હતા, થોડાક બેસવાની જગ્યા માટે લડતા હતા, જ્યારે કેટલાક ઊભા રહેલાઓ નિરાંતે બેસીને મુસાફરી કરનારાઓ તરફ ઈર્ષાની નજરે જોઈ રહ્યા હતા.

એક મુસાફરે નિરાંતે બેઠેલા એક ભાઈને કહ્યું: 'થોડાક ખસતા બેસો.'

'ક્યાંથી ખસતા બેસે ? જોતા નથી, પગ રાખવાનીય જગ્યા નથી તે ?' તેણે જવાબ વાળ્યો.

બીજા એક મુસાફરે કહ્યું: 'આ ઝોળી હેઠે મેલો એટલે જગ્યા થશે.'

'તે તમને બહુ દયા આવતી હોય તો તમારી જગ્યા આપો ને ?'

એટલામાં તો આવા ખીચોખીચ ભરેલા ડબ્બામાં હાથમાં તાળું દીધેલી પેટી લઈને દાખલ થયેલા એક સેવાભાવીએ લલકારવા માંડ્યું: 'અપંગ મૂંગી ગાયોને માટે યથાશક્તિ આપો. છે કોઈ દાનેશ્વરી ભાઈબહેનો ?'

અને બેએક દાનેશ્વરી નીકળી પણ આવ્યા.

આ અવાજથી ઊંઘમાંથી જાગી ઊઠેલું એક બાળક બોલી ઊઠ્યું. 'મા ! પાણી !'

તેની માને લગનના થાકને લીધે સ્હેજ ઝોકું આવી ગયું હતું. એટલે પાસે બેઠેલી નવોઢા બોલી ઊઠી : 'આપું હો. આપું' અને પછી તેણે સીટ નીચેથી પાણીનો કુંજો શોધવા હાથ નાંખ્યો. સામાન એટલો બધો હતો કે કુંજાનો શોધવા જતાં તેનો હાથ પાટલી સાથે અથડાયો અને બંગડી નંદવાઈ ગઈ. તે મનમાં વહેમાઈ. પાણી કાઢતાં કાઢતાં એ વહેમના વમળમાં અટવાવા માંડી.

ત્યાં તો 'ખ...ચ....ક' દઈને કશોક અવાજ આવ્યો. ફરીને કંઈ તૂટી પડયું હોય તેમ 'ક....ટ...ક' દઈને બીજો અવાજ આવ્યો અને ત્રીજા અવાજ સાથે તો ડબ્બો પાટા ઉપરથી ઉતરી પડયો. તેની સાથે સાથે બીજા પણ ત્રણ ડબ્બાઓ ઘસડાઈને પાટા ઉપરથી દૂર ફેંકાઈ ગયા ! ડબ્બામાંના કેટલાક ઉપરનાં પાટિયાં પરથી નીચે ગબડી પડયા, નીચેનાં પાટિયાંના મુસાફરો ઉપર સરસામાન, પેટી, બિસ્તરા, માણસો બધું ક...ડ....ડ...ભૂ....સ કરતું પડયું અને એ ભાર નીચે સૌ દટાઈ ગયાં ! ઘણાખરાંએ છેલ્લો શ્વાસ લઈ લીધો ! કેટલાંક છેલ્લો શ્વાસ લઈ રહ્યાં હતાં. કોઈ કોઈ 'પાણી ! પાણી !' ની તો કોઈ

કોઇ 'મદદે આવો! મદદે આવો!'ની બૂમો પાડતાં હતાં. લોહીની નીકો વહી જતી ધરતીમાં સમાઈ ગઈ! કાટમાળ નીચે દટાઇ ગયેલા મૃત દેહોને બહાર કાઢવાનું કામ તો મદદ આવ્યા સિવાય થઇ શકે એમ નહોતું.

હાહાકાર મચી ગયો! દોડમદોડ; રોકકળ અને ચીસાચીસથી વાતાવરણ ગાજી ઊઠયું. કેટલાક હેબતાઇ ગયા તો કેટલાકની બુદ્ધિ બહેર મારી ગઇ હોય એમ સુનમુન થઇ ગયા. કેટલાક મુશ્કેલીમાં મૂકાયેલાઓને મદદ કરવા લાગી ગયા. ઇજા પામેલાઓને કોઇ પંખો નાખતું હતું તો કોઈ પાણી પાતું હતું તો કોઈ વળી હાથ ફેરવીને મૌન આશ્વાસન આપતું હતું.

કોઈએ ભાઇ ગુમાવ્યો હતો. કોઇએ બેન ગુમાવી હતી તો કોઇએ એકનો એક પોતાનો લાડકવાયો ગુમાવ્યો હતો! પેલી નંદવાયેલી બંગડીએ એમનો પંથ નંદવી નાખ્યો અને એ નવવધુ અને તેનો પતિ સાથે જ સ્વર્ગે સંચર્યાં! એમના જીવન કરતાં વધુ ભવ્ય એમનું મૃત્યુ હતું!

માનવ-પ્રવાસીઓની સાથે થોડાક દાનવ-પ્રવાસીઓ પણ હતા. આ તકનો લાભ લઈને તેઓ જેટલું મળે તેટલું મેળવવામાં લાગી ગયા. મૃત શરીરો પરથી તેમણે કાંડા-ઘડિયાળો ઊતારી લીધી! કોઇએ સોનાનાં બટન કાઢી લીધાં તો કોઇએ પેન સરકાવી! એક નરપિશાચે તો પેલા નિર્દોષ બાળકના શરીર પરનું માદળિયું અને કંદોરો ઊતારી લીધાં! એક નરરાક્ષસે તો એથીય આગળ વધીને મિંઢોળ બાંધેલી એક યુવાન તરુણીના હાથનાં ખડક અને વીંટી ખેંચી લીધાં! શરૂઆતની પાંચ-સાત મિનિટનો લાભ આવા દાનવોએ લઇ લીધો. મૃત દેહ ઉપરથી આમ વસ્તુઓ ઊતારી લેવા કરતાં બીજી વધુ દાનવતા કઈ હોઇ શકે?

એક મરેલા કુતરા પાસે જો બીજું કુતરું અચાનક આવી ચઢે તો તે તેના દેહને સુંઘશે, તેને છેલ્લું ચુંબન આપશે અને તેની પરકમ્મા કરશે. બીજું કોઈ પાસે આવેને એ મૃત દેહને ખેંચી ન જાય તેની તકેદારી રાખશે. પણ અહીં તો માનવી, પશુ કરતાં પણ અધમ બન્યો હતો. ત્યાં પશુ માનવ બને છે, અહીં માનવ પશુ બને છે!

છેલ્લી પાંચ-સાત મિનિટમાં તો આખું વાતાવરણ જ જાણે પલટાઈ ગયું. આ અકસ્માતમાં એન્જીન તો સહી. સલામત રીતે પાટા પરથી પસાર થઈ ગયું હતું, પણ પાછળના ડબ્બાઓ ઊથલી પડયા હતા. જાતજાતની વાતો વહેતી થઇ. કોઇ ડ્રાઇવરનો, કોઈ સાંધાવાળાનો તો કોઇ સ્ટેશન માસ્તરનો વાંક કાઢતું. કોઈ વળી કહેતું: 'ડ્રાઈવર હોશિયાર. એણે સમયસૂચકતાથી 'બ્રેક' મારી ન હોત તો હજી મોટી ખુવારી થાત.'

ડ્રાઇવરે તો એન્જીનને ઊભું રાખ્યા

> દાન એ પરિગ્રહનો પશ્ચાતાપ છે. તેમાં અભિમાન લેવા જેવું નથી.
> —વિનોબા

દીધું હતું. પોતે પણ લોથ થઈને એન્જિનની પાસે બેસી ગયો હતો. અકસ્માત થયો ત્યારે એ પોતે ગાડી ચલાવી રહ્યો હતો એટલે તેની જવાબદારી મોટી હતી. એની સાથેના ફરજ પરના માણસોએ તેને ઊભો થવા કહ્યું, પણ તેણે કશો જવાબ વાળ્યો નહિ. તેના એક સાથીદારે આવી તેને બાથમાં લીધો તો પણ તે મૂઢ જેવો જ બેસી રહ્યો—હલ્યોચાલ્યો નહિ. જાણે જીવતું મૂડદું!

એ સાથીદાર પછી એને માટે પાણીનો પ્યાલો લઈ આવ્યો ને 'લે આ પાણી તો પી લે!' કહીને પ્યાલો તેના હોઠ નજીક આણ્યો. પણ ડ્રાઇવરના હોઠ સખત બીડાઈ ગયા, પાણી પીવા માટે ઊઘડી જ ન શક્યા. તેની છાતી અને તેના મગજ ઉપરનો ભાર એટલો બધો વધી ગયો કે તેણે પોક મૂકીને રડવું શરૂ કર્યું અને ધ્રુસકે ધ્રુસકે રડ્યો! તેના સાથીદારે કહ્યું: 'આમાં તારો ક્યાં વાંક છે? નકામો તું શા માટે તારે માથે ઓઢી લે છે?' છતાં એનાં આંસુ અટક્યાં નહિ.

એન્જિન ડ્રાઈવરના કપડાં મેલાં હતાં અને સાવ ચોળાઈ ગયાં હતાં. વાળની લટો કપાળ ઉપર આવી ગઈ હતી. 'સાઈ! સાઈ! મારો ખભો પકડી લ્યો.' કહીને ડ્રાઇવરે એ બાઈનો હાથ પકડીને પોતાને ખભે મૂકવાનો પ્રયત્ન કર્યો કે તરત જ તેને એક બીજો વધુ ઉગ્ર તમાચો પડ્યો!

ડ્રાઇવરના હાથ હેઠા પડ્યા!

એ પછી એ બાઈ ક્યાં ગઈ, એનું શું થયું એ વાત વિસરાઈ ગઈ.

એક દિવસ ગાંડાની ઈસ્પીતાલમાં દાક્તર તરીકે કામ કરતા મારા એક પિતરાઈ ભાઈને મળવા જવાનું થયું ત્યારે મારે કાને એક અવાજ પડ્યો: 'ઇશ્વરીયા! મારી પાસે આવ! તને ટીપી નાખું!' એ અવાજ પહેલાં મેં ક્યારેક સાંભળ્યો હોય એવું લાગ્યું. વર્ષો પહેલાંની વાત સ્મૃતિમાંથી વિસરાઈ ગઈ હતી એટલે સહજમાં અને એ જ શબ્દો કાને પડ્યા ત્યારે વર્ષો પહેલાંનો પેલો અકસ્માત ને એ અકસ્માતમાં પોતાના ત્રણે દીકરાઓ ગુમાવનાર પેલી વિધવા બાઈ યાદ આવી. મેં એના વિશે જાણવા દાક્તરને પૂછ્યું: 'એ બાઈનું કોઈ સગું છે ખરું?'

મારા પિતરાઈ ભાઈએ કહ્યું કે 'એ તો ખબર નથી. દર મહિનાની પહેલી તારીખે લગભગ પાંસેઠ વર્ષની ઉંમરનો એક વૃદ્ધ આવે છે. અને એક પરબીડિયામાં એના નીભાવ માટેની રકમ આપી જાય છે.'

સંજોગવશાત્ બીજે દહાડે જ પહેલી તારીખ આવતી હતી. તે દહાડે બપોરે ચાર વાગ્યે એક વૃદ્ધ મારા પિતરાઈ

ભાઈ પાસે આવ્યો. તેણે મારી સામે જોયું. મેં જોયું તો એનો ચહેરો પરિચિત લાગ્યો. દશ વર્ષ પહેલાં જોયેલો એ ચહેરો જો કે કંઈક બદલાઇ ગયો હતો છતાં મને ઓળખતા વાર ન લાગી. તેના મોં પર કરચલીઓ વળી ગઇ હતી ને તેના વાળ ધોળા થઇ ગયા હતા. આગળના થોડા દાંત પડી ગયા હતા, ખમીસ કરતાં ધોતિયું થોડું મેલું લાગતું હતું. ખમીસ ઉજળું હતું. તેના પર બેત્રણ જગ્યાએ થીગડાં મારેલાં હતાં. પગમાં જૂના ચંપલ હતા. આર્થિક રીતે એ ગરીબ લાગતો હતો.

એ વૃદ્ધે આવી દાક્તરને સલામ કરી. પછી પોતાના ખમીસનાં બે બટન ખોલ્યાં. અંદર બંડી પહેરી હતી તેમાં હાથ નાંખીને એક પરબીડિયું બહાર કાઢયું અને દાક્તરનાં હાથમાં એ મૂકતા તેણે ધીરે અવાજે પૂછયું: કેમ છે, સાહેબ! કંઇ ફેર લાગે છે.?'

> એ દાન દેવામાં જરાય પુણ્ય નથી કે જેમાં દાનની જાહેરાત હોય. —મસલીમ

'એમને એમ જ છે.' દાક્તરે કહ્યું.

'ઠીક.' કહી તેણે ધીમે ડગલાં ભરી, લાકડીનો ટેકો લઇ ચાલવા માંડયું.

એ પેલો જ એન્જીન ડ્રાઇવર હતો, જેને એ વિધવા બાઇએ તમાચો માર્યો હતો! પણ એ જાણે પોતે બાઇનો મોટો દીકરો હોય એ રીતે દર મહિનાની પહેલી તારીખે હોસ્પીતાલમાં રકમ પહોંચાડતો હતો! વર્ષો પહેલાંની એ અસ્થિરતા ઉપર વૃદ્ધે વિજય મેળવ્યો હોય એવું મને લાગ્યું. મને લાગ્યું કે એ માનવી જીવનમાં પરાજય પામેલો કોઇ માનવી નહોતો, પણ આ પૃથ્વી ઉપર ક્વચ્ચે જ ફરવા નીકળતી એ તો માનવતા હતી!

※

ગેરન્ટીડ ચરબી રહિત સર્વોત્તમ સાબુ માટે
ટીનોપોલ મિશ્રિત ☆ પરપ સુપર ફાઇન
નાઇલોન સલી ચુરો ☆ તથા સ્પેશ્યલ-બારસોપ
ન્યુ હીરા સોપ વર્કસ
હાથીબાગ, લવલેન, મઝગાંવ
મુંબઇ નં. ૧૦ ટેલિફોન નં. ૭૬૪૦

વાંચો વંચાવો વસાવો

## રમ્ય ચિત્રોનાં સંપુટ

નમસ્કાર સ્વાધ્યાય
(પ્રાકૃત)
પાંચ રૂપિયા

નમસ્કાર સ્વાધ્યાય
(સંસ્કૃત)
પાંચ રૂપિય

શ્રી નમસ્કાર મહામંત્રની
તમામ માહિતીથી ભરપૂર

નમસ્કાર સ્વાધ્યાય
(સચિત્ર)
પંદર રૂપિયા

૨૨ ચિત્રો ગુજરાતી
અનુવાદ સાથે

ધ્યાન વિષયની
અણમોલ કૃતિ

તત્ત્વાનુસાશન
(ગુજરાતી અનુવાદ)
એક રૂપિયો

યોગ વિષયની
અનુપમ કૃતિ

યોગ પ્રદીપ
(ગુજરાતી અનુવાદ)
દોઢ રૂપિયો

A COMPERETIVE

STUDY OF

# THE

# JAINT HEORIES

અંગ્રેજી ભાષામાં લખાયેલો
જૈન સિદ્ધાંતોનું વિવેચન કરતો અદ્દભુત ગ્રંથ
પંદર રૂપિયા.

ત્રિરંગી ચિત્ર
આર્ટ પેપર પર પ્રગટ

ઋષિ મંડલ યંત્ર
એક રૂપિયો

સમર્થ યાંત્રિક આ. પુરંદર
સિંહ તિલક સૂરિની અપ્રગટ
કૃતિ ।

ઋષિ મંડલ સ્તવ યંત્રાલેખન
ગુજરાતી અનુવાદ
ત્રણ રૂપિયા

છ દર્શનોનું
સંક્ષેપ વિવેચન

સર્વ સિદ્ધાંત પ્રવેશક
એક રૂપિયો

જિનાભિષેક
બે રૂપિયા

અપ્રગટ
ગુજરાતી અનુવાદ અને
વિસ્તૃત પ્રસ્તાવના

લખો યા મળો:

## જૈન સાહિત્ય વિકાસ મંડળ

૧૧૨, સ્વામ વિવેકાનંદ રોડ, વિલેપાર્લા (પાર્લા) મુંબઇ ૫૬ (AS)

વીર સં. ૨૪૫૦માં શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી યોજાયેલ નિબંધ હરીફાઇના—વિજેતા નિબંધ.

# ભગવાન મહાવીર અને

તુલનાત્મક વિવેચન

શ્રી મહાવીર કે શ્રી બુદ્ધ રસ્તામાં કે ગિરિશિખરો પર નથી પાકતાં કે નથી મળતાં.

તેઓ સંસારમાં જ પાકે છે અને સંસારમાં જ મળે છે.

પરંતુ એ અમોઘ શક્તિના ફુવારા તો સેંકડો વર્ષોએ-યુગે યુગે છુટે છે.

અને તે પણ જે યુગની પ્રજાનું સદ્‌ભાગ્ય હોય તેને માટે જ.

—શ્રી હરગોવિંદ કાનજી ભટ્ટ

(આ જ લેખમાંથી)

# ભગવાન બુદ્ધ

તે સમયે વેદોક્ત ધર્મના શાસ્ત્રના બહાના નીચે આપખુદી ચાલી હતી. વૈદિક ક્રિયાકાંડમાં શાસ્ત્રોક્ત સીધી સીટીની મર્યાદા ન હતી. પ્રતિદિન હજારો અવાક પશુઓનું વૈદિક હિંસાથી બલિદાન અપાતુ એટલે લોહીની નદીઓ ચાલુ રહેતી હતી. જાતિભેદ ઊંચ-નીચની વિષમ ભાવનાથી લોકોનાં હૃદય તિરસ્કાર પૂર્ણ હતાશ થઇ ગયાં હતાં અને ધર્મનું સુકાન માત્ર એક બ્રાહ્મણ જાતિના હાથમાં હોવાથી મનુષ્ય જાતિના એક મોટો સમૂહ' શુદ્ર' સંજ્ઞાથી ભિન્ન પડી ગયો હતો. એટલે એ વર્ગનું ધાર્મિક અને સામાજિક જીવન છેક પામર દશામાં મુકાઇ ગયેલું હોવાથી આત્મકલ્યાણનો માર્ગ વિકટ થઇ પડયો હતો.

આવી વિષમતા જળમૂળથી ઉખેડી નાંખી મનુષ્યજાતિ માટે ધર્મની અહિંસક સમાનતાનો વિશ્વપ્રેમનો દરવાજો ખુલ્લો કરી આપવાના મહાન કાર્ય માટે-ધર્મસ્થાપનાર્થાય-કાંઠે જૈન ધર્મના છેલ્લા તીર્થંકર તરીકે ઋષભદેવ બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીના વીર્યથી શરીર બંધાઇ ત્રિશલા નામની ક્ષત્રિયાણીના ઉદરથી મહાવીર સ્વામિનો જન્મ થયો. અને એ જ હેતુ પુરસર શુધ્ધોદન રાજાની પત્ની માયાદેવીના ઉદરથી સિધ્ધાર્થ બુદ્ધનો પણ લુંબીનીવનમાં શાલવૃક્ષ નીચે જન્મ થયો.

માતાના ઉદરમાં જ મહાવીરે પડકાર કર્યો કે-સવ્વે જીવવિ ઇચ્છંતિ જીવઉં ન મરિજજઉં-દરેક જીવો જીવવાને ઇચ્છે છે. મરવાને કોઇ ઇચ્છતું નથી. અને વધુમાં કહ્યું કે વૈદિક હિંસાના ઉપાસકો! 'મા હિંસ્યાત સર્વ ભુતાનિ' એ તમારી શ્રુતિને યાદ કરો. બુધ્ધે આ પડકારને વધાવી લઇ વધુ ગતિ આપી.

પુણ્યશાલિ આત્માના પુનિત પગલાંથી રાજ્ય તેમજ પ્રજાનાં સુખ સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી રહેવાથી' વર્ધમાન' એવું નામ રાખ્યું અને એક મહાન આત્મા બોધિ સત્વનો જન્મ થવાથી, તેના દ્વારા પ્રાણી માત્રનું રક્ષણ થઇ મોક્ષનું દ્વાર ઉઘડશે એમ અસતિ ઋષિના કહેવાથી તેનું નામ' સિધ્ધાર્થ' પાડયું.

વર્ધમાન જન્મ સંસ્કારી હોવાથી રાજકુમાર હોવા છતાં ભોગ વિલાસ અને લાલસા વિના માતાના ગર્ભમાંથી જ ચાર વેદ તથા શિક્ષા કલ્પ, વ્યાકરણ વગેરે છ અંગો ભણી બાલ્યકાળ વીતાવી યુવાનીના આંગણે આવી પહોંચ્યા.

ત્યારે સિદ્ધાર્થનું મન શિક્ષણ અને ધનુષ્ય, તલવાર ભાલો વગેરે વાપરવાની યુદ્ધ કળા શિખેલ છતાં ચિંતા મગ્ન જ રહેતું હતું સિદ્ધાર્થનાં માતા પિતાને પુત્રની ઉદાસીનતાથી તે સાધુ દીક્ષા લેશે એ ભય ઉત્પન્ન થયો હતો.

જ્યારે વર્ધમાન સાધુ દીક્ષા લેશે

એ એમનાં માતાપિતાથી અજાણ્યું નહોતું.

છતાં બંને મહાપુરૂષોએ માતાપિતાને આનંદ આપવા માટે વાત્સલ્ય પ્રેમની કદીયે અવગણના કરી નહિ. માતુ દેવો ભવ, પિતૃદેવો ભવ એ સૂત્રનું કાયિક, વાચિક અને માનસિક સંપૂર્ણપણે પાલન કર્યું માતાપિતા પાસે તેઓએ પોતાની પ્રભુતા ન બતાવી.

બંને ઉમર લાયક થતાં તેમના માતાપિતાની ઈચ્છા તેમને લગ્નગ્રંથિથી જોડવાની થઈ. એટલે નિર્વિકારી સંસ્કારી એ આત્માઓ માતાપિતાની સ્નેહભીક્ષાની આડે ન આવ્યા.

જન્મયોગી વર્ધમાનનું લગ્ન રાજપુત્રી યશોદા સાથે, અને સિદ્ધાર્થનું લગ્ન રાજપુત્રી યશોધરા સાથે થયું. એટલે બંને સાધુતાના શઢ ઓઢેલા પુણ્યશાલિ દેહધારી સંસારી બન્યા. મહાવીરે સંસારી તરીકે પ્રકૃતિને વિહરવા દીધી. અને સિદ્ધાર્થે પણ સંસારી વેશ ભજવ્યો. દુનિયાના સર્વ સુખ દુઃખથી જન્મ સંસ્કારી મહાવીર જ્ઞાત હતા. એટલે સંસારમાં તે જળકમળની જેમ અલિપ્ત રહેતા હતા. જ્યારે સુખ દુઃખના વિષયમાં બુદ્ધની દશા ભારેલા અગ્નિ જેવી હતી. લગ્નની ફળ સિદ્ધિ રૂપે વર્ધમાનને એક કન્યારત્ન અને સિદ્ધાર્થને એક પુત્ર સાંપડયો.

સંસારી વર્ધમાનને આનંદ, ઉદાસીનતા, સુખ, દુઃખ, અમિરી, ફકીરી બધું સમાન હતું જ્યારે સિદ્ધાર્થને તે બધળું સુખમય લાગતું હતું. એક વખત નગરજનોને જોઇ બહાર ગયેલ જોઇ તે વખતે જીવન ભારરૂપ થઇ પડેલ દુઃખી વૃદ્ધને જોયો, રોગપિડિત મનુષ્યને જોયો, આત્મા વગરના શબને જોયું અને તેની પાછળ થતી ત્રાસ દાયક રોકકળ જોઇ. આમ બધું દુઃખમય વાતાવરણ જોઇ તેને આશ્ચર્ય ઉત્પન્ન થયું. એટલે તેની શાંતિ અને આનંદ ઉડી ગયા. જન્મ જરા અને મૃત્યુ પર તેમને વિચાર કર્યો તો તેમનું હૃદય હાલી ઊઠયું. દુનિયાના દુઃખોથી સિદ્ધાર્થનું હૃદય ચીરાઇ ગયું.

મહાવીરનું આથી ઉલ્ટું હતું. કારણ તે તો સ્વયં જાણતાં હતાં જ કે દુનિયા દુઃખમય છે. આથી તેમનું હૃદય દુઃખી નહોતું થતું એમ નહિ પરંતુ તેઓ જાણતા હતા. કે જગતને આત્મ કલ્યાણનો માર્ગ બતાવવાના શુભ સમયની અવધિ હતી.

સિદ્ધાર્થને એક દેવી પુરુષે આદેશ આપ્યો કે—સંસાર છોડ અને સાધુ થા—ત્યારે જ સિદ્ધાર્થે નિશ્ચય કર્યો કે—'હું વૈભવ માગને તિલાંજલિ આપીશ, નિર્વાણનો માર્ગ શોધીશ અને બુદ્ધ થઇ લોક હિતાર્થે વિચરીશ.'

જ્યારે વર્ધમાનનો નિર્ણય હતો કે સંસાર છોડી સાધુ થઇશ અને મહાવીર બનીશ નિર્વાણનો માર્ગ શોધીશ અને અનેકોને મહાવીર બનાવવા લોક હિતાર્થે

વિચરીશ.'

**તે જ રાતે ૩૦ વર્ષની ઉંમરે પ્રાણથી** પણ અધિક પ્રિય પત્ની અને બાળ રાજપુત્રના છેલ્લાં દર્શન વખતે હૃદય વલોવાવા લાગ્યું પણ ચિત્તને સ્થિર કરી

જન પશુ જગતનાં કલ્યાણ યજ્ઞ પર
હોમુ અંગ સહિ મારાં...

એમ બોલી પ્રીતિ અને વિશ્વાસની મૂર્તિ સ્ત્રી, પુત્ર અને ધન, ધામને ધરાવાળા રાજ્ય સુખવાળા ગૃહનો ત્યાગ કર્યો અને પ્રાતઃ કાળે સાધુવેશ ધારણ કરી લીધો.

વર્ધમાનની ૨૮ વર્ષની ઉંમરે માતાપિતા સ્વર્ગસ્થ થયાં તે સમયે માતાપિતા જીવતાં સંયમ નહિ લેવાનો અભિગ્રહ લીધેલો તે પૂર્ણ થવાથી મોટાભાઇની રજા માંગી, પરંતુ બે વર્ષ લંબાવવાની મોટાભાઇની વિંનતીને માન આપ્યું તો પણ કાયોત્સર્ગ, બ્રહ્મચર્યનું પરિશીલન, ધ્યાન વિગેરે નિયમોનું પાલન તો ચાલુ જ રાખ્યું. હવે મોટાભાઇની રજાથી દીક્ષા પર્યાય શરૂ થયો અને રાજકુમારે વિરક્તને છાજતો વેશ ધારણ કરી લીધો. સંયમની કફની પહેરી લીધી અને પ્રિયપત્ની, પુત્રી અને રાજ્ય વૈભવવાળા ગૃહનો ત્યાગ કર્યો. ગૃહસ્થાશ્રમ મૂકી તે પંચ મહાવ્રતધારી થયા. મહાવીરનો દીક્ષા મહોત્સવ મનુષ્યોએ અને દેવદેવીઓએ આનંદથી ઉજવ્યો.

ભગવાન મહાવીરનો ગૃહત્યાગ શ્રેષ્ઠ છે. ભગવાન બુદ્ધનો ગૃહત્યાગ અસાધારણ છે. કોનો ગૃહત્યાગ સર્વશ્રેષ્ઠ છે. એનો નિર્ણય કરવાનું કામ તો પુણ્યશાલિ આત્માઓ જન્મયોગીઓનું છે. પરંતુ એટલી વાત સ્પષ્ટ અને નિર્વિવાદ છે. કે બન્નેના ગૃહત્યાગથી જનકલ્યાણ થયું.

આમ શ્રી મહાવીર અને શ્રી બુદ્ધના ગૃહત્યાગ સુધીનું જીવન તુલનાત્મક દૃષ્ટિએ જોયા પછી હવે તેઓનું સાધુ જીવન જોવાનું રહે છે. પરંતુ એ જોયા પહેલાં બે મુદ્દા ધ્યાનમાં રાખવાના છે.

(૧) મહાવીરે નવો ધર્મ ચલાવ્યો. નથી. ચલાવવાની ઇચ્છા પણ કરી નથી. જૈન ધર્મના ચાલ્યા આવતા તત્ત્વો અને નિયમોને ચુસ્તપણે વળગી રહીને તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

(૨) જ્યારે બુદ્ધે નવા અખતરાઓ વડે નવો ધર્મ ચલાવ્યો છે. અને બોધિજ્ઞાન મેળવ્યું છે.

હવે તે બંનેનું સાધુ જીવન જોઇએ બંનેના સાધુ જીવનની શરૂઆત આપભોગથી જ થાય છે. આત્મશક્તિને વધુ ખીલવવા માટે જનસમાજના આત્મ કલ્યાણના થઇ પડેલ વિકટ માર્ગ સામે તપરૂપી બેરો બળવો કર્યો. અને એમ કરવામાં ત્યાગ વૃત્તિને પ્રથમ સ્થાન આપી ને મહાવીરસ્વામી અને બુદ્ધદેવે સ્વાવલંબી માર્ગ સ્વીકાર્યો. બીજા શબ્દોમાં ગૃહત્યાગ એટલે પારકા રક્ષણનો ત્યાગ કર્યો અને આત્મરક્ષણથી મેદાને પડયાં.

પારકી રક્ષામાં શરમ માની જોખમ ખેડવામાં મઝા માનનાર મહાવીર સ્વામીની કસોટી પ્રથમ ઉપસર્ગ વખતે જ થઈ, વહેમાયેલો ગોવાળ બળદ ચોરવાનો મહાવીરસ્વામી ઉપર આરોપ કરે અને ઇન્દ્રને મદદ કરવા દોડવું પડે એ દેવ અને તીર્થંકરના સંબંધ પ્રમાણે અથવા તો મનુષ્ય દૃષ્ટિએ ગમે તેટલું ઇષ્ટ હોય; પરંતુ ગોવાળને સમજાવી લીધા પછી ઇન્દ્ર મદદે રહેવા પ્રાર્થના કરે અને શ્રી મહાવીર તેનો પ્રફુલ્લ વદને અસ્વીકાર કરી કહે :—

તીર્થંકરો પારકાની સહાયની કદી પણ અપેક્ષા રાખતા નથી. અહંતો બીજાની મદદથી કેવળજ્ઞાન ઉપાર્જે તેમ કદી બનતું નથી. આત્મા પોતાની જ શકિતથી કેવળજ્ઞાન પામે છે અને મોક્ષે જાય છે.'

આ વચનો એક તીર્થંકરને જેટલે દરજ્જે શોભારૂપ છે તેટલે જ દરજ્જે મનુષ્યદૃષ્ટિએ મહાવીર નામને પણ શોભારૂપ છે.

શ્રી મહાવીરે પારકી મદદની ઇચ્છા કરવામાં પાપ અને અપમાન માન્યાં; રક્ષાના બહાના નીચે નિર્માલ્યતા જોઈ. આત્મબળનો ધ્વંસ જોયો અને નિર્વાણને બદલે અ-નિર્વાણનો માર્ગ જોયો. આજે પણ શાસ્ત્ર અને ઇતિહાસ ઉજળે મોઢે કહે છે કે શ્રી મહાવીર આત્મ-દ્રોહી બન્યા ન હતા. અને બને પણ કેમ! એમને તો જગતના નર પશુઓને આપભોગથી બોધપાઠ આપવો હતો. આ થઈ શ્રી મહાવીરના આરંભના તપની કસોટી.

શ્રી બુધ્ધે આરંભના કે છેલ્લા જે કહીએ તે સાધુ થયા પછી, છ વર્ષ સુધી યંત્રવત તપ કરેલ છે અને તે દરમિયાન આ પ્રકારની કસોટી થઇ નથી. પરંતુ બુધ્ધે તપથી પરમ શાંતિ ન મળતાં તપ છોડી ભોજન લીધું. એ પ્રસંગને કેટલાકો કસોટી રૂપ ગણી ત્યાં બુધ્ધની નિર્બળતા જણાવે છે. હું માનું છું કે તેમાં નિર્બળતાની ભાવના નથી કેમકે શ્રી મહાવીર ગર્ભજ્ઞાની હતા એટલે સત્યશોધન માટે તેમનો ક્રમ નિયત હતો જ્યારે બુધ્ધને સત્યશોધન માટે અખતરાઓ કરવાના હતા એટલે ઉપવાસનો ભંગ કરી તપ બંધ કરવામાં ક્રમના બીજા નંબરની ભાવનાને ત્યાં સ્થાન છે. તીર્થંકર તરીકે મહાવીરનું સ્થાન ચોક્કસ હતું. એ એક પ્રકારે તેમની સરળતા હતી. જ્યારે બુધ્ધને સત્ય શોધનના નવા માર્ગમાં કઠિનતા હતી. તુલનાત્મક દૃષ્ટિએ બંનેના સ્થાન અને માર્ગ ભિન્ન ભિન્ન છે.

શ્રી મહાવીરને પહેલાં ચાર જ્ઞાન થયેલાં હતાં. ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન. છેલ્લું કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં સુધી ૧૨ વર્ષ અને ૧૨ દિવસ તપ કરી કષ્ટોની પરંપરા સહન કરેલ છે તેમાં ૧૧॥

વર્ષ અને ૨૫ દિવસ નિરાહાર રહેલ છે, અને નિરંતર કાયોત્સર્ગ રહી ધરતી પર બેઠા વિના તપશ્ચર્યા કરી સર્વ ઘાતી કર્મને ખપાવી દીધેલ છે.

શ્રી બુદ્ધે છ વર્ષના તપ પછી બોધિવૃક્ષ નીચે ધ્યાન આરંભ્યુ અને એ ધ્યાનસ્થ સ્થિતિમાં જ ૪૯મા દિવસે એમને ચાર સનાતન સત્યોનું દર્શન થયું.

શ્રી બુદ્ધે ધ્યાનથી સત્ય શોધ્યું તે પ્રમાણે શ્રી મહાવીરે સાડા બાર વરસ સુધી મૌન ધારણ કરી આત્મ ચિંતન દ્વારા યોગાભ્યાસમાં જ જીવન વ્યતિત કર્યું હતું. છ પ્રકારનો બાહ્ય તપ અને છ પ્રકારનો અભ્યંતર તપ શ્રી મહાવીરે જૈન ધર્મના નિયમાનુસાર કરેલ છે.

શ્રી મહાવીરે દેહદમનને અગ્રસ્થાન આપ્યું અને આત્મચિંતન કર્યું શ્રી બુદ્ધે દેહદમનને બદલે મધ્યમ પ્રતિપ્રદા માર્ગને અગ્રસ્થાન આપી આત્મચિંતન કર્યું. અને બંનેએ નિવૃત્તિ તરફ પ્રાધાન્યતા સ્વીકારી.

જ્યારે શ્રી મહાવીરે જગતને અનાદિ માની એમ પણ સ્વીકાર્યું કે આત્મા નિત્ય છે, કરેલા કર્મનું ફળ આલોક ને પરલોકમાં ભોગવવું પડે છે તેમજ પાણીમાં પણ જીવ છે. ત્યારે શ્રી બુદ્ધે જગતને અનાદિ માન્યું ખરું પરંતુ બ્રહ્મ અને આત્માને ભ્રમમૂલક માન્યાં. જો કે આત્માનું અસ્તિત્વ શ્રી બુદ્ધને માન્ય નહોતું પણ મન શાંત, વિરક્ત અને નિષ્કામ કરવું એ નિર્વાણ પ્રાપ્તિ માટે જરૂરનાં માન્યાં તેની સાથે એમ પણ સ્પષ્ટ કહ્યું કે આત્મા એ ભ્રમ છે તો પછી વિરામ કોને કહેવો અને તે શાથી મળે છે? એ પ્રશ્ન જ રહેતો નથી અને ડાહ્યા પુરુષોએ આ ગૂઢ પ્રશ્નોનો વિચાર કરવા બેસવું નહિ. સર્વ પદાર્થોની ક્ષણિકતા—પ્રત્યેક સમયે વિનશ્વરતા દષ્ટ છે એ બુદ્ધની માન્યતા સ્પષ્ટ છે.

ત્યારે શ્રી મહાવીરે માન્યું કે સમસ્ત પદાર્થમાં પર્યાય—પરિવર્તન, રૂપે ક્ષણિકતાનો અને વસ્તુના વસ્તુગત મૂળ સ્વરૂપે અક્ષણિકતાનો એમ બંને ધર્મ છે. મહાવીરે કહ્યું કે આત્મા પોતે જ પરમાત્મા થઇ શકે છે. એમણે જે મહાવીર પણું પ્રાપ્ત કર્યું તે પત્થરને પૂજીને નહિ પણ પોતાના આત્માને પૂજીને પ્રાપ્ત કર્યું છે. અને એમના મુખ્ય સાધન તરીકે તપ અને કાયોત્સર્ગને સિદ્ધ કર્યા.

વેદાંત અને જૈન તત્ત્વજ્ઞાન કહે છે. કે—'મન જીત્યા પછી કંઇક બાકી રહે છે.' ત્યારે બુદ્ધ કહે છે—મન જીત્યું તેણે સર્વ જીત્યું. પરંતુ એકલા મનને જીતવાથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમજ મોક્ષ પણ મળતો નથી. આ માટે આત્માનો સાક્ષાત્કાર થવો જોઇએ.

શ્રી મહાવીરે આત્માનો સ્વીકાર કર્યો, પુનર્જીવનનું કારણ કર્મવિપાક માન્યું અને બ્રહ્માંડે પિંડે તે સૂત્રમાં

વિશાળ તત્ત્વજ્ઞાનનો વારસો માની આત્માને પરમાત્માના સ્થાને આરૂઢ કર્યો. આને વેદાંતની પરિભાષામાં અહં બ્રહ્માસ્મિ—હું પરબ્રહ્મ છું એ જેણે જાણ્યું તેણે સર્વ જાણ્યું એમ કહી શકાય છે અને શ્રી મહાવીરે પોતાના આત્માને પૂજવાનો ઓળખવાનો પ્રજાને દિવ્ય સંદેશો આપ્યો તે પણ એક જ વાક્યમાં વેદાંતમાં સમાઈ જાય છે કે તત્ત્વમસી તું તારા આત્માને ઓળખીશ એટલે તને સઘળું સમજાશે. જૈન પરિભાષામાં કહીએ તો આત્માને ઓળખીશ એટલે તને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે.

જ્યારે બુદ્ધની એકની એક વાત છે કે વૈરાગ્યથી મનને નિર્વિષય કરવું. આત્માની કોઈપણ કલ્પના બુદ્ધને માન્ય નથી છતાં પણ (૧) કર્મવિપાકના કારણથી નાશવંત દેહને (આત્માને નહિ) નાશવંત જગતમાં—સંસારમાં ફરી જન્મ લેવો પડે છે. અને (૨) આ પુનર્જન્મનો ફેરો કિંવા એકંદર સંસાર જ દુઃખમય હોવાથી તેમાંથી છુટકારો લેવાની અને કાયમની શાંતિ કે સુખની જરૂર છે. આ બે વાતો બુદ્ધને સંપૂર્ણ માન્ય હતી. અને એનો સમૂળગો નાશ કરવા માટે દુઃખ સમુદાય નિરોધ અને માર્ગ એ ચાર સત્યોનું તેમને દર્શન થયું કે જે આર્ય અષ્ટાંગ માર્ગમાં તેમણે તે વધુ સ્પષ્ટ કર્યું. બુદ્ધનો આ સિદ્ધાંત અધ્યાત્મ દૃષ્ટિએ અનાત્મવાદિ છે, છતાં કર્મવિપાકને માની કાયમની શાંતિ કે સુખની જરૂરિયાત જણાવી. પરંતુ સુખ કાલ્પનિક શબ્દના ઓઠા નીચે મોક્ષ મળતો હોય તો કર્મવિપાકના સત્તાવીશ ભવ સુધી ફેરા ફરી મહાવીર તરીકે જન્મ લેનારને બાર વરસની કઠિન તપશ્ચર્યા સાથે ઉપસર્ગ સહન કરવાની શી જરૂર હતી? શ્રી મહાવીર તો કહે છે કે કેવળ મનને જ વૈરાગ્યથી નિર્વિષય કરવાથી જ મોક્ષ મળતો નથી, એ તો એક સાધન છે અને તેથી બીજી અનેક જરૂરિયાત રહે છે. દુઃખ દુઃખમય જ હોય છે તેથી સુખ સુખમય જ હોય છે એમ કરતું નથી. તેમ કેવળ મારેલા મનની શાંતિથી મોક્ષ મળી જાય છે એમ પણ કંઈ નથી. સ્વયં પ્રકાશ પામેલાઓ જ

આપના નકલ આજે જ મેળવી લો.

ત્રિરંગી જેકેટ : સાફ છપાઈ : સુંદર ગેટઅપ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યતિન્દ્રસૂરીશ્વરજી મ. ના. શિષ્ય રત્ન **મુનિરાજ શ્રી જયંતવિજયજી મ.** [**મધુકર**]ના મધભર્યાં સર્જનો;

**જીવનધન** * **ગીતઝરણાં** * **પારસમણી**
પચાસ પૈસા પચાસ પૈસા પચ્ચીસ પૈસા

આ ત્રણેય સર્જનો અર્ધી કિંમતે મળશે.

લખો :— **શ્રી નરપતલાલ રામચંદ બહુ**
રતનપોળ, હાથીખાના **અમદાવાદ**

મોક્ષમાં બિરાજે છે. એ સ્વયં પ્રકાશ કોનો? દેહનો કે આત્માનો? આત્માનો કે ઇશ્વરનો? કે આત્મા એ જ ઇશ્વરનો?

**શ્રી બુધ્ધ કહે છે કે–સર્વક્ષણ પરંપરાનો અભાવ થવો–વાસનાનો નાશ થવો તેનું નામ મોક્ષ.**

**શ્રી મહાવીર કહે છે–'સર્વ કર્મજન્ય ઉપાધિનું ઓલવાઈ જવું એટલે સર્વ કર્મોપાધિક રહિત સચ્ચિદાનંદમય આત્મ સ્વરૂપ પ્રગટ થવું તેનું નામ મોક્ષ.'**

શ્રી મહાવીરની નિર્વાણની વ્યાખ્યામાં ખુલ્લો અર્થ સમજાય છે જ્યારે શ્રી બુદ્ધની નિર્વાણની વ્યાખ્યામાં શબ્દાર્થની દૃષ્ટિએ અધુરાપણું છે. શ્રી બુધ્ધે નિર્વાણ એટલે- વિરામ પામવું–અથવા દીવો બુઝાય છે તે પ્રમાણે વાસનાનો નાશ થવો એવું ક્રિયા દર્શક નામ આપ્યું એટલે–મૃત્યુ–એ શબ્દ નિર્વાણને લગાડી શકાય નહિ મરણ શબ્દ પુર્નજન્મ પહેલાંનો ભાવયુકત અર્થસૂચક શબ્દ છે ત્યારે નિર્વાણ પામેલ પુનર્જન્મનો ફેરો ટળી જાય છે એટલે નિર્વાણને મૃત્યુનુ મૃત્યુ કહેવું કે–મૃત્યુ તરી જવાનો માર્ગ કહે લોક જ્યારે શ્રી મહાવીર સ્વામીનો નિર્વાણ શબ્દાર્થ વધુ સ્પષ્ટ છે. સચ્ચિદાનંદમય આત્મરૂપનું પ્રકટ થવું એનું નામ જ ખરો મોક્ષ

શ્રી મહાવીરે દર્શન તત્વજ્ઞાનમાં આત્માનું અસ્તિત્વ બતાવી તે આત્માનું અંતિમ લક્ષ સાધવા માટે એકલું જ્ઞાન, એકલી ક્રિયા, એકલું તપ, એકલી ભાવના, એકલું વીર્ય. એકલી સાધ્ય દૃષ્ટિ, એકલું કથન, એકલો આચાર નિષ્ફળ છે. પણ તે સમસ્તની જરૂર છે. સફળતા માટે એ સમસ્તનો યોગ આવશ્યક છે. જગતની અને આત્માની નિત્યતા, અનિત્યતા, અસ્તિત્વ, નાસ્તિત્વ, વકતવ્યતા અને અવ્યક્તતા એમ બંને જુદી જુદી દૃષ્ટિથી જોતાં જણાય છે. આમ સર્વનું મિશ્રણ અને સર્વથી સ્વાતંત્ર્ય અને મુક્તિમાર્ગ વિશાળ દૃષ્ટિથી દર્શાવેલ છે, અને તેથી તે સમગ્રવાદને સ્યાદવાદ અથવા તે દર્શનને અનેકાંત દર્શન એવું વ્યાપક નામ આપેલું છે.

કર્મવિપાકથી થતા જન્મ મરણના

AMBIKA TRADERS
Wholesale Dealers in :
FOUNTAINPENS & BALLPENS
Stockists :
PLATO, SEVIKA, WILSON,
BRITE, PRATAP, RAJA,
AMAR & PARCO
27, CUTLERY MARKET,
BOMBAY 2.

ફેરામાંથી છુટવા માટે પ્રથમના આવશ્યક અંગ તરીકે શ્રી મહાવીરે સાધુ દીક્ષાનું આચરણ કર્યું તે પ્રમાણે શ્રી બુદ્ધે ભિક્ષુ ધર્મ સ્વીકારી લોકોને સન્માર્ગ બતાવ્યો. પરંતુ આ વિષયમાં તુલનાત્મક દૃષ્ટિએ જરા વધુ વિચાર કરવાની અગત્યતા છે.

શ્રી મહાવીરે વસ્ત્ર-પ્રાવરણ આદિક ઐહિક સુખોને તિલાંજલિ આપી અહિંસા વ્રત પાળવાનો કડક નિયમ આચરણ કરી સાધુ ધર્મના આદર્શ તરીકે બતાવ્યો ત્યારે શ્રી બુદ્ધે વસ્ત્ર સિવાય નગ્ન દશામાં રહેવું એ ગુનો માન્યો. આ જો બંને નિયમોમાં શ્રી મહાવીર અને શ્રી બુદ્ધની માન્યતા પ્રમાણેના આચરણમાં આકાશ પાતાળ જેટલું અંતર છે.

શ્રી બુદ્ધે તુંબડીનું ભીક્ષાપાત્ર અને લાલ રંગી વસ્ત્રોથી ભિક્ષુનું આચરણ માન્ય કર્યું ત્યારે શ્રી મહાવીરે એ નિયમમાં ડંકો માર્યો છે. એમ મુક્ત કંઠે કહેવું જોઇએ. દીક્ષા સમયે શ્રી મહાવીરને ઇન્દ્રે ડાબે ખભે દેવ દુષ્ય વસ્ત્ર નાંખેલું તે પણ સોમદેવને આપી દઇ ભગવાન વસ્ત્ર રહિત થયાં. અને તે પણ દીક્ષા લીધા પછી ફક્ત તેર મહિના જેટલા અલ્પ સમયમાં જ દુનિયાની જાળને દુનિયા તરફ ફેંકી દીધી. એટલે ઉચ્ચ કોટીને માટે વધુ લાયકાત પ્રાપ્ત કરી.

જો કે અહિંસા વ્રત શ્રી બુદ્ધે પાળ્યું છે. પરંતુ શ્રી મહાવીર જેટલું કડક તો નહિ જ-'હિંસા કરો નહિ. એટલું જ નહિ, પણ એક ક્ષુદ્ર જંતુને પણ સંરક્ષો'- એમ શ્રી બુદ્ધે પોતાના શિષ્યોને કહ્યું છે. તે પ્રમાણે-'જે યુદ્ધમાં મનુષ્ય જીવનની હાનિ થાય તે યુદ્ધ ત્યાજ્ય છે.-'એવો ઉપદેશ સિંહ નામના સેનાપતિને આપેલો છે. અને બિંબિસાર રાજાના યજ્ઞ વખતે પણ ઉપદેશ આપેલો કે-'રાજન! પ્રાણી માત્રને જીવવું ગમે છે. આ બિચારાં પશુઓને યજ્ઞમાં હોમવાથી આપ ધર્મ માનતા હો તો આપની મોટી ભૂલ છે. બીજાને દુઃખ હોવાથી આપણને પુણ્ય થાય જ નહિ. હિંસા તો બધા અધર્મોનું મૂળ છે.'-પરીણામે રાજાએ આ ઉપદેશથી પશુઓ છોડી મૂકેલાં, પરંતુ શ્રી બુદ્ધના અહિંસા વ્રતમાં એક અતિશય આશ્ચર્ય જેવી હકીકત મળે છે, કે પોતાના માટે હેતુ પુર્વક મુદ્દામ મારેલું ન હોય એવા પ્રાણીનું તૈયાર માંસ (પવત્ત-પ્રવૃત્ત) શ્રી બુદ્ધે ખાધેલું છે. છતાં સમસ્ત જીવનમાંથી અહિંસા ધર્મ પાળ્યાનું મળી આવે છે.

આમ છતાં તેજ પુંજ શ્રી બુદ્ધે અહિંસા વ્રતનું ક્ષમા અને શાંતિથી ઉરૂવીલામાં કાશ્યપને ત્યાં ભયંકર સર્પના ઉપસર્ગ સામે પાલન કરેલું છે. મધ્ય રાતે પ્રચંડ અગ્નિ વર્ષાવતો સર્પ આસપાસનું સઘળું ભસ્મ કરે છે. ત્યારે શ્રી બુદ્ધ ધ્યાનસ્થ બેસી રહ્યા. અને પરીણામે સર્પ પોતાના વિષજ્વાળામાં બળીને ભસ્મ થયો.

જ્યારે શ્રી મહાવીર ચંડકૌશિક નામના દૃષ્ટિવિષ સર્પને કરડયા પછી પણ ક્ષમા પૂર્વક પ્રસન્ન મુખે શાંતપણે ઉપદેશ આપી પૂર્વભવની સ્મૃતિ કરાવે છે. ક્ષમારૂપી પવિત્ર જળમાં સર્પને સ્નાન કરાવી તેને કૃત કૃત્ય કરે છે.

કલ્પસૂત્રકાર અને અન્ય ઇતિહાસોના કહેવા પ્રમાણે શ્રી મહાવીર સ્વામિને ઘણાં કષ્ટો સહન કરવાં પડયાં છે તેમાં પ્રથમ ઉપસર્ગ ગોવાળે કર્યો તેમ છેલ્લો ઉપસર્ગ શ્રી મહાવીરના કાનમાં વૃક્ષની મેખો ઠોકવાનો પણ ગોવાળે કર્યો છે. જ્યારે ઉત્કૃષ્ટ ઉપસર્ગ કાનમાંની મેખ કાઢવાનો થયો છે. ઉપસર્ગોની પરંપરામાં શ્રી મહાવીરનો આત્મા જોખમો ખેડીને કેવળ—જ્ઞાનની આત્મદર્શનની પરાકાષ્ટા—પહોંચ્યો. તેમ બુદ્ધના પર શ્રાવસ્તીમાં ખુનનો આરોપ આવ્યો ત્યારે તેમણે અસાધારણ શાંતિ જાળવી છે અને ગાંડા હાથીને પણ તેમણે ક્ષમાથી શાંત કર્યો છે. શ્રી મહાવીર પર સંગમ દેવતા તરફનો મધ્યમ ઉપસર્ગ શ્રી બુદ્ધના મારના પ્રસંગને મળતો છે. શ્રી મહાવીર સર્વાંગ સુંદરીઓનાં નાચમાં કે કામદેવનાં બાણુમાં ન ફસાયા, વિષયના માધુર્યમાં ન લોભાયા, તેમજ યોગભ્રષ્ટ પણ ન થયા.

અને પુત્રી પ્રિયદર્શના તથા જમાઇ જમાલીને શ્રી મહાવીરે દીક્ષા આપી તે પ્રમાણે શ્રી બુદ્ધે પત્ની યશોધરા, પુત્ર રાહુલ અને માતાને દીક્ષા આપી આત્મ કલ્યાણનો માર્ગ બતાવ્યો. એટલું જ નહિ પરંતુ મનુષ્ય પ્રાણી માત્રને આત્મ કલ્યાણને માર્ગે ચઢાવવા બંનેએ ઢંઢેરો પીટાવ્યો.

બ્રાહ્મ, ક્ષત્રિય, વૈશ્યની જેમ શૂદ્ર તેમજ સ્ત્રીઓ માટે પણ મોક્ષનો દરવાજો ખુલ્લો છે. એમ કરીને ઇતિહાસના પાને બંનેએ—**વિશ્વ પ્રેમી**—તરીકે અમરપદ પ્રાપ્ત કર્યું. છે. ઉચ્ચ નીચ જાતિના ભેદને આત્મ કલ્યાણના માર્ગમાં મુસાફરી કરવાનો સમાન હકક આપ્યો. બંનેએ જાતિ કરતાં શિલને શ્રેષ્ઠ ઠરાવ્યું એટલે પછી આત્મ કલ્યાણમાં જાતિ ભેદના નામને પણ સ્થાન ન રહ્યું. એ સમયના સંયોગો વચ્ચે—**સમાનતાથી** મનુષ્ય પ્રાણીને અસાધારણ જન્મ સ્વાતંત્ર્ય મળ્યું. તે કુદરતી હકક ખરા સ્વરૂપમાં પાછો મળ્યો. સમાનતાનું પુનર્જીવન થયું. એ હકક આપનારની ધાર્મિક જિત હતી. ઘણાં સ્ત્રી પુરુષો દીક્ષા આત્મ કલ્યાણનાં પંથે પડયાં અને ઇન્દ્રભૂતિ ગૌતમ તથા બીજા ગણધરો દીક્ષા લઇ અહિંસાના રચનાત્મક કાર્યક્રમ પાછળ લાગી ગયાં. શ્રી બુદ્ધના પણ આનંદ અને અન્ય ભિક્ષુઓ એ પ્રમાણે જ કામે લાગી ગયાં. આ પ્રમાણે **અહિંસક વિશ્વ પ્રેમી સમાનતાના,** શ્રી મહાવીર અને શ્રી બુદ્ધના ઝંડા નીચે મનુષ્ય પ્રાણીને સ્થાન મળ્યું.

શ્રી મહાવીર સ્વામિએ વસ્ત્રપ્રાવરણ અને ઐહિક સુખનો ત્યાગ કરી

અહિંસાવ્રત પાળી દાન, શિલ, તપ, અને ભાવના યુક્ત પંચ મહાવ્રતોથી કસીને ધર્મ પાળવા માટેની વ્યવસ્થા પૂર્વક ચતુર્વિધ સંઘ વ્યવસ્થા કરી, શ્રી બુધ્ધે પણ ભિક્ષુઓને વિહારોમાં એટલે મઠમાં શરીરને અતિ કષ્ટ ન થાય અને પ્રાણાયામ આદિ થઇ શકે અને લાલ વસ્ત્રો તથા તુંબીપાત્ર ધારણ કરી શકે એવી વ્યવસ્થા કરી. ચતુર્વર્ણ ભેદ શ્રી મહાવીર અને શ્રી બુદ્ધને માન્ય ન હતો. તેમ ગ્રાહસ્થ્ય ધર્મના હિંસાત્મક શ્રૌત યજ્ઞ યાગ પણ બંનેને માન્ય ન હતા. પરંતુ પંચ મહાયજ્ઞ પ્રત્યેક ગૃહસ્થે એટલે ઉપાસકે કરવા એમ શ્રી બુધ્ધે કહેલું છે. અને અહિંસા, સત્ય, અસ્તેય, સર્વભૂત–અનુકંપા અને (આત્મા માન્ય નહોતો તો પણ) આત્મૌપમ્ય દૃષ્ટિ, શૌચ કિંવા મનઃ પૂતતા એ નિયમો બૌદ્ધ ઉપાસકે પાળવાનું કહેલ છે. તથાપિ અર્હતા–વસ્થા કિંવા નિર્વાણ સુખ પ્રાપ્ત કરવા માટે વિશ્વપ્રેમી સમાનતા અને પવિત્ર જીવનથી શાંતિ મેળવવા મનુષ્યે ગૃહસ્થાશ્રમ છોડવો જ જોઇએ. એ તત્ત્વને તો કાયમ ઠરાવેલું છે. આ પ્રમાણે અહિંસક વિશ્વ પ્રેમી સમાનતાના શ્રી મહાવીર અને શ્રી બુધ્ધનો પૃથ્વી પર પહેલો જ ઉદય થયો કે જેનાં જીવ પ્રાણી માત્રે ઉછળતા ઉરે અને ચકિત નયને દર્શન કર્યાં.

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ નિજાનંદમાં જ મસ્ત હતા. એટલે બહારના સુખની કે લૌકિક આનંદની તેમને ઇચ્છા કે પરવા નહોતી. લોકૈષણાની બેડીનો ત્યાગ કર્યો ત્યારથી જ લોકોની વાહવાહની કે તિરસ્કારની એમને દરકાર નહોતી.

**શ્રી મહાવીર કે શ્રી બુદ્ધ રસ્તામાં કે ગિરિશિખરો પર નથી પાકતા કે નથી મળતાં, સંસારમાં જ પાકે છે. અને સંસારમાં જ મળે છે. પણ એ અમોઘ શક્તિના ફુવારા તો સેંકડો વર્ષોએ–યુગે યુગે છૂટે છે. અને તે પણ જે યુગની પ્રજાનું સદ્‌ભાગ્ય હોય તેને માટે જ**

આમ શ્રી મહાવીર અને શ્રી બુદ્ધનો તુલનાત્મક ઐતિહાસિક વિચાર પરંપરાને સીમાડે આવી પહોંચતા હવે માત્ર એક જ પ્રસંગ બાકી રહે છે. અને તે નિર્વાણનો.

શ્રી મહાવીર ૭૨ વર્ષની ઉમરે બે પગે પલાંઠી વાળી બેઠાં અને નિર્વાણ પામ્યા.

શ્રી બુદ્ધ ૮૦ વર્ષની ઉંમરે ધ્યાનસ્થ થયા અને એ સ્થિતિમાં સમાધિ સુખ અનુભવી નિર્વાણ પામ્યા.

( જૈનયુગ–૧૯૮૨ માંથી આભાર )

# શાસન સમાચાર

## સંતોના સાન્નિધ્યમાં (મહુડી)

તા. ૧૬-૧-૬૫ ના રોજ શનિવારે, પોષ સુદ ચૌદસના અત્રે ઉપધાન તપની મંગળ શરૂઆત થઈ હતી. તે પ્રસંગે અત્રેના પવિત્ર તીર્થધામમાં બિરાજેલા પૂજ્ય શ્રમણ ભગવંતો તથા સાધ્વીજી મહારાજ સાહેબની યાદીઃ—

**ગચ્છાધિપતિ**

આચાર્ય ભગવંત શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી મ. સા.

**પ્રશાંત સંયમમૂર્તિ-આત્મગુણદૃષ્ટા**

આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મ. સા.

**પ્રવચન પ્રભાવક**

ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્ કૈલાસસાગરજી ગણિવર્યશ્રી, અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવરશ્રી મહોદયસાગરજી ગણિવર્ય, તપસ્વી રત્ન પંન્યાસ પ્રવરશ્રી સૂર્યસાગરજી ગણિવર્ય, પ્રસિદ્ધવક્તા પંન્યાસ પ્રવરશ્રી સુબોધસાગરજી ગણિવર્ય.

**અને સર્વશ્રી મુનિ ભગવંતો.**

શ્રી ભદ્રસાગજી મ. સા.
,, ઇન્દ્રસાગરજી મ. સા.
,, દુર્લભસાગરજી મ. સા.
,, મનહરસાગરજી મ. સા.
,, કલ્યાણસાગરજી મ. સા.
,, જસવંતસાગરજી મ. સા.
,, સુરેન્દ્રસાગરજી મ. સા.
,, અભયસાગરજી મ. સા.

શ્રી ત્રૈલોક્યસાગરજી મ. સા.
,, અશોકસાગરજી મ. સા.
,, ક્ષમાસાગરજી મ. સા.
,, લાવણ્યસાગરજી મ. સા.
,, અમરેન્દ્રસાગરજી મ. સા.
,, જયાનંદસાગરજી મ. સા.
,, મનોજ્ઞસાગરજી મ, સા.
,, સુદર્શનસાગરજી મ. સા.
,, માણેકસાગરજી મ. સા.

તથા આ. શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરિજીના શિષ્ય મુનિશ્રી ન્યાયવર્ધનસાગરજી મ. સા. બાલમુનિ શ્રી યશોવર્ધનસાગરજી મ. સા. ડેલાવાળા મુનિશ્રી ગુણચંદ્રવિજયજી મ. સા. અને મુનિશ્રી અમૃતવિજયજી મ. સા.

પૂજ્ય સાધ્વીજી મહારાજ સા. વયોવૃદ્ધ તપસ્વીની સા. મનોહરશ્રીજી મ. સા. હિંમતશ્રીજી મ. સા., મહોદયશ્રીજી મ. સા., પ્રમોદશ્રીજી મ. સા., પ્રવીણશ્રીજી મ. સા., આદિ ઠાણા ૧૬ તથા સા. લબ્ધિશ્રીજી ઠા. ૨, સા. લાવણ્યશ્રીજી ઠા. ૪, સા. પ્રધાનશ્રીજી ઠા. ૩, સા. મંજુલાશ્રીજી ઠા. ૪, સા. ઇન્દ્રશ્રી ઠા. ૨, સા. હર્ષપ્રભાશ્રીજી ઠા. ૩.

## મહુડી-મધુપુરીમાં ( તા. વિજાપુર. ઉ. ગુ. )

વીસ હજારની માનવમેદનીએ નીહાળેલો શ્રી ઉપધાન તપ માળા-રોપણ અને ઉદ્યાપનનો ભવ્ય પ્રસંગ.

પ્રારંભ:–પોષ સુદ ચૌદશ.
પૂર્ણાહુતિ.–ફાગણ સુદ ચોથ.
સ્થળ:–મહાજન વાડી.
માળાનું સ્થળ:–શ્રી મહાપ્રભુ દેરાસરનું બહારનું કંપાઉન્ડ.

સાન્નિધ્ય:–ગચ્છાધિપતિ શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી મ. સા. તથા પ્રશાંતમૂર્તિ શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મ. સા. નો શિષ્ય પરિવાર.

**ઉપધાન આરાધકો : ૨૨૬**

| ભાઈઓ | બેનો | પાંત્રીસુ | અઠ્ઠાવીસુ | માળ પરિધાનકો |
|---|---|---|---|---|
| ૨૬ | ૨૦૦ | ૬૫ | ૪૭ | ૧૧૪ |

### —: આ પ્રસંગે ઉજવાયેલ અંતર્ગત ઉત્સવો :—

તા. ૨૮–૨–૬૫ થી તા. ૭–૩–૬૫

| | | |
|---|---|---|
| મહાવદ બારસ | — | પંચકલ્યાણક પૂજા. |
| ,, તેરસ | — | કુંભસ્થાપના. |
| ,, ચૌદસ | — | સવારે:–સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. ના જન્મ દિને ગુરુપદ પૂજા. બપોરે:–અંતરાય કર્મ નિવારણ પૂજા. |
| ,, અમાસ | — | શ્રી મહાવીર કલ્યાણક પૂજા. |
| ફાગણ સુદ એકમ | — | શ્રી નવ્વાણું પ્રકારી પૂજા. |
| ,, ,, બીજ | — | શ્રી વેદનીય કર્મ પૂજા. |
| ,, ,, ત્રીજ | — | વરઘોડો. |
| ,, ,, ચોથ | — | માળારોપણ |

છેલ્લા બંને દિવસે

ફાગણ સુદ ત્રીજ અને ફાગણ સુદ ચોથે સવારે અને સાંજના બે ટંકનું સ્વામિવાત્સલ્ય.

## આજ શુભ પ્રસંગે ઉજવાયેલ બીજા અભિનૂદ્ધિત પુણ્યોત્સવો.

દષ્ટદભાલર્યા : જૈન સંસ્કૃતિક દર્શક : એકમેકથી વધુ સુંદર.

## એકત્રીસ છોડનું ઉજમણું.

(મહા વદ ૧૧ થી ફાગણ સુદી ૪ સુધી દર્શનાર્થે ખુલ્લે આમ.)

સ્થળ:—મહાજનની વાડી

## ગીત ગાયા પત્થરોને

બેજાન અને જડ લાકડું ! કલાકારના હાથનો સ્પર્શ પામ્યું ! ! રંધો અને ફરસી ફરતાં એનો ઘાટ ઘડાયો. અને લાકડું મૂર્તિ બની ગયું.

ભગવાન મહાવીર ધ્યાનસ્થ બની ઊભા છે. ગોવાળો ગુસ્સાના માર્યા તેમના કાનમાં શૂળ ખોંચી રહ્યા છે. બે નગરજનો એ વેદનાને દૂર કરવા હાથમાં સાણસી લઈ આવી રહ્યા છે. બીજી બાજુ ચંડકોશીયો ડંખ દઈ રહ્યો છે.

તેમજ ભડભડતી આગમાં લાકડા બાળીને કમઠ તપ કરી રહ્યો છે. પણ મૂર્ખને ખબર નથી કે એ લાકડામાં એક સાપ શેકાઈ રહ્યો છે. ભગવાન પાર્શ્વનાથ તેમના સેવક પાસે એ બળતા સાપવાળા લાકડાને ચીરાવે છે ને નવકાર સંભળાવે છે.

આમ એ લાકડામાંથી એ દિવ્ય દશ્ય સર્જાય છે.

અને આ દશ્યોને વિજ્ઞાનનો સાથ મળતાં જીવંત બને છે.

ગોવાળો હથોડાનો ઘા કરે છે તો સાપ વેદનાથી ફફડી રહ્યો છે.

આમ આ નરી નજરે દેખાતા લાકડાં સહનશીલતા અને કરૂણાના ભાવભીના ગીત ગાઈ ગયાં.

આવી હતી એ યંત્ર રચના.

દિવ્ય અને ભવ્ય : પ્રેરક અને પુણ્યવંતી.

સ્થળ : મહાજનની વાડી.

## સંસારને છેલ્લી સલામ

**શ્રી રશ્મિકાબેન સેવંતીલાલ**

વતન (પાટણ) ઉંમર વ. ૨૨

**શ્રી જયાબેન રીખવચંદ**

૨૨ વતન છઠીયાળા ઉંમર વ

મુમુક્ષુ બેનો

આ બંને બ્હેનોએ દીક્ષા લઈ સંસારને છેલ્લી સલામ ભરી હતી. રશ્મિકાબેને કારતક વદ છઠના દિવસે કુણઘેરમાં દીક્ષા લીધી અને જયાબેને માગસર સુદ ચૌદસની દીક્ષા (મહુડી) લીધી. તે પ્રસંગે રશ્મિકાબેનને વડી દીક્ષા આપવામાં આવી હતી.

સંસારમાં (રશ્મિકાબેન) દીક્ષામાં (સા. મ. રત્નત્રયાશ્રીજી)
„ (જયાબેન) „ (સા. મ. જયપૂર્ણાશ્રીજી)

સા. શ્રી રત્નત્રયાશ્રીજીના ગુરુ સા. શ્રી પવિત્રલતાશ્રીજી
„ જયપૂર્ણાશ્રીજીના ગુરુ સા. શ્રી સુદર્શનાશ્રીજી

## સંતનું સ્મારક

સ્વ. યોગનિષ્ઠ અધ્યાત્મ જ્ઞાનદીવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના જીવનની એક નેમ હતી કે ૧૦૮ ગ્રંથો પોતે લખવા.

આવા ભગીરથ સાહિત્ય સર્જકનું સ્મારક પણ તેવું જ હોય ને ?

ફાગણ સુદ પાંચમના બપોરે

## મહુડી ઉપાશ્રયમાં

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી જૈન લાયબ્રેરીનું** ઉદ્ઘાટન કરી આ જીવતું સ્મારક કરવામાં આવ્યું. નિશ્રા : **આ. ભ.** શ્રી **ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.**, ઉ. ભ. શ્રી **કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા.**

## અભિનંદન : બહુમાન અને આભાર

ઉપધાનના સારાય પ્રસંગને યશસ્વી રીતે સફળ બનાવનાર ઉપધાન તપ સમિતિના કાર્યકર ભાઈઓ શ્રી પ્રેમચંદભાઈ વાડીલાલ વોરા, શ્રી રતીલાલ પોપટલાલ મહેતા, શ્રી મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા, શ્રી હિંમતલાલ હકમચંદભાઈ તેમજ શ્રી શાંતિલાલ લલ્લુભાઈને સન્માનવા, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તેમજ દશા શ્રીમાળી કાંડા સત્તાવીસ મંડળ અમદાવાદ તરફથી એક જાહેર સન્માન સમારંભ ઉજવાયો હતો.

સમારંભ : ફાગણ સુદ ચોથ, રાતના દસ.
સ્થળ : શ્રી પદ્મપ્રભુ દેરાસરજીનું બહાર કંપાઉન્ડ.
અધ્યક્ષ : શ્રી **કંકુચંદ નરસિંહદાસ મહેતા**

**—: પ્રવક્તાઓ :—**

શ્રી મનસુખલાલ તારાચંદ
શ્રી ચંદુલાલ ભાંખરીયા
શ્રી તુલસીદાસ સવાઈ
શ્રી પ્રાણજીવનદાસ ગાંધી.
શ્રી હીરાલાલ જીઠ્ઠલાલ
અને બીજા.

(પ્રમુખ. અ. જ્ઞા. પ્ર. મ.)
આભારવિધિ : શ્રી પ્રેમચંદભાઈ વાડીલાલ વોરા

ગરમશાલ તેમજ હાર અને ફુલગોટાથી ઉપરોક્ત કાર્યકર ભાઇઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ ગરમ શાલ અ. સા. પ્ર. મંડળના કાર્યકર્તાઓ તરફથી એનાયત કરવામાં આવી હતી.

### ઉપધાન તપ સમિતિના સૂત્રધારો.

(૧) શ્રી પ્રેમચંદભાઇ વાડીલાલ વોરા
(૨) શ્રી રતીલાલ પોપટલાલ મહેતા
(૩) શ્રી મોતીલાવ વિઠ્ઠલદાસ વોરા
(૪) શ્રી હિંમતલાલ હુકમચંદભાઈ
(૫ શ્રી શાંતિલ લ લલ્લુભાઈ શાહ.

સંગીત સંચાલન.　　　વિધિવિધાનના સંચાલક.
શ્રી ગજાનનભાઇ ઠાકુર.　　　શ્રી બાલુભાઇ ઉત્તમચંદ.

### :— સ્વામી વાત્સલ્યના વાસ્તુનાયકો :—

(૧) શ્રી દેવચંદભાઈ જેઠાલાલ સાલડીવાળા.
(૨ જુઠ્ઠાભાઇ સ્વરૂપચંદ.

### :— સ્વયંસેવકો :—

શ્રી હિંમતનગર બોર્ડીંગના વિદ્યાર્થીઓ, શ્રી પ્રાંતિજ યુવક મંડળ તેમજ શ્રી મહેસાણા જૈન યુવક મંડળ.

### :— ઉપસંહાર :—

ફાગણ સુદ પાંચમના આ તેમજ તેના અભિવૃદ્ધિત બધા જ પ્રસંગોની પૂર્ણાહુતિ થઇ ત્યારે તે રાતના મહુડી સુનસામ લાગતું હતું. છતાંય એ સુનસામતામાં પણ આ પુણ્ય પ્રસંગોની પાવન પરિમલ વાતાવરણમાં મ્હેંક મ્હેંક થઇ હતી.

ખરેખર મહુડીના ઇતિહાસમાં આ પ્રસંગ એક યાદગાર રહેશે જ્યારે જ્યારે વાચક એ પાનુ ખોલશે ત્યારે એ બુલંદ અવાજે એક જ વાત કહેશેઃ—

અહીં એક એવો પુણ્યોત્સવ ઉજવાયો હતો કે જેમાં ગામ ગામથી આવીને, સૌએ ભેગા મળીને એક અવાજે જૈન શાસનની જય બોલાવી હતી.

સંતોએ અહીં રાત દિવસ સત્ય—અને અહિંસાની વાણીની પુનીત ગંગા વહાવી હતી.

મુઠ્ઠીભર માનવીઓએ ભેગા મળીને અહીં જૈન શાસનની પ્રભાવના કરી હતી.

ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા., પ્રશાંતમૂર્તિ, પ્રભાવક આચાર્ય દેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા., વ્યાખ્યાન વાચસ્પતિ ઉપાધ્યાય ભગવંત શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા., અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા., પ્રસિદ્ધ વક્તા પંન્યાસ પ્રવરશ્રી સુબોધસાગરજી મ. સા. આદિ મુનિ ભગવંતો તેમજ—

સંનિષ્ઠ, સેવાભાવી, ધર્મપરાયણ અને જિન શ્રદ્ધાળુ એવા શ્રી પ્રેમચંદભાઈ વાડીલાલ વોરા, શ્રી રતિલાલ પોપટલાલ મહેતા, શ્રી મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા, શ્રી હિંમતલાલ હુકમચંદભાઈ અને શ્રી શાંતિલાલ લલ્લુભાઈ શાહ.

આમ આ પાંચ સંત પરમેશ્વરોએ તેમ જ આ પાંચ પાંડવોએ અહીં ભેગા મળીને જૈન શાસનનો જયજયકાર કર્યો હતો.

ધન્ય એ સંતોને
ધન્ય એ ગૃહસ્થોને

●

With Best Compliments From—

**CHIMANLAL MANCHAND & CO.**

**JEWELLERS**

Dealers in Precious Stones
and
Manufacturers of Excusive Jewellers
Appointed Valuers of Jewellers
by

**GOVERNMENT OF INDIA**

New Queen's Road,
opp. Opera House

**BOMBAY 4.**

PHONE : **30321.**     GRAMS : PLATINUM.

## આ છે ઉપધાનના મંડપનું એક દિવ્ય ચિત્ર.



મહુડીની મહાજનની વાડીમાં ઉપધાન તપસ્વી બેનોનો ઉતારો હતો.

ઉતારો શેનો ? દીર્ઘ તપસ્વી બેનોની એ તો અધ્યાત્મ શિબિર હતી, શિબીર.

ચિત્રમાં જે સિંહાસન દેખાય છે તેમાં વીતરાગ પ્રભુ બેઠા છે. તેમના સાન્નિધ્યે આ અધ્યાત્મ શિબિરાર્થીઓ–ઉપધાન તપસ્વીઓ ભાવિ માટેના ચારિત્ર્ય માર્ગની આરાધના કરી રહ્યા છે.

પાછળની બાજુમાં ખૂલ્લા બારણાવાળી જે રૂમ છે તે ઉપધાન તપ સમિતિનું કાર્યાલય છે. આ કાર્યાલયમાં રાત દિવસ તનતોડ મહેનત કરીને કાર્યકર્તાઓએ આ ઉપધાન પ્રસંગને ઉજમાળ બનાવ્યો હતો.

આ કાર્યાલયની બાજુમાં જ પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબોનો નિવાસ હતો. ભેગા મળેલા એ સૌ પૂજ્ય સા. મ. નો સંઘ એક અનોખા સાધ્વી ગુરુકૂળની યાદ આપતો હતો.

આ છે મહામંગળકારી ઉપધાન તપના આરાધક ભાઈઓ



અને બહેનો





પચ્ચીસમા તીર્થંકર પણ છે. એવું કોઈ તમને કહે તો તમે માનશો ખરા? પરંતુ આ હકીકત છે શ્રી ચતુર્વિધ સંઘને પચ્ચીસમા તીર્થંકર તરીકે ઓળખાવવામાં આવે છે. એવા જ એક તીર્થંકરના આ દર્શન છે.

આ એ મંડપ છે જેમાં ઉપધાન તપસ્વીઓએ **સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી** મ. સા. ના ગચ્છાધિપતિ **આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરિશ્વરજી** મ. સા. ની (ચિત્રમાં ત્રણની જમણી બાજુથી પ્રથમ) નિશ્રામાં તેમજ પૂજ્ય સાધુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો અને શ્રાવક–શ્રાવિકાઓના ચતુર્વિધ સંઘના સાન્નિધ્યમા; સૌએ માળ પહેરી હતી.

કુલ માળ : ૧૧૪

માળારોપણ દિન : ફાગણ સુદ ચોથ રવિવાર.

શ્રી પ્રવીણાબેન સકરચંદ વાઘપુરવાળા સૌથી નાનામાં નાના માળ પહેરનાર હતા. ઉંમર વરસ માત્ર અગિયાર.



શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ

સકળ બ્રહ્માંડમાં વ્યાપી રહેલા તમામ જીવોની શાંતિ માટે પ્રાર્થના કરતા શાંતિસ્નાત્રનું દૃશ્ય.

જમણી બાજુથી ચોથા નંબરે ચશ્મા પહેરી હાથ જોડીને, પ્રભુના સિંહાસન પાસે ઊભા રહેલા મુરબ્બીને ધ્યાનથી જુવો.

એ છે આ સારાય ઉત્સવના વિધિ વિધાન કરાવનાર ક્રિયા વિધિજ્ઞ.

**શ્રાદ્ધરત્ન શ્રી બાબુભાઈ ઉત્તમચંદ**

(સુરત નિવાસી)



અભયકુમારે તેના મિત્રને એક બેનમૂન ભેટ મોકલી.

ભેટ હતી : વિતરાગની પ્રતિમા : મિત્ર હતો : આદ્રકુમાર.

આદ્રકુમારે પ્રતિમા જોઈ. ભવોભવનાં પડદાં ચીરાઈ ગયા. પોતાની સારીય ભવલીલા નગ્ન બનીને ઊભી રહી ગઈ. અને આદ્રકુમારે સંસારના વાંઘા ફાડી ચારિત્ર્યના ચીર ઓઢી લીધા.

ઉજમણાના આ છોડ પણ જગતને એક એવી જ ભેટ છે.

ઉજમણું એટલે જ્ઞાન-દર્શન અને ચારિત્ર્યનું જાહેર પ્રદર્શન. એકત્રીસ છોડનું આ ભવ્ય ઉજમણું શું આજના કોઈ આદ્રકુમારને પેદા કરશે ખરું ?



વરઘોડો રે વરઘોડો
આ તો શાસનનો વરઘોડો
માથે મૂક્યાં છે કોઇએ ગજવરને સિંહો
હાથમાં દીવો ને ગાયા છે ગીતો.

આ છે મહુડીમાં નીકળેલા વરઘોડાનું એક લાક્ષણિક દશ્ય.

એનો ઉપધાનની માળ તેમજ સુપનો માથે મૂકીને વરઘોડે ઘૂમી રહી છે. બાદશાહી ચાલથી રૂવાબભેર ચાલતા ગજરાજ અને ઘૂઘરીઓની ઘુઘરમાળથી ધમધમતા ભગવાનના રથને તેમજ સંતોના સથવારાને નીહાળવા

**વીસ હજારની મેદની ઉમટી હતી.**

જોનારા કહે છે : અભૂત પૂર્વ !

**જીવનેનો મંગળ લ્હાવો !! ધન્ય એ દિવસ !**

**ધન્ય એ ઘડી !! જય હો જૈન શાસનની !!!**



## સંત તિહારી સંગતિ સાચી

—: ચિત્ર પરિચય :—

**ડાબી બાજુથી:**—મુનિરાજશ્રી ત્રૈલોક્યસાગરજી મ. સા., અનુયોગાચાર્ય પં. પ્ર. શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા., મુનિરાજ શ્રી ઈન્દ્રસાગરજી મ. સા., મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. સા.

**વચમાં:**—પ્રશાંતમૂર્તિ આચાર્યદેવેશ શ્રીમદ્ **કીર્તિસાગરસૂરિશ્વરજી મ. સા.**

**જમણી બાજુથી:**—પ્રસિદ્ધવક્તા પં. પ્ર. શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ. સા., (પાછળની બાજુમાં) મુનિરાજશ્રી કલ્યાણસાગરજી મ. સા., મુનિરાજશ્રી મનહરસાગરજી મ. સા., મુનિરાજશ્રી ગુણચંદ્રવિજયજી મ. સા.

વચમાં પૂ૦ આ. મ. અને જમણી બાજુ પંન્યાસજી મ. સા. ની વચમાં નજર નીચી ઢાળીને ઊભા છે તે છે—

મહુડી ઉપધાનના પ્રેરક, શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ, સ્વાધ્યાયે મગ્ન.

પૂજ્ય ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્

**કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા.**



પૂજ્ય વીરવિજયજી મ. સા. સ્નાત્ર પૂજામાં લખે છે:—પહેલે ગજવર દીઠો.
હું લખું છું, કોઈ પૂજા નહિ હોં; આંખે દેખ્યો અહેવાલ લખું છું:

મહુડીએ ગજવર દીઠો
બીજે વરઘોડો પઈઠો
ત્રીજે સંતોનો સથવારો
ચોથે ઉપધાનની માળા

આ એ ગજરાજનું ચિત્ર છે જે તેની રૂવાબી ચાલથી મહુડી જૈન સંઘની ગૌરવ ગાથા ગાય છે.



ધીમેથી હંકારજે ઓ સારથી ! વ્હાલા !!
રથમાં બેઠા છે મારા ત્રિશલાના જાયા !!!

જીવન પણ એક રથ જ છે ને ? રાગ અને દ્વેષના ચક્રો ન જાણે માનવીને ક્યાં ક્યાં દોરી જાય છે ?

પરંતુ અશ્વોની લગામ સારથીના હાથમાં મજબૂત હોય તો ? રથને તે ધારેલી દીશામાં વાળી શકે છે.

જીવન રથનું પણ તેવું જ છે.

આ સંદેશ આપવા જ શું આ રથ તો અહીં ઊભો નથી ને ?



કોઈના પગલે પગલે

ચાલી જાય છે વણઝાર......

ભગવાન મહાવીરે ચંદનાને દીક્ષા આપી અને સ્ત્રીના મુક્તિ: સ્વાતંત્ર્યનો ઘંટ વગાડયો.

ચંદના એટલે સાધ્વી ગંગાની ગંગોત્રી.

ત્યારપછી તો એ ગંગા વહી જ ચાલી, વહી જ ચાલી..

બેન શ્રી જયાબેન રીખવચંદ

સંસારને છેલ્લી સલામ ભરી રહ્યા છે.

★



પૂ૦ આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મ. સા. મુમુક્ષુ બેન જયાબેન રીખવચંદને ઓઘો અર્પી રહ્યા છે.



જમણી બાજુ બેઠેલા પૂ૦ સા. મ. **સુદર્શનાશ્રીજી** મ. સા. નવદીક્ષિત સા. મ. શ્રી **જયપૂર્ણાશ્રીજીના** ગુરુ છે.

## વસમી છે વિદાય એક વહાલાના વિજોગની



એક મંગળ ઘડીએ ઉપધાન પ્રસંગનો પ્રારંભ થયો. પ્રારંભ તેનો જ અંત. આ પ્રસંગ પણ પૂર્ણ થયો. પરંતુ પુષ્પની પાંખડીઓ વીખરાતી નથી; એ તો પરિમલ જ પાથરી જાય છે. આ પ્રસંગ પણ એક એવી જ પરિમલ પાથરતો ગયો.

એ વિદાય વેળાએ આ પ્રસંગના સારાય કારોબારને તનતોડ મહેનત કરી, માત્ર પરમાર્થ કાજે જ કાયાને અને જરૂર પડે માયાને પણ ઘસીને કાર્યકર્તાઓએ જે ઉત્સાહ અને ઉમંગથી, તાઝગી અને તરવરાટથી કામ કરીને આ પ્રસંગને ઇતિહાસના પાના પર સુવર્ણ અંકિત કર્યો તે કાર્યકર્તાઓનું બહુમાન કરતાં અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળના પ્રમુખ **શ્રી તુલસીદાસ સવાઈ** કાર્યકર્તાઓને અભિનંદી રહ્યા છે.

## આ છે સૌ મહુડી ઉપધાનના પાંચ પાંડવો



### —: પરિચય :—

**જમણી બાજુથી:**—શ્રી રતીલાલ પોપટલાલ મહેતા, શ્રી પ્રેમચંદભાઈ વાડીલાલ વોરા, શેઠશ્રી કંકુચંદ નરસિંહદાસ મહેતા. (જેમના હાથમાં જૈનં જયતિ શાસનમ્‌નો ફુલગોટો છે.) શ્રી મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા, શ્રી હિંમતલાલ હુકમચંદભાઈ અને શ્રી શાંતિલાલ લલ્લુભાઈ શાહ

આ દરેક ભાઈઓએ પોત પોતાને સોંપાયેલા કામમાં સંપૂર્ણ ગળાબૂડ ડૂબી જઈને—આરામ હરામ હૈ—સૂત્રની સાધના કરીને આ સારાય પ્રસંગને યશસ્વી રીતે સફળ બનાવ્યો હતો.

ગરમ શાલ, ફુલહારને ફુલગોટાથી આ સૌ ભાગ્યશાળીયોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી કંકુચંદ નરસિંહદાસ મહેતા આ બહુમાન સમારંભના અધ્યક્ષ હતા.

★

ઘમ્મર ઘમ્મર ઘૂમતો.

ને વેરતો અમૃતની ધાર

એવો તે દીઠો મેં

એક આભનો ચાંદલો

ને બીજો



એકવડુ કાઠુ, મોં પર સદાય સ્વાગતનું અમૃત વેરતું સ્મિત, આંખોમાં પ્રસંગનો ઘૂઘવાતો ઉમંગ, પગમાં કાર્યનો થનગનતો વેગ, પવનવેગી ચાલ અને હોઠો પર સદાય ગુરુદેવ અને જિનેશ્વરના નામની ગૂંજ; આ બધાથી કાર્યની જિવંત પ્રતિમા સમા—

**શ્રીયુત્ પ્રેમચંદભાઈ વાડીલાલ વોરા**

આ મહુડી ઉપધાન પ્રસંગના પ્રાણ હતા. એ દિવસોમાં જેઓએ તેમને જોયા છે તેમને તે સદાય યાદ રહી જશે.

ઘડીના યે જંપ વિના, અસહ્ય થાક વચ્ચે, અનેક અમૂંઝણોના વમળમાં, ક્યારેક તો ધગધગતા તાવમાં, કૌટુંબિક અડચણો વચ્ચે પણ દિવસ કે રાત જોયા વિના તેઓશ્રીએ આ વિરાટ પ્રસંગનો જે કાર્યભાર ઉપાડયો હતો તે ખરેખર તેમની હિંમતને દાદ અપાવે તેવો હતો.

નાના સરખા ગામમાં, વસ્તુઓની અછતવાળા વિસ્તારમાં, માત્ર ગણ્યા ગાંઠ્યા જ સહકાર્યકરોના સાથમાં તેઓશ્રી આ મોટા પરિવારને (૨૨૭ આરાધકો) જે જતન અને પ્રેમથી જાળવ્યા અને વિના વિઘ્ને આ પ્રસંગને જે સફળતાથી પાર કર્યો તે બદલ તેમનું આ અપૂર્વ સાહસ સાચે જ અભિનંદનીય છે.

છતાંય પોતાના બહુમાનના જવાબમાં તો તેઓશ્રી વિનમ્રતાથી આટલું જ કહે છે:—

"મેં તો કશું જ કર્યું નથી. શાસનદેવની કૃપા અને ગુરુદેવના આશીર્વાદથી જ આ બધું પાર પાડયું છે. અને સમાજનો જો સાથ ન મળ્યો હોત તો તો આમાંનું કંઇ જ બનત નહિ."

ખરેખર આવા વિનમ્ર, નિષ્ઠાવાન, ઉમંગી, શ્રદ્ધાળુ અને સાહસિક એવા **શ્રી પ્રેમચંદભાઇ** તેમજ તેમના સૌ સહકાર્યકરોનું જેટલું બહુમાન કરવામાં આવે તે અલ્પ જ રહેવાનું.

**મુક્તિપ્રભાના તંત્રી મંડળ તરફથી શ્રી પ્રેમચંદભાઈ તેમજ તેમના સહકાર્યકરોને અમારા લાખ લાખ અભિનંદન ! ! !**

નથી પરવા હવે મને સંસારની
પહેરી છે માળ મેં ઉપધાનની



૨૧૦ શેઠ શ્રી વીરચંદભાઈ જીવરાજના ધર્મપત્ની

**સુંદરબેન વીરચંદભાઈ** (પુંધરાવાળા) ઉંમર વ. ૬૦

મહુડીમાં થયેલ ઉપધાન પ્રસંગમાં શ્રી સુંદરબેને નિર્વિઘ્ને ઉપધાનની માળ પહેરીને મુક્તિની સીટ રીઝર્વ કરાવી છે. તા. સુદ ચોથ (મહુડી)

## જનનીની જોડ સખી,
## નહિ જડે રે લોલ……



ગં. સ્વ. પાર્વતીબાઈ ફુલચંદ (માણસા)

સ્વભાવે મળતાવડા, ધાર્મિક કાર્યોમાં અગ્રીમ અને માણસાના બહેનોના ઉપાશ્રયના ત્રીસ વરસના પીઢ સ્ત્રી કાર્યકર (સામાયિક, તપસ્વી, ધર્મનિષ્ઠ ને ધર્માભ્યાસી એવા પાર્વતીબાઈનો એંસી વરસની ઉંમરે દેહાંત થયો.

માતૃભક્ત સંતાન શ્રી સોમચંદભાઈએ પૂજ્ય માતુશ્રીની પુનિત યાદમાં મંગળ ઉત્સવ કર્યો.

અઠ્ઠાઈ ઓચ્છવ અને ઉદ્યાપન. પોષ વદ અગીયારસથી મહા સુદ ચોથ માણસા.

# ભગવાન મહાવીરનો



ભ. મહાવીરે જગતને અહિંસા, અનેકાંત અને અપરિગ્રહની ભેટ ધરી.

અહીં એ ત્રણેયના પ્રતીકોનું પુણ્ય પ્રદર્શન રાખ્યું છે.

# મંગળ વારસો



... સાથે સફેદ ટોપી, સફેદ ડગલો ને ધોતીયું.
... વચમાં ઊભા છે તે છે—
... માતભક્ત અને જિનરાગી—
શેઠ શ્રી સોમચંદભાઈ ...ચંદભાઈ

ડાબી બાજુએ ... ટોપી, ઊંનગી આંખો, સફેદ પહેરણ અને હાથ પર હાથ લટકતા ... ભાગથી ત્રીજા નંબરે શેઠશ્રીના આજ્ઞાંકિત અને ધર્મવત્સલ સુપુત્ર શ્રી ...ભાઈ સોમચંદ ઊભા છે.

બહતા પાની નિર્મલા, બંધા ગંદા હોય,
સાધુ તો ફીરતા ભલા, દાગ ન લાગે કોય.



મહુડીથી વિહાર : પોષ વદ બારસ
અમદાવાદ આગમન : ,, ,, તેરસ.
વચમાં : ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્
માણિક્ય સાગરસૂરીશ્વરજી મ. સા.
ડાબી બાજુ : મુનિરાજ શ્રી ગુલાબવિજયજી મ. સા.
" પાછળ : મુનીરાજ શ્રી દુર્લભસાગરજી. મ. સા.
જમણી બાજુ પાછળ : મુનિરાજ શ્રી અમરેન્દ્રસાગરજી. મ. સા.
,, : ગચ્છાધિપતિના પરમ શિષ્ય
(સફેદ દાઢી ને ચશ્માવાળા.)
મુનીરાજ શ્રી મનોહરસાગરજી. મ. સા.
જમણી બાજુ આગળ : ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્
કૈલાસ સાગરજી ગણિવર્ય મા. સા.
[ જમણી બાજુ ભૂલકાઓની પાછળ ખુલ્લા બટનનો કોટ પહેરી
શેઠ શ્રી સોમચંદભાઈ ફુલચંદ ઊભા છે. ]

# સ્વાગત અને સત્કાર



અમારાં એ ભાગ્ય ક્યાંથી?
અમારાં એ પુણ્ય ક્યાંથી?
પધારો પધારો સંતો!!
વધાવું ભક્તિના ફુલડાંથી.

મહુડીથી વિહાર કરી પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિશ્વરજી મ. સા. આદિ પૂજ્ય શ્રમણ ભગવંતો માણુસા પધાર્યા તે સમયના સામૈયાનું એક દૃશ્ય.

હે સંત, અમે તમારાં છૈયાં
પ્રેમે કરીએ તમારાં સામૈયા



( માણસા )

વચમાં:—પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિ-
સાગરસૂરીશ્વરજી મ. સા.

જમણી બાજુ:—પ્રસિદ્ધવક્તા સંન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી
ગણિવર્ય મ. સા.

ડાબી બાજુ:—મુનિરાજ શ્રી ત્રૈલોક્યસાગરજી મ. સા.

★

તબલાંની થપ થપ
ઝાંઝરની ઝન ઝન
હૈયાં નાચે પ્રભુ દરબારે
હોઠો પર ગીતોની ગૂન ગૂન



માણુસામાં ઉજવાયેલ અઠ્ઠાઈ મહોત્સવની પૂજામાં સંગીતકાર શ્રી હરજીવનદાસ હકમીચંદ ભોજક (પાલનપુર વડગામવાળા) ભક્તિની ધૂન મચાવી રહ્યા છે.

★



## સંયમના પંથે

રશ્મિકાબેન સેવંતીલાલ

(પાટણ)

(ઉ. વ. ૨૮)

દીક્ષા :

સં. ૨૦૨૧ કા. વ. ૬

સ્થળ : કુણઘેર

નિશ્રા : પૂ. પં. પ્ર.

અનુયોગાચાર્ય

શ્રી મહોદયસાગરજી

ગણિવર્ય મ. સા.



નવદીક્ષિત સા. મ. રત્નત્રયાશ્રીજી

ગુરુ : સા. મ. શ્રી પવિત્રલતાશ્રીજી મ.

અરે! ભાઈ હસો છો શું?
આ મારા લાંબા કાન જોઈ
હસો છો? અણીયાળા આ શીંગડા જોઈ
હસો છો? કે પક્ષી મારું આ મોં જોઈ
હસો છો? ભલે! હસો ખૂબ હસો મને જોઈને.
પરંતુ હું કંઈ બકોર પટેલ નથી
હોં. તો??? હું તો હું—



## રસિકલાલ મણીલાલ

**[ આર. એમ. શાહની કાં. દવાવાળા ]**

વિલેંપાર્લામાં ઉજવાયેલ મોતીમણિ મંદિરની અંજનશલાકા પ્રસંગે શ્રીયુત્ રસિકલાલ મણીલાલ હરિણીગમૈત્રી દેવ બન્યા હતા તેનું આ દશ્ય છે. બકોર પટેલ કે બીજા કોઇ નહિ હોં. (મહા માસમાં)

## આજનો લ્હાવો લીજીયે રે
## કાલ કોને દીઠી છે.



આ ભવ તો શ્રાવકનો મળ્યો છે. ન જાણે આવતો ભવ કેવોય મળશે? તો પછી આ ભવમાં જ ઈન્દ્ર બની પ્રભુના ન્હવણ પ્રસંગનું પુણ્ય શા માટે જતું કરવું?

ઈન્દ્ર વેષમાં **શ્રી રસિકલાલ મણીલાલ (દવાવાળા)** મેરૂ શિખર પર પ્રભુની પ્રક્ષાલ પૂજા માટે ઊભા છે. પાછળ તેમના મુરબ્બી મોટાભાઈ **શ્રી કાંતિલાલ મણીલાલ** ઊભા છે.

મૂળ નાયકઃ—**શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ.**

સ્વ. યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાનદીવાકર
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. ની
પુનિત યાદમાં

# માહે જુન ૧૯૬૫માં

જૈન ડાયજેસ્ટનો શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી

# પુણ્ય સ્મૃતિ અંક

પ્રગટ થશે.

લેખકોને શ્રીમદ્જીના જીવન અને કવન વિષે લેખો, જીવન પ્રસંગો. તેઓશ્રીના સાહિત્યની જીવન પર અસરો વગેરે લખી મોકલવા વિનંતી છે,

ગુરુ ભકત દાનવીરોને શ્રીમદ્જીને ભાવભીની વંદના કરતી અંજલિઓ અર્પી સહકાર આપવા વિનંતી છે.

[ કાવ્યો–પ્રશસ્તિઓ લેવામાં આવતાં નથી ]

---

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી સાહિત્ય પ્રકાશન
ગ્રંથમાળા તરફથી પ્રગટ થઇ ચૂકયાં છે

**પ્રેરણા ભર્યાં પ્રાણવાન
પ્રકાશનો :–**

* ભજનપદ ભાવાર્થ સંગ્રહ
* શિષ્યોપનિષદ્
* રત્નદીપ યાને ગુરુબોધ લે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી. અને હ ટુંક સમયમાં જ પ્રગટ થાય છે.

## જૈનોપનિષદ્

લેખક શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી.
કિંમત એક રૂપિયો.
–: લખો યા મળો :–

| | |
|---|---|
| ભગવાન શાહ | શ્રી ચીમનલાલ જેચંદભાઈ, |
| ૧૭૦/૭૨ ગુલાલવાડી, | શેઠ મનસુખભાઈની પોળ, |
| મુંબઈ ૪. | કાળુપુર, અમદાવાદ. |

સમાજ તો મીઠો મહેરામણ, ધારે એને ન્યાલ કરે !

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ-મહોત્સવનો અપુર્વ અવસર

વિદ્યાલયનું સુવર્ણ મહોત્સવ વર્ષ વહી રહ્યું છે. એની ઉજવણીનો સુવર્ણ અવસર આવી રહ્યો છે. સમાજને માટે એ આનંદ અને ગૌરવનો અવસર છે!

વિદ્યાલય તો છે સમાજને ચરણે શિક્ષણ અને સંસ્કારથી સુરભિત પુષ્પોનો પુંજ ભેટ ધરનાર ઉદ્યાન!

સમાજે જ એને જન્મ આપ્યો છે; સમાજે જ સંતાનની જેમ વાત્સલ્યપૂર્વક એનો ઉછેર કર્યો છે; અને એનો વિકાસ પણ સમાજની હૂંફ, મમતા અને મોંમાગી સહાયતાને જ આભારી છે. વિદ્યાલય આજે જે કંઈ છે તે સમાજના પ્રતાપે જ છે!

નદીનાં નીર સુકાય છે. સરોવરનાં પાણી પણ શોષાઇ જાય છે. તળાવ, કૂવા અને વાવ પણ નિર્જળ બની જાય છે. પણ મહામના મહેરામણ ક્યારેય જળશૂન્ય બન્યો જાણ્યો નથી : એવો અદ્ભુત છે એનો મહિમા!

જેવો મહેરામણ એવો જ સમાજ!

પણ સમાજ તો મીઠો મહેરામણ—એ એની અપુર્વ વિશેષતા!

એથી સંતપ્તજનોનો તાપ દૂર થાય! એના જળ છંટકાવથી વિવિધ કલ્યાણપ્રવૃત્તિઓ પાંગરી ઊઠે! એના અમૃતસિંચનથી નબળાં કાર્યો નવપલ્લવિત થાય.

એ મીઠાં મહેરામણમાં તો વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ, વિદ્યાલયના સભ્યો, શ્રીસંઘના આગેવાનો, શ્રીમાનો, સેવકો, વિદ્વાનો અને વિદ્યાપ્રેમીઓ—એ સૌની ભાવનાની સરિતાનાં નીર સમાઇ જાય!

એ મહેરામણ ધારે એને ન્યાલ કરી દે એવો એનો પ્રતાપ!

સુવર્ણ મહોત્સવ નિમિત્તે વિદ્યાલય વધુ શકિતશાળી અને વધુ સદ્ધર અને અને શિક્ષણ અને સાહિત્યપ્રચારની નવી નવી પ્રવૃત્તિઓ હાથ ધરે એવી અમારી ઉમેદ છે. એ ઉમેદને સફળ કરવા માટે અમે, સુવર્ણ–મહોત્સવ–નિધિમાં, આશરે પંદર લાખ રૂપિયાનો ફાળો આપવાની સમાજ સમક્ષ ટહેલ નાખી છે.

આ દરિયાવદિલ મીઠો મહેરામણ અમારી આ ટહેલ પૂરી કરશે એવી અમારી શ્રદ્ધા છે.

મીઠાં મહેરામણ અને એમાં ભળેલ સરિતાઓની કૃપાથી એ શ્રદ્ધા સત્વર ફલવતી બનો, એ જ અભ્યર્થના!

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

ગોવાળીયા ટેન્ક રોડ,
**મુંબઈ–૨૬ WB**
તા. ૩૦–૩–૧૯૬૫

**ચંદુલાલ વર્ધમાન શાહ**
**મનુભાઈ ગુલાબચંદ કાપડીઆ**
**જયંતીલાલ રતનચંદ શાહ**
મંત્રીઓ

**પ્રવીણચંદ્ર હેમચંદ કાપડીઆ**
**કોષાધ્યક્ષ**

નોંધ: શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓને તેમના સરનામા કાર્યાલયને તુરત મોકલવા વિનંતિ છે.

**WITH BEST COMPLIMENTS**

**FROM**

# THE KOHINOOR MILLS CO. LTD.

Manufacturers of

**QUALITY FABRICS AND SEWING THREADS**

: Managing Agents :

**Killick Industries Ltd-**

Killick House,
Home Street, BOMBAY 1



## જોઈએ છે

નામાના 'કામના જાણકાર, ઓફિસ કામના અનુભવી, સંસ્થાના કામમાં રસ ધરાવનાર, શ્રદ્ધાળુ, વિશ્વાસુ અને પ્રમાણિક.

## બે મુનિમો

**જોઇએ છે.**

લખો

**શ્રી જૈન શ્વેતાંબર કારખાના**

**મહુડી–મધુપુરી**

વાયા પીલવાઈ રોડ,
(ઉત્તર ગુજરાત)

ઘાટ અને ઘડતરમાં
નયન રમ્ય
સૌન્દર્ય અને સ્વચ્છતામાં
ચિત્તાકર્ષક

**રોકેટ બ્રાન્ડ**

GUARANTEED
Rocket
R.T.
STAINLESS STEEL

સ્ટેનલેસ સ્ટીલના
વાસણો જ
વાપરવાનો આગ્રહ રાખો

મળો : **શાહ વાડીલાલ દેવચંદ એન્ડ સન્સ**

સી. ૩૩, સર્વોદય નગર
પાંજરાપોળ રોડ, મુંબઈ-૪

Phone : 332463 (Office & Resi)
Gram : THREEGATES (Girgaum)

---

સંતના સંસ્મરણો
અવધૂતની આહલેક
યોગીની યુગવાણી
શ્રમણની શ્રુતગંગા

**પાથેય**

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજીએ
રોજે રોજ લખેલ ડાયરીનાં
બેનમુન પાના એટલે જ

**પાથેય**

(પ્રેસમાં છપાઇ રહી છે.)
આપની નકલ આજે જ નોંધાવો.
કિંમત : અઢી રૂપિયા

લખો

**ભગવાન શાહ**
૧૭૦-૭૨, ગુલાલવાડી, ૧લે માળે.
મુંબઇ-૪

**શ્રી કીર્તિલાલ ડાહ્યાભાઇ પરીખ**
ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩

ત્રેસઠ વર્ષથી એકધારી સેવા કરતી

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ સમગ્ર જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવનારી એક સંગઠિત સંસ્થા છે. જ્યાં સંગઠન છે ત્યાં સિદ્ધિ છે. મહત્વ પૂર્ણ કાર્યો :–

સામાજિક, વ્યવહારિક અને ધાર્મિક કાર્યોમાં જૈન સમાજની પ્રશંસનીય સેવાઓ કરી છે, તે માટે લાખો રૂપિયા ખર્ચ્યા છે. ભારત વર્ષના અનેક સ્થળોમાં ઉદ્યોગગૃહો ચલાવવામાં અને ઉભા કરવામાં આર્થિક સહકાર આપે છે. તીર્થસ્થળો પર રાજ્ય દ્વારા થયેલી અથડામણોનો સામનો, જ્ઞાન ભંડારોનો ઉદ્ધાર, કેળવણી ક્ષેત્રે સ્કોલરશીપો વિ. મહત્વ પૂર્ણ કાર્યો કરેલ છે અને કરે છે.

**તડકી છાંયડી** :–સમાજ વ્યક્તિનો બનેલો છે. અને વ્યકિતનું જીવન ઘડતર સમાજ પર અવલંબે છે. આજ સુધીમાં સંસ્થાએ સાધેલ ઉન્નતિમાં કેટલીય વ્યક્તિનો અમૂલ્ય ફાળો છે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ સમાજની સંગઠિત શકિતનું સર્જન અને પોતાની મહેચ્છાઓને પૂર્ણ કરવા મથતી આ સંસ્થા અનેક તડકી–છાંયડીમાંથી પસાર થઇ રહી છે.

**જ્યોતને જલતી રાખી છે.** :–જે સમાજે આ સંસ્થાનું સર્જન કર્યું છે, તેમણે જૈનધર્મની પ્રભાને વિશેષ તેજોમય બનાવી જ્યોતને જલતી રાખી છે.

**જ્યોતને તેજસ્વી બનાવો** :–સમાજની દરેક વ્યકિતની નૈતિક ફરજ છે કે આ જ્યોતને તેજસ્વી બનાવવા કોન્ફરન્સ જેવી પ્રસિદ્ધ સંસ્થાને પોતાની સેવાઓ અર્પણ કરે. જૈનશાસન અને જૈન સમાજને ઉન્નત બનાવવા સબળ અંગોની સહાય લઇ તેના નિર્બળ અંગોને વિશેષ શકિતશાળી બનાવવાનું ભગિરથ કાર્ય આ સંસ્થાએ ઉપાડ્યું છે.

**પૂર્ણત્વ પ્રતિ પ્રયાણ** :–પાલીતાણા અધિવેશનમાં જે નિર્ણયો લેવાયા હતા તેને મૂર્તમંત બનાવવા પ્રયત્નો ચાલુ છે. બધાં જ કાર્યોમાં સફળતા મળી

છે. એવું નથી છતાં નિરાશાની સાંકળ તેને જકડી શકે તેમ નથી, તેની પડખે એક વિશાળ જૈન સમાજ ઉભો છે, જે અનેક નિરાશાઓ વચ્ચે પણ તેની અમર આશા છે.

**મંગલ ભાવના :**–શાસનાધિપતિ ભ. મહાવીરના જન્મકલ્યાણક પ્રસંગે સશક્ત, સબળ અને ઉદાર સમાજ કોન્ફરન્સને વધુને વધુ પ્રગતિશીલ સમૃધ્ધ બનાવવા દાનના પ્રવાહને નિભાવફંડમાં વહેવરાવે એવી મંગલ ભાવના.

**નોંધ :** (૧) શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનો ઇતિહાસ કિંમત ૨–૦૦ (૨) છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ કિંમત ૦–૫૦ ઉપરોક્ત બંને સંસ્થાના પ્રકાશનોનું વેચાણ ચાલુ છે. પોસ્ટેજ અલગ. મંગાવનારે નીચેના સરનામે લખવું.

લી. : **ભવદીય,**

**અભયરાજ બલદોટા–પ્રમુખ          મહીપતરાય જે. શાહ**
**વાડીલાલ સી. ગાંધી–ઉપપ્રમુખ  પોપટલાલ આર. શાહ. મહામંત્રીઓ**
**જયરાજ એસ. જૈન : : સુશીલાબેન સી. શાહ. સહાયક મંત્રીઓ**

**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ**

તાર : **'હિંદસંઘ'** ૨૦/પાયધુની, ગોડીજી બિલ્ડીંગ, મુંબઇ ૨, ફોન : **૩૩૩૨૭ ૩**



# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.

[પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ઇ. ૧૨૩૦ મહેસાણા]

**દસાવાડા** ખાતે પૂ. મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે. આજુબાજુનાં ગામોમાંથી જીવોને છોડાવી અહિં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક– ઠીક થાય છે. તો જીવદયાપ્રેમી ગૃહસ્થોને ઉદાર મદદ કરવા વિનંતિ કરીએ છીએ. આપની એક એક પાઇનો સદુપયોગ થશે. ટ્રસ્ટીઓ

**૧ શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા**
**૨ શાહ રકબીચંદ અમીચંદજી વાડગોલવાળા**
**૩ શાહ નેમચંદ જેચંદભાઈ ગઢવાળા**
**૪ શેઠ કીશનચંદજી ભોજરાજ દસાવાડા**
**૫ ઠા. ભગવાનજી ભેમાજી સરપંચ,**
**મા. જોરાભાઈ કરણભાઈ દેશાઈ** મંત્રી

વાયા પાટણ, **દસાવાડા** (ઉ. ગુજરાત)


---


**વાંચો !** **જરૂર વાંચો ! !**

## મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજીનું લોકપ્રસિદ્ધ

# જૈન દર્શન

**[દશમી આવૃત્તિ]**

ઘણા સુધારાવધારા અને અનેક ઉપયોગી વિષયોનાં સુગમ અને સ્પષ્ટ પ્રમાણુસર વિવેચન સાથે નવસંસ્કાર પામી આગળની આવૃત્તિઓથી [નવમી આવૃત્તિથી] નવીનરૂપને ધારણ કરતું આ 'જૈન દર્શન'નું દશમું ષટ્ખંડાત્મક ભવ્ય તથા નવ્ય સંસ્કરણ હૃદયને સ્પર્શી શકે એવા તત્ત્વજ્ઞાન સાથે નૈતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક જ્ઞાનને વિશદ તથા રોચક રીતે સમજાવતું હોઈ કોઈ પણ ધર્મ–સમ્પ્રદાયના જિજ્ઞાસુ મનુષ્યે એકવાર વાંચી જવું જરૂરી છે. જૈન ધર્મના વિશાળ અને ઉદાર સિદ્ધાન્તો તથા ઉપદેશો જાણવા–સમજવા માટે દરેક જિજ્ઞાસુ જૈન પુરુષે કે બહેને આ પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ. વિદ્યાર્થીઓ તેમજ ધાર્મિકશિક્ષણશાળાઓ કે પાઠશાળાઓ માટે આ પુસ્તક ખાસ ઉપયોગી છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ, પૃષ્ઠસંખ્યા ૬૦૦, મૂલ્ય રૂ. ૪) પોસ્ટેજ રજિસ્ટર્ડ રૂ. ૧–૫૦

**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા**
ઠે. હેમચંદ્રમણી, પાટણ (ઉ. ગુજરાત)

રાજા ગયા
રાજ્યો ગયા
ન ગઈ વાત
એક રાજાઓની



રાજપુરોહિત બનેલા

**શ્રી રસિકલાલ મણીલાલ**

(દવાવાળા)

પ્રભુના રાજ્યાભિષેક

પ્રસંગે

મંગળ સ્તુતિ પાઠ

કરે છે.

સ્થળ : વિલેપાર્લા નૂતન દેરાસર

પ્રસંગ : અંજનશલાકા

નિશ્રા : વિજયરામચંદ્રસૂરિજી મ. સા.



વિલેંપાર્લામાં મોતી [illegible]મંદિરની અંજનશલાકા પ્રસંગે
હરિણીગમૈષી દેવ, ઈન્દ્ર તેમજ રાજપુરોહિત બનેલા
શેઠ શ્રી રસીકલાલ મણીલાલના
ધર્મપત્ની સાકુકાન્તાબેન આ ચિત્રમાં જમણી બાજુમાં
બેઠા છે અને ડાબી બાજુ ભગવાનને ખોળામાં
લઈને શ્રી રસીકલાલના મોટા બેન
સૌ. [illegible]વતી કાંતીલાલ બેઠા છે.

## મૃત્યુ મરી ગયું રે લોલ



### સ્વ. શેઠ શ્રી ચીમનલાલ વાડીલાલ

[ બુદ્ધિપ્રભાના પ્રથમ પેટ્રન ]

તા. ૧૦-૩-૬૫

પોલીસની એક વાન પૂર ઝડપે આવી અને શેઠ શ્રી સાથે અથડાઈ પડી. એક કારમી ચીસ સાથે શેઠ ઢળી પડયા. પણ પ્રાણ ધીમા ધબકતા હતાં. જીવનની આશા હતી પરંતુ એ આશા ઠગારી નીવડી !!!

તા. ૨૧-૩-૬૫ના રોજ શેઠે કે. ઈ. એમ. હોસ્પીટલમાં જ આંખ મીંચી દીધી !! હવે આ હસતું મોં અને ઉદાર હૈયું કદી જોવા નહિ મળે.

જીવન તો એમનું પુણ્યમય હતું. પરંતુ મૃત્યુ એવું ન બની શકયું એ દુઃખ સૌને સાલશે. પરંતુ કર્મની સત્તા આગળ સૌ લાચાર છીએ ત્યારે ?—

સદ્ગતની પુણ્ય જ્યોત સદાય જલતી રહો એ જ અભ્યર્થના.

—ગુણવંત શાહ, સંપાદક.

## વિહારની પગદંડીએ (મહુડીથી મહેસાણા)

મહુડીમાં ઉપધાન તપ અને ઉદ્યાપન મહોત્સવની પૂર્ણાહુતિ બાદ સંતોએ વિહાર કર્યો. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા પાલિતાણા તરફ વિહાર કરી રહ્યા છે. પ્રશાંતમૂર્તિ પટ્ટ પ્રભાવક આચાર્ય દેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા ગવાડા, ડાભલા, વસઈ આદિ સ્થળે વિહાર કરતાં કરતાં ચૈત્ર માસની ઓળી પ્રસંગે મહેસાણા પધાર્યા છે. અત્યારે તેઓશ્રી મહેસાણા બિરાજમાન છે. વ્યાખ્યાન વાચસ્પતિ ઉપાધ્યાય ભગવંત શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા. આદિ ઠાણા વિજાપુર, પુંધરા, ભોંયણી વગેરે સ્થળે વિહાર કરીને ચૈત્ર માસની ઓળી પ્રસંગે મહેસાણા પધાર્યા છે. તેઓશ્રી ત્યાં જ બિરાજમાન છે. અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા. આદિ ઠાણા વિજાપુર, માણસા વગેરે વિહાર કરીને ચૈત્ર માસની ઓળી પ્રસંગે રાજપુર (અમદાવાદ) પધાર્યા છે. હાલ તેઓશ્રી ત્યાંજ બિરાજમાન છે. પ્રસિદ્ધ વક્તા પંન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ. સા. આદિ ઠાણા પુંધરા, વિજાપુર, કેશરિયાજી વગેરે સ્થળે વિહાર કરીને હિંમતનગર પધાર્યા છે.

## પ્રેરણાના ઝરણાં (વિજાપુર)

અત્રે તા. ૧૪-૩-૬૫ ના રોજ ઉપાધ્યાય ભગવંત શ્રી કૈલાસસાગરજી મ. સા. માનવ ધર્મ વિષે જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત તેઓશ્રી નિયમિત સવારે પ્રેરક પ્રવચન આપતા હતા. અત્રેના સંઘમાં સાધારણ ખાતાની ખોટ હોવાથી તેઓશ્રીના પ્રેરક ઉપદેશથી રૂ. ૧૦૧-૦૦ ની ૧૩૦ તિથિઓ ઘણી જ ઝડપથી નોંધાઈ ગઇ હતી. હજીપણ તિથિઓ નોંધવાનું કાર્ય ચાલુ જ છે.

## ચલો ભોંયણી (વિજાપુરથી ભોંયણી)

વિજાપુરના શેઠ શ્રી જગજીવનદાસ કાળીદાસ શાહની ભાવના ભોંયણીનો સંઘ કાઢવાની હતી. આ માટે તેઓશ્રીએ સકલ સમુદાયને આ સંઘમાં પધારવા વિનંતિ કરી પરંતુ સૌને અનુકૂળતા ન હોવાથી સંઘને તે લાભ ન મળ્યો, પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા. આ. વિનંતીનો સ્વીકાર કર્યો. અને તેઓશ્રી ફાગણ વદ ત્રીજના પોતાના શિષ્ય પરિવાર સાથે ભોંયણી તરફ વિહાર કર્યો. ભોંયણી તેઓશ્રી ફાગણ વદ નોમના રોજ પધાર્યા. જ્યારે શેઠ શ્રી જગજીવનદાસ કાળીદાસે કાઢેલો સંઘ ફાગણ વદ દસમના

રોજ ત્યાં પહોંચ્યો. આ સંઘ ટ્રેન દ્વારા ભોયણી ગયો હતો. સંઘનું સ્વાગત કડીના સ્ટેશન પર કરવામાં આવ્યું હતું તેમજ ભોયણીમાં સંઘ પધાર્યો ત્યારે પણ તેમના આગમનને ઉમળકાથી વધાવવામાં આવ્યું હતું.

ફા. વ. ૧૧ ના રોજ શેઠ **શ્રી જગજીવનદાસ ભાઈએ** તેમજ તેમના ધર્મપત્ની **રતનબેને** પૂ. ઉપાધ્યાય ભગવંત **શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા.** પાસે ચોથા વ્રતના પચ્ચક્ખાણ લીધાં હતાં. ત્યારબાદ શેઠશ્રીને તીર્થમાળ પહેરાવવામાં આવી હતી. આ માળાનો ચડાવો રૂા. ૨૦૦૦) થયો હતો. સાંજના શેઠશ્રી તરફથી ભોયણી સંઘ, યાત્રાળુઓ તેમજ કારખાનાના માણસો સાથે સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. રાતના વિજાપુર જૈન સંઘ તરફથી, વિજાપુર કરીયાણા મરચન્ટ એસોસીએશનના પ્રમુખ **શ્રી આત્મારામ પટેલના** શુભ હસ્તે **શેઠશ્રી જગજીવનદાસભાઈને** માનપત્ર તેમજ કાસ્કેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. ફાગણ વદ બારસના સંઘ બપોરના વિજાપુર પાછો ફર્યો હતો.



## MESSAGE OF

# LORD MAHAVIR

—SHANTILAL C. SHAH

POONA

Our is the land of religion and culture. Our holy land has a great cultural heritage since times immomemorial. Our ancient saints tendered to us very valuable advice which is of immense importance and a source inspiration to the entire mankind. Even in the world of Science of to-day religion has its own importance. No doubt science has made notable advancements and has also opened new branches and departments of happiness for mankind. But we have to note with great despair and sorrow that science has its drawbacks and limitations too. All the great thinkers of the world are of the opinion that the Science and inventions may kill or distory the entire human race. If the user of Science is religious minded then he will try to use the inventions of Science for the happiness of mankind only. But today's scientists' is not religioun minded. So we find the germs of destruction all over the world. Hance if we want real peace then we must not only study but also act according to the advice given to us by our old saints. In short we want scientific religion and religious Science "Vinobaji has rightly stated", "Science (Plus) Politics :- Destruction.'j

"Science Plus Religion : Sarvodaya." and from this point of view it is of great importance to us to study the message given to us by our 24th Tirthankara Lord Mahavira, several centuries ago.

The first message of Lord Mahavira ia that of non-violence or **Ahinsa**.

It is generally somewhat misunderstood that non-violence means non killing only. But this interptetatic ns not perfeist. The principle of non-violence means and includes the act of loving the man and animals as a man or animal. Today we experience with Great sorrow lot of tension in the world. Nobody on the earth knows, when the war may start and bomb may be thrown any where on the face of the earth, the result of which will be very horrible and the whole civilization will go to ashes. Nobody loves each other. Man does not behave with a man as



a man. So if a man desires to have real peace of mind and real happiness in the world he must observe the principle of non-violence. This great humble principle preaches us to love the man "as a man". This great principle instruct us to give up envy and hatered. If all of us follow this principle in our daily life, then the whole society, the whole nation and whole world will witness hapiness and happiness only. The atmosphere of uncertainity and the clouds of war will dissppear and the man will get real benefits of the advancements of Science. He should not saw seeds or jerms of destruction of Science. But he should sprinkle love, and affection he should only say. Forget and forgive.

So this is very important principle for the existence of the society.

Now we will study his next message. The next message is of "Aparigraha." or "Non-possessive attitude". The possessive instinct of todays world has killed man's peace of mind. The desire of possession is het cause of so many diseases like Blood-pressure, etc. etc. of today's man. This instict is the cause of war amongest family, society and nation. To day we find the battle between "Haves and the "Have nots." In short our wants are endless. If they are not controlled then we will undergo mental torturing and touturing only inspite of all our wealth and prosperity.

**(CONTINUE IN NEXT ISSUE)**

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.

## આભાર

## અભિવાદન અને

# અભ્યર્થના

બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટના કાર્યાલયથી દૂર રહીને, પોતાના ગામ કે શહેરમાં, ગામ કે શહેરની શેરીઓમાં, દુકાનો અને ઘરોમાં; માનવંતા ગ્રાહક સભ્યોના અનુકૂળ સમયે; પોતાના દૈનિક કાર્યક્રમોમાંથી અમૂલ્ય સમયનો ભોગ આપીને ઘણા જ ટૂંકા સમયમાં જૈન ડાયજેસ્ટની વાચક સંખ્યામાં સારો એવો વધારો કરી જે ઉમદા અને અપૂર્વ સહકાર અમારા કાર્યને આપ્યો છે તે માટે અમે આ સૌ માનવંતા ને પ્રતિષ્ઠિત પ્રચારકોનું અભિવાદન કરીએ છીએ. અને તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આપને ત્યાં અમારા આ ઉમંગી ને ઉત્સાહી, નિઃસ્વાર્થ અને નિષ્કામી પ્રચારકો પધારે ત્યારે તેઓ સૌને યોગ્ય સહકાર આપશો તો ઉપકાર થશે; ઉપરાંત જ્ઞાન સેવાનો લાભ પણ મળશે.

આ છે સૌ જૈન ડાયજેસ્ટના

**–: પૂણ્યવંતા પ્રચારકો :–**

**શ્રી અમૃતલાલ શીવલાલ**
લીંચવાળા, **મુંબઇ**

**શ્રી શશીકાંત આર. દોશી**
ઘાટકોપરવાળો માળો, રૂ. નં. ૩૭,
પાચમે માળે, શામ શેઠ સ્ટ્રીટ,
**મુંબઇ-૩ B R.**

**શ્રી શાંતિલાલ એમ. પટેલ**
૧૧૨૪, બ્રહ્મપુરી પોળ, રાજા
મહેતાની પોળ, **અમદાવાદ**

**શ્રી કાંતિલાલ રાયચંદ,**
બજારમાં, **સાણંદ**

**શ્રી જૈન શ્વેતાંબર કારખાના**
મહુડી. (તા. વિજાપુર)

**શ્રી હરગોવિંદદાસ સંપ્રીતદાસ**
(અધ્યાપક)
C/O શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર
**કપડવંજ**

**શ્રી જમનાદાસ કેશવલાલ**
બજારમાં, **આંબલીયાસણ**
(ઉ.ગુ.)

**શ્રી નગીનદાસ ભીખાભાઇ,**
૧૬૬૭, શુક્રવાર પેઠ, પો. બો.
નં. ૫૩૮, **પૂના-૨**

**શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસા**
**કોલ્હાપુર**

**શ્રી મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા**
મહુડી (તા. વિજાપુર)

ધ્યાનથી વાંચો-યાદ રાખો
અને આજે જ અમલ કરો

# ભેટ યોજના

બુદ્ધિપ્રભા ( જૈન ડાયજેસ્ટ ) નું એક સાથે ત્રણ વરસનું લવાજમ ( રૂપિયા પંદર પુરા ) ભરનાર અમારા માનવંતા ગ્રાહક સભ્યને—

ઘણા ટૂંક સમયમાં પ્રગટ થનાર સ્વ. યોગનિષ્ઠ, અધ્યાત્મ જ્ઞાન દિવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની પ્રભાવંતી કલમે લખાયેલ

## જૈનોપનિષદ્ ગ્રંથ ભેટ મળશે

જૈનોપનિષદ્ એટલે

જૈનો માટે પથદર્શન
પ્રેરણા અને પ્રગતિ
પડકાર અને પુણ્ય

તેમજ

જોબંદર જોગીની બુલંદ
યુગવાણીનો સુત્રાત્મક

સરળ અને રોચક
ગુજરાતી ભાષાનો અભિનવ ગ્રંથ

જરાય વિલંબ વિના આજે જ આપનું ત્રણ વરસનું લવાજમ ( રૂપિયા પંદર પુરા ) ભરી આ બેનમૂન ગ્રંથ ભેટમાં મેળવો.

—: મળો યા લખો :—

| | |
|---|---|
| ભગવાન શાહ | બુદ્ધિપ્રભા |
| સહતંત્રી | C/o જયકુમાર એસ. કંતારા |
| ૧૭૦/૭૨ ગુલાલવાડી, ૧ માળ | ૧૨/૧૬, ૩ જો ભોયવાડો, |
| મુંબઈ ૪. | મુંબઈ-૨. |

ખાસ નોંધ :— રૂબરૂ સંપર્ક સાધવા માટે સહતંત્રીના સરનામે પધારવા વિનંતી છે.

Cover printed at Kishore Printery - Crescent Chambers,
Tamarind Lane, Fort. Bombay I.